દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 261 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 November 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૫ નવેમ્બર ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



ઈન્ટરવલ પૂર્તિ ૮ ૯ ૧૦ ૧૧



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# છત્તીસગઢમાં ટ્રેન અકસ્માતઃ સાતનાં મોત






બિલાસપુર (છત્તીસગઢ) : પેસેન્જર ટ્રેને છત્તીસગઢના બિલાસપુરમાં મંગળવારે માલગાડીને પાછળથી ટક્કર મારતાં સાત જણનાં મોત થયા હતા અને ૧૪ જણ ઘાયલ થયા હતા. રેલવે અધિકારીએ કહ્યું હતું કે આ બનાવ સાંજે ચાર વાગ્યે બન્યો હતો. મેનલાઈન ઈલેકટ્રિક મલ્ટિપલ યુનિટ (મેમુ) પેસેન્જર ટ્રેન ગતોરા અને બિલાસપુર રેલવે સ્ટેશન વચ્ચે ગૂડ્સ ટ્રેનને પાછળથી ટક્કર મારી હતી. પેસન્જર ટ્રેન બિલાસપુરથી કોબરા જિલ્લાના જેવરા જઈ રહી હતી.

બિલાસપુરના કલેકટર સંજય અગ્રવાલે પત્રકારોને કહ્યું હતું કે અત્યાર સુધી સાત જણનાં મરણ થવાને સમર્થન મળ્યું છે. બીજા બે સપડાઈ ગયા છે અને તેમને બચાવવાના પ્રયાસો ચાલુ છે. ઈજાગ્રસ્ત પેસન્જરને અપોલો હૉસ્પિટલ અને


(જુઓ પાનું ૨) ▶▶


## ‘મુંબઈ સમાચાર’ની પ.પૂ. રમેશભાઈ ઓઝાના આશીર્વાદથી નોખી - અનોખી પહેલ

# વિશ્વની સૌપ્રથમ માતૃભાષા ભાગવત કથા ૧-૯ એપ્રિલે મુંબઈમાં

▶ તમામ ભાષાના ૧૦૮ સાહિત્યકારની પ્રતિકાત્મક પોથીઓ મુકાશે ▶ દરરોજ વિવિધ ભાષાના સાહિત્યકારો, સાક્ષરો અને મહાનુભાવોને અપાશે ખાસ ઈજન ▶ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્ય પ્રધાનો યોગી આદિત્યનાથ, ભૂપેન્દ્ર પટેલ, દેવેન્દ્ર ફડણવીસને અપાશે આમંત્રણ



મુંબઈઃ ‘મુંબઈ સમાચાર’એ પ.પૂ. ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝાના આશીર્વાદ સાથે પહેલી એપ્રિલથી નવમી એપ્રિલ, ૨૦૨૬ વચ્ચે મુંબઈમાં વિશ્વની સૌપ્રથમ માતૃભાષા-ભાગવત કથાનું આયોજન કર્યું છે.

ભાષાને નામે આજે જ્યારે મતભેદ અને મનભેદ કરવાના પ્રયાસો સમાજમાં થઈ રહ્યા છે ત્યારે ‘મુંબઈ સમાચાર’ ભાષા ઐક્યની દિશામાં આ એક નોખી-અનોખી પહેલ કરી છે. મૂળમાં જુલાઈ, ૨૦૨૫માં ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેએ આ વિચાર ભાઈશ્રી સમક્ષ રજૂ કર્યો હતો અને તેને તેમણે સહર્ષ સ્વીકારીને આશીર્વાદ આપ્યા હતા.

‘માતૃભાષા-ભાગવત’ દરમિયાન દેશની તમામ ભાષાના ૧૦૮ સાહિત્યકારની પ્રતિકાત્મક પોથીઓ મુકાશે અને દરરોજ વિવિધ ભાષાના સાહિત્યકારો, સાક્ષરો, મહાનુભાવો અને આગેવાનોને આમંત્રણ અપાશે અને તેમની સાથે આ માતૃભાષા-યજ્ઞની ઉજવણી કરાશે.

દેશના માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત


(જુઓ પાનું ૨) ▶▶


# બિહારમાં પ્રથમ તબક્કાના ચૂંટણીપ્રચારનો અંત

પટણાઃ બિહારમાં પ્રથમ તબક્કાના ચૂંટણીપ્રચારના પડઘમ મંગળવારે સાંજે શમી ગયા હતા. બિહારમાં પ્રથમ તબક્કામાં ૧૨૧ બેઠક માટે ચૂંટણી લડાશે.

ચૂંટણીપ્રચારના છેલ્લા દિવસે પણ શાસક પક્ષ અને વિપક્ષે મતદારો સુધી પહોંચવાના કોઈ પ્રયાસ બાકી નહોતા રાખ્યા.

ગૃહ પ્રધાન અમિત શાહે ત્રણ રેલીને સંબોધન કર્યું હતું તો સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે પાંચ


(જુઓ પાનું ૨) ▶▶



# ચીને અત્યાધુનિક હાઇપરસોનિક મિસાઇલનું પરીક્ષણ કરતા ફફડાટ

નવી દિલ્હી : ચીન દ્વારા આધુનિક પ્રોટોટાઇપ હાઇપરસોનિક મિસાઇલનું પરીક્ષણ કર્યું છે. ચીનની આ હાઇપરસોનિક મિસાઇલ માક-૫ ગતિએ ઉડતી વખતે પોતાનો આકાર બદલી શકે છે. જે અવાજની ગતિ કરતા પાંચ ગણી ઝડપી છે. જેના લીધે મિસાઇલ ઘાતક બને છે. કારણ કે વિશ્વની સૌથી અદ્યતન એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તેને રોકવી અશક્ય બની શકે


(જુઓ પાનું ૨) ▶▶





**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપે વંશવાદી રાજકીય પક્ષોનો ટેકો કેમ લીધો?

**કૉંગ્રેસના** ટોચના નેતા અને સાંસદ શશી થરૂરે ભારતીય લોકશાહીમાં વંશવાદી રાજકારણ પર લખેલા લેખે ખાસી ચર્ચા જગાવી છે. 'ઈન્ડિયન પોલિટિક્સ અને ફેમિલી બિઝનેસ' ટાઈટલ હેઠળના લેખમાં થરૂરે વંશવાદને દેશની લોકશાહી માટે ગંભીર ખતરો ગણાવીને લખ્યું છે કે, ભારત માટે પરિવારવાદ છોડીને યોગ્યતા આધારિત વ્યવસ્થાને અપનાવવાનો સમય આવી ગયો છે કેમ કે જ્યાં સુધી રાજકારણ પરિવારોની આસપાસ ફરે છે ત્યાં સુધી લોકશાહીનો સાચો અર્થ સાકાર નહીં થાય. થરૂરે પોતાના લેખમાં નેહરુ-ગાંધી પરિવારને ભારતનો સૌથી પ્રભાવશાળી રાજકીય પરિવાર ગણાવીને લખ્યું છે કે, નહેરૂ-ગાંધી પરિવારનો વારસો સ્વતંત્રતા ચળવળ સાથે જોડાયેલો છે તેથી આ પરિવાર રાજકારણમાં ચાલ્યો પણ તેના કારણે એવી ધારણા પણ ઊભી થઈ છે કે રાજકારણ કેટલાક પરિવારોનો જન્મસિદ્ધ અધિકાર છે. શશી થરૂરે પરિવારવાદના દૂષણને ખતમ કરવા માટે શું કરવું જોઈએ તેનાં સૂચનો પણ કર્યાં છે. થરૂરના મતે, કોઈ પણ હોદ્દા માટે કાયદેસર રીતે નિશ્ચિત કાર્યકાળ, પક્ષમાં આંતરિક ચૂંટણીઓ અને મતદાતા જાગૃતિ સહિતના મૂળભૂત સુધારાથી પરિવારવાદ પર અંકુશ આવી શકે.

શશી થરૂર કૉંગ્રેસની નેતાગીરીથી દુભાયેલા છે અને સમયાંતરે કૉંગ્રેસના સત્તાવાર વલણથી અલગ વાજું વગાડ્યા કરે છે. કૉંગ્રેસ વચ્ચે વચ્ચે નરેન્દ્ર મોદીનાં પણ વખાણ કરીને કૉંગ્રેસીઓના કચવાટ પેદા કરી નાખે છે. થરૂરના આ લેખને પણ એ જ શ્રેણીનો ભાગ ગણીને નહેરૂ-ગાંધી પરિવાર અને કૉંગ્રેસની નેતાગીરી સામેના પ્રહારમાં ખપાવી દેવાયો છે. ભાજપે થરૂરના લેખને રાહુલ ગાંધી અને કૉંગ્રેસ નેતૃત્વ સામે અસંતોષની નિશાની ગણાવ્યો છે. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાના કહેવા પ્રમાણે, શશી થરૂરની ટિપ્પણીઓ કૉંગ્રેસના ભવિષ્ય વિશેની તેમની નિરાશાને વ્યક્ત કરનારી છે. ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ થરૂરના લેખને વખાણ્યો છે પણ તેના કારણે થરૂરના કૉંગ્રેસમાં ભાવિ પર ખતરો હોવાની ચિંતા પણ વ્યક્ત કરી છે.

ભાજપે થરૂરના લેખનું નહેરૂ-ગાંધી ખાનદાન સામે હલ્લાબોલ તરીકે અર્થઘટન કર્યું એ ભાજપ માટે બરાબર છે કેમ કે કૉંગ્રેસ ભાજપની રાજકીય હરીફ છે અને નહેરૂ-ગાંધી ખાનદાનને ગાળો આપવાથી ભાજપના ભક્તો ઝૂમી ઊઠે છે પણ થરૂરે માત્ર નહેરૂ-ગાંધી ખાનદાનની વાત નથી કરી. થરૂરે પોતાના લેખમાં ઓડિશાના બિજુ પટનાઈક અને નવીન પટનાયક, મહારાષ્ટ્રમાં બાળાસાહેબ ઠાકરે અને ઉદ્ધવ અને આદિત્ય ઠાકરે, ઉત્તર પ્રદેશના મુલાયમસિંહ અને અખિલેશ યાદવ, બિહારમાં રામવિલાસ અને ચિરાગ પાસવાન, બિહારમાં જ લાલુ યાદવ અને તેજસ્વી યાદવ, પંજાબમાં પ્રકાશ સિંહ અને સુખબીર બાદલ, તેલંગાણામાં કેસીઆરના પુત્ર કે.ટી. રામારાવ અને પુત્રી કવિતા, તમિળનાડુમાં કરુણાનિધિ અને તેમના પુત્ર એમ.કે, સ્ટાલિનના પરિવારનો ઉલ્લેખ પણ કર્યો જ છે. આ યાદીમાં બીજાં ઘણાં નામો પણ ઉમેરી શકાય એ જોતાં થરૂરે નહેરૂ-ગાંધી ખાનદાનને નિશાન બનાવવા માટે વંશવાદ કે પરિવારવાદનો ઉલ્લેખ કર્યો એવું અર્થઘટન બકવાસ છે. બલ્કે આપણી કમનસીબી કહેવાય કે, થરૂરે ઉઠાવેલા એક અત્યંત ગંભીર મુદ્દાને ભાજપ રાજકીય ફાયદા માટે માત્ર નહેરૂ-ગાંધી ખાનદા પૂરતો સીમિત કરી દેવાઈ રહ્યો છે. પરિવારવાદના કારણે લાયકાત ધરાવતા લોકોને તક મળતી નથી એવો મુદ્દો એકદમ વાજબી છે પણ તેની ચર્ચા કરવાના બદલે ભાજપ નહેરૂ-ગાંધી ખાનદાનની પત્તર ખાંડવા બેસી ગયો છે.

ભાજપ પરિવારવાદની ટીકા કરે છે પણ ભાજપ પોતે પરિવારવાદથી અલિપ્ત નથી. વિજયારાજે સિંધિયાથી માંડીને પ્રેમકુમાર ધુમલ સુધીના નેતાઓનો પરિવારવાદ ભાજપમાં પોષાયો જ છે. વિજયારાજે સિંધિયા પોતે ભાજપનાં દિગ્ગજ નેતા હતાં ને તેમના પુત્ર માધવરાવ સિંધિયા પણ એક સમયે ભાજપના પૂર્વવતાર જનસંઘમાં હતા. કટોકટી વખતે ઈન્દિરા ગાંધીના તાપથી બચવા માટે માધવરાવ કૉંગ્રેસમાં જતા રહેલા ને પોતાનો રાજકીય વારસો દીકરા જ્યોતિરાદિત્ય સિંધિયાને આપતા ગયા જ્યારે વિજયારાજેનો રાજકીય વારસો દીકરી વસુંધરા રાજેએ સંભાળ્યો. અત્યારે વસુંધરા અને જ્યોતિરાદિત્ય બંને ભાજપમાં જ છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી રહી ચૂકેલા પ્રેમકુમાર ધુમલના પુત્ર અનુરાગ ઠાકુર ભાજપના સાંસદ છે ને કેન્દ્રમં મંત્રી રહી ચૂક્યા છે જ્યારે બીજા દીકરો અરૂણ ધુમલ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)નો ચેરમેન છે. બીજાં બધાંની વાત છોડો પણ બહુ વગાવાયેલા બ્રિજભૂષણ શરણ સિંહને ભાજપે કુશ્તીબાજ છોકરીની જાતીય સતામણીના કેસમાં ફસાવાના કારણે ટિકિટ ના આપી પછી તેના દીકરાને ટિકિટ આપેલી જ. રાજનાથસિંહના દીકરા પંકજસિંહથી માંડીને ગોપીનાથ મુંડેની દીકરીઓ સહિતના સંખ્યાબંધ લોકોને ભાજપે ટિકિટો આપી જ છે. ભાજપ તેને વંશવાદ માનશે ખરો ? નહીં માને કેમ કે ભાજપની માનસિકતા અમે કરીએ એ લીલા ન બીજા કરે એ છિનાળું જેવી છે. કૉંગ્રેસ પોતાના નેતાઓનાં સગાને આગળ કરે એ વંશવાદ ને ભાજપ આગળ કરે તો મેરિટ! આ વાત ખુદ નરેન્દ્ર મોદી કહી ચૂક્યા છે.

થરૂરે પરિવારવાદ ચલાવનારા જે નેતાઓની વાત કરી તેમાંથી મોટા ભાગના ભાજપના સાથી રહી ચૂક્યા છે પણ ભાજપને તેમનો ટેકો લેતી વખતે વંશવાદ કે પરિવારવાદ યાદ નહોતો આવ્યો. અત્યારે આંધ્ર પ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુ સાથે ભાજપનું જોડાણ છે ને ચંદ્રાબાબુ પોતાના સસરા એન.ટી. રામારાવના રાજકીય વારસા પર તો અહીં લગી પહોંચ્યા છે. ચંદ્રાબાબુ પોતાના દીકરા નારા લોકેશને આગળ કરી રહ્યા છે ને આ વંશવાદ નથી ? ભાજપને આ વંશવાદ સામે વાંધો છે ખરો ? ચિરાગ પાસવાન વંશવાદની પેદાશ છે ને છતાં મોદી સરકારમાં મંત્રી છે. યુપીમાં અનુપ્રિયા પટેલથી માંડીને સંજય નિષાદ સુધીના બધા વંશવાદીઓ સાથે ભાજપનું જોડાણ છે. ભાજપ તેમના વંશવાદની ટીકા કરશે?

ભાજપે બીજા પણ હળાહળ વંશવાદી રાજકીય પક્ષોને પોષ્યા જ છે. ભાજપે વરસો લગી શિવસેના સાથે જોડાણ રાખ્યું. ભાજપની સૌથી જૂની સાથી અને લાંબો સમયની સાથી એવી શિવસેના તો હળાહળ વંશવાદી પેઢી જ છે. બાળાસાહેબ ઠાકરે એટલા વંશવાદી નીકળ્યા કે, પોતાના સગા ભત્રીજા રાજને આગળ કરવા નહોતા માગતા ને પોતાના દીકરા સિવાય કોઈને પાર્ટી સોંપવા તૈયાર નહોતા તેમાં પાર્ટીનાં ઊભાં ફાડિયાં થયાં તો ભલે થયાં પણ આપણો ગરાસ ના લૂંટાવો જોઈએ. ભાજપનું અકાલી દળ સાથે વરસોથી જોડાણ રહ્યું ને અકાલી દળ તો બાપીકી પેઢીની જેમ જ ચાલે છે. આ દેશમાં સૌથી ભ્રષ્ટ અને વંશવાદને પોષનારો રાજકીય પરિવાર બાદલ પરિવાર છે.

હરિયાણામાં વર્ષોથી બંસીલાલ, દેવીલાલ ને ભજનલાલ એ ત્રણ લાલ ચાલતા ને આ ત્રણે લાલે ભેગા થઈને હરિયાણાની પત્તર ખાંડી નાખી. આ ત્રણેયે ધરાર વંશવાદ ને ગુંડાગીરીનું રાજ ચલાવ્યું ને વારાફરતી ગાદી પર બેસીને હરિયાણાને ચૂસી જ લીધો. ભાજપે આ ત્રણેયનો અલગ અલગ સમયે ટેકો લીધેલો ને એ વખતે ભાજપને પરફોર્મન્સની ચિંતા નહોતી. બાળાસાહેબ ઠાકરે-ઉદ્ધવ ઠાકરે, ફારૂક-ઉમર અબ્દુલ્લા, બિજુ-નવિન પટનાઈક, શિબુ-હેમંત સોરેન સહિતનાં કેટલાંય એવાં ઉદાહરણો છે જ જેમણે રાજકીય પક્ષને બાપીકી પેઢી બનાવીને વહીવટ કર્યો હોય ને ભાજપને તેમને ટેકો લેવામાં શરમ ના નડી હોય પણ ભાજપને નહેરૂ-ગાંધી ખાનદાનનો વંશવાદ જ આંખે ચડે છે. નહેરૂ-ગાંધી ખાનદાનનો વંશવાદ દેશના હિતમાં ચોક્કસ નથી પણ બીજા વંશવાદ પણ દેશના હિતમાં નથી જ તો ભાજપે તેમનો ટેકો કેમ લીધેલો? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૫-૧૧-૨૦૨૫, ત્રિપુરારી પૂનમ, દેવદિવાળી

- ભારતીય દિનાંક ૧૪, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૯-૩૯ સુધી, પછી ભરણી મધ્યરાત્રિ પછી ક. ૩૦-૩૦ સુધી (તા. ૬) પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૮, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૦૬, મધ્યરાત્રે ક. ૦૦-૦૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૯ (તા. ૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ – પૂર્ણિમા. વ્રતની પૂનમ, ત્રિપુરારી પૂનમ, દેવદિવાળી, ભીષ્મ પંચક વ્રત સમાપન, તુલસી વિવાહ સમાપ્તિ, કાર્તિક સ્નાન સમાપ્તિ, અન્વાધાન, મન્વાદિ, ધાત્રી પૂજન, પુષ્કળ મેળો (અજમેર), ગુરુ નાનક જયંતી, કેદારવ્રત (ઓરિસ્સા), અન્નાભિષેકમ્ (દક્ષિણ ભારત), ભદ્રા સમાપ્તિ ક. ૦૮-૪૩, અન્વાધાન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, કેતુગ્રહ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શિવ-પાર્વતી પૂજા, રાત્રિ જાગરણ, પિતૃતર્પણ, કુળદેવી દેવતા તીર્થદર્શન, નવા વસ્રો, આભૂષણ, પરદેશનું પસ્તાનું, નવા વાસણો, પશુ લે-વેંચ, વિદ્યારંભ, હજામત, પ્રથમ વાહન, નૌકારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ અધ્યાત્મમાં રુચિ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# બંદૂકની ગોળીનો જવાબ તોપગોળાથી અપાશેઃ આતંકવાદીઓને અમિત શાહની ચેતવણી

નવી દિલ્હીઃ પાકપ્રેરિત આતંકવાદીઓને ભારત પર વધુ હુમલા કરવાથી દૂર રહેવાની ચેતવણી આપતાં કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે આતંકવાદીઓને બંદૂકની ગોળીનો જવાબ તોપગોળાથી આપવામાં આવશે.

પાકિસ્તાનના આતંકવાદીઓ જો ભૂલનું પુનરાવર્તન કરશે તો તેમને ગોળીનો જવાબ ગોળીથી આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

બિહારના પ્રસ્તાવિત ડિફેન્સ કોરિડરમાં તૈયાર કરવામાં આવનારાં વિસ્ફોટકો અને તોપનો આ આતંકવાદીઓ વિરુદ્ધ ઉપયોગ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

પાકસ્થિત આતંકવાદીઓએ પહલગામમાં ભારતીય નાગરિકો પર હુમલો કર્યો હતો. તેમણે આપણી માતાઓ અને બહેનાનાં માથા પરથી સિંદૂર ભૂંસી નાખ્યું હતું.

હુમલાના માત્ર ૨૦ જ દિવસમાં ઑપરેશન સિંદૂર હાથ ધરી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બદલો લીધો હતો.

બિહારમાં એક ચૂંટણી સભાને સંબોધન કરતાં શાહે કહ્યું હતું કે ભારતીય સેનાએ આતંકવાદીઓનો પાકિસ્તાનની જમીન પર જ ખાતમો બોલાવી દીધો હતો.

અગાઉના કૉંગ્રેસના શાસનકાળથી વિપરિત મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દેશની સુરક્ષા અને સલામતી માટે પ્રતિબદ્ધ છે.

બિહારમાં આરજેડીના ૧૫ વર્ષના શાસનકાળ દરમિયાન સિવાનમાં આતંક મચાવનાર ગેન્ગસ્ટરમાંથી રાજકારણી બનેલા મોહંમદ શાહબુદ્દીનની પ્રશંસામાં કથિત સૂત્રોચ્ચાર કરનાર આરજેડીના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને પુત્ર તેજસ્વી યાદવ પર શાહે આક્રમક પ્રહાર કર્યા હતા.

બિહારમાં એનડીએ સત્તા પર આવશે તો સિંચાઈ અને પૂરને નિયંત્રણ લેવાની યોજના પાછળ ૨૬,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે એમ જણાવતાં શાહે કહ્યું હતું કે રાજ્યના ૩.૬ કરોડ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીના આરોગ્ય વીમા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

નરેન્દ્ર મોદીની માતા અને છઠ મૈયાના અપમાનનો બિહારના લોકો બદલો લેશે અને અપમાન કરનાર રાજકીય પક્ષોને દરવાજો દેખાડશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# યુવાનો 'રીલ્સ' બનાવવામાં મૂળ મુદ્દા ભૂલી જાય એવું પીએમ ઈચ્છે છેઃ રાહુલ

ઔરંગાબાદ (બિહાર): રાહુલ ગાંધીએ મંગળવારે આરોપ કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈચ્છે છે કે યુવાનો સોશ્યલ મીડિયા રીલ્સ બનાવવામાં વ્યસ્ત રહે, જેથી તેઓ શિક્ષણ, આરોગ્ય અને રોજગાર સંબંધિત સમસ્યાઓથી વિમુખ રહે.

બિહારના ઔરંગાબાદ અને ગયામાં રેલીઓને સંબોધતા, રાહુલે પીએમ પર સોશ્યલ મીડિયાનું 'વ્યસન' ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો.

''મોદી ઈચ્છે છે કે તમે રીલ્સ, ઇન્સ્ટાગ્રામ, ફેસબુક બનાવવાના વ્યસની બની જાઓ. આ ૨૧મી સદીનો નવો નશો છે. તેઓ આવું દૃશ્ય ઇચ્છે છે કારણ કે આનાથી યુવાનો વિચલિત રહે અને શિક્ષણ, આરોગ્ય અને રોજગાર સંબંધિત તેમની સમસ્યાઓ માટે તેમની સરકારને જવાબદાર ન ઠેરવે,'' એમ તેમણે કહ્યું હતું.

ગાંધીએ એવો પણ દાવો કર્યો હતો કે મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ બિહારમાં વોટ ચોરીમાં વ્યસ્ત હતા, કારણ કે તેઓ જાણે છે કે એનડીએ વિધાનસભા ચૂંટણી જીતી શકશે નહીં. ■

# વિવાદાસ્પદ નિવેદનઃ બિહારમાં લલન સિંહ વિરુદ્ધ ગુનો દાખલ

પટણાઃ ધરપકડ કરાયેલા જનતા દળ (યુ)ના ઉમેદવાર અનંતસિંહ માટે બિહારના મોકામામાં પ્રચાર કરતી વખતે વિપક્ષના નેતાઓ માટે વિવાદાસ્પદ નિવેદન કરવાને મામલે જેડી (યુ)ના રાજીવ રંજન સિંહ 'લલન' વિરુદ્ધ મંગળવારે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પટણા જિલ્લા વહીવટીતંત્રએ કહ્યું હતું. ચૂંટણીના દિવસે વિપક્ષના ઉમેદવારને ડરાવવા-ધમકાવવાનું એનડીએના ટેકેદારોને ઈરાદાપૂર્વક જણાવતા હોવાનું દર્શાવતો વીડિયો જાહેર થતાં રાજીવ રંજન સિંહ ઉર્ફે 'લલન' ફરીથી વિવાદના વમળમાં સપડાયા હતા. પટણા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ વીડિયોની ચકાસણી કરવામાં આવી હતી.

તપાસ બાદ લલન સિંહ ઉર્ફે રાજીવ રંજન સિંહ વિરુદ્ધ બીએનએસએસ અને રિપ્રેઝન્ટેશન ઑફ પીપલ્સ ઍક્ટની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. વિપક્ષ આરજેડી અને કૉંગ્રેસે 'લલન'ના વિવાદાસ્પદ વીડિયો અંગે આકરી પ્રતિક્રિયા આપી હતી. (એજન્સી) ■

# ભારતીય મૂળના સિનિયર સિટિઝનને દેશપાર કરવા સામે અમેરિકી કોર્ટનો સ્ટે

ફિલાડેલ્ફિયા : બે અલગ અદાલતે ઈમિગ્રેશનના અધિકારીઓને મૂળ ભારતીય માણસનો દેશવટો ન કરવાનો આદેશ આપ્યો છે. આ માણસને હત્યાનો દોષી ઠરાવામાં આવ્યો હતો, પરંતુ અદાલતે તેણે ચાર દાયકા જેલમાં ગાળ્યા બાદ હવે તેને દોષમુક્ત જાહેર કર્યો છે. ૬૪ વર્ષના સુબ્રમણ્યમ વેદમને લુઈઝિયાનાના એલેક્ઝાન્ડરિયાના શોર્ટ ટર્મ હોલ્ડિંગ સેન્ટરમાં રાખવામાં આવ્યો છે.

આ સેન્ટરમાં દેશપાર કરવા માટેની હવાઈપટ્ટીની સગવડ છે. કાયદેસર કાયમી રહેવાસી જે 'સુબુ'ના નામે ઓળખાય છે તેને ગયા અઠવાડિયે સેન્ટ્રલ પેન્સિલ્વેનિયાથી ત્યાં મોકલવામાં આવ્યો હતો. ઈમિગ્રેશન જજે બ્યૂરો ઑફ ઈમિગ્રેશન અપીલ્સ તેનો કેસની સમીક્ષા ન કરે ત્યાં સુધી તેના દેશવટા પર સ્ટે મૂક્યો છે. આમાં મહિનાઓ લાગી શકે. વેદમના વકીલોએ એ જ દિવસે પેન્સિલ્વેનિયામાંની અમેરિકન ડિસ્ટ્રિક્ટ કોર્ટમાંથી પણ મનાઈહુકમ લઈ આવ્યા હતા. આ અદાલતે કહ્યું હતું કે ઈમિગ્રેશન કોર્ટના ચુકાદા સુધી કેસ મોકૂફ રહેશે.

વેદમ બાળક તરીકે કાયદેસર રીતે અમેરિકામાં આવ્યો હતો. તેના પિતા પેન રાજ્યમાં સ્ટેટ કૉલેજમાં ભણાવતા હતા. મિત્રના ૧૯૮૦ના મરણ માટે તેને આજીવન કારાવાસની સજા કરાઈ હતી. પરંતુ આ વર્ષે તેની સજા રદ કરાઈ હતી. ત્રીજી ઑક્ટોબરે તેને મુક્ત કરીને સીધા ઈમિગ્રેશનની કસ્ટડીમાં લઈ જવામાં આવ્યો હતો. બ્યૂરો ઑફ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ વેદમને એલએસડીની ડિલિવરીના આક્ષેપ જેનો વેદમે કોઈ વિરોધ નહોતો કર્યો એ માટે દેશપાર કરવા માગે છે. આ આક્ષેપ વેદમ ૨૦ વર્ષને હતો ત્યારે તેના પર મુકવામાં આવ્યો હતો. તેના વકીલોનું કહેવું છે કે તેણે ચાર દાયકા જેલમાં ખોટી રીતે ગાળવા પડ્યા છે. તેને ખોટી રીતે જેલમાં મોકલાયો હતો અને તેણે ત્યાં ડિગ્રી મેળવી કેદીઓને શિક્ષણ આપ્યું. આ વાત ડ્રેગ કેસ પર ભારી થાય છે. વેદમની બહેને સોમવારે કહ્યું હતું કે બે જજે વેદમને રાહત આપતા અમને નિરાંત થઈ છે. જ્યારે ઈમિગ્રેશન કેસ ખોલવાની તેની અર જી વિચારાધીન છે ત્યારે આ પ્રકારે દેશવટો આપવો ખોટો છે. (એજન્સી) ■

# ટેસ્લાની આગમાં ભડથું, પાંચના પરિવારનો મસ્ક સામે કાનૂની કેસ

### કાર વૃક્ષ સાથે અથડાયા પછી તેમાં આગ લાગી ત્યારે દરવાજા ન ખૂલતા તમામ પ્રવાસીના જીવ ગયા હતા

ન્યૂ યોર્કઃ અમેરિકન કાર નિર્માતા ટેસ્લા ફરી વિવાદમાં આવી છે. ટેસ્લામાં આગ લાગતાં પાંચ લોકોનાં મોત બાદ મૃતકોના સંતાનોએ નુકસાની વળતરનો દાવો કર્યો હતો. કારની ડીઝાઈનમાં ખામી હોવાના કારણે તેમાં આગ લાગ્યા બાદ મુસાફરો દરવાજો ખોલી શક્યા નહોતા અને મોતને ભેટ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

રિપોર્ટ મુજબ, આ દુર્ઘટના પહેલી નવેમ્બર, ૨૦૨૪માં બની હતી. વેરોના (વિસ્કોન્સિન)માં ટેસ્લા મોડલ એસ કાર એક વૃક્ષ સાથે અથડાઈ હતી. કારમાં જેફ્રી બ્રાઉર (ઉ.વ.૫૪), મિશેલ બાઉર (ઉ.વ.૫૫) સહિત પાંચ લોકો સવાર હતા. વૃક્ષ સાથે અથડાયા બાદ કારમાં અચાનક આગ ફાટી નીકળી હતી. પ્રત્યક્ષદર્શીઓ મુજબ આગ બાદ કારની અંદરથી ચીસો આવતી હતી પરંતુ દરવાજો ખોલી શક્યા નહોતા.

આ અંગે બાઉર દંપતીના સંતાનોએ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ટેસ્લા પર કેસ ઠોક્યો હતો. તેમણે કારની ઇલેક્ટ્રિક ડોર સિસ્ટમમાં ખામી હોવાનો આરોપ લગાવ્યો હતો. ફરિયાદ મુજબ, કારમાં આગ લાગ્યા બાદ લિથિયમ આયન બેટરી પેકે ઈલેક્ટ્રોનિક ડોર સિસ્ટમને નિષ્ક્રિય કરી દીધી હતી. જેનાથી દરવાજા ખુલી શક્યા નહોતા. ટેસ્લાને આ ખામીની જાણકારી પહેલાથી જ હતી. અગાઉ પણ આ પ્રકારની ઘટના બની ચુકી હતી. તેમ છતાં કંપનીએ અવગણના કરીને કારની ડિઝાઈનમાં બદલાવ કર્યો નહોતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### છત્તીસગઢમાં

છત્તીસગઢ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક ઘાયલની હાલત ગંભીર છે. જોકે તેમણે કેટલા લોકો ઘાયલ થયા છે એનો ચોક્કસ આંકડો આપ્યો નથી.

અધિકારીઓએ કહ્યું હતું કે રેલવે સત્તાવાળાઓએ ઘટનાસ્થળે બધાં સંસાધનો એકઠાં કર્યાં છે અને ઘાયલ લોકોની સારવાર માટે જરૂરી પગલાં લેવામાં આવ્યાં છે. વિઝ્યુઅલમાં જોવા મળે છે કે પેસેન્જર ટ્રેનનો એક ડબ્બો ગૂડ્સ ટ્રેનના વેગન પર ચડી ગયો હતો. રેલવે સત્તાવાળાઓએ મૃતકોના કુટુંબને દસ લાખ રૂપિયાના વળતર અને ગંભીર ઘાયલ પેસેન્જરને પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. જે લોકને નજીવી ઈજા થઈ હશે તેને એક લાખ રૂપિયા અપાશે. કમિશનર ઑફ રેલવે સેફ્ટી આ બનાવની વિગતવાર તપાસ કરશે અને આ અકસ્માતનું કારણ અને સુધારાનાં પગલાં સૂચવશે. રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. સિનિયર અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. (એજન્સી) ■

### વિશ્વની સૌપ્રથમ ભાષા

શાહ, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સહિતના અગ્રણી રાજનેતાઓ તેમજ અમિતાભ બચ્ચન સહિતની અનેક સેલેબ્રિટીઓને આ કથામાં ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવશે.

આ પહેલનો મૂળ હેતુ જ ભાષાઓને સમૃદ્ધ બનાવવાનો અને તેનો વિકાસ કરવાનો છે. 'માતૃભાષા-ભાગવત' થકી એકઠા થયેલા યોગદાનનો ઉપયોગ દેશની તમામ માતૃભાષાઓના વિકાસ માટે કરવામાં આવશે.

કોઈ સંસ્થા હોય કે પછી હોય કોઈ વ્યક્તિવિશેષ, સૌ આમાં યોગદાન આપી શકે છે. 'માતૃભાષા-ભાગવત'માં સેવા કે યોગદાન કેવી રીતે આપવા એ વિશેની જાહેરાત ટૂંક સમયમાં જ કરાશે... તો જોતા રહેજો 'મુંબઈ સમાચાર.' ■

### બિહારમાં

જાહેરસભાને સંબોધી હતી. ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ એક રેલીને સંબોધન તેમ જ એક રોડ શૉનું નેતૃત્વ કર્યું હતું.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ ત્રણ સભાને સંબોધન કર્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના ભાજપ એકમની મહિલા કાર્યકર્તાઓ સાથે વર્ચ્યુઅલી વાતચીત કરી હતી. મુખ્ય પ્રધાન નીતીશકુમારે અમુક સભા સંબોધી હતી તો આરજેડીના નેતા તેજસ્વી યાદવે દિવસ દરમિયાન અનેક રેલી કરી હતી.

છેલ્લાં દિવસે ચૂંટણીપ્રચાર કરનારાં અન્ય નેતાઓમાં આસામના મુખ્ય પ્રધાન હિમન્તા બિસ્વા, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીનો સમાવેશ થતો હતો.

છ નવેમ્બરે મહત્ત્વની બેઠક પર યોજાનારી ચૂંટણીમાં તેજસ્વી યાદવ (રાઘોપુર) બેઠકનો સમાવેશ થાય છે. નવો રાજકીય પક્ષ રચનાર ભાઈ તેજ પ્રતાપ પણ આ જ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યો છે. નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી તારાપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ગાયિકા મૈથીલી ઠાકુર ભાજપની ટિકિટ પર અલીનગરથી ચૂંટણી લડી રહ્યાં છે. નાયબ મુખ્ય પ્રધાન વિજયકુમાર સિંહા લખીસરાઈ, મોકામાથી ચૂંટણી લડી રહ્યા છે. પ્રતિસ્પર્ધી દુલારચંદ યાદવની હત્યાને મામલે ધરપકડ કરાયેલા જેડી (યુ)ના ઉમેદવાર અનંતસિંહ પણ આ જ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

ગૅન્ગસ્ટરમાંથી રાજકારણી બનેલા આરજેડીના દિવંગત મોહંમદ શાહબુદ્દીનનો પુત્ર ઓસામા શાહાબ રઘુનાથપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યો છે.


૨૪૩ બેઠક ધરાવતી બિહાર વિધાનસભાની ૧૨૨ સિવાયની બાકીની બેઠકો માટે ૧૧ નવેમ્બરે ચૂંટણી લડાશે. ૧૪ નવેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવશે. (એજન્સી) ■

### ચીને અત્યાધુનિક

છે. ચીનની નવી હાઇપરસોનિક મિસાઇલ અનોખી રીતે ડિઝાઇન કરવામાં આવી છે. તેમાં રિટ્રેક્ટેબલ પાંખોની જોડીનો સમાવેશ થાય છે. મિસાઇલ મહત્તમ ગતિએ પહોંચે છે ત્યારે આ પાંખો પાછી ખેંચાય છે. તેમજ તે હવાના ઘર્ષણને ઘટાડે છે અને ગતિમાં વધારો કરે છે. આ અટેક દરમિયાન પાંખો વિસ્તરે છે જેનાથી તે તીવ્ર વળાંક લઈ શકે છે અને અચાનક ઊંચાઈ બદલી શકે છે. જેના કારણે તેને રોકવી અત્યંત મુશ્કેલ બને છે.

આ અંગે નિષ્ણાતોનું માનવું છે કે, આ નવી ડિઝાઇન ચીનને લાંબા અંતરથી વિમાનવાહક જહાજો જેવા મોટા લક્ષ્યોને પ્રહાર કરવા સક્ષમ શસ્ત્રો વિકસાવવાની મંજૂરી આપશે. ચીનની આ સફળતા વૈશ્વિક ડિફેન્સ ટેકનોલોજીમાં નવી પહેલ છે. જેમાં આકાર બદલવાની ટેકનોલોજી લશ્કરી વ્યૂહરચનાને સંપૂર્ણપણે બદલી શકે છે. ■

भावपूर्ण श्रद्धांजलि



स्व. कांतिलालजी विमलचंदजी राठौड़
सादडी निवासी (हाल मुंबई, लोअर परेल ईस्ट)
आयु ७२ वर्ष दिः ०३/११/२०२५
सोमवार को अरिहंत शरण हुए है।
उनकी आत्मा श्रेयार्थ
प्रार्थना सभा
दिः ०५/११/२०२५, बुधवार
समयः सुबह ११:०० बजे से दोपहर १:०० बजे तक
स्थानः योगी सभागृह
स्वामी ज्ञानजीवनदास मार्ग, स्वामीनारायण मंदिर के पास, दादर ईस्ट, मुंबई- ४०००१४
(दोनों पक्ष की प्रार्थना सभा साथ मे रखी है।)
वेलेट पार्किंग की सुविधा है।
-: शोकाकुल परिवार :-
धर्मपत्नीः श्रीमती मंजुबेन कांतिलालजी राठौड़
पुत्र- पुत्रवधूः भाविक- प्रीती
पुत्री-जमाईः समीक्षा- वैश्विकजी, प्रेरणा- भरतजी पौत्रीः त्रिशा
भाई-भाभीः स्वः पन्नालालजी- मंजुलाबेन, शांतिलालजी- वीणाबेन
बहन-बहनोईः
स्वः पवनबेन- स्वः कुशलराजजी, वीणाबेन- स्वः रिखबदासजी, निर्मलाबेन- स्वः मोहनलालजी
एवं समस्त सजमलजी कपूरचंदजी राठौड़ परिवार (सज्ञा कपूरजी)
-: ससुराल पक्ष :-
सास-ससुरः नगराजजी- स्वः शांताबाई, स्वः फतेहचंदजी- स्वः बदामबाई, स्वः जीवराजजी- स्वः रतनबाई
सालीजीः शीला- संपत महेता
सालाजीः दिनेश- मीना, प्रवीण- रेणुका, विनोद- शर्मीला
एवं समस्त राजमलजी दीपचंदजी पुनमिया परिवार (सादडी निवासी)
दिनेश राठौड़: 9820082922
विनोद पुनमिया: 9822012220


# લાડકી બહિણ લાભાર્થીઓને સરકારનું કહેણ, ૧૮ નવેમ્બર સુધીમાં કેવાયસી પૂર્ણ કરો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' યોજનાના લાભાર્થીઓને ૧૮ નવેમ્બર સુધીમાં ફરજિયાત ઇ-કેવાયસી (પાત્રતા ચકાસણી) પૂર્ણ કરવા જણાવ્યું છે. રાજ્યના મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ જણાવ્યું હતું કે ઓક્ટોબરનું માનદ વેતન બુધવારથી વિતરિત કરવામાં આવશે અને આ રકમ તમામ પાત્ર મહિલા લાભાર્થીઓના આધાર લિંક બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવશે.

ગયા વર્ષે જુલાઈમાં શરૂ થયેલી રાજ્ય સરકારની યોજના પરિવારની વાર્ષિક આવક અઢી લાખ રૂપિયાથી ઓછી છે એવી ૨૧-૬૫ વર્ષની વય જૂથની મહિલાઓને માસિક ૧ હજાર ૫૦૦ રૂપિયાની સહાય પૂરી પાડે છે. સરકારે સપ્ટેમ્બરમાં આ યોજના માટે ઇ-કેવાયસી પ્રક્રિયા ફરજિયાત કરી લાભાર્થીઓને પ્રક્રિયા પૂર્ણ કરવા માટે બે મહિનાનો સમય આપી સરકારી ઠરાવ બહાર પાડ્યો હતો.

તટકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે સમગ્ર મહારાષ્ટ્રમાં મહિલાઓ માટે સામાજિક અને આર્થિક સશક્તિકરણ પહેલ તરીકે શરૂ કરવામાં આવેલી આ યોજનાને રાજ્યની મહિલાઓનો વ્યાપક સમર્થન અને ભરોસો મળી રહ્યો છે. યોજના સરળતાથી ચાલુ રાખવા ગયા મહિનાથી સત્તાવાર પોર્ટલ ladakibahin.maharashtra.gov.in પર ઇ-કેવાયસી સુવિધા ઉપલબ્ધ છે અને તમામ લાભાર્થીઓને ૧૮ નવેમ્બર સુધીમાં ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા કહેવામાં આવ્યું છે. (પીટીઆઈ)■


જૂનું તે સોનું
50 વર્ષથી વિશ્વસનીય !
ધૌતી યોગ
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
9422011723


# હાશ! આખરે બોરીવલી અને ગોરેગામમાં વોર્ડ ઓફિસરની નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચાર એડમિનિસ્ટ્રેટીવ વોર્ડને ગયે મહિને આસિસ્ટન્ટ કમિશનર મળ્યા બાદ આખરે હવે પી-દક્ષિણ અને આર-સેન્ટ્રલ વોર્ડમાં પણ આસિસ્ટન્ટ કમિશનરની નિમણૂક કરવામાં આવી છે, જે વોર્ડ ઓફિસર તરીકે પણ ઓળખાય છે. ગોરેગામ અને બોરીવલી વિસ્તારને આવરી લેતા આ વોર્ડમાં હવે વોર્ડ ઓફિસરની નિમણૂકને કારણે લંબાઈ ગયેલા કામ ઝડપથી થશે એવું માનવામાં આવે છે. અત્યાર સુધી મુંબઈ મહાનગરપાલિકાના ૧૪ એડમિનિસ્ટ્રેટીવ વોર્ડમાં વોર્ડ ઓફિસરની જગ્યા ખાલી હોવાથી એક્ઝિક્યુટિવ એન્જિનિયરોને આ વોર્ડની જવાબદારી સોંપવામાં આવી હતી.

પાલિકા પ્રશાસને સોમવારે પી-દક્ષિણ માટે અનિરુદ્ધ કુલકર્ણી અને આર-સેન્ટ્રલ માટે પ્રફુલ તાંબેની નિમણૂકની જાહેરાત કરતો સર્ક્યુલર બહાર પાડ્યો હતો. બંને નિમણૂકો મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનર (એમપીએસસી)ની ભલામણને અનુસરીને કરવામાં આી હતી. આ નિમણૂકો સાથે જોકે હજી બે વોર્ડમાં નિમણૂક થવાની બાકી છે. આ અગાઉ ત્રણ ઓક્ટોબરના બી, સી, એફ-દક્ષિણ અને આર-દક્ષિણ વોર્ડમાં પૂર્ણ સમય માટે વોર્ડ ઓફિસરોની નિમણૂક કરવામાં આવી હતી. જૂન ૨૦૨૧માં પાલિકાએ ૧૪ વોર્ડ ઓફિસરોની ભરતીની જાહેરાત કરી હતી. પરીક્ષા અને દસ્તાવેજોની ચકાસણી પછી અંતિમ યાદી તૈયાર કરવામાં આવી હતી પણ ગેરલાયક ઉમેદવારો દ્વારા દાખલ કરાયેલી પીટીશનને પગલે બે વર્ષથી વધુ સમય સુધી પ્રક્રિયા અટકાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે બાદમાં પાલિકાને શોર્ટ લિસ્ટ કરાયેલા ઉમેદવારોની નિમણૂક કરવાની મંજૂરી આપી હતી. આદેશ છતાં વધુ વિલંબને કારણે અવમાનની અરજી થઈ હતી. બાદમાં એમપીએસસી દ્વારા યાદી જાહેર કરવામાં આવી હતી અને નવેમ્બર ૨૦૨૪માં અપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યા હતા અને ગયે મહિને તાલીમ પૂરી થયા બાદ તેમને હવે વોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે.■

# મુંબ્રામાં સ્કૂલ બસમાં આગઃ કોઈ જાનહાનિ નહીં



(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના મુંબ્રામાં રેતીબંદર પાસે મંગળવારે બપોરના એક સ્કૂલ બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગ લાગી ત્યારે તેમાં બાળકો ન હોવાથી કોઈ જખમી થયું નહોતું.

મુંબ્રા બાયપાસ રોડ પર મુંબ્રા દેવી મંદિર નજીક બપોરના સિંબોસિસ સ્કૂલની બસ શિળફાટા તરફથી સ્કૂલમાં જઈ રહી હતી ત્યારે રેતીબંદર નજીક રસ્તા પર લગભગ ૨.૫૬ વાગે બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે મુંબ્રા ફાયરબ્રિગેડનું એક ફાયર એન્જિન અને બે રેસ્ક્યુ વેહિકલ પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.સદ્નસીબે બસમાં આગ લાગી ત્યારે તેમાં એક પણ વિદ્યાર્થી નહોતો. બસમાં તે સમયે ફક્ત ડ્રાઈવર અને ગાડી ક્લિનર હતા. આગ લાગવાની જાણ થતા જ બંને જણ તરત બસમાંથી બહાર આવી ગયા હતા. બપોરના ૩.૩૫ની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં બસને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

# હોટેલમાંથી પાર્સલ લઈ આવવાના વિવાદમાં મિત્રને પતાવી નાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હોટેલમાંથી પાર્સલ લઈ આવવાને મુદ્દે થયેલા વિવાદમાં ચાર જણે બેરહેમીથી માર મારી મિત્રને પતાવી નાખ્યો હોવાની આંચકાજનક ઘટના કુર્લામાં બની હતી.

સાકીનાકા પોલીસના જણાવ્યા મુજબ કુર્લા-અંધેરી રોડ પર જરીમરી ખાતેની એકતા સોસાયટીમાં સોમવારની રાતે નવ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં જાવેદ અહમદ આશિક અલી ખાન (૪૩)નું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે જાવેદના ભાણેજે નોંધાવેલી ફરિયાદને આધારે ચાર આરોપી મોહમ્મદ સહબાઝ સજ્જાદ હુસેન ખાન (૨૧), જમાલ હુસેન મોહમ્મદ હુસેન ખાન (૪૨), સજ્જાદ હુસેન મોહમ્મદ હુસેન ખાન (૪૨) અને મોહમ્મદ આરીફ મોહમ્મદ હુસેન ખાન (૩૨) વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર આરોપી અને મૃતક જાવેદ એકતા સોસાયટીમાં આવેલી રૂમમાં સાથે રહેતા હતા. સોમવારની રાતે આરોપીએ જાવેદને હોટેલમાંથી ફૂડ પાર્સલ લઈ આવવા કહ્યું હતું. જોકે પોતાની જમવાની ઇચ્છા ન હોવાથી જાવેદે પાર્સલ લાવવા હોટેલમાં જવાનો ઇનકાર કરી દીધો હતો.

કહેવાય છે કે આ મુદ્દે આરોપી અને જાવેદ વચ્ચે વિવાદ થયો હતો. ન જમવાનો હોવા છતાં પાર્સલ તારે જ લાવવું પડશે, અવું કહીને આરોપીઓએ ગાળાગાળી કરી હતી. બાદમાં જાવેદની મારપીટ કરવામાં આવી હતી. આરોપીએ બામ્બુ વડે માથા અને મોં પર ફટકારતાં જાવેદ બેભાન થઈ ગયો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે બેભાન થતાં પૂર્વે જાવેદે ભાણેજને ફોન કરી આરોપીઓએ તેની મારપીટ કરી હોવાનું કહ્યું હતું. પરિણામે જાવેદનો ભાણેજ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. બેભાન જાવેદને કુર્લાની ભાભા હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આરોપીઓને તાબામાં લઈ વધુ પૂછપરછ હાથ ધરી હતી.■


ની પ્રેમાળ યાદમાં



સુનીતા અશોક શાહ
(૦૮.૦૨.૧૯૫૯ - ૦૩.૧૧.૨૦૨૫)
માંગરોળ નિવાસી - હાલ મુંબઈ
અશોકભાઈ શાહ ના ધર્મપત્ની, પાયલ અને સૌમિલ ના મમ્મી સ્વ. જ્યોતીબેન અને સ્વ. નલીનભાઈ શાહ ના પુત્રવધુ સ્વ. વિજયાલક્ષ્મી અને સ્વ. રમણીકલાલ લિલાધર શેઠ ના સુપુત્રી તા. ૦૩.૧૧.૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે।
પ્રાર્થનાસભા
ગુરુવાર, ૬ નવેમ્બર ૨૦૨૫ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી
સ્થળ
જલારામ હૉલ, એન. એસ. રોડ નં. ૬, હતકેશ સોસાયટી, જેવ્હીપીડી સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૪૯
શાહ પરિવાર અને શેઠ પરિવાર


# હજ યાત્રાની વ્યવસ્થાને નામે ૨૦ લાખ રૂપિયા પડાવ્યાઃ ત્રણ વિરુદ્ધ ગુનો

થાણેઃ પરિવાર માટે હજની યાત્રાની વ્યવસ્થા કરી આપવાની ખાતરી આપીને ફરિયાદી સાથે ૨૦ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે ટ્રાવેલ એજન્સીના ત્રણ માલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.થાણે જિલ્લાના મુંબ્રા પરિસરમાં રહેતા ૫૩ વર્ષના ફરિયાદીએ આ પ્રકરણે રવિવારે મુંબ્રા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ૨૦૧૮થી ૨૦૧૯ દરમિયાન થઈ હતી. જોકે મોડી ફરિયાદ નોંધાવવાનું કોઈ કારણ સ્પષ્ટ કરાયું નહોતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપી મુંબ્રાના અમૃત નગરમાં ટ્રાવેલ એજન્સી ચલાવે છે. ફરિયાદીએ આરોપીની એજન્સીમાં પોતાના અને પરિવાર માટે હજ યાત્રા માટે બુકિંગ કરાવ્યું હતું. આ માટે તેણે ૨૦.૧૫ લાખ રૂપિયા આરોપીને આપ્યા હતા. જોકે બાદમાં આરોપીઓએ હજ યાત્રાની કોઈ વ્યવસ્થા કરી નહોતી અને રૂપિયા પણ પાછા આપ્યા નહોતા, એવું મુંબ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે ફરિયાદને આધારે પોલીસે રવિવારે ત્રણ આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦, ૪૦૬ અને ૩૪ હેઠળ ગુનો નોંધ્યો હતો. વધુ તપાસ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ઈસ્લામપુરનું નામ બદલીને ઈશ્વરપુર કરાયું

સાંગલીઃ સાંગલી જિલ્લાના ઇસ્લામપુર શહેરનું નામ બદલીને 'ઈશ્વરપુર' કરવાનો પ્રસ્તાવ રાજ્ય સરકારની ભલામણ સાથે કેન્દ્ર સરકારને સુપરત કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે તેને મંજૂરી આપી દીધી છે. તેથી હવે ઇસ્લામપુર શહેર અને મ્યુનિસિપલ કાઉન્સિલનું નામ સત્તાવાર રીતે ઈશ્વરપુર કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે આ સંદર્ભમાં એક જાહેરનામું બહાર પાડ્યું છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ઇસ્લામપુરનું નામ બદલીને ઈશ્વરપુર રાખવા વિનંતી કરવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ સંદર્ભમાં નિર્ણય લઇ મંગળવારે કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને મહારાષ્ટ્ર સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું હતું. તે મુજબ મંગળવારથી ઇસ્લામપુરનું નામ બદલીને ઈશ્વરપુર કરવામાં આવ્યું છે, જેનો નિર્ણય સામાન્ય વહીવટ વિભાગ લીધો હતો.

ગામડાઓ કે શહેરોના નામ બદલવાનો મામલો કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે. આ બાબતમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા પૂર્ણ થઈ રહી હોવાથી આ સંદર્ભમાં દરખાસ્ત કેન્દ્ર સરકારને ભલામણ સાથે રજૂ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા બાદ, ઇસ્લામપુર શહેરનું નામ બદલીને ઈશ્વરપુર કરવામાં આવ્યું છે.■


શ્રદ્ધાંજલિ



શ્રી મગનલાલ ડ્રેસવાલા
૭૮ મી પુણ્યસ્મૃતિ
મે. મગનલાલ ડ્રેસવાલા મે. ગિરિશ ઈન્ટરનેશનલ
ભુલેશ્વર, મુંબઈ - ૨.
ડ્રેસવાલા હાઉસ, ૪૨, શહીદ ભગતસિંગ રોડ, મુંબઈ - ૨૩. ફોન : 22640308, ઈ-મેલ: gi.exports@yahoo.com


# હાઈવે પર અકસ્માતમાં ઘવાયેલા ડ્રાઈવરને ૨૩.૨૭ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

*થાણેઃ* થાણેમાં મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૨માં મુંબઈ-અમદાવાદ હાઇવે અકસ્માતમાં ઘવાયેલા ૪૭ વર્ષના ડ્રાઇવરને ૨૩.૨૭ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એમએસીટીના સભ્ય આર.વી. મોહિતેએ વીમા કંપની ન્યૂ ઇન્ડિયા એશ્યુરન્સ કંપની લિમિટેડને પ્રથમ તબક્કે વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા અને અકસ્માતમાં સામેલ કન્ટેઇનર ટ્રકના માલિક પાસેથી સંપૂર્ણ રૂપિયા વસૂલવાનો અધિકાર આપ્યો હતો.


ટ્રેઇલરના ડ્રાઇવર ગુલહસન ઇકબાલુદ્દીન ખાને ગોલ્ડન કેરિંગ કોર્પોરેશન અને વીમા કંપની વિરુદ્ધ દાવો દાખલ કર્યો હતો.

પાલઘર જિલ્લામાં મનોર ગામ ખાતે ૬ મે, ૨૦૨૧ના રોજ આ અકસ્માત થયો હતો. ગુલહસનનું ટ્રેઇલર ઝડપથી વળાંક લઇ રહેલી કન્ટેઇનર ટ્રક સાથે અથડાયું હતું અને કોઇ પણ સંકેત આપ્યા વિના તેને થોભાવ્યું હતું.

ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે બંને ડ્રાઇવરની બેદરકારીને કારણે અકસ્માત થયો હતો અને નોંધ્યું હતું કે કન્ટેઇનર ટ્રકના ડ્રાઇવરે વળાંક લેતી વખતે અચાનક બ્રેક મારી હતી. આમ ટ્રાફિકના નિયમોનો ભંગ કર્યો હતો.

રોડ રેગ્યુલેશન્સ, ૧૯૮૯ના નિયમોનો ઉલ્લેખ કરીને ટ્રિબ્યુનલે અવલોકન કર્યું હતું કે દાવેદાર અથડામણ ટાળવા માટે આગળના વાહનથી પૂરતું અંતર જાળવવામાં નિષ્ફળ ગયો હતો. દાવેદારને અનેક ફ્રેક્ચર થયા હતા, જેમાં ડોક્ટરે તેની કાયમી આંશિક અપંગતા ૫૮ ટકા અને કાર્ય ન કરી શકે એવી અપંગતા ૧૦૦ ટકા હોવાનું મૂલ્યાંકન કર્યું હતું. (પીટીઆઇ)■


કપોળ મરણ



ડૉ.બકુલેશ શાંતિલાલ મહેતા
દામનગરવાળા, હાલ મુંબઈ, તા. ૦૧-૧૧-૨૫ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. (ઉ.વર્ષ. ૮૦)
તેઓ સ્વ. ડૉ. શાંતિલાલ જીવરાજ મહેતા અને સ્વ. હીરાલક્ષ્મી શાંતિલાલ મહેતા ના પુત્ર, સ્વ. ડૉ. અલકા બકુલેશ મહેતા ના પતિ, ડૉ. હર્ષા જયેન્દ્ર મહેતા ના ભાઈ, શ્રી જનક અનિલ મહેતા અને શ્રીમતી લોપા જનક મહેતાના કાકા, શ્રીમતી નીપા નિખીલ મોદી, શ્રીમતી પૂર્વી પીયુષ વોરા, શ્રી નિહાર- પૂજા ના મામા, ચિ. માલવ જનક મહેતા, શ્રીમતી દેવાંશી સાહિલ બોસમીયા ના દાદા.
સસરા પક્ષે: સ્વ.શ્રી મધુકર સાવે અને મોસાળ પક્ષે : સ્વ. શ્રી ગીરીશ ચીતલીયા.
પ્રાર્થનાસભા
તા. ૬-૧૧-૨૦૨૫, ગુરુવાર ના રોજ બપોરે ૪ થી ૬ વાગે રાખેલ છે.
સ્થળ: સ્થળ: ઈંડિયન મેડિકલ એસોશિએશન, જે.આર.મ્હાત્રે માર્ગ, પી.વી.આર. સિનેમા પાસે, જુહુ, મુંબઈ ૪૦૦૦૪૯.


# કાપડ ઉત્પાદક સાથે ૧૧.૮૮ લાખની છેતરપિંડીઃ સુરતની કંપની સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં કાપડ ઉત્પાદક સાથે ૧૧.૮૮ લાખ રૂપિયાની ઠગાઇ આચરવાના આરોપસર સુરતની ટેક્સટાઇલ કંપની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.એપ્રિલ અને મે, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.ભિવંડીમાં ગ્રે કાપડ (અનપ્રોસેસ્ડ કાપડ) બનાવતા ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે તેણે ૧૩ એપ્રિલ અને ૭ મે દરમિયાન સુરતની ટેક્સટાઇલ કંપનીને ૧૧.૮૮ લાખ રૂપિયાનું કાપડ સપ્લાય કર્યું હતું. જોકે કંપનીના માલિકે તેની ચુકવણી કરી નહોતી અને બાદમાં રૂપિયા ચૂકવવાનો ઇનકાર કરી દીધો હતો. ■

# ૨૦૧૧નો ટ્રિપલ વિસ્ફોટ કેસઃ ૬૫ વર્ષના આરોપીના જામીન મંજૂર

મુંબઈઃ ૨૭ જણનાં મૃત્યુ અને ૧૨૦ લોકો ઘાયલ થયા હતા એ ૨૦૧૧ના ટ્રિપલ વિસ્ફોટ કેસમાં ધરપકડ કરવામાં આવેલી ૬૫ વર્ષની આરોપીને બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે જામીન મંજૂર કર્યા હતા.

ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ આર. આર. ભોસલેની ખંડપીઠે કફીલ અહમદ મોહમ્મદ અયુબને એક લાખ રૂપિયાના જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. વિગતવાર આદેશની નકલની રાહ જોવાઈ રહી છે.

બિહારનો રહેવાસી અયુબ હાલમાં મુંબઈ સેન્ટ્રલ જેલમાં બંધ છે. ફેબ્રુઆરી ૨૦૧૨માં ધરપકડ કરવામાં આવ્યા બાદ તે કેદમાં છે.

૧૩ જુલાઈ ૨૦૧૧ના દિવસે મુંબઈમાં ઝવેરી બજાર, ઓપેરા હાઉસ અને દાદર રેલવે સ્ટેશનની નજીક કબૂતરખાનાની એક સ્કૂલ પાસે ૧૦ મિનિટના અંતરમાં ત્રણ વિસ્ફોટ થયા હતા. આતંકી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીને વિસ્ફોટોનું આયોજન કર્યું હતું અને તેના સ્થાપક યાસીન ભટકળ મુખ્ય ષડયંત્રકારી હતો એવો આરોપ મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)એ કર્યો હતો.

જામીન ન આપવાના વિશેષ અદાલતના ૨૦૨૨ ના આદેશને પડકારી અયુબે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ફરિયાદી એજન્સીના જણાવ્યા અનુસાર અયુબ અને આ કેસના અન્ય આરોપીઓએ ઈન્ડિયન મુજાહિદ્દીનના કહેવા પર મુસ્લિમ યુવકોને આતંકવાદી કૃત્યો કરવા માટે પ્રેરિત કર્યા હતા. તપાસ એજન્સીએ દાવો કર્યો હતો કે અયુબ ભટકળના ગાઢ સંપર્કમાં હતો. (પીટીઆઈ)■


૧૬ મી પુણ્યતિથિએ સ્મરણાંજલિ
||अहो आकाश विस्तार: | पिता त्वयि नमोनम: ||



રતનશી વેલજી ગડા
(૧૬.૧૨.૧૯૩૯ - ૦૫.૧૧.૨૦૦૯)
વાવ્યું કલ્પવૃક્ષ નિરાલી નામે તમે,
એ વિરાસતને આગળ લઈ જઈએ હવે અમે!
અર્પજો આશીષ એવા કે
તવ સર્વ ગુણો અમ મહીં કદાપિ ન આથમે!
સાદર વંદનો સહ * નિરાલી (NG) પરિવાર
India's No. 1 NIRALI NG STAINLESS STEEL KITCHEN SINKS



REMEMBRANCE



Mrs. KASTURBEN VASANTKUMAR THAKKER SOMAIYA PIPRANI
NIRVANA :- 05.11.2009
D/O. LATE NARANJI RAGHAVJI BODA SOMESHWAR
God saw you getting tired, wanted you to rest, so he put his arms around you, and whispered " come to me".
A golden heart stopped beating and Hard working hands to rest.
God broke our heart to prove, He only takes the best!
REMEMBERED BY
Late Hemaben Hasmukh Jobanputra
Daksha Pramod Ganatra,
Nayna Shashikant Thacker,
Bhagwati Shailesh Popat
& Yogesh, Sushma, Dishti, Sagar.
LITTLE MORE EDUCATION GROUP - MATUNGA


# ૧૧ વર્ષના છોકરાને મજૂરીકામ માટે દબાણ કરવા પ્રકરણે પિતા સહિત બે વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં ૧૧ વર્ષના આદિવાસી છોકરાને મજૂરીકામ માટે દબાણ કરવા બદલ તેના પિતા સહિત બે જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર છોકરાના પિતાએ તેને દર મહિને બે હજાર રૂપિયાના વેતન પર પશુપાલક પાસે કામ કરવા માટે દબાણ કર્યું હતું, એમ શાહપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

આ મામલો સોમવારે સામે આવ્યો હતો, જ્યારે બાળ લગ્ન અને બાળમજૂરી વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહેલા આદિવાસી સંગઠને છોકરાને બકરા ચરાવતા જોયો હતો, જે પાલઘર જિલ્લાનો રહેવાસી છે.

દરમિયાન આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે છોકરાના પિતા અને તેના માલિક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ દ્વારા તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ)■


Prahladrai Dalmia Lions College of Commerce & Economics
Estd.1972
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)
NAAC Re-Accredited with 'A' Grade ISO 21001 : 2018 Certified
University of Mumbai Recognized Research Centre in Accountancy, Commerce & Economics
A Government Approved Hindi Linguistic Minority Institute
Applications are invited for Ph.D Degree Course in the subject of Accountancy in a Recognized Research Centre of Prahladrai Dalmia Lions College for Accountancy, Commerce & Economics affiliated with University of Mumbai.

| Sr. No. | Subject | No. of Vacancies |
|---|---|---|
| 1 | Accountancy | 04 |

Eligibility Criteria
1) M.Com. with 55% B+ grade on 10 points scale.
2) Candidates who have passed/ cleared UGC-CSIR, JRF or NET/SET/M.Phil./PET- conducted by University of Mumbai in respective subjects as per university circular no. Th./ICD/2018-2019/1782 DATED 10TH August 2018.
3) The date of the interview will be displayed on the college notice board and website.
4) Proposed Research Plan (Includes Topic, Importance of Studies, Rational of Studies, Objectives of studies, Hypothesis, Data Analysis & Techniques and chapter Schemes).
5) Candidates are supposed to present outline of proposed Research work with reference to above points in power point presentation format.
6) Application with full details should reach to the **Principal, Prahladrai Dalmia Lions College of Commerce & Economics, Sunder Nagar, Malad (W), Mumbai – 400064** within 15 days from the date of publication of this advertisement either by post, hand delivery or on college email id dalmialionscollege@gmail.com
For further information please contact following Research guides.
Prof. (Dr.) Shiva M. Padme - 9867218368
Dr. Sunita Tidke - 9833215690
Sd/-
PRINCIPAL

# સંસ્થા સમાચાર

## ચાતુર્માસ પરિવર્તન

શ્રી વાગડ વિશા ઓસવાળ શ્વે. મૂર્તિ. તપાગચ્છ જૈન સંઘના પૂ. કલાપૂર્ણસૂરી મામા-ભાણેજ આરાધના ભવનમાં પ્રશાંતમૂર્તિ ગુરુદેવ પૂ. આચાર્ય દેવ શ્રી વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્ય પૂ.મુનિરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ થાણા-૫ તથા પૂ. સાધ્વીજી શ્રી નિર્મલયશા શ્રી મ.સા. અને પૂ. સાધ્વીજી પૂર્ણચન્દ્રાશ્રીજી મ.સા. આદિ થાણાનો ચાતુર્માસ પરિવર્તન પાંચમી નવેમ્બરે સવારે થાના (૫) પાંચપખાડી થશે.

## ઋણ સ્વીકાર સમારોહ

લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. આચાર્યભગવંત પૂ.રૂપ-નવલ-રામગુરુદેવના કૃપાપાત્ર શિષ્યરત્ન શાસન પ્રભાવક પૂ. આ. ભ. ડૉ. પ્રકાશચંદ્રજી મ.સા.ના આજ્ઞાનુવર્તી વડેરા પૂ. સૂર્ય.વિજયગુરુણીના સુશિષ્યા તપસ્વીની વડેરા પૂ. સુનંદકુમારી મ.ના નિશ્રાવર્તી વ્યવહારકુશળ, મધુરભાષીની પૂ. શુભેચ્છાકુમારીજી મહાસતીજી(મધુરકંઠી) આદિ થાણા-૮નું વસઈ (૫) માણેકપુર, શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘમાં બિરાજમાન છે. જેમનો ઋણ સ્વીકાર સમારોહ પાંચમી નવેમ્બરે સવારે ૮ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

## ચાતુર્માસ પરિવર્તન

લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. આચાર્યભગવંત પૂ.રૂપ-નવલ-રામગુરુદેવના કૃપાપાત્ર શિષ્યરત્ન શાસન પ્રભાવક પૂ. આ. ભ. ડૉ. પ્રકાશચંદ્રજી મ.સા.ના આજ્ઞાનુવર્તી વડેરા પૂ. સૂર્ય.વિજયગુરુણીના સુશિષ્યા તપસ્વીની વડેરા પૂ. સુનંદકુમારી મ.ના નિશ્રાવર્તી વ્યવહારકુશળ, મધુરભાષીની પૂ. શુભેચ્છાકુમારીજી મહાસતીજી(મધુરકંઠી) આદિ થાણા-૮નું વસઈ (૫) માણેકપુર, શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘમાં બિરાજમાન છે. જેમનો ચાતુર્માસ પરિવર્તન સાત નવેમ્બરે સવારે શુભમૂહૂર્તમાં શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ વસઈમાં આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેમનો મુંબઈ તરફ વિહાર થશે.

## શ્રી વિષ્ણુ પુરાણ અને શ્રી ભવિષ્ય પુરાણની લોકાર્પણ વિધિ

કથાકાર બેનશ્રી મીનાબેન જોશી દ્વારા લિખિત શ્રી વિષ્ણુ પુરાણ અને શ્રી ભવિષ્ય પુરાણની લોકાર્પણ વિધિ ૧૦ નવેમ્બરે સાંજે સાડા છ કલાકે યોજવામાં આવી છે. આ કાર્યક્રમ મલાડ પશ્ચિમમાં આવેલા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરે આયોજિત કરવામાં આવ્યો છે.

## ઝેંડાબજાર હનુમાન મંદિરમાં ચિત્રકળાની સ્પર્ધા

વસઈમાં આવેલા ઝેંડાબજારની દિપમાળ હનુમાન મંદિરમાં પહેલી નવેમ્બરે ચિત્રકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ કળાને પ્રોત્સાહન આપવાનો હતો. જેમાં ધોરણ એકથી ૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમણે વિવિધ વિષયોને પોતાની કળા દ્વારા વાચા આપી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનારા વિજેતાઓને સ્મૃતિચિહ્ન અને સર્ટિફિકેટ આપીને નવાજવામાં આવ્યા હતા.

## વિશ્વનું સર્વ પ્રથમ શ્રી કલ્યાણ મંદિર જિનાલયમાં લાભાન્વિત યોજના

જિનશાસનની પાવન શાશ્વતભૂમિ પાલિતાણા મહાતીર્થ સમીપે સોનગઢ-પાલિતાણા હાઇવે, માલપરા સ્થિત અર્હમ પ્રભાવક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત નંદનવન સામ્રાજ્યે માર્મિક પ્રવચનકાર, જ્યોતિષ વિશારદ,શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થના પ્રણેતા પૂ. આચાર્ય શ્રી રવિદેવસૂરીશ્વરજી મ.સા. પૂ. સાધ્વીજી શ્રી જીનરૂચીશ્રીજી મ.સા.(બા મહારાજ)ની પ્રેરણાથી વિશ્વનું સર્વ પ્રથમ શ્રી કલ્યાણ મંદિર જિનાલયમાં નૂતન રંગમંડપ ચૌકીનું પુરજોશમાં નિર્માણકાર્ય થઈ રહ્યું છે. નાનકડી ભેટ રકમમાં પાલિતાણા મહાતીર્થ એ અમૂલ્ય લાભરૂપે કૂપન વિતરણ કરવામાં આવી રહી છે. જેમાં ડ્રો દ્વારા ચૌકી પર નામકરણ કરવામાં આવશે.

## સરસ્વતી સન્માન સમારોહ

અગિયાર, બાર, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ યરમાં સારા માર્કસ મેળવેલા તથા પોસ્ટ-ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ માટે શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈ દ્વારા સંચાલિત કોલેજ બુક બેન્ક સમિતિ અને હાયર એજ્યુકેશન સમિતિના સંયુક્ત સન્માન સમારોહનું આયોજન બીજી નવેમ્બરે યોજવામાં આવ્યું હતું.

# રિક્ષા ડ્રાઈવરે મારપીટ કર્યાની અભિનેત્રી શમીમ અલીની ફરિયાદ

મુંબઈ: દીકરીની સ્કૂલ પાસે ગાળાગાળી કર્યા પછી રિક્ષા ડ્રાઈવરે સોસાયટીમાં મારપીટ કરી હોવાની પોલીસ ફરિયાદ અભિનેત્રી શમીમ અકબર અલીએ નોંધાવી હતી. મીરા રોડમાં બનેલી આ ઘટના પ્રકરણે કાશીમીરા પોલીસે એફઆઈઆર નોંધી રિક્ષા ડ્રાઈવરની શોધ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર શનિવારની બપોરે મીરા રોડના કાણકિયા પરિસરમાં આવેલા જિમમાંથી નીકળીને શમીમ રિક્ષામાં ઘરે જવા નીકળી હતી.

માર્ગમાં તેણે દીકરીની શાળા પાસે રિક્ષા થોભાવી હતી, જેનો રિક્ષા ડ્રાઈવરને ગુસ્સો આવ્યો હતો. રિક્ષા રોકાવી એ વાતને લઈ રિક્ષા ડ્રાઈવરે વિવાદ કરી ગાળાગાળી કરી હતી.

પોતે ઉતાવળમાં હોવાથી ભાડું ચૂકવી દેવાનું રિક્ષા ડ્રાઈવરે કહ્યું હતું, પરંતુ શમીમે ઘરે છોડ્યા પછી ભાડું આપીશ, એવું કહ્યું હતું. પછી દીકરીને રિક્ષામાં બેસાડીને બન્ને રિક્ષામાં પોતાની સોસાયટીમાં આવ્યા હતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે શમીમની દીકરીએ ફાઉન્ટન પાસે જવાની વાત ઉચ્ચારી હતી, જેની સામે શમીમે બીજી રિક્ષામાં જઈશું કહેતાં રિક્ષા ડ્રાઈવરે ફરી બોલાચાલી કરી હતી.

# પુણેમાં ભરરસ્તે શસ્ત્રના ઘા ઝીંકી સગીરની કરપીણ હત્યા

પુણે: પુણેમાં મોઢા પર માસ્ક પહેરીને આવેલા ત્રણ હુમલાખોરે ભરરસ્તે શસ્ત્રના ઘા ઝીંકીને ૧૭ વર્ષના સગીરની હત્યા કરતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરી હોઇ જૂની અદાવતને લઇ આ હત્યા કરવામાં આવી હોવાનું પોલીસને લાગી રહ્યું છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પુણેમાં બાજીરાવ રોડ પર મહારાણા પ્રતાપ ગાર્ડન નજીક મંગળવારે બપોરે ૩.૧૫ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા સગીરની ઓળખ મયંક ખરારે તરીકે થઇ હતી.

મયંક ખરારે મંગળવારે તેના મિત્ર અભિજીત ઇંગળે (૧૮) સાથે ટૂ-વ્હીલર પર જઇ રહ્યો હતો ત્યારે પાછળથી આવેલા ત્રણ હુમલાખોરે બંનેને રોક્યા હતા અને તેમણે અચાનક મયંક પર શસ્ત્રના ઘા ઝીંકી દીધા હતા. મયંક પર હુમલો કર્યા બાદ ત્રણેય આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયા હતા. તેઓ જનતા વસાહતના હોવાનું કહેવાય છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા મયંકને હોસ્પિટલમાં લઇ જવામા આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી.

# વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના મહારાષ્ટ્રના ત્રણ ખેલાડી માટે ઈનામની જાહેરાત

મુંબઈ: મહિલા વર્લ્ડકપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવી ભારતે ઈતિહાસ રચ્યો છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયાએ દક્ષિણ આફ્રિકાને બાવન રનથી હરાવીને ભારતીય મહિલા ટીમે પહેલો આયસીસી વર્લ્ડ કપ જીત્યો છે. કેબિનેટ બેઠકમાં મુખ્ય પ્રધાન અને અન્ય પ્રધાનોએ ભારતીય મહિલા ટીમના પ્રદર્શનની પ્રશંસા કરી અને ટીમને અભિનંદન આપતો પ્રસ્તાવ પણ મંજૂર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજ્ય સરકારે ટીમમાં મહારાષ્ટ્રની ત્રણ મહિલા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવાનો નિર્ણય લીધો હોવાની માહિતી મુખ્ય પ્રધાન કાર્યાલયે માહિતી આપી હતી. ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં સામેલ મહારાષ્ટ્રની ત્રણ ખેલાડીઓમાંની એક ભારતની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાના, મહારાષ્ટ્રના સાંગલીની પુત્રી છે. તેના ઉપરાંત જેમીમા રોડ્રિગ્સ અને સ્પિનર રાધા યાદવ પણ સામેલ છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

કોળિયાક નિવાસી, હાલ મુલુંડ સ્વ. લીલાવતીબેન કાંતિલાલ કુંવરજી શાહના સુપુત્ર મહેન્દ્રભાઈના ધર્મપત્ની તરુણાબેન (ઉં. વ. ૭૪) તા. ૩-૧૧-૨૫ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે મેહુલ, પ્રિતીના મમ્મી. દેવાંશી, રોનિતના દાદી. સ્વ. વસંતરાય (બટુકભાઈ) - જ્યોતિબેન, હસુબેન પ્રવિણચંદ્ર પારેખ, સ્વ. ઈન્દુબેન હસમુખરાય શાહ, જાસુદબેન મુકુંદરાય શાહ, હરીશભાઈ - કનકબેનના ભાઈના ધર્મપત્ની. પિયર પક્ષે સ્વ. ચંદ્રાબેન ભોગીલાલ પ્રભુદાસ શાહ વરતેજવાળાના દીકરી. માતૃવંદના ગુરુવાર, તા. ૬-૧૧-૨૫ના સવારે ૧૦ થી ૧૨. સ્થળ: જીવરાજ ભાણજી હોલ (અશોક નગર), મેહુલ ટોકિઝ પાસે, મુલુંડ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેંદરડા નિવાસી હાલ મુંબઈ ગં. સ્વ. કુસુમબેન હીરાભાઈ શાહ (માવાણી) (ઉં. વ. ૯૬), મંગળવાર, તા. ૪-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. નીતિન-જ્યોતિ, ભરત-બીના, પરેશ-બેલા, જયશ્રી-જતીનભાઈ કલોલા તથા દીપ્તિ-નિમિશભાઈ શાહના માતુશ્રી. સ્વ. ફૂલચંદ ત્રિકમજી પારેખના દીકરી. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૧૧-૨૫ના બપોરે ૪ થી ૬. ઠે: ઈન્ટરલિંક નીલકંઠ બિઝનેસ પાર્ક, વિદ્યાવિહાર વેસ્ટ.

**વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ફોફલીયાવાડો, (ચૌધરીની શેરી), સ્વ. કંચનલાલ ભોગીલાલ શાહ (કોહિનૂરવાળા)ના પુત્ર સ્વ. રાજેન્દ્રનાં પત્ની. રશ્મિબેન તા. ૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બિનીતા અમીતભાઈ ગોયલના માતુશ્રી. ઈશાન્વી અને રીયાનાં નાની. પીયર પક્ષે સુશીલાબેન કાંતિલાલ ચોકસી (મણિયાતી પાડો). લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે: ફ્લેટ નં. ૧૧, ૧૯-મંગળ કુંજ, સહાર રોડ, અંધેરી ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી મલાડ (હાલ સુરત) મૂળચંદભાઈ ગોકળદાસ પંચમીઆના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૯૦) ૨-૧૧-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે અમૃતલાલ પોપટલાલ શાહ (શિવરાજપુરના) દીકરી. રાજેશભાઈ, અતુલભાઈ, અલ્કાબેન પ્રફુલભાઈ શાહ, પીયુષાબેન જતીનભાઈ ઝાટકીયાના માતુશ્રી. તે વિભાબેન અને સંગીતાબેનના સાસુ. (લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ બોરીવલી, સ્વ. રણછોડદાસ પાનાચંદ વોરાના ધર્મપત્ની જયાબેન (ઉં.વ.૯૫) તા. ૩.૧૧.૨૦૨૫ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે વિરેન્દ્રભાઈ, સ્વ. હરેશભાઈ, હસુબેન નવીનચંદ્ર કનાડીયા, સ્વ. ઉષાબેન ચંદ્રકાન્ત દોશી, લતાબેન દીપકકુમાર શાહના માતૃશ્રી. સુરેખા, જાગૃતિના સાસુ. જુબીન, દિશા, અંકુર, ખુશીના દાદી. અપેક્ષા, નિધિના દાદીસાસુ. પિયરપક્ષે નોંઘણવદરવાળા, સ્વ. ગુલાબચંદ લલ્લુભાઈ મહેતાની દીકરી. ૬૦૨, સરસ્વતી એપાર્ટમેન્ટ, બાબા ફાસ્ટ ફૂડની બાજુમાં, ચીકુવાડી, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ. મોતીલાલ રણમલ હિરજી ગાલા (ઉં.વ.૮૬) તા. ૦૧.૧૧.૨૫ શનિવારના અવસાન પામેલ છે. નામાબેન રણમલના સુપુત્ર. ડાઈબેનના પતિ. ચંપક, ચેતનના પિતાશ્રી. રસીલા, વસંતના સસરા. રાઘવજી, પ્રેમજી, જીવરાજ, રંજનના ભાઈ. પુનઈબેન રણશી મેપશી બુરીચાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. ૧૦૩, કવિતા કોર્નર, તીરૂમાલાની બાજુમાં, એસ.વી.રોડ, બોરીવલી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના મિત્તલ શૈલેષ વેલજી ચરલા (ઉં.વ. ૩૬) રવિવાર તા. ૦૨.૧૧.૨૫ના અવસાન પામેલ છે. અ.સૌ. અમૃતબેન વેલજી ગેલાની પુત્રવધૂ. શૈલેષ ની ધર્મપત્ની, કસ્વી, વિહાન, વિયોનાના માતુશ્રી. મહેન્દ્રના ભાઈના પત્ની. હેતલના દેરાણી, લાકડીયાના અ.સૌ. ચંદનબેન નાગજી માંડણ ગડાના પુત્રી, પ્રાર્થના સભા ગુરુવાર, તા.૦૬.૧૧.૨૫ સમય ૧૧ થી ૧૨.૩૦ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, મુંબઈ.ઠે.હેમકુંજ, મુકુંદ નગર પૂના.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના સ્વ.મણીબેન કરમશી(જખુભાઈ) ગડા (ઉં. વ. ૭૦) રવિવાર તા. ૦૨.૧૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લાડુબેન દેવજી ગડાના પુત્રવધૂ. કરમશીના ધર્મપત્ની, ગીતા, દક્ષા, તુષાર, નિલેશના માતુશ્રી, પ્રફુલ્લ નંદુ, પરેશ નિસર, સેજલ, ટિવકલના સાસુ. સાચી, હિયા, જિહાન, નાયશાના દાદી. પલક, યશ, હર્ષ, શૌર્યના નાની. સ્વ. પુંજીબેન ચાંપશી છેડાના દીકરી. પ્રાર્થના સભા બુધવાર તા.૫.૧૧.૨૫ સમય સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ વાગે. સ્થળ. કરશન લધુ નિસર હોલ, દાદર-વેસ્ટ, નિવાસ સ્થાન.૪૦૧, ફેરી મનોર, ૧૩, રૂસ્તમ સિધવા માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના હેમચંદ લાલજી માલદે (ઉં.વ. ૭૨) તા. ૩-૧૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. ખેતબાઇ લાલજી વીરજીના પુત્ર. કલ્પનાના પતિ. દેવાંગી, ભાવિકના પિતા. સ્વ. મહેન્દ્ર, ભુપેન્દ્ર, સુરેશ, પ્રવિણાના ભાઇ. ભુજપુર ગાંગબાઇ હીરજી તેજુ ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હેમચંદ લાલજી, એ-૨૦૧, ન્યુ ભૈરવ દર્શન, પુજાનગર, ભાઇંદર (ઇ.), મું. ૪૦૧૧૦૫.

મોખાના જાદવજી કાનજી ગાલા (ઉં.વ. ૮૦) તા. ૩-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. મકાબેન કાનજીના પુત્ર. કોકિલાના પતિ. રૂપેશ, પૂર્વેશના પિતા. રાઘવજી, લાલજી, વસનજી, ખીમજી, તલકશીના ભાઈ. કારાઘોઘા હીરબાઈ પોપટલાલ ભીમશી નાગડા ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ રૂપેશ ગાલા. એ/૪૦૧, હેરિટેજ હોલી. જે.એન. રોડ. મુલુંડ (વે).

નવીનાળના પ્રેમજી મુરજી વોરા (ઉં.વ. ૮૦) તા.૨-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. મમીબેન મુરજીના પુત્ર. કસ્તુરના પતિ. જીગ્નેશ, અંજુના પિતા. વિશનજી, લક્ષ્મીચંદ (બાબુભાઈ), ખીમજી, કાંતિલાલ, નવીન, સાડાઉ મીઠાબેન માવજી, દેશલપુર (કંઠી) પુષ્પાબેન શાંતિલાલના ભાઈ. હેમકુંવરબેન (સાકરબાઈ) કાનજી ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીગ્નેશ પ્રેમજી વોરા. ૧/૬૦ મધુસદન, રોડ નં. ૨૫ સી, જૈન સોસાયટી,

# હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

દેવરીયાવાળા હાલ કાંદિવલી સ્વ. રતીલાલભાઈ અને સ્વ. વિજયાબેનના પુત્ર હસમુખભાઈ કક્કડ (ઉં. વ. ૮૦) તા. ૨-૧૧-૨૫ના દિને શ્રીજીચરણ પામ્યા છે. તે વર્ષાબેનના પતિ. સ્વ. સ્વ. હિતેષભાઈ અને હિમાંશુભાઈના પિતાશ્રી. દીપા તથા મીતાના સસરા. હેતા સ્મિત મહેતાના દાદા. નીલાબેન, મીનાબેન, કેતનભાઈ તથા રક્ષાબેનના ભાઈ. સ્વ. શિવલાલભાઈ ઘેલાણીના જમાઈ. પ્રાર્થનાસભા પાવનધામ, મહાવીર નગર, પાવનધામ માર્ગ, ઓપો. બી.સી.સી.આય. ગ્રાઉન્ડ, કાંદિવલી (વે). મુંબઈ-૪૦૦૦૬૭. તા. ૬-૧૧-૨૫ (ગુરુવાર) સાંજે ૪ થી ૬.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મૂળ ઉસરડ હાલ કાંદિવલી જયંતભાઈ હરગોવિંદભાઈ જાની (ઉં. વ. ૬૮) તા. ૨૮-૧૦-૨૫ના કૈલાશવાસ પામ્યા છે. તે સ્વ. હરગોવિંદભાઈ મણિશંકરભાઈ જાની અને સ્વ. જયાબેન જાનીના પુત્ર. તે જયશ્રીબેનના પતિ. તુષારભાઈના પિતા. તે પ્રવીણભાઈ, સ્વ. દિનેશભાઈ, મધુબેન પિનાકિનભાઈ ભટ્ટ, સરોજબેન યોગેશભાઈ રાવલ, અનિલાબેન રોહિતભાઈ જોષી પ્રજ્ઞાબેન જાનીના ભાઈ. તે રમેશભાઈ નંદલાલભાઈ જાની, હરેશભાઈ નંદલાલભાઈ જાની, ઈંદુબેન નંદલાલભાઈ જાની, વિજયભાઈ માણેકલાલભાઈ જાની અને હરીશભાઈ માણેકલાલભાઈ જાનીના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૧૧-૨૫ ગુરુવાર, સાંજે ૪ થી ૬. સ્થળ: શ્રી લોહાણા મહાજનવાડી, ૧લો માળ, એસ. વી. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી (૫).

**ભાવનગરી મોચી**

ગામ લાઠી હાલ બોરીવલી અમૃતલાલ મોહનલાલ વડેરા (ઉં. વ. ૭૨) તા. ૩-૧૧-૨૫ને સોમવારના રામચરણ પામ્યા છે. તે મંજુલાબેનના પતિ. જીગ્નેશભાઈ, મહેશભાઈ, મમતાબેન, જાગૃતિબેનના પિતાશ્રી. પ્રભાબેન, સ્વ. રેખાબેન, હરીભાઈના ભાઈ. વંદનાબેન, કલ્પેશભાઈ ગોહિલ, કલ્પેશભાઈ પઢીયારના સસરા. પીંગળીવાળા સ્વ. ધરમશીભાઈ મુળજીભાઈ વાઘેલાના જમાઈ. ક્રિશા, વન તેમના દાદા. પ્રાર્થનાસભા તા. ૬-૧૧-૨૫ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૭. ઠે: લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની સામે, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી ઈસ્ટ.

**નવગામ ભાટીયા**

ધ્રોલ નિવાસી, હાલ મુંબઈ સ્વ. હરેશ મહેન્દ્ર વેદ (ઉં. વ. ૬૩) તો રીટાબેનના પતિ. વત્સલના પિતા. સ્વ. મહેન્દ્ર કાનજી વેદ અને સ્વ. કાંતાબેન મહેન્દ્ર વેદના પુત્ર. સ્વ. શરદબેન, મનોજભાઈ અને સ્વ. વિજયભાઈના ભાઈ. સ્વ. જશવંતલાલ રતિલાલ શાહ, ગં. સ્વ. સવિતાબેન જશવંતલાલ શાહના જમાઈ ૩-૧૧-૨૫ના સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

હિરેન મહેન્દ્રભાઈ કોઠારી કચ્છ કોટડા (રોહા) હાલ મુલુન્ડના ધર્મપત્ની હર્ષાબહેન (ઉં. વ. ૫૦) તા. ૧-૧૧-૨૫ના શ્રીરામચરણ પામેલ છે. તે મહેન્દ્રભાઈ લીલાધર કોઠારીના પુત્રવધૂ. નૈતિના માતાજી. હિમ્મતભાઈ

---

યુનાઈટેડ જૈન સ્ટુડન્ટ હોમ રોડ, સાયન (૫).

મોટી રાયણના અ.સૌ. દિવાળીબેન ગુલાબચંદ ગડા (ઉં. વ. ૮૫) તા. ૨-૧૧-૨૦૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન લાલજી ગણશીના પૌત્રવધૂ. સાકરબેન આણંદજી લાલજીના પુત્રવધુ. ગુલાબભાઇના ધર્મપત્ની. નીલમ, ગીતાના માતુશ્રી. મોટી ખાખરના ભમીબેન નાનજી રવજી ભેદાના સુપુત્રી. હરખચંદ, દેવચંદ, નાના આસંબીયાના મણીબેન રતનશી, દેશલપુરના સુશીલાબેન લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. (ફોન-મેસેજ રૂબરૂ તુલ્ય) નિ. દિલેશ છેડા, ૮૦૧, બાગબાન, વલ્લભબાગ લેન, પારસધામની સામે, ઘાટકોપર (ઇ.), મું. ૭૭.

નરેડી (હીંદમાતા) હાલે ડોંબીવલીના ચંદ્રકાંત (બાબુલાલ) ખીંયશી નાગડા (ઉં.વ. ૬૪) તા. ૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ગંગાબાઇ ખીંયશીના પુત્ર. જ્યોતિના પતિ. વીંકીતા, નેહાના પિતા.સ્વ. લક્ષ્મીચંદ, સ્વ. ધીરજલાલ, સ્વ. દેવચંદ, જેઠાલાલ, દેવકા, કલ્પના, સ્વ. દમયંતીના ભાઇ. સાભરાઇના સ્વ. મોંઘીબાઇ પ્રેમજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન.શ્રા.સં.સં. ક.લ.નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. ઠે. ચંદ્રકાંત ખીંયશી, ૯, ઓમ ધનલક્ષ્મી, સંગીતાવાડી, ડોંબીવલી (પૂ.) ૪૨૧૨૦૧.

વાંઢના હીરજી મોરારજી નંદુ (ઉં.વ. ૮૬) તા. ૧-૧૧-૨૫ના અવસાન પામેલ છે. નાનબાઇ મોરારજીના પુત્ર. હીરાવંતીના પતિ. રશ્મી, ભાવના, રજની, અશ્વિન, નીતાના પિતા. શાંતીલાલ, જયંતીલાલ, લક્ષ્મીચંદ, અમૃતલાલ, ભાનુમતી, સુશીલા, સં. પક્ષે અર્હતકિરણાશ્રી મ.સા.ના મોટા ભાઇ. શેરડી તેજબાઇ કુંવરજી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. (ફોન-મેસેજ રૂબરૂ તુલ્ય). નિ. રજની નંદુ, નં. ૩૮, પ્રીતમ સોસાયટી, સે.-૨-એ, એરોલી, નવી મુંબઇ-૪૦૦૭૦૮.

**ઝાલાવાડ દશા શ્રીમાળી શ્વે. મૂ.પૂ. જૈન**

સાપકડા નિવાસી હાલ મલાડ, સ્વ. સમજુબેન વનેચંદભાઈ શાહના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ.૮૦) તા. ૪-૧૧-૨૫ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. તે હર્ષિકાબેનના પતિ. સ્વ. જયંતીભાઈ, સ્વ. મણીભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. કંચનબેન, સ્વ. સૂરજબેન, ગં.સ્વ. રંજનબેનના ભાઈ. સ્વ. શારદાબેન મનસુખલાલ શાહના જમાઈ, ખ્યાતિ રાજેશકુમાર, હિરલ નિશાંતકુમાર, મેઘના પ્રસાદકુમાર, રાહુલ અને ચિરાગના પિતા, સૃષ્ટિ અને વિધિના સસરા. પ્રાર્થનાસભા અને લૌ. વ્યવહાર બંધ રાખેલ છે.

**ઓશવાલ જૈન**

સાદડી નિવાસી હાલ લોઅર પરેલ, સ્વ. કાંતિલાલજી વિમલચંદજી રાઠોડ (ઉં.વ.૭૨) તા. ૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મંજુબેનના પતિ. પુત્ર-પુત્ર વધુ-ભાવિક-પ્રિતિ, પુત્રી-જમાઈ- સમીક્ષા-વૈશ્વિકજી, પ્રેરણા-ભરતજી, પૌત્રી- ત્રિશા, ભાઈ-ભાભી- સ્વ. પન્નાલાલજી- મંજુલાબેન, કાંતિલાલજી- વીણાબેન, બેન-બનેવી- સ્વ. પવનબેન-સ્વ. કુશલરાજજી, વીણાબેન- સ્વ. ઋષબદાસજી, નિર્મળાબેન-સ્વ.મોહનલાલજી, પ્રાથનાસભા તા. ૫-૧૧-૨૫ને બુધવારના ૧૧ થી ૧. સ્થળ- યોગી સભા ગૃહ, સ્વામી જ્ઞાન જીવનદાસ માર્ગ, સ્વામિનારાયણ મંદિર ની બાજુમાં, દાદર ઈસ્ટ.

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

---

લવજીભાઈ ગોહિલના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર - સુથાર**

ગામ ખડિયા, હાલ વસઈ સ્વ. જગજીવનદાસ મારૂ (ઉં. વ. ૭૫) તે સ્વ. વિજયાબેન વિઠ્ઠલદાસ મારૂના સુપુત્ર. ગં. સ્વ. ભારતીબેનના પતિ. તે ચેતનભાઈના પિતાશ્રી. ચિ. કામિનીના સસરા. તે ચિ. ભવ્ય તથા ચિ. ત્રેશાના દાદા. તે કનૈયાલાલ તથા સુરેન્દ્રભાઈના મોટાભાઈ ગામ સઈ દેવળીયાવાળા સ્વ. શાંતાબેન લવજીભાઈ દાવડાના જમાઈ તા. ૧-૧૧-૨૫ને શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. તેમની સાદડી તા. ૬-૧૧-૨૫ને ગુરુવારે સાંજે ૫ થી ૭ તેમના નિવાસસ્થાને ઠે: આઈ-૪ વસંત રીજન્સી, યુનિક પાર્ક પાસે, દિવાનમાન, વસઈ વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

અમરેલી નિવાસી, હાલ કાંદિવલી સ્વ. તારાબેન નગીનદાસ પારેખના સુપુત્ર યોગેશભાઈ પારેખ (ઉં. વ. ૭૨) તા. ૩-૧૧-૨૫ને સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. અમીષા, ફાલ્ગુની, ચિરાગના પિતાશ્રી. ભાવિક, ભાવિન, સોનલના સસરા. સ્વ. નીતિનભાઈ, સ્વ. મુકેશભાઈ, લલિતભાઈ, નીતાબેન તથા હિનાબેનના ભાઈ. સ્વ. વિમલાબેન ચંદ્રકાંત મહેતાના જમાઈ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે: એ/૧૬૦૨, પ્રેમભાવના, 'એક્સ' પોઈન્ટ શતાબ્દી હૉસ્પિટલની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

દિલીપભાઈ જાદવજીભાઈ કોટકના ધર્મપત્ની અ. સૌ. ભાનુબેન દિલીપભાઈ કોટક તા. ૩-૧૧-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. ચેતનભાઈ, કીનાબેન કોટકના માતુશ્રી. નીતા ચેતનભાઈ કોટકના સાસુજી. વંશ, ચેતન કોટકના દાદીમા શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. રહેઠાણ: અમદાવાદ.

**કપોળ**

દામનગરવાળા હાલ મુંબઈ, ડૉ. બકુલેશ શાંતિલાલ મહેતા તે સ્વ. ડૉ. શાંતિલાલ જીવરાજ મહેતા અને સ્વ. હીરાલક્ષ્મી મહેતાના પુત્ર. ડૉ. અલકા મહેતાના પતિ. ૧-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ડૉ. હર્ષા જયેન્દ્ર મહેતાના ભાઈ. જનક અનિલ મહેતા, લોપા જનક મહેતાના કાકા. નીપા નિખીલ મોદી, પૂર્વી પીયુષ વોરા, નિહાર-પૂજાના મામા. સસરા પક્ષે સ્વ. મધુકર સાવે, પ્રાર્થનાસભા તા. ૬-૧૧-૨૫ ગુરુવારના ૪ થી ૬. સ્થળ: ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન, જે. આર. મ્હાત્રે માર્ગ, પી. વી. આર. સિનેમા પાસે, જુહુ, મુંબઈ-૪૦૦૦૪૯.

**સિમ્બર સમવાય ઔદીચ્ય સૌસાગત બ્રાહ્મણ**

સાજણાવાવ નિવાસી હાલ દહિસર, સ્વ. જસવંતરાય જોશીના પુત્ર નૈમિષભાઈ (ઉં. વ. ૬૩) તા. ૩/૧૧/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે ભાવનાબેનના પતિ. નીતિન, મીલનના પિતા. સ્વ. આશાબેન સુરેશકુમાર, હીનાબેન જયસુખકુમાર, કાજલબેન જયેશકુમાર, વસંતરાય દયાશંકર, જીતેન્દ્રભાઈ રતિલાલ, ગુણવંતરાય અનંતરાયના ભાઈ. બાલકૃષ્ણ અમૃતલાલ જોશી (શિનોર) પાદરીવાળાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૧૧/૨૫ના ગુરુવારે ૩ થી ૫. સ્થળ : ક્રિસ્ટલ પ્રાઇડ હોલ, ડી. વિન્ગ, ઓર્ચિડ પ્લાઝા, એસ.વી.રોડ, મરાઠા કોલોની, દહિસર ઈસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

લોયંગા નિવાસી હાલ બોરીવલી, સ્વ. સવાઈલાલ વિદ્યારામ ભટ્ટના ધર્મપત્ની ગં. સ્વ. પ્રવિણાબેન (ઉં. વ. ૯૦) તા. ૧/૧૧/૨૫ના શનિવાર કૈલાશવાસી થયેલ છે. તે ભાવના, અજીત, અમીતના માતુશ્રી. અશોકકુમાર ભટ્ટ, મનીષા, શિલ્પાના સાસુ. સ્વ. મધુબેન વ્યાસ, સ્વ. જયાબેન મહેતા, સ્વ. હિંમતલાલ ભટ્ટના મોટાભાભી. કોળીયાક નિવાસી સ્વ. નાનાલાલ શિવશંકર પંડ્યાના દીકરી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૧૧/૨૫ ગુરુવારે ૩ થી ૫. સ્થળ: કેશલે બિલ્ડીંગ નં-૨, કો ઓપ.સોસાયટી, બ્લોક નં. ડી -૧, ગ્રાઉન્ડ ફ્લોર, રામનગર લેન, એસ. વી. રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ બોરીવલી, સ્વ. કળાવતી ધીરજલાલ મહેતાના પૌત્ર તૃપ્તિ અતુલ મહેતાના પુત્ર કેયુરભાઈ (ઉં. વ. ૨૯) તા. ૨/૧૧/૨૫ને રવિવાર શ્રીજીચરણ પામેલ છે. તે હિરલ ઉર્વલ મહેતા, વૈશાલી ધરિતના ભાઈ. હેજલના મામા. મોસાળપક્ષે જતીન વિનોદરાય કોઠારીના ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઉસરડ ભાવનગર હાલ નાસિક, રેખા જગદીશ જાની (ઉં. વ. ૬૧) તા. ૨/૧૧/૨૫ના રવિવારે નાસિક અક્ષરવાસી થયેલ છે. તે જગદીશભાઈ મહિપતલાલ જાનીના ધર્મપત્ની. કોમલબેન, ભક્તિબેન માધવભાઈ જોશીના માતુશ્રી. દક્ષાબેન, ચારુબેન, જયેશભાઈ અને જયશ્રીબેનના ભાભી. યોગીનીબેનના જેઠાણી. દિવ્યના મોટીમમ્મી. સ્વ. મહાસુખલાલ જયંતીલાલ જોશીના પુત્રી. લૌકિક પ્રથા બંધ છે. તેમની સર્વ ધાર્મિક વિધિ નાસિક મુકામે રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

પ્રજ્ઞા (ઉં. વ. ૬૩) તે સ્વ. તરલા તથા સ્વ. ત્રિકમદાસ હરિદાસ આશરના પુત્રી. સ્વ. અશોક, સ્વ. દિનેશ તથા ઈલાના બહેન. સ્વ. કૃષ્ણાબાઈ તથા સ્વ. હંસરાજ હરિદાસ લીલાણીની દોહિત્રી. સ્વ. હીરાબાઈ તથા સ્વ. હરિદાસ વલ્લભદાસ આશર (કચ્છ માંડવી)ની પૌત્રી તા. ૩ નવેમ્બર ૨૦૨૫ના ગુજરી ગયેલ છે. ઉઠમણું રાખ્યું નથી. રહેઠાણ- જે. કે. ભાટિયા નિવાસ, ઈર્લા, વિલે પાર્લે.

**કચ્છી ભાટિયા**

કચ્છ માંડવી નિવાસી હાલ વિરાર, અ. સૌ. શોભના મુળરાજ વેદ (ઉં. વ.૭૫) મુળરાજ ધનજી વેદના પત્ની. સ્વ. મંજુલા અને સ્વ. વિઠ્ઠલ વેદના ભાભી. સ્વ. ત્રિકમદાસ છગનદાસ આસરના પુત્રી (વૈજાપુર), નિલેશ, તુષાર, પ્રિયાના માતુશ્રી. ભાવિન, નિશા, અસ્મિતા, વૈભવના કાકી. જોનિટાના સાસુ. તા. ૩ નવેમ્બર ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫ નવેમ્બર ૨૦૨૫ના બુધવાર ૪ થી ૬. સ્થળ: તેરાપંથ ભુવન, લક્ષ્મી કુટીર બિલ્ડીંગની સામે, જૈન મંદિર રોડ, શ્રેય હોટલની ગલી, વિરાર વેસ્ટ.

છેલ્લા પાનાનું ચાલુ

## મહારાષ્ટ્ર સ્થાનિક

ફાળવવાની તારીખ અને ચૂંટણી લડનારા ઉમેદવારોની અંતિમ યાદી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવશે. મતદાનનો દિવસ બીજી ડિસેમ્બર, ૨૦૨૫ રહેશે અને મતગણતરી ત્રીજી ડિસેમ્બર, ૨૦૨૫ રહેશે. સરકારી ગેઝેટમાં પરિણામો પ્રકાશિત કરવાની તારીખ ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ રહેશે,' એમ પણ ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ પહેલા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવાનો નિર્દેશ આપ્યો છે. આને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતો માટે સામાન્ય ચૂંટણીઓ યોજાશે. આમાં કુલ ૮૬૮૫૯ સભ્યો અને ૨૮૮ અધ્યક્ષો ચૂંટાશે. ૨૪૬ નગર પરિષદોમાં ૧૦ નવી ચૂંટાયેલી નગર પરિષદોનો સમાવેશ થાય છે. ૨૩૬ નગર પરિષદોનો કાર્યકાળ પહેલાથી જ સમાપ્ત થઈ ગયો છે.

રાજ્યમાં કુલ ૧૪૭ નગર પંચાયતો છે. જેમાંથી ૪૨ નગર પંચાયતો માટે ચૂંટણીઓ યોજાઈ રહી છે. જેમાંથી ૧૫ નવી બનેલી છે. જ્યારે ૨૭ નગર પંચાયતોની મુદત પહેલાથી જ સમાપ્ત થઈ ગઈ છે. બાકીની ૧૦૫ નગર પંચાયતોની મુદત પૂર્ણ થઈ નથી.

નગર પરિષદના સભ્યોની સંખ્યા ૨૦થી ૭૫ અને નગર પંચાયતના સભ્યોની સંખ્યા ૧૭ છે. નગર પરિષદની ચૂંટણી બહુ-સભ્ય ધોરણે થાય છે. સામાન્ય રીતે નગર પરિષદમાં એક વોર્ડમાં બે બેઠકો હોય છે, પરંતુ જો નગર પરિષદના સભ્યોની સંખ્યા વિષમ હોય, તો એક વોર્ડમાં ત્રણ બેઠકો હોય છે. સામાન્ય રીતે, મતદારોએ બે થી ત્રણ સભ્યો માટે મતદાન કરવું પડે છે. આ ઉપરાંત, નગર પરિષદનો એક અધ્યક્ષ હશે, જેને પણ તેમના માટે મતદાન કરવું પડશે.

નગર પંચાયતમાં એક સભ્ય અને એક અધ્યક્ષ હશે. તેથી, મતદારોએ ત્યાં બે મત આપવાના રહેશે.

ચૂંટણી પંચ દ્વારા બનાવેલી વેબસાઇટ પર નામાંકન સ્વીકારવામાં આવશે. એક વોર્ડમાં ઉમેદવાર દ્વારા વધુમાં વધુ ચાર ઉમેદવારી પત્રો દાખલ કરી શકાય છે. આ સાથે, જાતિ માન્યતા પ્રમાણપત્ર જરૂરી છે. જેમણે જાતિ માન્યતા પ્રમાણપત્ર માટે અરજી કરી છે તેમણે અરજીની રસીદ સબમિટ કરવાની રહેશે. પરંતુ જો આવા ઉમેદવાર ચૂંટાય છે, તો તેમણે ચૂંટાયાના છ મહિનાની અંદર જાતિ માન્યતા પ્રમાણપત્ર આપવું પડશે.

નગર પરિષદ અને નગર પંચાયતો માટે મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવી છે. મતદાન મથક મુજબની મતદાન યાદી સાતમી નવેમ્બરના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

ઉમેદવારો માટે ખર્ચ મર્યાદા વધારવામાં આવી છે. વર્ગ અ નગર પરિષદ માટે સભ્યપદ માટે રૂ. પાંચ લાખ અને પ્રમુખપદ માટે રૂ. પંદર લાખ, વર્ગ ઇ માટે પ્રમુખપદ માટે રૂ. ૧૧.૨૫ લાખ અને સભ્યપદ માટે રૂ. ૩.૫૦ હજાર, વર્ગ ઈ માટે પ્રમુખપદ માટે રૂ. ૭.૫૦ હજાર અને સભ્યપદ માટે રૂ. ૨.૫૦ હજાર ખર્ચ મર્યાદા છે. નગર પંચાયત માટે પ્રમુખપદ માટે રૂ. ૬ લાખ અને સભ્યપદ માટે રૂ. ૨.૨૫ હજાર ખર્ચ મર્યાદા છે. મતદારો માટે વિકસાવવામાં આવેલી વેબસાઇટમાં સર્ચ સુવિધા છે. તેમાં, મતદારો પોતાનું નામ અને મતદાન મથક શોધી શકે છે. મતદારો માટે એક મોબાઇલ એપ્લિકેશન બનાવવામાં આવી છે. તેમાં, તમને તમારા ઉમેદવારો વિશેની અન્ય બધી માહિતી અને વધુ માહિતી મળશે.

## સોસાયટી

રિડેવલપમેન્ટમાં રજિસ્ટ્રારની ભૂમિકા ફક્ત નિગરાણી રાખવા પૂરતી મર્યાદિત છે. રિડેવલપમેન્ટમાં રજિસ્ટ્રારના એનઓસી બાબતની કોઈ જોગવાઈ નથી. રજિસ્ટ્રારને સંસ્થાના રિડેવલપમેન્ટને મંજૂરી આપવા કે નકારવાનો કોઈ અધિકાર નથી.

આ બાબતનો ઉલ્લેખ કરીને રાજ્યના બધા જ રજિસ્ટ્રારને માટે બહાર પાડવામાં આવેલા સરક્યુલરમાં છ મુદ્દાઓનું પાલન કરવાનો આદેશ આપતાં સોસાયટી રિડેવલપમેન્ટ માટેની પ્રક્રિયાઓ પારદર્શક રીતે પાર પડે તે માટે સોસાયટીને સહકાર કરવાની અગાઉની ચાર કલમોને અકબંધ રાખતાં બીજી બે કલમો ઉમેરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે સોસાયટીની જનરલ બોડી મિટીંગમાં લેવામાં આવેલા નિર્ણય પર રજિસ્ટ્રારને ફેરવિચાર/ફેરફાર કરવાનો અથવા તો વીટો વાપરીને નકારાત્મક અધિકારનો ઉપયોગ કરવાની સત્તા નથી.

રાજ્યના રજિસ્ટ્રારે કો-ઓપરેટિવ સંસ્થાના રિડેવલપમેન્ટ માટે એનઓસી બાબતે કોઈ પ્રસ્તાવ કે અરજી મગાવવી નહીં, સ્વીકારવી નહીં અથવા તેના પર કોઈ કાર્યવાહી કરવી નહીં. આવી જ રીતે રિડેવલપમેન્ટ માટે કોઈપણ સંસ્થા અથવા વ્યક્તિને એનઓસી આપવી નહીં.

રાજ્ય સરકારના આ નિર્ણયને પગલે મુંબઈ અને અન્ય શહેરોમાં રિડેવલપમેન્ટ આડેના ઘણા અવરોધો દૂર થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## સંસ્થાઓની

રૂ. ૯૪.૩૫ કરોડને મંજૂરી આપી છે, જે 'હિંદ-કી-ચાદર' નામના કાર્યક્રમ હેઠળ યોજાશે. આ કાર્યક્રમો નાંદેડ, નાગપુર, રાયગઢ અને અન્ય જિલ્લાઓમાં યોજાશે. સામાન્ય વહીવટ વિભાગ હેઠળ પ્રસ્તાવિત મહારાષ્ટ્ર જન વિશ્વાસ વટહુકમ, ૨૦૨૫ની જોગવાઈઓમાં સુધારો કરવાને મંજૂરી આપી હતી.

જાહેર આરોગ્ય વિભાગ હેઠળ શ્રેણીબદ્ધ નિર્ણયો લેવામાં આવ્યા, જેમાં આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મહાત્મા જ્યોતિરાવ ફૂલે જન આરોગ્ય યોજના હેઠળ ક્ષેત્ર-સ્તરીય કામદારો માટે માનદ વેતન વધારવાની મંજૂરીનો સમાવેશ થાય છે. તેમણે આરોગ્ય સેવાઓની પહોંચ સુધારવા માટે આ યોજનાઓ હેઠળ ઉપલબ્ધ સારવારની યાદીમાં સુધારાઓને પણ મંજૂરી આપી. આરોગ્યસંભાળ વ્યવસ્થાપનમાં વિકેન્દ્રીકરણને પ્રોત્સાહન આપવા માટે શહેરી આરોગ્ય નિયામકમંડળની સ્થાપનાને પણ મંજૂરી આપવામાં આવી હતી.

કેબિનેટે ૧૪ માર્ચ, ૨૦૨૪ સુધીમાં દસ વર્ષની સેવા પૂર્ણ કરી ચૂકેલા રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ કરાર આધારિત કર્મચારીઓને નિયમિત કરવા માટે પણ મંજૂરી આપી હતી. આ હેતુ માટે જાહેર આરોગ્ય અને ગ્રામીણ વિકાસ વિભાગો હેઠળ સમાન નિયમિત જગ્યાઓ બનાવવામાં આવશે.

પરશુરામ આર્થિક વિકાસ નિગમ, વીર શિરોમણી મહારાણા પ્રતાપ આર્થિક વિકાસ નિગમ અને શ્રી વાસવી કન્યાકા આર્થિક વિકાસ નિગમની યોજનાઓને મંજૂરી આપવામાં આવી હતી. તબીબી શિક્ષણ અને દવા વિભાગને જરૂરી નાણાકીય જોગવાઈ સાથે બારામતીમાં પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર સરકારી મેડિકલ કોલેજમાં પાંચ એસોસિયેટ પ્રોફેસર પદો બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. સરકારે વર્ધા શહેરના રામનગર ખાતે રહેણાંક પ્લોટના ભાડાપટ્ટે માલિકને કાયમી માલિકી હકો આપવા માટે પણ મંજૂરી આપી હતી, જે નગર વિકાસ વિભાગ દ્વારા રજૂ કરાયેલ પ્રસ્તાવ હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


ARKCruises
Worldwide Cruises
ARKTRAVELGROUP
DeckPro
DREAM CRUISES
Reimagine festivities with
SEASON
OF CELEBRATION
Festivities Bright, Fares Light
Ex Singapore
2N
starting from
$215*
Booking Dates:
Until 30th Nov 2025
3N
starting from
$325*
Departure Dates:
Until 12th APR 2026
3rd & 4th Sail for FREE
*T&C Apply
BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598
+91 90049 95154

# થાઈલેન્ડથી ચાંદીની આયાત કરીને ૨૫૦૦ કરોડનું કૌભાંડ કરનાર બુલિયન ટ્રેડર્સનાં કરતૂત ડીઆરઆઈ તપાસમાં બહાર આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: થાઈલેન્ડથી અમદાવાદમાં આવતી ચાંદીની પાટો, બ્રાસની આયાત કરીને કસ્ટમ ડ્યુટીની ચોરી કરવાનું ૨૫૦૦ કરોડથી વધારેનો કૌભાંડ ડી આર આઈના અધિકારીઓએ પકડી પાડ્યું હતું. તે ઉપરાંત ડીઆરઆઈના અધિકારીઓએ ગુજરાતમાં અમદાવાદ સુરત રાજકોટ તેમજ ગુજરાત બહાર મુંબઈ, દિલ્હી, બેંગલોર, ચેન્નાઈમાં ૨૦ થી ૨૫ સ્થળોએ દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોટા ગજાના બુલિયન ટ્રેડર્સના ત્યાં દરોડા પાડીને અંદાજે ૨૫,૦૦કરોડનો કૌભાંડ દિવાળી પહેલા પકડી પાડ્યું હતું હાલ ડી આર આઈના અધિકારીઓએ અમદાવાદના એર કાર્ગો કોમ્પ્લેક્સ ખાતે આયાત કરનાર બુલિયન ટ્રેડર્સના કંસાઇનમેન્ટ પકડી પાડીને નિવેદન લેવાની કામગીરી શરૂ કરી છે. કેટલાક કિસ્સાઓમાં બુલિયન ટ્રેડર્સ ચાંદીની પાટો લેવા આવવા માટે પણ તૈયાર નથી તેમ છતાં ડી આર આઈ ના અધિકારીઓએ આયાતકારોને શોધી શોધીને નોટિસ ફટકારી છે ડી આર આઈના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુજરાતના રાજકોટ મુંબઈ અને દિલ્હીના ચાર બુલિયન ટ્રેડર્સના નિવેદનો લેવામાં આવ્યા છે જેમાં દિવ્યા એક્સપોર્ટ શ્રી બાલાજી ઓર્નામેન્ટ ઈન્ટર ગોલ્ડ ઓથેન્ટિક મેટલ નો સમાવેશ થાય છે અને ડ્યુટીની સામે ૨૦ કરોડની બેંક ગેરંટી લેવામાં આવી હતી અને અમદાવાદના એર કાર્ગો ખાતે ૬૦ કરોડની આયાતી ચાંદી જે તે વખતે જપ્ત કરવામાં આવી હતી તેનો રિપોર્ટ ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ મુજબ મોકલી દેવામાં આવ્યો હતો અને જો કેન્દ્ર સરકારની પોલીસીનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હશે તો ૩૫ ટકા કસ્ટમ ડ્યુટી અને ફાઈન પેનલ્ટી સાથે વસુલાત કરવામાં આવશે.

હજુ દેશના ઘણા બુલિયન ટ્રેડર્સના નિવેદનો લેવાના બાકી છે ટોચના સૂત્રોએ જણાવ્યું કે ભારત અને થાઈલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થયેલો છે અને આ એગ્રીમેન્ટ પ્રમાણે થાઈલેન્ડથી ચાંદી આયાત કરવામાં આવે તો આયાત કરતી વખતે મૂળ કિંમત ઉપર ૩૫ ટકા વેલ્યુ એડ કરવાની હોય છે તેમ છતાં બુલિયનના વેપારીઓ વેલ્યુ એડ કર્યા વગર આયાત કરીને કસ્ટમ ડ્યુટી ની ચોરી પણ કરી રહ્યા છે અને ૩૫ ટકા વેલ્યુ એડ કર્યા વગર આયાત કરે છે અને તગડો નફો કમાઈ રહ્યા છે જેની જાણ ડી આર આઈ ને થતા તપાસ શરૂ કરવામાં આવી છે જો ૩૫ ટકા વેલ્યુ એડ કરવામાં આવે તો બુલિયનના વેપારીઓને માર્કેટમાં બહુ મોટો નફો કે ફાયદો થતો નથી જેના કારણે ૩૫ ટકા વેલ્યુ એડ કર્યા વગર ચાંદીની આયાત કરવામાં આવી રહી છે એકવાર ચાંદી ભારતમાં આવી જાય પછી બુલીયનના વેપારીઓ લોકલ માર્કેટમાં આ ચાંદી આઈજીએસટી વસૂલ કરીને એટલે કે ઇન્ટીગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સાથે વેપારીઓને વેચાણ કરીને રૂપિયા પણ કમાઈ રહ્યા છે . આ આઈજીએસટીની આવક કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને મળતી હોય છે પ્રાથમિક તપાસમાં ૨૫૦૦ કરોડનો કૌભાંડ બહાર આવ્યું છે અને તેની પાછળ માસ્ટર માઈન્ડ કસ્ટમ હાઉસ એજન્ટ નું નામ પણ બહાર આવ્યું છે હાલ તમામના નિવેદનો ચાલી રહ્યા છે અને નજીકના દિવસોમાં અમદાવાદ રાજકોટ અને સુરતના મોટા બુલીયનના વેપારીઓની ધરપકડ કરવામાં આવશે કેન્દ્ર સરકારની રાહતકારી યોજના નો બુલિયનના વેપારીઓ ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને અંદાજે એક વર્ષથી વધારે ના હિસાબી દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે સમગ્ર કેસની તપાસ નાજુક તબક્કામાં ચાલી રહી છે. જે પ્રોડક્ટ ભારતમાં બનતી નથી અને ભારતની આસપાસના પાડોશી દેશોમાં આ પ્રકારની પ્રોડક્ટ બનતી હોય અને તેને ભારતમાં આયાત કરવી હોય તેના માટે ભારત પડોશી દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરે છે જેથી કરીને નજીવી કસ્ટમ ડ્યુટી વસૂલ કરીને આ પ્રકારની પ્રોડક્ટ ભારતમાં લાવી શકાય છે. તેવી જ રીતે ભારતમાં બનતી પ્રોડક્ટ પડોશી રાજ્યોમાં ઉપલબ્ધ ના હોય તેવી પ્રોડક્ટ ભારત નિકાસ કરે તો પડોશી દેશો નજીવી ડ્યુટી પોતાના દેશોમાં આયાત કરાવે છે. જેનાથી ભારત અને ભારત સાથેના પડોશી દેશોને અને વેપારીઓને આર્થિક રીતે ફાયદો થતો હોય છે અને બંને તરફે ફાયદો થતો હોય તેના માટે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરાયેલો હોય છે.

થાઈલેન્ડથી ચાંદીની આયાત ભારતમાં કરવામાં આવે તેના માટે કરાયેલા એગ્રીમેન્ટનો બુલિયનના વેપારીઓએ દુરુપયોગ કર્યો છે જેથી હવે ડી આર આઈ બુલિયનના વેપારીઓ પાસેથી ₹૩૫ ટકા વેલ્યુ એડ કેમ નથી કરી અને એગ્રીમેન્ટનો દુરુપયોગ કરવા બદલ કસ્ટમ ડ્યુટી ફાઈન અને પેનલ્ટી વસૂલ કરશે.

# ગુજરાતમાં માવઠાથી ૩૦.૯૨ લાખ હેક્ટરમાં ૩૩ ટકાથી વધુ નુકસાન: ૧૬,૩૮૭ ગામના ૧૭.૦૬ લાખ ખેડૂતો અસરગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં થયેલાં માવઠાના કારણે ખરીફ પાકને વ્યાપક નુકસાન થયું છે. ખેડૂતોની રજૂઆતો બાદ સરકારે સર્વે કરીને સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તેના ભાગરૂપે કૃષિ વિભાગની ટીમોએ સર્વે કરી નુકસાનનો અંદાજ કાઢ્યો છે. કૃષિ વિભાગના પ્રાથમિક સરવેમાં કુલ ૭૧.૦૨ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર પૈકી ૩૦.૯૨ લાખ હેક્ટર જમીનમાં ૩૩ ટકા કરતાં વધુ નુકસાન થયાનો અંદાજ છે, સરકારી આંકડા પ્રમાણે ૧૬,૩૮૭ ગામના ૧૭.૦૬ લાખ ખેડૂતોને ૧૫૭૪.૪૮ કરોડનું નુકસાન થયું હોવાનું અનુમાન છે. રાજ્ય સરકારે સરવેમાં આવરી લેવાયેલા ૭૦ ટકા વિસ્તારમાં પ્રાથમિક ચકાસણી કર્યા બાદ આંકડો નક્કી કર્યો છે. સરકારની એક એજન્સીએ અગાઉ પ્રારંભિક ત્રણ અંદાજમાં માવઠાની વ્યાપકતા જોઈને ૧૧ હજાર કરોડનું નુકસાન થયાની સંભાવના વ્યક્ત કરી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મંગળવાર સુધીમાં નુકસાનનો સરવે કરીને માહિતી મોકલી આપવા તાકીદ કરી હતી. ત્યારબાદ ખેડૂતોને તમામ પ્રકારે પૂરતી મદદ મળશે તેવી બાંહેધરી આપી હતી. ચોમાસામાં ગુજરાતની ૮૪.૯૪ લાખ હેક્ટર જમીનમાં વાવેતર થયું હતું. પરંતુ ઓક્ટોબરના અંતમાં પડેલા સરેરાશ ૮૮.૬૭ મીમી. કમોસમી વરસાદે ખેડૂતોની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. કમોસમી વરસાદના કારણે રાજ્યના ૧૬,૩૮૭ ગામોની ૫૧.૪૭ લાખ હેક્ટર જમીનનો ખરીફ પાક અસરગ્રસ્ત થયો છે.

માવઠાના કારણે ઉત્તર ગુજરાતમાં વાવેતર કરાયેલા ૧૮.૦૮ લાખ હેક્ટર ખરીફ પાક પૈકી ૪.૧૪ લાખ હેક્ટર જમીનમાં કૃષિ પાકને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ કરેલા સરવેમાં ૪૪,૮૪૯ ખેડૂતોની ૪૬,૧૨૫ હેક્ટર જમીનમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન થયું છે. ઉત્તર ગુજરાતમાં કૃષિ વિભાગની ૫૬૫ ટીમોએ ૩,૨૩૦ ગામમાંથી ૧,૦૭૨નો સરવે કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

દક્ષિણ ગુજરાતમાં ૫.૬૧ લાખ હેક્ટર વાવેતરને માવઠાની અસર થઈ છે. દક્ષિણ ઝોનના કુલ વાવેતરના ૭૯ ટકા ખરીફ પાકને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ ૨.૫૧ લાખ હેક્ટર જમીનમાં ૩૫.૩૫ ટકા સરવે કામગીરી પૂર્ણ કરી છે. જેમાં ૧.૩૬ લાખ ખેડૂતોની ૧.૬૭ લાખ હેક્ટર જમીનમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન થયાનો અંદાજ છે.

મધ્ય-પૂર્વ ઝોનમાં કુલ ૧૫.૫૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર પૈકી ૮.૧૭ લાખ હેક્ટર વાવેતરને અસર થઈ છે. મધ્ય પૂર્વ ઝોનમાં વાવેતરના ૫૨.૫૪ ટકા ખરીફ પાકને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ ૩.૭૧ લાખ હેક્ટર જમીનમાં ૪૫.૩૭ ટકા સરવેની કામગીરી પૂર્ણ કરી છે. આ સરવેમાં ૨.૫૯ લાખ ખેડૂતોની ૩.૧૮ લાખ હેક્ટર જમીનમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન થયાનો અંદાજ છે. જ્યારે સૌરાષ્ટ્રમાં માવઠાથી કુલ ૩૭.૭૧ લાખ હેક્ટર જમીનમાં થયેલા વાવેતર પૈકી ૩૩.૫૩ લાખ હેક્ટર જમીનને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ ૨૮.૨૮ લાખ હેક્ટર જમીનમાં સરવેની ૮૪.૩૪ ટકા કામગીરી પૂર્ણ કરી છે. કૃષિ વિભાગે કરેલા સરવેમાં ૧૨.૬૫ લાખ ખેડૂતોની ૨૫.૬૦ લાખ હેક્ટર જમીનમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે.

રાજ્ય સરકારના કૃષિ વિભાગની ટીમોએ કરેલા સરવે દરમિયાન નુકસાનના આંકડા બહાર આવ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધારે નુકસાન થયાનું સામે આવ્યું છે. સૌરાષ્ટ્ર ઝોનમાં ખેડૂતોને ખરીફ પાકમાં ૧૨૧૮.૫૦ કરોડનું નુકસાન થયું છે. જ્યારે ઉત્તર ઝોનમાં ૨૮.૧૧ કરોડ, દક્ષિણ ઝોનમાં ૫૮.૪૫ કરોડ અને મધ્ય-પૂર્વ ઝોનમાં ૨૯૬.૪૫ કરોડનું ખેડૂતોને નુકસાન થયું છે. ચારેય ઝોન મળીને ગુજરાતના ખેડૂતોને કુલ રૂપિયા ૧૫૭૪.૪૮ કરોડનું નુકસાન થયાનો અંદાજ છે.

# વડા પ્રધાન મોદી ૧૫ નવેમ્બરે ડેડિયાપાડા ખાતે યોજાનારા ‘આદિવાસી ગૌરવ દિન’ કાર્યક્રમમાં હાજરી આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં એકતાનગર સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીમાં સહભાગી થયા બાદ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આગામી ૧૫ નવેમ્બરે દેશભરમાં ‘આદિવાસી ગૌરવ દિન’ તરીકે ઉજવણી કરવામાં આવશે. ત્યારે વડા પ્રધાન મોદી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે યોજાનાર ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપશે, જ્યાં મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી રાષ્ટ્રીય સ્તરે થશે. બિરસા મુંડા એ આદિવાસી સમાજમાં જાગૃતિ અને સ્વાભિમાનની ભાવના ફેલાવી હતી. બ્રિટિશ શાસન વિરુદ્ધના તેમના બળવાન આંદોલનને કારણે તેમને ‘ધરતી આબા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનાં યોગદાનને બિરદાવવા માટે કેન્દ્ર સરકારે તેમની જન્મજયંતીને ‘આદિવાસી ગૌરવ દિન’ તરીકે જાહેર કરી છે, જે આદિવાસી ગૌરવ દિન આ વર્ષે નર્મદાના ડેડિયાપાડા ખાતે રાષ્ટ્રીય કક્ષાએ ઉજવાશે. આ પ્રસંગે વડા પ્રધાન મોદી ડેડિયાપાડા ખાતે યોજાનાર ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપશે.

વડા પ્રધાન મોદી સુરત એરપોર્ટ પર ઉતર્યા બાદ સીધા હેલિકૉપ્ટર મારફતે ડેડિયાપાડા જશે. જે બાદ કાર્યક્રમમાં વડા પ્રધાન મોદીના સંબોધન સાથે અનેક વિકાસ કાર્યોનું શિલાન્યાસ અને લોકાર્પણ પણ થવાની શક્યતા છે. તેમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ અને આરોગ્ય સંબંધિત યોજનાઓનો સમાવેશ થાય તેવી ધારણા છે. ત્યારે આ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તથા સુરક્ષા એજન્સીઓએ પણ વડા પ્રધાનની મુલાકાતને ધ્યાનમાં રાખીને વિસ્તૃત બંદોબસ્તની તૈયારી શરૂ કરી છે.

ભાજપ માટે આદિવાસી વિસ્તારનું રાજકીય મહત્ત્વ વધતું જાય છે, અને વડા પ્રધાનનો આ કાર્યક્રમ એ વિસ્તારોમાં પક્ષની હાજરી મજબૂત કરવા માટેના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ દરમ્યાન વડા પ્રધાન મોદી આદિવાસી સમાજના વિકાસ માટેના પોતાના વિઝન વિષે પણ વાત કરશે. છેલ્લા કેટલાંક વર્ષોમાં આદિવાસી વિસ્તારોમાં રોડ, સ્કૂલ, હેલ્થ સેન્ટર, તેમજ સ્કિલ ડેવલપમેન્ટનાં ક્ષેત્રોમાં અનેક યોજનાઓ અમલમાં મુકાઈ છે. આ કાર્યક્રમ વડે એ તમામ પ્રયાસોને રાષ્ટ્રીય સ્તરે રજૂ કરવાની તક મળશે. છેલ્લાં ૧૫ દિવસમાં વડા પ્રધાન મોદીની આ બીજી ગુજરાત મુલાકાત છે. ૩૦ અને ૩૧ ઓક્ટોબરે તેઓ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી અને એકતા દિવસની ઉજવણી માટે ગુજરાત આવ્યા હતા. હવે ફરી ૧૫ નવેમ્બરે આવવાની જાહેરાતથી રાજકીય રીતે પણ ચર્ચા ગરમાઈ છે. કારણ કે રાજ્યમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી પૂર્વે વડા પ્રધાનની આ સતત મુલાકાતોને રાજકીય રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ સંદેશ તરીકે જોવામાં આવી રહી છે.

# ગુજરાતમાં ૧૦ નવેમ્બર સુધી વરસાદની આગાહી: તાપમાનમાં ચાર ડિગ્રી સુધી ઘટશે

અમદાવાદ: ગુજરાતમાં કમોસમી વરસાદથી ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ઊભો પાક નાશ પામતા જગતનો તાત દુ:ખી છે ત્યારે હવામાન વિભાગે ફરી એક વખત માવઠાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ૧૦ નવેમ્બર સુધી છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે માવઠાની શક્યતા છે. ખાસ કરીને, આ કમોસમી વરસાદ પૂર્વ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં અને તેની નજીકના ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં રહેશે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છના દક્ષિણ ભાગો, દરિયાકાંઠાના વિસ્તારો અને પશ્ચિમી કચ્છના જિલ્લાઓમાં પણ છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. રાજ્યમાં લઘુતમ તાપમાનની જે સ્થિતિ છે, તેમાં આગામી સાત દિવસો માટે ૨થી ૪ ડિગ્રી સેન્ટિગ્રેડનો ધીમેધીમે ઘટાડો થવાની શક્યતા છે. એક અઠવાડિયા સુધી વાતાવરણમાં કોઈપણ વધારે બદલાવ જોવા નહીં મળે. દરિયાકાંઠાના વિસ્તારમાં પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશામાં છે અને તેની ઝડપ ૧૫થી ૨૦ નોટ્સ રહેવાની શક્યતા છે. રાજ્યમાં જે વરસાદની સ્થિતિ છે, તેમાં ૯૭ મિમી વરસાદ થયો છે.

# ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય: શહેરમાં ઉદ્યોગોને વધારાની એફએસઆઈ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ઔદ્યોગિક પ્રવૃત્તિને વેગ આપવા તથા જમીન ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે એક મહત્ત્વનો નિર્ણય જાહેર કર્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત સરકારે શહેરી વિકાસ સત્તામંડળો અને મહાનગરપાલિકાઓની મર્યાદામાં આવેલા ઔદ્યોગિક એકમો માટે ૦.૬ જેટલી વધારાની ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ (એફએસઆઈ)ને મંજૂરી આપી હતી.

નવી જોગવાઈ હેઠળ, ઔદ્યોગિક પાર્કના એકમોને હવે કુલ ૧.૬ એફએસઆઈ (હાલના મૂળભૂત ૧.૦ એફએસઆઈ અને વધારાની ૦.૬ એફએસઆઈ ) મેળવવાનો અધિકાર રહેશે. આ વધારાની એફએસઆઈ માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા જંત્રીદર મુજબ ચાર્જ વસૂલવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ નિર્ણય ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ના માળખા હેઠળ લેવામાં આવ્યો હતો. હવેથી, ડેવલપમેન્ટની મંજૂરી માગતી વખતે, શહેરી વિકાસ સત્તામંડળો અને મહાનગરપાલિકા વિસ્તારોમાં આવેલા ઔદ્યોગિક પાર્કના લે-આઉટ પ્લાનમાં આ વધારાની એફએસઆઈનો સમાવેશ કરી શકાશે. આ પહેલા જીઆઈડીસીમાં વધુ એફએસઆઈનો ઉપયોગ કરવાની મંજૂરી હતી, જ્યારે ઔડા, વુડા અને સુડા જેવા શહેરી સત્તામંડળો હેઠળના ઔદ્યોગિક ઝોનમાં મહત્તમ એફએસઆઈની મર્યાદા ૧.૦ હતી અને તેમાં ચાર્જેબલ એફએસઆઈ માટે કોઈ અવકાશ નહોતો. ઔદ્યોગિક સંગઠનો લાંબા સમયથી જીઆઈડીસી અને બિન-જીઆઈડીસી ઔદ્યોગિક વિસ્તારો વચ્ચે સમાનતા લાવવાની માગણી કરી રહ્યા હતા. તેમની રજૂઆતોને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે આ નિર્ણય જાહેર કર્યો હતો.

# સ્થાનિક ચૂંટણીઓ પર એસઆઈઆરની અસર વિશે ચૂંટણી પંચ કરશે અભ્યાસ

અમદાવાદ: ચૂંટણી પંચ દ્વારા મંગળવારથી ગુજરાતમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની શરૂ થઈ ગઈ છે. મતદાર યાદીમાં સઘન સુધારણાની ૪ ડિસેમ્બર સુધી ચાલનારી આ પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર ઘરે ઘરે જઈને નોંધાયેલા મતદારોની હયાતી, દર્શાવેલા સરનામે રહે છે કે કેમ તેની ચકાસણી કરશે, જેમાં બે ઠેકાણે નોંધાયેલા મતદારોના નામ આપોઆપ રદ થશે. ગુજરાતમાં ૫.૦૮ કરોડ મતદારો છે, જે તમામની ચૂંટણી પંચે જાહેર કરેલા પુરાવાઓના આધારે મતદારોની ઓળખ કરાશે. આ દરમિયાન રાજ્ય ચૂંટણી પંચ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર આ પ્રક્રિયાની અસરનો અભ્યાસ કરી રહ્યું છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવતા વર્ષે એટલે કે બે મહિના બાદ જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. કુલ ૧૫ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતમાં ચૂંટણી યોજાશે. રાજ્ય ચૂંટણી પંચ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ હાલની મતદાર યાદીઓ મુજબ યોજવી કે એસઆઈઆર પછીની અંતિમ મતદાર યાદીઓ મુજબ યોજવી તે નક્કી કરશે.

# અમદાવાદના આઈકોનિક અટલ બ્રિજની ત્રણ વર્ષમાં ૭૭.૭૧ લાખ લોકોએ મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદમાં સાબરમતી નદી પર નિર્મિત આઈકોનિક અટલ બ્રિજ આજે અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દિવાળી વેકેશન હોય કે ઉનાળાનું વેકેશન, આ અટલ ફૂટ ઓવર બ્રિજ લોકો માટે ફરવાનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ અટલ બ્રિજને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (એલઆરએફડીસીએલ) દ્વારા આપવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના સમયમાં કુલ ૭૭,૭૧,૨૬૯ લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ₹૨૭.૭૦ કરોડથી વધુની આવક પણ થઈ છે, જે અમદાવાદના ટૂરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે.

અમદાવાદ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન શહેર છે. જે આધુનિકીકરણ સાથે જૂના વારસાને પણ સાચવીને બેઠું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરની મુલાકાતે આવતા પ્રવાસીઓને એક અભૂતપૂર્વ અનુભવ પ્રદાન કરવા માટે વિવિધ પ્રવાસન આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો છે. ગાંધી આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેકફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ શહેરની જૂની પોળ સંસ્કૃતિ, અમદાવાદ હેરિટેજ વોક વગેરે પ્રવાસન આકર્ષણોની મુલાકાત લેવા લાખો પ્રવાસીઓ અમદાવાદ આવે છે. તેમાં પણ અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે.

# અમૂલે ઈફ્કોને પછાડી નંબર વન કો-ઓપરેટિવ સંસ્થાનું સ્થાન પ્રાપ્ત કર્યું: કતારના દોહામાં જાહેરાત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (અમૂલ)એ ઈફકોને પછાડી વિશ્વસ્તરે નંબર વનનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આઈસીએ વર્લ્ડ કો-ઓપરેટિવ મોનિટર ૨૦૨૫ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. ૩ નવેમ્બરે કતારની રાજધાની દોહામાં યોજાયેલા એક કાર્યક્રમમાં ૩૦૦ જેટલી કો-ઓપરેટિવના જીડીપી આધારિત મોનિટરિંગ કરવામાં આવ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. છેલ્લાં થોડાં વર્ષોથી આ વૈશ્વિક સંસ્થા દ્વારા કો-ઓપરેટિવમાં આપવામાં આવતા રેન્કિંગમાં ભારતની બે કો-ઓપરેટિવ અમૂલ અને ઈફકોનો દબદબો રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, યુએન ઈન્ટરનેશનલ યર ઓફ કો ઓપરેટિવ ૨૦૨૫ પૂરું થાય તે પહેલા અમૂલને વૈશ્વિક સ્તરે પ્રથમ રેન્ક મળવો તે આ અગ્રણી સહકારી સંસ્થા માટે ગૌરવશાળી બાબત કહી શકાય. અમૂલે સોશ્યલ મીડિયા પર તેની આ ઉપલબ્ધી અંગે જાણકારી આપી હતી, ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ (આઈસીએ) વર્લ્ડ કોઓપરેટિવ મોનિટર ૨૦૨૫ના તાજેતરના રિપોર્ટ મુજબ, ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (અમૂલ)ને માથાદીઠ જીડીપી પ્રદર્શનના આધારે વિશ્વમાં નંબર ૧ સહકારી સંગઠન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આ રિપોર્ટ કતારના દોહામાં યોજાયેલી આઈસીએ સીએમ ૫૦ કોન્ફરન્સમાં જાહેર કરવામાં આવ્યો હતો. અમૂલની આ સિદ્ધીને રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ સોશ્યલ મીડિયા પોસ્ટ કરીને બિરદાવી હતી. તેમણે અમૂલને અભિનંદન પાઠવતા લખ્યું હતું કે, અમૂલને વિશ્વનું નંબર ૧ સહકારી સંગઠન બનવા બદલ હૃદયપૂર્વક અભિનંદન. ગુણવત્તા અને નવીનીકરણ પ્રત્યેની અવિરત સમર્પણ ભાવના સાથે, અમૂલ ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સ પૈકીની એક તરીકે ઊભરી આવ્યું છે.

# વાપી અને દહેજમાં ગેલેક્સી ગ્રૂપ અને પાયલ પ્રોપર્ટીઝનાં સ્થળો પર દરોડા, કરોડોના બિનહિસાબી દસ્તાવેજો મળ્યા

અમદાવાદ: આવકવેરા વિભાગના અધિકારીઓએ દિવાળી પૂરી થયા બાદ નવા વર્ષની શરૂઆતમાં જ દક્ષિણ ગુજરાતના વાપી દમણ ભરૂચ અંકલેશ્વર અને દહેજ વિસ્તારમાં જમીનોના સોદા કરનાર અને રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા ગેલેક્સી ગ્રુપ અને પાયલ પ્રોપર્ટીસના ૨૫ થી ૩૦ જેટલા સ્થળોએ દરોડા અને કાર્યવાહી હાથ ધરીને કરોડો રૂપિયાની કચોરી શોધી કાઢી હતી. આવકવેરા વિભાગની પ્રાથમિક તપાસમાં ૨૦૦ કરોડના બિનહિસાબી ગોટાળા અંગેના વાંધાજનક દસ્તાવેજ મળી આવ્યા હતા. આવકવેરા વિભાગના અંદાજે ૭૦ જેટલા અધિકારીઓએ એસઆરપી બંદોબસ્ત સાથે ગેલેરી ગ્રુપ સાથે સંકળાયેલા જમીન દલાલ અને પાયલ પ્રોપર્ટી સાથે સંકળાયેલા અન્ય ફાયનાન્સરો ના રહેઠાણે અને ઓફિસોમાં દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોટા પ્રમાણમાં વાંધાજનક દસ્તાવેજો ડિજિટલ ડિવાઇસ જપ્ત કરીને તપાસ શરૂ કરી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન સાત જેટલા બેંક લોકર સીલ કરવામાં આવ્યા હતા, તે ઉપરાંત રોકડ રકમ અને ઝવેરાત જપ્ત કરવામાં આવ્યું હતું જેના વેલ્યુએશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જો કે પ્રાથમિક તપાસ દરમિયાન અંદાજે એક કરોડથી વધારેની રોકડ રકમ અને ૫૦ લાખનું ઝવેરાત જપ્ત કરવામાં આવ્યું છે કરોડો રૂપિયાના જમીન ખરીદી અંગેના સોદાઓના દસ્તાવેજો મળી આવ્યા છે અને તેમાં ઘણી રીતે બહાર આવી છે જેની આવકવેરા વિભાગ તપાસ કરી રહ્યું છે.

# અમદાવાદ સ્માર્ટ સિટીની વોટ્સએપ ફરિયાદ સેવા પુન: શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (એએસસીડીએલ) દ્વારા શહેરના નાગરિકો માટે વોટ્સએપ આધારિત ફરિયાદ સેવા ફરીથી શરૂ કરવામાં આવી છે. અગાઉ, ટેકનિકલ કારણોસર આ સેવાને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી હતી, જે ફરી સંપૂર્ણપણે કાર્યરત થઈ ગઈ છે. સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડના સિટીઝન કોમ્પલેઈન્ટ રિડ્રેસલ સિસ્ટમ (સીસીઆરએસ) પ્રોજેક્ટ હેઠળ, અમદાવાદના નાગરિકો રસ્તા, પાણી, ગટર, કચરો અને સ્ટ્રીટ લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ સંબંધિત ફરિયાદો નોંધાવી શકે છે. વોટ્સએપ ઉપરાંત, નાગરિકો માટે ફરિયાદ નોંધાવવા માટેના અન્ય વિવિધ માધ્યમો પણ ઉપલબ્ધ છે. જેમાં ટેલિફોનિક હેલ્પલાઈન નંબર: ૧૫૫૩૦૩નો સમાવેશ થાય છે. વોટ્સએપની પેરેન્ટ કંપની મેટા દ્વારા વોટ્સએપ બિઝનેશ સેવાને ક્લાઉડ એપીઆઈ પર માઈગ્રેટ કર્યા બાદ, આ ફરિયાદ સેવા હવે અવિરતપણે કાર્યરત છે. નાગરિકો હવે વોટ્સએપ નંબર ૭૫૬૭૮૫૫૩૦૩ પર ઉપરોક્ત નાગરિક સુવિધાઓ સંબંધિત તેમની ફરિયાદો સરળતાથી નોંધાવી શકે છે, જેનાથી સમસ્યાઓના ઝડપી નિરાકરણમાં મદદ મળશે. સીસીઆરએસ પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત અન્ય તમામ માધ્યમો, જેમ કે ટેલિફોનિક સેવા ૧૫૫૩૦૩, ટ્વિટર, એસએમએસ, ઈ-મેઈલ, વેબસાઈટ અને સીસીઆરએસ સીટીઝન મોબાઈલ એપ પણ પહેલાની જેમ સંપૂર્ણ સક્રિય છે.

# વિવાદ વધતા અમદાવાદ મનપા સફાળી જાગી: તમામ સ્મશાનગૃહો પર નજર રાખવા આદેશ

અમદાવાદ: શહેરના ઓઢવ વિસ્તારના સ્મશાનગૃહ મામલે થયેલા વિવાદ બાદ અમદાવાદ મહાનગરપાલિકા (મનપા)એ ત્રિ-સ્તરીય મોનિટરિંગ સિસ્ટમ જાહેર કરી છે. પાલિકા કમિશનરે એડિશનલ હેલ્થ ઓફિસર અને તમામ ઝોનલ ડેપ્યુટી હેલ્થ ઓફિસરને સ્મશાનગૃહોનું સતત સુપરવિઝન કરવા આદેશ આપ્યો હોવાનું અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. પાલિકા અંતિમ સંસ્કાર માટે લાકડાં અને સીએનજી એમ બન્ને વિકલ્પ આપે છે. ગરીબ પરિવારો પાસેથી કોઈ ફી લેવામાં આવતી નથી જ્યારે મધ્યમવર્ગીય અને શ્રીમંત પરિવારો પાસેથી મામૂલી રકમ લેવામાં આવે છે. સૂકાં લાકડાં સ્મશાનોને પૂરા પાડવા માટે કોન્ટ્રાક્ટરો નિમ્યા છે. જોકે એવી ફરિયાદો ઉઠ્યા કરે છે કે પૈસા બચાવવા માટે લીલા અને ભીનાં લાકડા પણ કોન્ટ્રાક્ટર આપી દે છે અને તેના કારણે સ્વજનને અંતિમ વિદાય આપનારા પરિવારે અન્ય વ્યવસ્થા કરવી પડે છે. તાજેતરમાં ઓઢવ વિસ્તારના પાલિકા સંચાલિત સ્મશાનગૃહમાં સૂકાં લાકડાં ન હોવાથી ટાયર જેવી વસ્તુઓનો અંતિમ સંસ્કાર માટે ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો વીડિયો વાયરલ થયો હતો અને ત્યારબાદ ભારે વિવાદ સર્જાયો હતો. હવે પાલિકા સ્મશાનગૃહની સ્થિતિનો તાગ મેળવવા દર અઠવાડિયે એક બેઠક યોજશે અને જો કોઈ અસુવિધાઓ કે નિયમોનો ભંગ ધ્યાનમાં આવશે, તો સખત કાર્યવાહી થશે, તેમ અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

## જીવનયાત્રા

**જન્મ**

**૫ નવેમ્બર ૧૯૪૫**

કારતક સુદ પ્રતિપદા (દિવાળી પડવો)

**શિક્ષણ**

- માઇસાહેબ બાવડેકર બાલ વિદ્યામંદિર
- નાગોજીરાવ પાટણકર હાઈ સ્કૂલ
- સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ
- રાજારામ કૉલેજ
- આયએલએસ લો કોલેજ, પુણે
- વૃત્તપત્ર વિદ્યા વિભાગ - પુણે વિદ્યાપીઠ

**પરિવારઃ**

- પત્નીઃ સૌ. ગીતાદેવી
- પુત્રીઃ સૌ. શીતલ • જમાઈઃ મંદાર પાટીલ
- પુત્રઃ ડૉ. યોગેશ • પુત્રવધૂઃ સૌ. સ્મિતાદેવી
- પૌત્ર-પૌત્રીઓઃ ઐશ્વર્યા, ઋતુરાજ, રાજવીર, તેજરાજ

**કારકિર્દીઃ**

पुढारी

- ૧૯૬૩ - 'પુઢારી'ના રૌપ્ય મહોત્સવમાં સહભાગ
- ૧૯૬૩ - 'પુઢારી' સમૂહમાં પિતા સાથે ભાગીદાર
- ૧૯૬૯ - 'પુઢારી'ના સર્વ કાર્યસૂત્રો હાથમાં લીધા
- પરદેશ પ્રવાસ
- ૧૯૭૩ - જર્મનીથી મંગાવેલા હાઈસ્પીડ પ્લામાગ રોટરી મશીન પર 'પુઢારી'નું છાપકામ શરૂ
- ૧૯૭૪ - 'નિર્ણયસાગર'ના ગીતાદેવી સાથે લગ્ન
- ૧૯૭૪ - 'નિર્ણયસાગર'ની જવાબદારી પોતાના હસ્તક લીધી
- ૧૯૭૬ - ઉત્કૃષ્ટ મુદ્રણ માટે 'નિર્ણયસાગર'ને મળેલો રાષ્ટ્રીય પુરસ્કાર રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદના હસ્તે સ્વીકાર્યો
- ૧૯૮૦ - સોલાપુર, સાંગલી, સતારા, સિંધુદુર્ગ, રત્નાગિરિ, બેલગાંવ અને ગોવા માટે પુઢારીની સ્વતંત્ર આવૃત્તિની શરૂઆત
- ૧૯૮૬ - કોલ્હાપુરમાં કેબલ ટીવી ન્યૂઝનો પ્રયોગ
- ૧૯૮૭ - અત્યાધુનિક કોરોસેટ મશીન ઉપર 'પુઢારી'ના છાપકામનો પ્રારંભ
- ૧૯૮૭ - 'પુઢારી'ના સંસ્થાપક ગ. ગો. જાધવનું મહાનિર્વાણ
- ૨૨ જૂન ૧૯૮૯ - વડા પ્રધાન રાજીવ ગાંધીની ઉપસ્થિતિમાં 'પુઢારી'ની સુવર્ણ જયંતીની ઉજવણી
- ૧૯૮૯ - વડા પ્રધાન રાજીવ ગાંધી સાથે રશિયા, ફ્રાન્સ, પાકિસ્તાનના પ્રવાસમાં સહભાગ
- ૧૯૯૨ - કોલ્હાપુરના અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના કાર્યાધ્યક્ષ
- ૧૯૯૯ - 'પુઢારી'ની વેબસાઇટની શરૂઆત
- ૧૯૯૯ - સ્વરસમ્રાજ્ઞી લતાદીદીની ઉપસ્થિતિમાં 'પુઢારી'ની હીરક જયંતીની ઉજવણી
- ૨૦૦૬ થી ૨૦૧૪ - અહમદનગર (હવે સંભાજીનગર), પુણે, મુંબઈ અને નાશિકની સ્વતંત્ર આવૃત્તિની શરૂઆત, કુલ ૨૩ આવૃત્તિ કાર્યરત
- ૨૦૦૭ - ટોમેટો એફએમ (૯૪.૩) રેડિયો ચેનલનો પ્રારંભ
- ૨૦૦૭ - મહિલાઓને તેમના અધિકારની વ્યાસપીઠ આપનાર 'કસ્તુરી ક્લબ'નો પ્રારંભ
- ૨૦૦૯ - સાંગલીમાં 'આપલ એફએમ' રેડિયો ચેનલનો પ્રારંભ
- ૨૦૦૯ - માતા ઇંદિરાદેવીનું મહાનિર્વાણ
- ૨૦૧૫ - વેબપોર્ટલ અને નવા સ્વરૂપે ઈ-પેપરનો પ્રારંભ
- ૨૦૧૫ - સમાજ સેવાના આશયથી 'પ્રયોગ સોશિયલ ફાઉન્ડેશન'ની સ્થાપના
- ૩ જાન્યુઆરી ૨૦૧૫ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં 'પુઢારી'ના અમૃત મહોત્સવની ઉજવણી
- ૨૦૨૧ - ૭૫ વર્ષની વયે ડૉ. યોગેશ જાધવને 'પુઢારી'ના ચેરમેનપદની જવાબદારી સોંપીને સ્વયં ચેરમેન (એમિરેટ્સ) તરીકે જૂથમાં કાર્યરત
- ૨૯ ઑગસ્ટ ૨૦૨૩ - 'પુઢારી ન્યૂઝ' ટીવી ચેનલનો પ્રારંભ

पुढारी ▶ NEWS

- ૨૦૨૪ - 'આઉટ ઑફ હોમ' અર્થાત્ આઉટડોર જાહેરાત ક્ષેત્રે પદાર્પણ. પ્રિન્ટ, રેડિયો, ટેલિવિઝન, ડિજિટલ, ઈવેન્ટ્સ અને આઉટ ઑફ હોમ જેવી ૩૬૦ ડિગ્રી સેવાઓ આપનાર પહેલા મરાઠી ભાષી જૂથ તરીકે નવી ઓળખ પ્રાપ્ત થઇ




# સ્વયંમેવ મૃગેન્દ્રતા

**પદ્મશ્રી ડૉ. પ્રતાપસિંહ ગ. જાધવ**

**સહસ્ત્ર ચંદ્રદર્શન સમારોહ**



મહારાષ્ટ્રની ભૂમિ ભક્તિ અને બહાદુરીની ભવ્ય પરંપરા ધરાવે છે. આ કારણે અહીં સિદ્ધિનું ધોરણ હિમાલય જેટલું ઊંચું છે. આ માપદંડને પૂર્ણ રીતે સાર્થક કરતા નેતા અને લેખક, પત્રમહર્ષિ ડૉ. પ્રતાપસિંહ ઉર્ફે બાળાસાહેબ જાધવનો સહસ્ત્ર ચંદ્રદર્શન સમારોહ આજે (૫ નવેમ્બર, ૨૦૨૫) કોલ્હાપુરમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અને વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય કૃષિ પ્રધાન શરદ પવારની અધ્યક્ષતામાં યોજાઈ રહ્યો છે. હિંમત અને શક્તિથી આગળ વધનારા બાળાસાહેબના વ્યક્તિત્વનું વર્ણન કરવા 'સ્વયંમેવ મૃગેન્દ્રતા' શબ્દો સાર્થક છે.




પત્રમહર્ષિ ડૉ. પ્રતાપસિંહ ઉર્ફે બાળાસાહેબ જાધવની પાંચ દાયકાના પત્રકારત્વના લેખાજોખા વર્ણવતી તેમની આત્મકથા 'સિંહાયન' આજે પ્રકાશિત થઈ રહી છે.

## અસીમ, અમર્યાદિત સિદ્ધિઓનું સહસ્ત્ર ચંદ્રદર્શન

બાળાસાહેબ જાધવને તેમના પિતા અને વરિષ્ઠ પત્રકાર ડૉ. ગ. ગો. જાધવના રૂપમાં સમૃદ્ધ વારસાનો લાભ પ્રાપ્ત થયો છે, પરંતુ મહારાષ્ટ્રની ભૂમિ માટે માત્ર વારસાની દોરી અપૂરતી છે. વારસાની ઓળખ મળ્યા પછી સ્વકર્તુત્વ સિદ્ધ કરીને પહેલા કરતા અધિક ઉચ્ચ શિખરો સર કરવા પડે. બાળાસાહેબ જાધવે પોતાની આઠ દસકાની જીવનયાત્રામાં આવા શિખરો સર કર્યા છે.


બાળાસાહેબની ઓળખ માત્ર અત્યંત યશસ્વી એવા મીડિયા જૂથના સર્વેસર્વા પૂરતી મર્યાદિત નથી. પત્રકારત્વ તેમના માટે શ્વાસ સમાન છે જ; પરંતુ પત્રકારત્વને વધુ ગહનઅર્થ ત્યારે જ પ્રાપ્ત થાય, જ્યારે તેમાં સમાજના હિતની હૂંફ પણ ભળેલી હોય, સ્થાપિત વ્યવસ્થા પર કોરડા વિંઝવાની નિર્ભયતા હોય, સમાજને જ્ઞાનના માર્ગ પર લઈ જવા માટે આગ્રહભરી ભૂમિકા હોય, આક્રમકતા અને સંવેદનશીલતાનો સમન્વય હોય અને નવું તંત્રજ્ઞાન અપનાવવાની તૈયારી હોય. બાળાસાહેબની જીવનયાત્રા પર નજર કરતા તેના ઉદાહરણ ઠેકઠેકાણે નજરે પડે છે.

વર્તમાનપત્રને લોકશાહીનો ચોથો સ્તંભ કહેવાય છે. આ સ્તંભે સત્યનો સાથ ન છોડાય. બાળાસાહેબે પોતાના વ્યવસાયને વફાદાર રહીને, 'પુઢારી'ના માધ્યમથી એ જવાબદારી સુપેરે પાર પાડી છે. પત્રકારત્વને ધર્મ માન્યો અને તેની સાથે કદી દગો ન થવા દીધો. પોતાના પિતા પાસે બાળાસાહેબે આ વ્રત લીધું અને છેલ્લા ૬૦ વર્ષથી તેનું કઠોરપણે પાલન કરી રહ્યા છે. આ ૬૦ વર્ષમાં સંકટોના પહાડ આવ્યા; પણ બાળાસાહેબ એ અવરોધોને પાર કરીને આગળ વધતા રહ્યા. જંગલના રાજા સિંહનો ક્યારેય રાજ્યાભિષેક થતો નથી. અંગભૂત પરાક્રમના બળે તે સ્વયં મૃગેન્દ્ર અર્થાત્ પ્રાણીઓના રાજાનું સ્થાન મેળવે છે. પોતાની હિંમત અને શક્તિથી આગળ વધનારા બાળાસાહેબના વ્યક્તિત્વનું વર્ણન કરવા 'સ્વયંમેવ મૃગેન્દ્રતા' શબ્દો સાર્થક છે.

એક મજબૂત, ઉચ્ચ અને અડગ ધ્યેયપ્રેમી, કઠોર, નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિરપેક્ષ અને હિંમતવાન સંપાદક, પદ્મશ્રી સહિત અનેક પુરસ્કારોથી સન્માનિત અસીમ, અમર્યાદ સિદ્ધિઓના સ્વયંભૂ ધણી ડૉ. પ્રતાપસિંહ ઉર્ફ બાળાસાહેબ જાધવને સહસ્ત્ર ચંદ્રદર્શનની અનેક શુભેચ્છાઓ.

### આવો છે યોગાનુયોગ...

પિતા ડૉ. ગ. ગો. જાધવ પ્રમાણે બાળાસાહેબ પણ પત્રકારત્વના ક્ષેત્રે પદાર્પણ કર્યું. બંનેએ 'પુઢારી'નું સંપાદક પદ શોભાવ્યું છે. બંનેને પત્રકારત્વ ક્ષેત્રે યોગદાન બદલ પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત થયો છે. બંનેને માનદ્ ડી.લિટ થી ગૌરવાન્વિત કરવામાં આવ્યા છે. કોલ્હાપુર નગર પરિષદ દ્વારા બંનેનું સન્માનપત્ર આપીને અભિવાદન કરવામાં આવ્યું છે.



પદ્મશ્રી ડૉ. ગ. ગો. જાધવ



તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે પદ્મશ્રી પુરસ્કાર સ્વીકારતા (ત્રણ એપ્રિલ, ૨૦૦૩)



તત્કાલીન વડા પ્રધાન અટલબિહારી વાજપેયીના હસ્તે અને મા.લાલકૃષ્ણ અડવાણીની ઉપસ્થિતિમાં પાંચજન્ય પત્રિકાનો 'પાંચજન્ય નચિકેતા પુરસ્કાર' સ્વીકારતા (૧૦ મે, ૨૦૦૩)

### અનેક પુરસ્કારોથી સન્માન થયું

- મરાઠી વર્તમાનપત્ર જગતનો પ્રતિષ્ઠિત 'દર્પણ પુરસ્કાર'
- મુંબઈ મરાઠી પત્રકાર સંઘનો 'આચાર્ય અત્રે પુરસ્કાર'
- મહારાષ્ટ્ર સંપાદક પરિષદનો 'નાનાસાહેબ વૈરાળે સ્મૃતિ પુરસ્કાર'
- રાષ્ટ્રીય સંસ્થા સ્વામી વિવેકાનંદ પીઠ દ્વારા 'સ્વામી વિવેકાનંદ પુરસ્કાર' હિમાચલ વિદ્યાપીઠ, ડી. વાય. પાટીલ વિદ્યાપીઠ તરફથી માનદ્ ડૉક્ટરેટ



દૈનિક 'પુઢારી'ના સુવર્ણમહોત્સવ નિમિત્તે 'પુઢારી'નું ગૌરવ કરતા તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધી. વ્યાસપીઠ પર દૈનિક 'પુઢારી' ના મુખ્ય સંપાદક ડૉ. પ્રતાપસિંહ જાધવ, તત્કાલીન રાજ્યપાલ બ્રહ્માનન્દ રેડ્ડી, તત્કાલીન મુખ્ય પ્રધાન શરદ પવાર



'પુઢારી' ના અમૃત મહોત્સવમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દૈ. 'પુઢારી' ના સંસ્થાપક સંપાદક પદ્મશ્રી ડૉ.ગ.ગો.જાધવના પૂર્ણ કદના પૂતળાનું રિમોટ કંટ્રોલથી અનાવરણ થયું. ડાબેથી શ્રી ચંદ્રકાંત પાટીલ, શ્રી નીતિન ગડકરી, તત્કાલીન રાજ્યપાલ સી.વી.રાવ, ડૉ.યોગેશ જાધવ, 'પુઢારી'ના મુખ્ય સંપાદક ડૉ. પ્રતાપસિંહ જાધવ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, શ્રી સુરેશ પ્રભુ.

## રચનાત્મક અને સંઘર્ષશીલ પત્રકારત્વના નાયક

પત્રકારત્વનાં મૂલ્યો પ્રાણની જેમ સાચવવામાં 'પુઢારી'કાર પદ્મશ્રી પ્રતાપસિંહ ઉર્ફે બાળાસાહેબ જાધવ કાયમ જાગૃત હોય છે. પત્રકારોએ રચનાત્મક બાબતોને પ્રાથમિકતા આપવી જોઈએ અને રચનાત્મક બાબતો સાકાર કરવા જરૂર પડ્યે નેતૃત્વ પણ કરવું, તેવું કહેવાય છે. બાળાસાહેબ તેનું ઉત્તમ ઉદાહરણ છે. જ્યાં સંઘર્ષ કરવો પડે તેમ હોય ત્યાં સૌથી આગળ રહીને તે કરવા માટે જરૂરી લડાયક વલણ તેમનામાં આજે એંશી વર્ષે પણ સાબૂત છે. તેના કેટલાંક ઉદાહરણોઃ

### સામાજિક પ્રતિબદ્ધતા

સામાજિક પ્રતિબદ્ધતા માત્ર બોલવા પૂરતી નહીં, પણ કાર્યમાં વ્યક્ત થવી જોઈએ. બાળાસાહેબે આ સૂત્ર હંમેશાં પોતાના કાર્યમાં જીવતું રાખ્યું છે. ૧૯૬૭માં આવેલો કોયના ભૂકંપ, ૧૯૮૯માં આવેલી આસમાની આફત, ૧૯૯૩માં આવેલો કિલ્લરીનો પ્રલયકારી ભૂકંપ, દરેક વખતે બાળાસાહેબે 'પુઢારી'ની સર્વ પુણ્યાઈ આપદાગ્રસ્ત લોકોની મદદ માટે કામે લગાડી. લાખો રૂપિયાનું દાન કરીને સંકટગ્રસ્તોનું જીવન થાળે પાડવા મદદ કરી. ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ પછી આધોઈ ખાતે 'પુઢારી'ના સહાય ભંડોળમાંથી છત્રપતિ શિવાજી મહારાજ રુગ્ણાલયનું નિર્માણ કરવામાં આવ્યું.



સિયાચીનમાં હૉસ્પિટલનું ઉદ્ઘાટન ૧૮ નવેમ્બર, ૨૦૦૧ના તત્કાલીન સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિસના હસ્તે થયું. આ ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત 'પુઢારી'ના મુખ્ય સંપાદક ડૉ. પ્રતાપસિંહ જાધવ, વ્યવસ્થાપકીય સંપાદક ડૉ. યોગેશ જાધવ, મંદાર પાટીલ, લે.જ.અર્જુન રે અને સૈન્ય અધિકારી

### અડગ દેશભક્તિ

સિયાચીન યુદ્ધમાં આર્મી સેન્ટ્રલ વેલ્ફેર ફંડના મદદ માટેના આવાહનને બાળાસાહેબે પ્રતિસાદ આપ્યો. કારગિલ, સિયાચીન જેવા બરફાચ્છાદિત પ્રદેશમાં તાત્કાલિક ઉપચાર માટે હૉસ્પિટલ નથી, તે ધ્યાનમાં આવ્યું. અહીં હૉસ્પિટલ બનવી જોઈએ, એ નિર્ધાર બાળાસાહેબે કર્યો.

તત્કાલીન સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિસનો સંપર્ક કરીને બાળાસાહેબે સિયાચીનમાં હૉસ્પિટલ નિર્માણની તૈયારી દર્શાવી. 'પુઢારી' તરફથી આ માટે રૂપિયા ૨૫ લાખનું ભંડોળ જાહેર કરીને વાચકોને પણ આવાહન કરવામાં આવ્યું. તેમાંથી અઢી કરોડ જેવી માતબર રકમ જમા થઇ. ઠંડી, બરફવર્ષા કે હિમ વાદળોની પણ અસર ન થાય તેવું તંત્રજ્ઞાન વાપરીને વિશ્વની સૌથી ઊંચી રણભૂમિ પર પહેલી હૉસ્પિટલનું નિર્માણ કરવાનો સંકલ્પ બાળાસાહેબે પૂર્ણ કર્યો. તે માટે પોલિયૂરોથીન (પી.યૂ.)ની વિશેષ પ્રકારની ભીંત અને છત બનાવવામાં આવી. બહારના હવામાનની અસર ન થાય તે માટે અન્સ્યુલેટેડ ગ્લાસ પેનલ્સ વાપરવામાં આવી. આ હૉસ્પિટલમાં આજસુધીમાં સાત લાખ જવાનોનો ઉપચાર થયો છે. હજુ પણ, છેલ્લા ૨૫ વર્ષોથી, આ હૉસ્પિટલ માટે જરૂરી સામગ્રીઓ અને વસ્તુઓ માગણી પ્રમાણે 'પુઢારી' દ્વારા પૂરી પાડવામાં આવે છે.

### લડાયક પત્રકારિતા


સરહદની લડાઈમાં બાળાસાહેબનો સહભાગ તેમનામાં રહેલા લડાયક પત્રકારનું દર્શન કરાવે છે. ૧૯૭૩માં સીમા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું ત્યારે બાળાસાહેબે 'આ હરામખોરોને લગામ તાણો' આ મથાળા હેઠળ એક ઉગ્ર તંત્રીલેખ લખ્યો. કન્નડ ચળવળના નેતાઓએ તેમને બેલગાંવ આવીને જાહેરસભા કરવાનો પડકાર કર્યો હતો; કન્નડ નેતાઓનો પડકાર સ્વીકારીને બાળાસાહેબે સેંકડો કાર્યકર્તાઓ સાથે, મનાઈહુકમ તોડીને, ખુલ્લેઆમ બેલગાંવમાં પ્રવેશ કર્યો. બજાર ચોક (જીજામાતા ચોક)માં રાત્રીના સમયે તેમણે વિરાટ જાહેરસભા સંબોધિત કરી. સીમા આંદોલનમાં તેમણે સતત જોશપૂર્વક ભાગ લીધો. પાંચ મે ૧૯૮૬ના રોજ તેમણે કોલ્હાપુરમાં ભવ્ય સીમા પરિષદનું આયોજન કર્યું. આ પરિષદમાં વરિષ્ઠ નેતા એસ. એમ. જોશી, શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરે, શરદ પવાર વગેરે ઉપસ્થિત હતા. આ પરિષદ સીમાવર્તી ભાઈઓને બળ આપનારી ઠરી.

### અન્ય મહત્ત્વપૂર્ણ યોગદાન

- કોલ્હાપુરને મુંબઈ ઉચ્ચ ન્યાયાલયની ખંડપીઠ મળે તે માટે ૫૧ વર્ષની યશસ્વી લડત
- કોલ્હાપુરના અંબાબાઈ મંદિરના રખડી પડેલા વિકાસ કાર્યની યોજના માટે આગેવાની. સલાહકાર કંપની દ્વારા સ્વખર્ચે યોજના બનાવડાવીને તેની અમલબજાવણી માટે પાછળ પડીને તેને સાકાર કર્યો.
- શ્રી ક્ષેત્ર જ્યોતિબા પરિસરમાં અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવા પાંચ કરોડ રૂપિયાનું ભંડોળ જમા કર્યું અને જ્યોતિબા તીર્થક્ષેત્ર પરિસરનો વિકાસ કર્યો.
- ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આમ્બેડકરે ૧૯૩૦માં કાલારામ મંદિર સત્યાગ્રહ કર્યો હતો અને સાને ગુરુજીએ ૧૯૫૦માં પંઢરપુર વિઠ્ઠલ મંદિર દલિતો માટે ખૂલે તે માટે ઉપવાસ કર્યા હતા. તે માર્ગ પર ચાલીને ૧૯૭૮માં બાળાસાહેબે કોલ્હાપુરના અંબાબાઈ મંદિરના ગર્ભગૃહમાં પાંચ દલિત દંપતીઓના હસ્તે અભિષેક કરાવીને સામાજિક સમાનતાનો માર્ગ પ્રશસ્ત કર્યો.
- છત્રપતિ શિવાજી મહારાજના બ્રિટિશરો પાસે રહેલાં શસ્ત્રો પરત મેળવવા સતત પ્રયત્નો કર્યા
- મહારાણી તારાબાઈ અને રાજારામ મહારાજના પ્રતિમા સ્થાપિત કરવા આગેવાની
- ૧૯૭૪માં બાળાસાહેબ જાધવે આગેવાની લઈને છત્રપતિ શિવાજી મહારાજ રાજ્યાભિષેકની ત્રિશતાબ્દી અને રાજર્ષિ શાહુ મહારાજ જન્મ શતાબ્દી જેવા ભવ્ય-દિવ્ય સમારંભો આયોજિત કર્યા. તે સમયે તેમણે રાજર્ષિ શાહુ સ્મારક ભવન નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો. જનભંડોળ જમા કર્યું. રાજર્ષિ શાહુ સ્મારક પૂર્ણ થાય ત્યાં સુધી સતત તેના માટે કાર્યરત રહ્યા.
- વરિષ્ઠ સાહિત્યકાર વિ. સ. ખાંડેકરને જ્ઞાનપીઠ પુરસ્કાર આપવાનું જાહેર થયું. બાળાસાહેબે ખાસબાગના કુસ્તી મેદાનમાં વિશાળ જનસમુદાયની હાજરીમાં તેમનો ભવ્ય સત્કાર કર્યો.
- ખેડૂતોના પ્રશ્નો માટે તેમણે અપનાવેલા અડગ વલણને કારણે શેરડી ઉત્પાદકોને ૩૨ હજાર કરોડ અને દૂધ ઉત્પાદકોને ૧૪ હજાર કરોડનું ભંડોળ પ્રાપ્ત થયું.
- મરાઠા આરક્ષણને તેમણે સમર્થન આપ્યું.

- સંકલનઃ અભય કુલકર્ણી

## પ્રકરણ-૪૯




'સાવંત... એક કામ કર. આ મોબાઈલ નંબર કોના નામે રજિસ્ટર્ડ છે એની તપાસ કર... અને ટેલિકૉમ સર્વિસ પ્રોવાઈડર પાસેથી તાત્કાલિક એ વ્યક્તિની વિગતો મેળવ!'

એપીઆઈ સુધીર સાવંતને એક મોબાઈલ નંબર દેખાડીને ગોહિલે આદેશ આપ્યો. સાવંત કાગળ પર નંબર લખીને કૅબિન બહાર ગયો.

'શું થયું... સર! કોઈ લોચો છે?' કદમને આશ્ચર્ય થયું.

વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરના પીએ પ્રસન્ન ચૌધરીની આકરી પૂછપરછ પછી પણ ગોહિલના મનમાં એવી આશંકા હતી કે આ ટોળકીનો સૂત્રધાર કોઈ તો છે, જે હજુ નજરે ચડ્યો નથી. સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડે પણ આ વિચાર માત્ર ભ્રમ હોઈ શકે એવું કહ્યું, પણ તેમ છતાં ગોહિલ પૂરી ખાતરી કરવા માગતો હતો.

તુક્કો લગાવવા ખાતર ગોહિલ અત્યાર સુધી પકડાયેલા આરોપીઓના જપ્ત મોબાઈલ ફોન તપાસી રહ્યો હતો. ખાસ્સા સમયથી ગોહિલ ત્રણેય મોબાઈલ ટેબલ પર ઑન રાખીને કોન્ટેક્ટ લિસ્ટ ચેક કરવા સ્ક્રીન સ્ક્રોલ કરતો હતો, જ્યારે સામે બેસેલા ઈન્સ્પેક્ટર રવિ કદમ અને સાવંત ચૂપચાપ તેને નિહાળી રહ્યા હતા. ઘણી મથામણ પછી ગોહિલે એક નંબર શોધી કાઢ્યો હતો.

'કોનો નંબર છે એ... એટલે કે કોના નામે સેવ કરાયો છે?' કદમે પૂછ્યું.

'એ જ તો આશ્ચર્યની વાત છે, કદમ. આ નંબર ડૉક્ટર ભંડારી, ડૉક્ટર પાઠક અને ચૌધરીના મોબાઈલમાં અલગ અલગ નામથી સેવ છે!'

ગોહિલે ત્રણેયના મોબાઈલ કદમ સામે મૂક્યાઃ 'આ જો... પાછા કેવા વિચિત્ર નામે સેવ કર્યા છે!'

કદમ વારાફરતી ત્રણેય મોબાઈલ પર નજર ફેરવવા લાગ્યો.

'ચૌધરીના મોબાઈલમાં આ નંબર 'ડૉક્ટર સાબ'ના નામે સેવ છે... હવે મને કહે, કોણ આ રીતે નંબર સેવ કરે!'

ગોહિલે ઉમેર્યુંઃ 'કોઈ ખાસ વ્યક્તિ અથવા લફડાવાળો નંબર હોય તો જ આવું લખેને? અને એ ચૌધરીની ખાસ વ્યક્તિ હોય તો બાકીના બેના મોબાઈલમાં એ જ નંબર કઈ રીતે હોય?'

'વાત તો તમારી સાચી છે, સર! ઍટલિસ્ટ ડૉક્ટરનું નામ લખીને પાછળ સાહેબ લખે તોય સમજ્યા, પણ આ...' કદમ બોલ્યો.

'એ જ નંબર મેં ડૉક્ટર ભંડારી સહિત બધાના મોબાઈલના કૉલલિસ્ટમાં ટાઈપ કરી જોયો. મજાની વાત છે કે એ નંબર ડૉક્ટર ભંડારીના મોબાઈલમાં 'ડૉક્ટર ભાઉ' અને ડૉક્ટર પાઠકના મોબાઈલમાં 'ડૉક્ટર ભાઈ'ના નામે સેવ છે!'

'અજબ છે, સર! આ રીતે નંબર સેવ કરવા પાછળ કોઈ ઉદ્દેશ હોવો જોઈએ!' કદમે આશ્ચર્યથી કહ્યું.

'એની જ તો તપાસ કરવી છે... એ નંબર આખરે છે કોનો? નંબર અને સરનામું મળી જાય તો ઉદ્દેશ જાણી શકાશે!'

ગોહિલે ઉમેર્યુંઃ 'આપણે એ નંબર પર કૉલ કરીશું અને એ ખરેખર લફડાવાળો નંબર હશે તો મોબાઈલ હંમેશ માટે સ્વિચ ઑફ થઈ જશે... પછી તેને ટ્રેસ કરવો મુશ્કેલ થશે!'

એ જ સમયે સુધીર સાવંત ઉતાવળી ચાલે કૅબિનમાં પ્રવેશ્યો.

'સર... એ નંબર કોઈ અક્ષય ભિંગેનો છે અને તેનું સરનામું પણ મળી ગયું છે!'

'અક્ષય ભિંગે?' ગોહિલ અને કદમ આશ્ચર્યથી એકબીજાનાં મોઢાં જોવા લાગ્યા.

'મારો અંદાજો સાચો છે, કદમ... આપણે સાચી દિશામાં જઈ રહ્યા છીએ!' ગોહિલે કહ્યું.

'એટલે?'

'જંગલમાં આ લોકોએ બિછાવેલી જાળનો છેડો હવે મળશે!' કહીને ગોહિલે આદેશ આપ્યોઃ 'સાવંત, ટીમ લઈને આ ભિંગેના ઘરે જા!'

પછી ગોહિલે કહ્યુંઃ 'કદમ... તાત્કાલિક ટીમ સાથે ડૉક્ટર ભંડારીની હૉસ્પિટલે પહોંચ અને ત્યાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ બરાબર ચેક કર. ધ્યાનથી જોજે... સલ્લુ મર્યો તે રાતે હૉસ્પિટલમાં કોણ આવ્યું હતું?'

ગોહિલના આદેશથી સાવંત અને કદમ ખુરશીમાંથી ઊઠ્યા ત્યારે ડૉ. મૃત્યુંજય હિરેમઠ આવ્યા.

'ડૉક્ટરસાહેબ, તમે! આવો... આવો.' ગોહિલને આશ્ચર્ય થયું.

'સૉરી... તમને ડિસ્ટર્બ કર્યા!' ડૉ. હિરેમઠે વિવેક દાખવ્યો.

'આમ અચાનક અહીં... બેસો!'

'ના... હું બેસવા નથી આવ્યો. તમને એક વાત જણાવવા આવ્યો છું!'

'બોલો!'

'તમારા ઑફિસર ઝમીલ બાબતે ડૉક્ટર કુશલ સહાણેની પૂછપરછ કરવા ગયા હતા... એમણે મારું નામ આપ્યું!'

ડૉ. હિરેમઠ બોલ્યાઃ 'એટલે હું સામે ચાલીને સ્પષ્ટતા કરવા આવ્યો છું!'

'કેવી સ્પષ્ટતા?' ગોહિલે પૂછ્યું.

'ઝમીલને હું વ્યક્તિગત ઓળખતો નથી. તબિયત ખરાબ હોવાથી તે અમારી પાસે આવ્યો હતો. છાતીમાં દુખાવો હતો એટલે સેફ અ સાઈડ, મેં ડૉક્ટર ઈમાનદારનો અભિપ્રાય લેવાનું સૂચવ્યું હતું. એ કાર્ડિયાક સર્જ્યન છે એ તો તમે જાણો જ છો!' ડૉ. હિરેમઠે કહ્યું.

'ડૉક્ટર ઈમાનદાર શહેરમાં નહોતા એટલે તેમણે હાર્ટ સ્પેશિયલિસ્ટ ડૉક્ટર સહાણે પાસે ઝમીલને મોકલાવ્યો હતો!'

'આ તો અમે જાણીએ છીએ... એવી કોઈ માહિતી આપો, જે અમને ખબર ન હોય!' ગોહિલની ટિપ્પણી ડૉ. હિરેમઠને ખૂંચી.

'બીજી કોઈ માહિતી મારી પાસે નથી... હું આટલું જ કહેવા આવ્યો હતો!'

પછી 'બાય' કહીને ડૉ. હિરેમઠે ચાલવા માંડ્યું. ગોહિલ તેમને જતા જોઈ વિચારવા લાગ્યો.

'આ ડૉક્ટર બોલાવ્યા વગર જ પોલીસ સ્ટેશને આવીને બળાપો ઠાલવી જાય છે... શા માટે? શું કારણ હશે એની પાછળ?'

* * * *

બિહાર પોલીસે ચૌધરી સામેના કેસના દસ્તાવેજોના ફોટા પાડીને એપીઆઈ પ્રણય શિંદેને મોકલાવ્યા હતા. કેસ ફાઈલના બધા દસ્તાવેજો આવ્યા પછી એ શિંદેએ ગોહિલના વ્હૉટ્સઍપ પર ફૉરવર્ડ કર્યા હતા. કદમ અને સાવંતને ટીમ સાથે તપાસ માટે મોકલાવ્યા પછી ગોહિલ મોબાઈલમાં એ દસ્તાવેજો પર નજર ફેરવી રહ્યો હતો.

'માણસોના અવયવ કાઢી લેવાના આટલા ઘૃણાસ્પદ રૅકેટમાંથી પણ આ નરાધમો છટકી જાય છે! વળી, આવા સંવેદનશીલ કેસની તપાસને દબાવી દેનારા કેવી ચામડીના હશે!' દસ્તાવેજો જોતાં ગોહિલે વિચાર્યું.

'તપાસ અધિકારીએ તો ઊંડાણપૂર્વકની તપાસ કરી હોવાનું જણાય છે, પણ...' તેનું વિચારવાનું ચાલુ જ હતું.

'વગ વાપરીને કાનૂની સકંજામાંથી બચી ગયેલા ચૌધરી જેવા હરામખોર બીજા રાજ્યમાં જઈને ફરી બિનધાસ્ત આવાં જ સ્કૅન્ડલ ચલાવે... એય કેવી કમનસીબી!'

પકડાયેલા આરોપી અને તેના સાથીઓની ગુનામાં ભૂમિકા અંગે દસ્તાવેજોમાં વિસ્તારપૂર્વક લખેલું હતું. છેલ્લે શકમંદોનો પણ ઉલ્લેખ કરાયો હતો. શકમંદોના લિસ્ટમાંનું એક નામ જોતાં ગોહિલની આંખો આશ્ચર્યથી પહોળી થઈ. એ આગળ વાંચવા જાય ત્યાં એપીઆઈ પ્રણય શિંદે કૅબિનમાં આવ્યો.

'સર... અત્યારે જ દળવીએ ફોન કર્યો હતો. બૉની આરે હૉસ્પિટલમાં છે!' શિંદેએ માહિતી આપી.

આરેનું નામ પડતાં જ ગોહિલને ડૉ. મૃત્યુંજય હિરેમઠ અને ડૉ. મંદિરા અજવાની યાદ આવે. ડૉ. મંદિરા પર ગોહિલને શક હતો અને છેલ્લે ઝમીલ ડૉ. હિરેમઠની ભલામણથી ડૉ. સહાણે પાસે ચેકઅપ માટે ગયો હતો.

'આરે હૉસ્પિટલમાં? કેમ? ડૉક્ટર હિરેમઠ તો કલાક પહેલાં જ આવી ગયા!'

'સર, મેં તમને કહ્યું હતુંને કે મુખિયાઓની મદદ લઈશું તો મેશ્રામ અને તેની ટીમ બૉનીને આપણી પાસે સહીસલામત લાવવાને બદલે અધમૂઓ કરશે.'

શિંદેએ કહ્યુંઃ 'મેશ્રામની ટીમને બૉની પોલ્ટ્રી ફાર્મ આસપાસના જંગલમાંથી મળ્યો હતો. એ લોકોએ એટલો માર્યો કે બૉની મરતાં મરતાં બચ્યો છે!'

'તો એ હૉસ્પિટલ કઈ રીતે પહોંચ્યો?'

'દળવીનું કહેવું છે કે મારપીટની જાણ થતાં યુનિટ તેરના મુખિયા બાળકૃષ્ણ ટેકામ ત્યાં પહોંચ્યા અને ટેકામની સૂચનાથી મેશ્રામની ટીમ જ બૉનીને આરે હૉસ્પિટલ લઈ આવી!'

'ટેકામે આપણા દળવીને ફોન કરીને આ અંગે જાણ કરતાં તે હૉસ્પિટલ ગયો છે અને ત્યાંથી જ તેણે મને કૉલ કર્યો હતો.' શિંદેએ કહ્યું.

'પણ એને માર્યો શા માટે?' ગોહિલે પૂછ્યું.

'સર... ટેકામે દળવીને કહ્યું કે આ લોકોએ કૃપાનો ગુસ્સો બૉની પર ઉતાર્યો છે!'

શિંદે મલકાયોઃ 'હવે પૂછપરછની મહેનત નહીં કરવી પડે. સાલાને રહેવાસીઓએ બરાબરનો પાઠ ભણાવી દીધો હશે!'

### કોણ છે વિલન?

વાચકોમાં જબરી લોકપ્રિય નીવડેલી 'પ્લૉટ-16'ના 'પ્લૉટ'ના તાણાવાણા વાચકોનો રસ શિખરે પહોંચે એ રીતે ગૂંચવ્યા પછી લેખક ગૂંચ છોડી રહ્યો છે... અને આવતી કાલે તો પરાકાષ્ઠાનો દિવસ. ખરા ખલનાયકનો જ્યારે પર્દાફાશ થશે. કોણ હશે એ વિલન? તમને શું લાગે છે? ઈન્તેજાર માત્ર ૨૪ કલાકનો...

'ઠીક છે... દળવીને કહી દે, ત્યાં બૉનીની સુરક્ષાની વ્યવસ્થા કર. અહીંના રહેવાસીઓ ફરી હુમલો કરી શકે છે!' ગોહિલે ચેતવ્યો.

ગોહિલે થોડું વિચારીને કહ્યુંઃ 'આમેય મને બન્ને ડૉક્ટર હિરેમઠ અને મંદિરા પર ભરોસો નથી. ઉપરથી ડૉક્ટર મંદિરાએ તો એક વાર સારવાર દરમિયાન દરદીને પતાવી નાખવાની વાત ઉચ્ચારી હતી!'

'સર, મને લાગે છે કે આરે હૉસ્પિટલ જંગલમાં હોવાથી બન્ને શંકાના ઘેરામાં આવી જાય છે!' શિંદેએ જણાવ્યું.

'પણ તપાસ દરમિયાન વારંવાર બન્નેનાં નામ સામે આવી રહ્યાં છે. ઉપરથી ડૉક્ટર હિરેમઠ અહીં આવીને ખુલાસા કરે છે!' ગોહિલે કહ્યું.

'એમનો પેલો વૉર્ડબૉય વસુ રાઠોડ તો આખી રાત હૉસ્પિટલમાં જ હોય છે... છતાં એને કંઈ ખબર નથી!' ગોહિલે મોં બગાડ્યું.

'એ જવા દો, સર... ચૌધરીએ આપેલા સરનામેથી બન્ને દરદીની ફાઈલ લઈ આવ્યો છું.' કહીને શિંદેએ બે ફાઈલ ગોહિલ તરફ લંબાવી.

ગોહિલે તરત જ ફાઈલ પર નજર માંડી. વિધાનસભ્ય જાંભુળકરના પીએ પ્રસન્ન ચૌધરીને ઇશારે અવયવ ચોરીનું રૅકેટ ચાલતું હતું. આ રૅકેટ હેઠળ જે દરદીનાં ઑપરેશન કરાયાં હતાં તેમાંથી બે મુંબઈના બાન્દ્રા અને ઘાટકોપરમાં હોવાની માહિતી તેણે આપી હતી. શિંદેની ટીમ બન્ને ઠેકાણેથી ફાઈલની ઝેરોક્સ લઈને આવી હતી.

બાન્દ્રામાં રહેતી બિઝનેસમૅનની દીકરીને અંજુની કિડની અપાઈ હતી. એની ફાઈલ પર ઊડતી નજર નાખી, પણ ગોહિલને તેના કામની કોઈ માહિતી ન મળી, પણ ઘાટકોપરની છોકરીની ફાઈલ જોતાં જ ગોહિલ ખુરશી પરથી ઊભો થઈ ગયો.

ઘાટકોપરમાં રહેતા પરિવારની છોકરીના શરીરમાં મંજરીના હૃદયનું પ્રત્યારોપણ કરાયું હતું. એ ફાઈલમાં જે વ્યક્તિનું નામ અને હસ્તાક્ષર હતા તે ખરેખર ગોહિલ માટે આંચકાજનક હતું. આગળની કાર્યવાહી વિશે ગોહિલ વિચારતો હતો ત્યારે ટેબલ પર મૂકેલા તેના મોબાઈલ ફોનની રિંગ વાગી. કૉલ એપીઆઈ સાવંતનો હોવાનું જોઈ તે ઉત્સાહમાં આવ્યો હતો. ચીલઝડપે તેણે મોબાઈલ ઊંચકી કૉલ રિસીવ કર્યો.

'બોલ... સાવંત!'

'સર, અહીં એક સમસ્યા છે!'

ચૌધરી, ડૉ. ભંડારી અને ડૉ. પાઠકના મોબાઈલ ફોનમાંથી મળેલો એક નંબર અક્ષય ભિંગેનો હોવાનું જાણવા મળ્યું હતું. વધુ જાણકારી માટે સાવંત ભિંગેના ઘરે ગયો હતો.

'શું થયું?'

'અક્ષય ભિંગે અત્યારે આ દુનિયામાં નથી!' સાવંતે કહ્યું.

'વ્હૉટ!'

'હા. એ તો દોઢ વર્ષ પહેલાં જ મૃત્યુ પામ્યો હતો, પણ...'

(ક્રમશઃ)■

---

## ફન વર્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| CHAP | ઘરકામ |
| CHIP | સસ્તું |
| CHEAP | દોસ્ત |
| CHUM | શખ્સ |
| CHORE | કાતરી |

### ઓળખાણ પડી?

દેખાવે બતક જેવા લાગતા અને ચાંચમાં માછલી રાખવાની કોથળી ધરાવતા દરિયાઈ પક્ષીની ઓળખાણ પડી? વિવિધ પ્રજાતિ જોવા મળે છે.

અ) Gull
બ) Pelican
ક) Kingfisher
ડ) Puffin



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ર્ત | ૨ મા | ૩ ન | પ | ૪ ત્ર | ■ | ૫ દિ | વ | ૬ સ |
| ચ | ■ | ૭ લૂ | ટ | ■ | ૮ ય | ૯ મ | ન | ■ | વા |
| ૧૦ ન | ૧૧ જ | મ | ■ | ૧૨ શ | ■ | દ | ■ | ૧૩ શા | લ |
| ૧૪ પા | ડ | ■ | ૧૫ દ | ર | બ | દ | ર | ■ | જ |
| લ | ■ | ના | ■ | મ | ■ | રૂ | ■ | ૧૬ આ | વા |
| ૧૭ ન | સ | ■ | ૧૮ વ્ય | ■ | ૧૯ લી | પ | ■ | ૨૦ છા | બ |
| ■ | ■ | ૨૧ પા | વ | ૨૨ ર | ધા | ■ | ૨૨-અ હા | ■ | ■ |
| ૨૩ દા | ૨૪ બ | ■ | ૨૫ ધા | ડ | ■ | ૨૬ ભ | ■ | ૨૭ સ | ૨૮ ત |
| ૨૯ મ | હા | ૩૦ દા | ન | ■ | ૩૧ આ | વિ | ષ્ક | ર | ણ |
| ૩૨ ન | ર | મ | ■ | ૩૩ આ | યુ | ષ્ય | ■ | ૩૪ ખો | ખો |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | | ■ | ૬ |
| ૭ | | | ૮ | | | | | ૯ | |
| | | ૧૦ | | | ૧૧ | | | | |
| | ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | | |
| ૧૮ | ૧૯ | | | ૨૦ | | | | | |
| ૨૧ | | | | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ |
| | ■ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | |
| ■ | ૨૯ | ■ | ■ | | | ૩૦ | | | ■ |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

(૧) સુગંધ, સ્વાદ (૩)
(૪) ખાવું પીવું તે (૪)
(૭) શ્રેષ્ઠ ખેલાડી (૫)
(૯) બાતલ (૨)
(૧૦) રિસાઈ જવું તે (૨)
(૧૧) હમણાં, પરિસ્થિતિ (૨)
(૧૨) પોચું લાકડું (૨)
(૧૩) જોડીદાર (૨)
(૧૪) મનાવવુંનું આજ્ઞાર્થ (૩)
(૧૫) ગુંજન, કળા, માત્રા (૨)
(૧૬) ભૂંગળી, ચાડું (૨)
(૧૭) જડ, આત્મા વિનાનું (૩)
(૧૮) મુશ્કેલ, અઘરી (૩)
(૨૦) સમય (૨)
(૨૧) મોટો સાહેબ, લૉર્ડ (૫)
(૨૩) ગર્ભ (પશુ માદાનો) (૨)
(૨૬) રૂમ, ખંડ (૨)
(૨૭) નાના બાળકને ..... (૩)
(૩૦) નામંજૂર (૩)
(૩૧) ગભરાટ, ગરબડ, કોલાહલ (૫)
(૩૨) રૂઆબ, વટ (૪)

**ઊભી ચાવી**

(૧) ધાતુનાં વાસણ સાંધવાનું રેણ (૩)
(૨) આ દેવને કોઈ ના બોલાવે (૨)
(૩) માળિયું, નાનો મેડો (૪)
(૪) દ્વેષ, એક રેલવે સ્ટેશન (૨)
(૫) માનસિક રીતે અસંતુલિત (૩)
(૬) પછી, ઓછું કરવું તે (૨)
(૮) એકવીસ પહેલાં આવે (૨)
(૯) કૃતિપ્રેરક, મંડનાત્મક (૫)
(૧૧) એક વિશાળકાય પ્રાણી (૨)
(૧૨) બોલતો પરદો, ફિલ્મ (૪)
(૧૩) મારી પત્નીની મમ્મીની દીકરી (૨)
(૧૪) ઈન્કાર, ના (૨)
(૧૫) કકળાટ (૪)
(૧૭) દૂર, વેગળા (૩)
(૧૯) રિસાઈ જવાની આદત (૩)
(૨૨) ગમે તેમ બોલવું તે (૪)
(૨૪) અતિશય, ખૂબ હોવું તે (૪)
(૨૫) .....ના મુજ મૃત્યુને (૨)
(૨૮) માન્ય હોવાપણું (૩)
(૨૯) ..... ઉપર કાપડ વણાય (૨)
(૩૦) થમ્સ ....., એક પીણું (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સત્ય ઉચ્ચારવામાં ખચકાટ શાનો?' પંક્તિમાં 'ખચકાટ' શબ્દનો અર્થ જણાવો.

અ) અભિમાન બ) ગભરાટ ક) આનાકાની ડ) ઉતાવળ

### માતૃભાષાની મહેક

પડતર જમીનમાં ઊગતા કોકમ રસોઈમાં ખટાશ લાવવા માટે વપરાય છે. જીભના ચટાકા ઉપરાંત ગુણકારી પણ ગણાયા છે. કોકમઃ કાળું કાળું કોકમ, ખુજલી માટે જોખમ, એસિડિટીથી થાય આહ, તો કોકમ મટાડે દાહ. કોકમ - જોખમ, આહ - દાહનો પ્રાસ બેસાડી કેવી મજેદાર રીતે સ્વાસ્થ્યની સમીક્ષા કરવામાં આવી છે.

### સુડોકુ-૯૧૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૩ | | ૯ | | | ૭ | |
| ૭ | | ૧ | ૨ | | | | | |
| ૬ | | | | | | ૧ | | |
| | | | | | ૭ | | | |
| ૯ | ૮ | | | | | | ૩ | ૪ |
| | | | ૮ | | | | | |
| | | ૫ | | | | | | ૬ |
| | | | | | ૮ | ૪ | | ૩ |
| | ૩ | | | ૨ | | ૯ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૮ | ૨ | ૭ | ૫ | ૬ | ૧ | ૯ |
| ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૪ | ૭ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | ૯ | ૫ | ૩ | ૬ | ૮ | ૪ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૪ | ૯ | ૫ | ૨ | ૩ | ૭ | ૮ |
| ૨ | ૮ | ૩ | ૧ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ |
| ૯ | ૪ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૧ | ૭ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૮ | ૬ | ૧ | ૯ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

અમુક બાબત કોશિશ વગર થતી હોય છે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

નહીં ને નહીં તેડું તમાશાને ખેડુ બાવળિયાને

### ઈર્શાદ

અમીર દોસ્ત! આ પૈસાના ઢગની નીચેથી,
ખમીર તારું જો નીકળ્યું, ગરીબડું નીકળ્યું.

- રઈશ મનીઆર

### માઈન્ડ ગેમ

યુરોપ તેમજ નોર્થ અમેરિકામાં મળતું કયું ફળ કાચું ખાઈએ તો ઝેરી ગુણધર્મ ધરાવે છે પણ રાંધીને ખાવાથી ગુણકારી હોય છે?

અ) બ્લૂબેરી બ) ક્રેનબેરી
ક) એલ્ડરબેરી ડ) રોઝરબેરી

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| CACTUS | થોર |
| CADRE | ઢાંચો |
| CAFTAN | ઝભ્ભો |
| CAGE | પાંજરું |
| CALAMITY | આપત્તિ |

ગુજરાત મોરી મોરી રે
ફૂટેલું મોતી ને તૂટેલું મન ન સાંધી શકાય

ઓળખાણ પડી?
ARCTIC Ocean

માઈન્ડ ગેમ
કોબી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પતિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવનાકર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) વિજય આસર (૪૪) કમલ માતલિયા

# જાદુ જેનેરિક ડ્રગ્સનો...

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ પાંચેક વર્ષમાં ૧૩૦ અબજ ડૉલરનું કદ હાંસલ કરશે અને તેમાં જેનેરિક ક્ષેત્રે વૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. હવે ફાર્મા ઉદ્યોગના સ્વાસ્થ્ય માટે જેનેરિક ડ્રગ્સનો જાદુ કેટલો કારગત નિવડશે, એ તો સમય જ જણાવશે!**




અમેરિકાએ ટેરિફ ટેરરિઝમ શરૂ કર્યું છે ત્યારથી ભારતીય ઉદ્યોગ ક્ષેત્રે ખાસ કરીને આઇટી અને ફાર્મા સેગમેન્ટમાં નકારાત્મક અસર પડવાની ભીતિ ચર્ચાઇ રહી છે ત્યારે આપણે ટ્રમ્પના અણધાર્યા ટેરિફ ટોરપિડોની આડ આસર બાજુએ રાખીને, ભારતીય ઔષધ ક્ષેત્રના આગામી પાંચ વર્ષના રોડ મેપ પર નજર ફેરવીએ તો આ સેકટરના ભાવિનો કંઇક અંદાજ મેળવી શકાશે.

ઓષધ ક્ષેત્રના અભ્યાસ પરથી એક વાત ઉપસી આવી છે કે આગામી સમય જેનેરિક ડ્રગ્સનો રહેવાનો છે. ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગએ તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોઈ છે, ખાસ કરીને જેનેરિક દવાઓનું બજાર મુખ્ય ફાળો આપનાર તરીકે ઉભરી આવ્યું છે. સરકાર દ્વારા પણ આજકાલ જેનેરિક દવા વિશે જાગૃતિ માટે ખાસ અવેરનેસ કાર્યક્રમો અને પ્રસાર, પ્રચાર થતો જોવા મળે છે.

આ દવાઓમાં એ જ બધી સામગ્રી હોય છે, જે બ્રાન્ડેડ દવાઓમાં હોય છે પણ તે તેનાથી ઘણી ઓછી કિંમતે વેચાય છે. વ્યાજબી દરમાં આરોગ્યની કાળજી લેવાની વધતી જતી માગની સાથોસાથ સરકાર પણ ફાર્માસ્યુટિકલ ક્ષેત્રને સહયોગ આપી રહી છે, જેથી તેમના વિકાસ માટે તેઓ અનુકૂળ વાતાવરણ સર્જી શકાય.

સર્વેક્ષણ અભ્યાસને આધારે એક અહેવાલમાં ભારતીય ફાર્માસ્યુટિકલ બજારનું કદ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૩૦ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં જેનેરિક દવા આ વૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારત વૈશ્વિક સ્તરે જેનરિક દવાનો સૌથી વધુ પુરવઠો પૂરો પાડે છે, વોલ્યુમની દ્રષ્ટિએ ભારત વૈશ્વિક બજારનો લગભગ વીસ ટકા હિસ્સો ધરાવે છે, એવો દાવો ઇન્ડિયન બ્રાન્ડ ઇક્વિટી ફાઉન્ડેશન (આઇબીઇએફ)એ પોતાના અહેવાલમાં કર્યો છે.

ગરીબ લોકોને આરોગ્ય વિમો પૂરો પાડતી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) જેવી સરકારી પહેલથી સસ્તી દવાઓને સરળતાથી મેળવી શકાય છે. ભારતનું મજબૂત ફાર્માસ્યુટિકલ ઉત્પાદક ક્ષેત્ર પણ હંમેશાં એ વાતની ખાતરી કરે છે કે, તેઓ ઉચ્ચ-ગુણવત્તાવાળી અને મૂલ્ય-અસરકારક (તુલનાત્મક ધોરણે બ્રાન્ડેડ દવા કરતા સસ્તી) દવાઓનો સ્થિર પૂરવઠો પૂરો પાડી શકે.

દેશનું નિયમનકારી માળખું પણ એ વાતની ખાતરી આપે છે કે, આ દવાઓ બ્રાન્ડેડ દવાઓ જેટલી જ સલામત અને અસરકારક ધોરણો પૂરા કરે. જેને પરિણામે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજાર ભારત પર મોટેપાયે આધાર રાખે છે. આઇબીઇએફના આંકડા અનુસાર, ૨૦૨૧માં ભારતની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ ૧૬ બિલિયન ડોલરે પહોંચી હતી, જે હવે ૨૦૩૦ સુધીમાં અનેકગણી મોટી હરણફાલ ભરશે.

જેનેરિક દવાઓની કિંમત ૮૫ ટકા જેટલી સસ્તી હોય છે. જેનેરિક દવાનો સૌથી મોટો ફાયદો, તેના અત્યંત વ્યાજબી ભાવ છે. બ્રાન્ડેડ દવાઓ સાથે સંકળાયેલા પ્રારંભિક સંશોધન તથા વિકાસ ખર્ચ ઉત્પાદકોએ કરવાનો રહેતો નથી, તેથી તેઓ નોંધપાત્ર રીતે ઓછી કિંમતે દવાઓ ઓફર કરી શકે છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇઝીંગ ઓથોરિટી (એનપીપીએ) અનુસાર, આ દવાઓની કિંમત ૮૫ ટકા જેટલી ઓછી આંકી શકાય છે, જેનાથી તે મોટી જનસંખ્યા સુધી પહોંચી શકે.

સરકારના પ્રોત્સાહન અને વધતી જાગૃતિનો લાભ જેનેરિક દવાના ઉત્પાદક ઉદ્યોગોને પણ સારો લાભ મળી રહ્યો છે. ભારતના ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની મજબૂત ઉત્પાદન ક્ષમતાઓ અને સહાયક સરકારી નીતિઓ દ્વારા સતત વિકાસ પામી રહ્યું છે. જેનેરિક દવાઓ વધતા આરોગ્ય સંભાળ ખર્ચ માટે એક સસ્તો ઉકેલ પૂરો પાડે છે, જેનાથી ગ્રાહકો અને આરોગ્ય સંભાળ પ્રણાલી બંનેને ફાયદો થાય છે. જેમ જેમ ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્લોબલ લીડર તરીકે પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે, તેમ-તેમ બજાર વધુ વિસ્તરવાની અપેક્ષા છે.

એક નોંધપાત્ર સિદ્ધિમાં, ગયા નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતમાંથી ફાર્માસ્યુટિકલ નિકાસ ૩૦ બિલિયન ડોલરને વટાવી ગઈ છે અને તેમાં અમેરિકા દેશના ફાર્મા નિકાસના એક તૃતીયાંશ કરતાં વધુ હિસ્સા સાથે મુખ્ય બજાર રહ્યું છે.

સત્તાવાર વેપાર ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫માં ફાર્માસ્યુટિકલ નિકાસ ૩૦,૪૬૭.૩૨ મિલિયન ડોલર સુધી પહોંચી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૭,૮૫૧.૭૦ મિલિયન ડોલર કરતા નવ ટકાથી વધુનો વધારો દર્શાવે છે.

અહેવાલમાં જણાવાયું છે કે દેશ નવ ટકાના ફાર્મા નિકાસ વૃદ્ધિદર સાથે, જેનેરિક દવાઓનો વિશ્વનો સૌથી મોટો સપ્લાયર પણ બની ગયો છે. આ વૃદ્ધિદર વૈશ્વિક સરેરાશ કરતા લગભગ બમણો છે.

ઉપલબ્ધ ડેટા અનુસાર, માર્ચ મહિનામાં, વાર્ષિક તુલનાત્મક ધોરણે ફાર્મા નિકાસ ૩૦ ટકાથી વધુના વધારા સાથે ૩,૬૮૧.૫૧ મિલિયન ડોલરના સ્તરે પહોંચી હતી, જે ગયા નાણાકીય વર્ષના સમાન મહિનામાં ૨,૮૦૫.૭૧ મિલિયન ડોલરની સપાટીએ રહી હતી.

અમેરિકામાં નિકાસ (મૂલ્યની દ્રષ્ટિએ) નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧૪.૨૯ ટકા વધીને ૮,૯૫૩.૩૭ મિલિયન જોલર નોંધાઇ છે. ગયા નાણાકીય વર્ષમાં ભારતની ફાર્મા નિકાસમાં ટોચના અન્ય દેશો યુકે, બ્રાઝિલ, ફ્રાન્સ અને દક્ષિણ આફ્રિકા હતા.

દરમિયાન, એક અહેવાલમાં જણાવાયું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬માં સ્થાનિક ફાર્માસ્યુટિકલ્સ બજાર વાર્ષિક ધોરણે આઠથી નવ ટકાના દરે વધવાની ધારણા છે. આ અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે આ ક્ષેત્રમાં વૃદ્ધિ દર વર્ષે ૭.૫-૮.૦ ટકા રહેશે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં વાર્ષિક ધોરણે ૬.૫ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૩માં વાર્ષિક ધોરણે ૯.૯ ટકા વૃદ્ધિ નોંધાઇ હતી.

ફેબ્રુઆરીમાં, ફાર્મા બજારે વાર્ષિક ધોરણે ૭.૫ ટકાની આવક નોંધાવી હતી. આ વૃદ્ધિ કિંમતમાં વૃદ્ધિ (૫.૨ ટકા વાર્ષિક ધોરણે) અને નવા લોન્ચ (૨.૪ ટકા વાર્ષિક ધોરણે) દ્વારા પ્રેરિત હતી, જ્યારે વોલ્યુમ વૃદ્ધિ વાર્ષિક ધોરણે નકારાત્મક ૦.૨ ટકા જેવી મંદ રહી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. આ ક્ષેત્રે નાણાકીય વર્ષ ૨૦૨૫માં માર્ચ, ૨૦૨૫ સુધીમાં સરેરાશ ૭.૩ ટકા વૃદ્ધિ નોંધાવી હતી. ભાવ વૃદ્ધિ ૫.૫૦ ટકા રહી હતી, જ્યારે નવી લોન્ચ અને વોલ્યુમ વૃદ્ધિ ૨.૭૦ ટકા જેટલી રહી હતી. ■

### ભારતની ફાર્મા નિકાસ ત્રીસ અબજ ડૉલરને વટાવી ગઈ

એક નોંધપાત્ર સિદ્ધિમાં, ગયા નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતમાંથી ફાર્માસ્યુટિકલ નિકાસ ૩૦ બિલિયન ડોલરને વટાવી ગઈ છે અને તેમાં અમેરિકા દેશના ફાર્મા નિકાસના એક તૃતીયાંશ કરતાં વધુ હિસ્સા સાથે મુખ્ય બજાર રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં સ્થાનિક ફાર્માસ્યુટિકલ્સ બજાર વાર્ષિક ધોરણે આઠથી નવ ટકાના દરે વધવાની ધારણા છે.

સત્તાવાર આંકડાકીય માહિતી અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫માં ફાર્માસ્યુટિકલ નિકાસ ૩૦,૪૬૭.૩૨ મિલિયન ડોલર સુધી પહોંચી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૭,૮૫૧.૭૦ મિલિયન ડોલર કરતા નવ ટકાથી વધુનો વધારો દર્શાવે છે. અહેવાલમાં જણાવાયું છે કે દેશ નવ ટકાના ફાર્મા નિકાસ વૃદ્ધિ દર સાથે, જેનરિક દવાઓનો વિશ્વનો સૌથી મોટો સપ્લાયર પણ બની ગયો છે. આ વૃદ્ધિદર વૈશ્વિક સરેરાશ કરતા લગભગ બમણો છે.

---

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

# સિમેન્ટ કૌભાંડે અંતુલેની સરકારને હચમચાવી નાખી

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



અબ્દુલ રહેમાન અંતુલે. ઘણાં બેરિસ્ટર એ. આર. અંતુલે કહીને પણ સંબોધન કરતા હતા. આ જનાબને નામે બે વિશિષ્ટતા અંકિત છે. એક, મહારાષ્ટ્રના પહેલા અને અત્યાર સુધીના એક માત્ર મુસ્લિમ મુખ્ય પ્રધાન. બે, સિમેન્ટ કૌભાંડને લીધે મુખ્ય પ્રધાનની ગાદી છોડનારા રાજકારણી.

અંતુલે વિશે કહી શકાય કે તેઓ ગાંધી પરિવારના અને ખાસ તો ઈંદિરા ગાંધીના અતિ-વિશ્વાસુ હતા. મૂળ મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતના શ્રીવર્ધનના રહેવાસી. તેઓ ૧૯૬૨થી ૧૯૭૬ વચ્ચે મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્ય હતા. આ અવધિમાં તેમણે અનેક મંત્રાલય સંભાળ્યા, જેવા કે કાયદા અને ન્યાયતંત્ર, બંદર અને મત્સ્ય ઉદ્યોગના રાજ્યકક્ષાના પ્રધાન, પછી સંસદીય બાબતો અને ગૃહ નિર્માણ ખાતાના પ્રધાન.

૧૯૭૬થી ૧૯૮૦માં અંતુલે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૮૦માં તેઓ ફરી મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા હતા. આ વખતે કૉંગ્રેસ મોવડીમંડળે તેમના પર ખૂબ મહેરબાની કરી. અંતુલેને મુખ્ય પ્રધાનની ગાદી સોંપાઈ. તેઓ ૧૯૮૦ના જૂનથી ૧૯૮૨ના જાન્યુઆરી સુધી જનાબ અંતુલેનો મુખ્ય પ્રધાન તરીકે કાર્યકાળ. એમનું નામ પણ દેશના કે રાજ્યના અગણિત મુખ્ય પ્રધાનોની યાદીનું એક બની રહેત પણ નિયતિમાં કંઈક અલગ જ લખાયું હતું.

અંતુલેના શાસનકાળ વખતે સિમેન્ટ એકદમ દુર્લભ જણસ હતી. હા, માગના પ્રમાણમાં પુરવઠો ઓછો હતો. આથી ન્યાયિક વહેંચણી માટે સિમેન્ટના ઉત્પાદન અને વિતરણ પર સરકારનો અંકુશ હતો. બિલ્ડર ગમે તેટલો તીસમારખાં હોય પણ તેણે સરકારી રેશનની જેમ જ સિમેન્ટ મેળવવી પડતી હતી. સિમેન્ટના અભાવ કે વિલંબથી બિલ્ડર્સના પ્રોજેક્ટ લંબાતા જતા હતા અને નાણાં અટવાયેલા રહેતા હતા. આ બધું સમુસૂતરું અને સાંગોપાંગ પાર પડે એટલે ૧૯૭૮ની ૧૨મી સપ્ટેમ્બરે રાજ્ય સરકારે આદેશ બહાર પાડીને સિમેન્ટના વેચાણ અને વિતરણને સરકારી અંકુશ હેઠળ લઈ લીધા હતા. રાજ્યભરમાં અધિકૃત સરકારી ડિલર દ્વારા જ સિમેન્ટના વેચાણ - વિતરણની છૂટી હતી. પહેલી નજરે આ વ્યવસ્થા તર્કબદ્ધ, ન્યાયી અને લોકતાંત્રિક લાગે. હકીકતમાં ઉદ્દેશ ઉમદા જ હતો કે બધા બિલ્ડર વચ્ચે સમકક્ષ સ્તરે સ્પર્ધા થાય. કોઈને ગેરબંધારણીય છૂટછાટ ન મળે કે નાણાંની રેલમછેલ કરીને સિમેન્ટની સંગ્રહખોરી ન કરી શકે.

એ સમયે કલાકારો અને ડિઝાઈનરોને ટેકો આપવાના ઉદ્દેશ સાથે અંતુલેએ એક ટ્રસ્ટ રજિસ્ટર કરાવ્યું હતું. નામ રાખ્યું હતું ઈંદિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાન. આવકાર્ય પહેલ. પરંતુ થયું શું હતું? જે બિલ્ડર આ ટ્રસ્ટમાં રોકડ રકમ દાન તરીકે આપે એને અંતુલે સરકાર તરફથી ફટાફટ અને આઉટ-ઑફ-ટર્ન મોટા જથ્થામાં સિમેન્ટ માટેની પરમિટ મળી જતી હતી. ને ડોનેશન ન અપાવનારા બિલ્ડર્સ પોતાના વારા આવવાની રાહ જોતા મોઢું વકાસીને બેસી રહેતા હતા.

આ બધુ મસ્ત છાનું ને છપનું ચાલતું હતું પણ ૧૯૮૧ની ૩૧મી ઑગસ્ટની સવારે બધુ પર્દાફાશ થઈ ગયું. અંગ્રેજી દૈનિક 'ઈન્ડિયન એક્સપ્રેસ' સિમેન્ટ ક્વૉટા ફાળવવામાં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરાયો હતો.

અખબારના એક્ઝિક્યુટિવ એડિટર અરૂણ શૌરી આ સ્કુપને લીધે રાતોરાત રાષ્ટ્રીય હીરો બની ગયા હતા. અખબારમાં એકદમ વ્યવસ્થિત સંશોધન બાદ પુરાવા અને પૃથ્થકરણ સાથે પ્રગટ થયેલા ૭૫૦૦ શબ્દના અહેવાલે અંતુલે રાજના પાયા હચમચાવી નાખ્યા હતા. હવે ખતમ થઈ ગયેલા ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમની એ અનોખી તાકાત હતી.

જોકે રીઢા ગુનેગાર કે પીઢ રાજકારણી કંઈ જલદી ગુનો કબૂલી લે ખરા. રાજ્યના જ નહિ પણ દેશના રાજકારણ અને સમાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો. પરંતુ કૉંગ્રેસ મોવડીમંડળ અને અંતુલેનો દેખાવ એવો હતો કે જાણે તેમના પેટનું પાણી ય હલ્યું નહોતું.

પરંતુ રાજકારણીઓ આવો સોનેરી અવસર જવા દે ખરા? અને શા માટે જવા દેવો જોઈએ? ગોરેગાંવના સમાજવાદી નેતા પી. બી. સાવંત અને ભાજપના નગરસેવક રામદાસ નાયકે અદાલતના દરવાજા ખટખટાવ્યા. બાંદરાની ખેરવાડી વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા નાયકની ૧૯૯૪ની ૨૫મી ઑગસ્ટે ૫૨ વર્ષની ઉંમરે ગોળી મારીને હત્યા કરાઈ હતી. આ ખૂન દાઉદ ગેંગે કરાવ્યાનું જાહેર કરાયું હતું.

લાંબી કાનૂની લડત બાદ ૧૯૮૨ની ૧૨મી જાન્યુઆરીએ મુંબઈ હાઈ કોર્ટના જસ્ટિસ લેન્ટિને આ મામલાને ભ્રષ્ટાચારનો સાફ કેસ જાહેર કર્યો હતો. લેન્ટિન સાહેબે મુખ્ય પ્રધાન અંતુલે, બિલ્ડર્સ અને પ્રતિષ્ઠાનને અપાતા ડોનેશન વચ્ચે નેકસસ (nexus-કડી) હોવાનું સ્પષ્ટપણે જાહેર કર્યું હતું.

હવે અંતુલે માટે સત્તા પર ટકી રહેવાનું મુશ્કેલ હતું. મોવડીમંડળના ઈશારાને માન આપીને તેમણે મુખ્ય પ્રધાનની ગાદી છોડી દીધી, પરંતુ આટલી મોટી બદનામી છતાં એમની રાજકીય કારકિર્દી પર પૂર્ણવિરામ મુકાયું નહોતું હો. (ક્રમશઃ)■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# તેલના ભંડાર માટે વેનેઝુએલા પર આક્રમણ કરશે અમેરિકા?


ટ્રમ્પ


નિકોલસ માદુરો

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ઘણા ગાંડા ગણે છે, પરંતુ તેમની મેડનેસમાં મેથડ છે. ટ્રમ્પ દિવસ-રાત બિઝનેસ અને જાતભાતની ડીલનું જ વિચારતા હોય છે. તેમના પ્રથમ કાર્યકાળથી તેમનો ડોળો વેનેઝુએલાના તેલના ભંડાર પર છે. બીજી મુદતમાં તેમણે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો પર પ્રેશર વધારી દીધું છે. છેલ્લાં બે મહિનાથી અમેરિકાનું લશ્કરી યુદ્ધજહાજ, ફાઈટર જેટ, બોમ્બર, મરીન, ડ્રોન અને જાસૂસી વિમાન વડે કેરબિયનમાં જમાવટ કરી રહ્યું છે. દાયકાઓ પછી અમેરિકાએ વેનેઝુએલા સામે આવી જમાવટ કરી છે. વિશ્વનું સૌથી મોટું યુદ્ધ વાહક જહાજ પણ આ વિસ્તારમાં રવાના કરવામાં આવ્યું છે. અમેરિકાએ ૧૫ વાર વેનેઝુએલાની હોડી પર હુમલો કર્યો છે અને ૬૫ લોકોન મારી નાખ્યા છે. અમેરિકા કહે છે કે આ નાની હોડીઓમાં ડ્રગ્સ હોવાથી અમે એનો નાશ કર્યો.

આ હુમલાની બીજા દેશોએ અને નિષ્ણાતોએ ટીકા કરી છે. હકીકતમાં ડ્રગ્સ તો બહાનુ છે. ટ્રમ્પ આમ કરીને વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને ભીંસમાં લેવા માગે છે, જેથી ત્યાં કઠપૂતળી સરકાર રચી શકાય અને તેલના ભંડાર અમેરિકાના હાથમાં આવી જાય.

આટલી બધી જમાવટ બાદ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ઓચિંતો યુ-ટર્ન લીધો છે અને હવે તે કહે છે કે અમારો ઈરાદો વેનેઝુએલા પર હુમલો કરવાનો નથી. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયોના સૂર પણ અચાનક બદલાયા. જીયો પોલિટિક્સના જાણકારો કહે છે કે માદુરો રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળવા ગયા હતા અને પુતિને ટ્રમ્પને ધમકી આપી છે કે અમારી સાથે વ્યૂહાત્મક સંરક્ષણ ડીલ કરનાર માદુરોને બચાવવા અમે ગમે તે હદે જઈશું. પુતિનની ધમકીને પગલે ટ્રમ્પના તેવર બદલાઈ ગયા છે. ટ્રમ્પ હવે કહે છે કે અમારો સાઉથ અમેરિકાના દેશ વેનેઝુએલા સાથે યુદ્ધ કરવાનો ઈરાદો નથી. જોકે બીજી તરફ, તેમણે દાવો કર્યો હતો કે માદુરોના દિવસો ગણાઈ રહ્યા છે. પોતાને 'પ્રેસિડન્ટ ઓફ પીસ' જાહેર કરનાર ટ્રમ્પ વેનેઝુએલા પર કેફીદ્રવ્યોની હેરફેરનો આક્ષેપ કરે છે. હકીકતમાં અમેરિકામાં સૌથી વધારે ડ્રગ્સ તો કોલંબિયા અને હવે મેક્સિકોમાંથી આવે છે, પરંતુ તેની સામે આવા પગલાં ઉઠાવવામાં આવતાં નથી. અમેરિકા તો માદુરોને પ્રમુખ જ ગણતા નથી અને તેમના માથા પર પાંચ કરોડ અમેરિકન ડૉલરનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. જ્યાં સુધી વેનેઝુએલાનું લશ્કર માદુરો સાથે છે ટ્રમ્પ તેનું કશું બગાડી શકવાના નથી.

ટ્રમ્પને તો હતું કે નોબલ પીસ પ્રાઈઝ તેમને મળશે, પરંતુ આ ઈનામ વેનેઝુએલામાં લોકશાહી માટે લડતા વિરોધ પક્ષના નેતા મારિયા કોરિના મચાડોને મળતાં ટ્રમ્પની મનની મનમાં રહી ગઈ.

અમેરિકાનો મુખ્ય આરોપ છે કે વેનેઝુએલાના પ્રમુખ કોકેનની હેરફેર કરે છે. તેમને માટે ઈનામ પણ જાહેર કર્યું છે..અમેરિકાએ કેરેબિયન સમુદ્રમાં ડ્રગ્સ વિરોધી મિશનના નામે સૈન્ય જહાજો અને ફાઇટર જેટ્સ તૈનાત કર્યા છે.

અમેરિકાએ વિપક્ષના નેતા જુઆન ગાઈડોને વેનેઝુએલાના કાર્યકારી પ્રમુખ તરીકે માન્યતા આપી હતી.

હાલમાં અમેરિકા - વેનેઝુએલા વચ્ચેનો તણાવ ચરમસીમાએ છે અને સૈન્ય તૈનાતી થઈ રહી છે, પરંતુ યુદ્ધ થવાની સંભાવના અનિશ્ચિત છે. અમેરિકાએ કેરેબિયન સમુદ્રમાં મોટા યુદ્ધ જહાજો, એરક્રાફ્ટ કેરિયર્સ અને સૈનિકો તૈનાત કર્યા છે, જેને માદુરોએ 'નવું યુદ્ધ શરૂ કરવાનો પ્રયાસ' ગણાવ્યો છે. માદુરોએ પણ રશિયન શસ્ત્રો અને સૈનિકોને કિનારાઓ પર તૈનાત કરીને જવાબ આપ્યો છે.. અમેરિકા માદુરોને સત્તા પરથી હટાવવા માટે લશ્કરી પગલું ભરી શકે છે, પરંતુ સત્તાવાર રીતે તેને ડ્રગ્સ વિરોધી મિશન ગણાવે છે. જોકે, સંપૂર્ણ સશસ્ત્ર સંઘર્ષ મોટો ખતરો છે અને મોટાભાગના નિષ્ણાતો માને છે કે અમેરિકા મુખ્યત્વે આર્થિક પ્રતિબંધો અને લશ્કરી દબાણ દ્વારા માદુરો સરકારને નબળી પાડવા માંગે છે અને સીધો હુમલો ટાળવા માગે છે.

આ તરફ, ચીન અને રશિયા બંને માદુરોને મજબૂત રીતે ટેકો આપી રહ્યા છે. રશિયા વેનેઝુએલાનું મુખ્ય લશ્કરી સપ્લાયર છે, જે વેનેઝુએલાને આધુનિક શસ્ત્રો અને મિસાઈલ સિસ્ટમ (જેમ કે S-૩૦૦) પૂરા પાડે છે. તે આંતરરાષ્ટ્રીય મંચો પર માદુરોના શાસનને મજબૂત રાજકીય સમર્થન આપે છે. : વેનેઝુએલાને ટેકો આપવો એ રશિયા માટે લેટિન અમેરિકામાં પોતાનો પ્રભાવ વધારવાનો અને તેના કટ્ટર હરીફ અમેરિકાના વર્ચસ્વને પડકારવાનો માર્ગ છે. રશિયાની મોટી ઓઇલ કંપનીઓ વેનેઝુએલાના ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરે છે અને અમેરિકન પ્રતિબંધોથી બચવા માટે માદુરોને મદદ કરે છે. ચીન વેનેઝુએલાને સૌથી મોટા ધિરાણકર્તાઓમાંનું એક છે. ચીને વેનેઝુએલાના તેલના બદલામાં અબજો ડૉલરની લોન આપી છે. ચીન વેનેઝુએલાને એક વ્યૂહાત્મક ભાગીદાર તરીકે જુએ છે. તે અમેરિકાના પડોશમાં પોતાનો આર્થિક અને રાજકીય પગપેસારો વધારવા માંગે છે. વેનેઝુએલાના વિશાળ તેલ ભંડાર ચીનની ઊર્જા જરૂરિયાતો માટે લાંબા ગાળાની સુરક્ષા પૂરી પાડે છે.

રશિયા અને ચીન બંને વેનેઝુએલામાં માદુરોની સરકારને ટેકો આપીને બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થા ને પ્રોત્સાહન આપવા માંગે છે, જ્યાં અમેરિકા એકમાત્ર મહાસત્તા ન હોય. વેનેઝુએલા તેમના માટે અમેરિકા વિરુદ્ધ એક મહત્વપૂર્ણ ગઢ છે.

માદુરો શાસન માટે નોબલ પુરસ્કાર એક મોટો રાજદ્વારી ફટકો છેઃ વેનેઝુએલા સરકારે આ પુરસ્કારની જાહેરાતને 'રાજકીય હસ્તક્ષેપ' ગણાવી છે. સરકારે નોર્વેમાં આવેલા પોતાના દૂતાવાસને પણ બંધ કરી દીધો. મારિયા કોરિના મચાડોનો નોબેલ પુરસ્કાર વેનેઝુએલામાં લોકશાહી ચળવળ માટે એક મહત્ત્વપૂર્ણ જીત છે, પરંતુ સાથે જ તેનાથી માદુરો સરકાર સાથેનો તણાવ અને સંઘર્ષ પણ વધ્યો છે.

વેનેઝુએલાની સરકારની આવકનો ૯૦% થી વધુ હિસ્સો તેલ પર આધારિત હોવાથી આ પ્રતિબંધોએ સમગ્ર દેશને અસર કરી છેઃ સરકારી તેલ કંપની પરના પ્રતિબંધોને કારણે તે વેપાર માટે વૈશ્વિક બજારોને ઍક્સેસ કરી શક્યું નહીં. તેલની નિકાસમાંથી આવતી આવક બંધ થઈ જતાં, સરકાર પાસે આયાતી ખોરાક, દવાઓ અને અન્ય આવશ્યક વસ્તુઓ ખરીદવા માટે યુએસ ડૉલર જેવી વિદેશી મુદ્રાની ગંભીર અછત ઊભી થઈ છે. આ અછત અને ખોટી નાણાકીય નીતિઓએ મળીને દેશમાં વર્ષો સુધી અતિ-ફુગાવાની સ્થિતિ સર્જી, જેના કારણે નાગરિકોની ખરીદશક્તિ નાશ પામી. આર્થિક પતન અને આવશ્યક ચીજવસ્તુઓની અછતને કારણે માનવતાવાદી કટોકટી ઊભી થઈ.

ટ્રમ્પની ધમકીઓ પછી હુમલો કરવાની વાતને રદિયા છતાં વેનેઝુએલા પર આક્રમણનાં વાદળાં ઘેરાયેલાં છે. ટ્રમ્પ ક્યારે ફરી જાય કહેવાય નહીં. જો ટ્રમ્પ હુમલો કરશે તો અમેરિકા અને રશિયા વચ્ચે તણાવ વધશે અને તે વિશ્વયુદ્ધને નોતરી શકે. ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# બધું મળી રહ્યું છે 24 by 7, પણ ક્યાં છે પહેલા જેવો આનંદ?

**એક જમાનામાં તમારા પ્રિયજનને પ્રેમ પત્ર પહોંચાડવો પણ કપરું કામ હતું. આજે તમે ઈચ્છો ત્યારે મળી શકો. પહેલાં તો અછડતો હાથ કે પ્રેમિકાનો ઊડતો દુપટ્ટો સ્પર્શી જતો તો તે પણ ઝણઝણાટી કરાવી જતો હતો.... અને આજે?**

...અને આજે બધું બહુ સહજ થઈ ગયું છે. માણસને બંધન કે નિયંત્રણ ગમતાં નથી, પરંતુ સંઘર્ષના કારણે કોઈ વસ્તુ કે સિદ્ધિ મેળવવાનો આનંદ લાંબો ટકે તેવો અનેરો હોય છે.

જસ્ટ વિચારો, ધર્મેન્દ્ર- અમિતાભ બચ્ચન કે પછી શર્મિલા ટાગોર, ઈત્યાદિને શરૂઆતમાં કોઈ ને કોઈ કારણસર પડકાર ન મળ્યા હોત તો એ પોતાની સિદ્ધિ આજ જેટલી માણી શક્યા હોત? સંઘર્ષ વગર સફળતા મળતી નથી. સરળતાથી મળેલી ચીજનું કોઈ મહત્ત્વ હોતું નથી.

નવી પેઢી ડ્રગ્સ તરફ કેમ વળી રહી છે? તેનાં બે કારણ હોઈ શકે. એક તો તેનાથી એને આનંદ મળે છે, પણ એ બધું ક્ષણિક હોય છે. પિઝા પાર્ટી કરી પણ તેનો સ્વાદ, મિત્રો સાથે કરેલી મજા કેટલા દિવસ ટકે છે? સોશ્યલ મીડિયામાં તો પાર્ટીના ફોટોને લાઇક મળે તે પણ આનંદનો વિષય ખરો, પણ આવા આનંદ પછી નિરાશા અથવા કંટાળો આવે છે એટલે ડ્રગ્સનો આનંદ જોઈએ છે. એ પણ લાંબો સમય ટકતો નથી એટલે એને લેવાની વારંવારતા (ફ્રીક્વન્સી) વધતી જાય છે. ડ્રગ્સ લેવાનું બીજું કારણ એ છે કે તે સહજ રીતે નથી મળતું. તેના પર કાયદાકીય નિયંત્રણ છે. એ લેતાં ઝડપાઈ જવાની બીક હોય છે, જે યુવાનને સહજ કીક આપે છે - રોમાંચ વધારે છે. આવો રોમાંચ પ્રેમિકાને કે પ્રેમીને મળવામાંય આજકાલ નથી આવતો. તે પણ સહજ બની ગયું છે. આજે તો પ્રેમી-પ્રેમિકા સહજ રીતે રોજ મળી શકે છે, સેક્સ પણ સહજ છે. પહેલાં તો અછડતો હાથ કે પ્રેમિકાનો ઊડતો દુપટ્ટાનો સ્પર્શ થવા માત્ર ચિત્તતંત્રને ઉત્તેજિત કરી જતો... પ્રેમિકાનો રૂમાલ કે પ્રેમીએ આપેલું ગુલાબ વર્ષો સુધી સાચવી રખાતું હતું. આજે? દર વેલેન્ટાઇને પ્રેમિકા અપેક્ષા રાખે કે પ્રેમી તેને નવી ભેટ આપે. એટલું જ નહીં, પ્રેમને વ્યક્ત કરવાની શૈલી પણ ફિલ્મી જોઈએ. ઘૂંટણિયે પડીને પ્રપોઝ કરવાથી ન ચાલે. એમાંય નવીનતા જોઈએ...




પાછું તેની રીલ પણ બનવી જોઈએ...!

વાસ્તવમાં આ અસર જમાનાની છે અને આ બધાનું કારણ બધું ૨૪ કલાક પ્રાપ્ય છે- સહજ રીતે મળે છે. યાદ કરો, પહેલાં દૂરદર્શન પર રાત્રે સાતથી અગિયાર વાગ્યા સુધી જ કાર્યક્રમો આવતા. ફિલ્મ અઠવાડિયે એક જ વાર માણવા મળતી. (તેમાંય 'રૂકાવટ કે લિયે ખેદ' આવી ગયું કે વાર્તા પૂરી!) એ જે રીતે દિવસમાં એક ચોક્કસ સમયે જ સમાચાર જોવા મળતા. ફિલ્મી ગીતો- 'ચિત્રહાર' તો સપ્તાહમાં બે જ દિવસે જોવા મળે. કપડાં અને જૂતાં દર દિવાળીએ જ નવાં લેવાં મળે. જન્મદિવસની પાર્ટી મિત્રો સાથે બહાર કરવાની? ભૂલી જાવ. જન્મદિવસે ઉજવણી કેવી રહેતી? વડીલોને પગે લાગવાનું અને આશીર્વાદ રૂપે બે-પાંચ રૂપિયા આપે તે લઈ સંતોષ માનવાનો. રૂટિનમાં રોજેરોજ ભાવતી વાનગી ન બને, પણ જન્મદિને મા બાળકને ભાવતી વાનગી બનાવી દે.... એક જ દફતર, એક જ કંપાસ બોક્સ વર્ષો વર્ષ ચલાવવાનાં. કાંડા ઘડિયાળ - સાઇકલ મળે તોય લક્ઝરી ગણાય. બાકી તો ચાલીને અથવા સરકારી બસમાં જવાનું. અને થિયેટરમાં ફિલ્મ જોવા જવી તે પણ વારંવાર નહીં, વર્ષે એકાદ કે બહુ-બહુ તો બે... સમાચાર માટે સવારે છાપાની રાહ જોવી પડતી. વિશેષ લેખો સાપ્તાહિક મેગેઝિનમાં જ વાંચવા મળતા. ઘરમાં લેન્ડલાઇન ટેલિફોન હતા જ નહીં અને હતા તો ઘર વચ્ચે એક જ. અત્યારે તો એક વ્યક્તિ બે-ત્રણ મોબાઇલ રાખતી થઈ ગઈ !

પાણી?. સૌરાષ્ટ્રમાં અઠવાડિયે અથવા પંદર દિવસે પાણી આવે. તેમાંથી જેટલું ભરાય તેટલું ભરી લેવાનું. આથી પાણીનું મહત્ત્વ એ સમયની સૌરાષ્ટ્રની પેઢી જેટલું સમજતી તેટલી આજે કોઈ સમજતું નથી અને જેમણે ફાનસ, કોડિયાનો સમય જોયો છે તે વીજળીનું મહત્ત્વ સમજે છે. એટલે આજની નવી પેઢી થોડો સમય પણ લાઇટ જાય અને એસી ચાલુ ન હોય તો અકળાઈ જાય છે તે રીતે જૂની પેઢી અકળાઈ નહોતી જતી. જેમણે ચૂલા અને સ્ટવ પર રસોઈ થતી જોઈ છે અને તેનો આનંદ આજેય ભૂલાતો નથી તેમને ગેસને લાઇટર અડાડો અને ગેસ ચાલુ થઈ જાય ત્યારે બનતી રસોઈનો એવો સ્વાદ આવતો નથી...

વાત ટૂંકાવીએ તો ૨૦૧૮ આસપાસ દેશમાં ૨૪ કલાક દુકાનો ખુલી રાખી શકાશે તેવો નિયમ થયો. પરિણામે ખાણીપીણી પણ ચોવીસ કલાક ઉપલબ્ધ થઈ. અને હવે તો ઑનલાઇન ઑર્ડર દ્વારા ઘરે બેઠાં 'રાઉન્ડ ધ ક્લોક' - ૨૪ કલાક મળે છે.

આજે આ દુનિયામાં 24 by 7 બધું જ મળે છે, નથી મળતો તો 'પેલો' આનંદ... ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# પૂનમની રાત ને પગારની વાત...




એક કવિ હતા. કવિ એટલે સો ટકા કવિ! કવિ સિવાય બીજું કંઈ જ નહીં. એ એવા કવિ હતા, જેમની આંખો તારાઓ જોઈને નૃત્ય કરવા લાગે, જે ચાંદને જોઈને કોઇ અદ્રશ્ય પ્રેમિકાની કલ્પના કરવા લાગે, જેનું મન નદીની લહેરો જોઈ એમાં પાણી ના હોય તોયે ડૂબી જાય છે, જે વર્ષા ઋતુમાં ઘેરાયેલાં કાળાં વાદળોને જોઈને કારણ વિના કોઇ અજાણ્યા જ કારણે રડવા માંડે! ભૈ, શું થાય? કવિ છે!

એ કવિનો એક મિત્ર હતો, જે એક ઓફિસમાં મામૂલી ક્લાર્ક હતો. ઓફિસમાં એના ટેબલ પર બેઠો હોય, કોઈને સલાહ આપતો હોય, ઘરમાં હોય અથવા રાત્રે પલંગ પર સૂતો હોય તો પણ એ બધે જ ક્લાર્કની જેમ જ જીવતો! એક ક્લાર્ક સિવાય એ બીજું કંઈ જ નહીં.

હવે વાત એક પૂનમની રાતની છે. ક્રીમ લગાડેલી સુંદર સ્ત્રીના જેવો અદ્દભુત ચાંદ આકાશમાં ખીલ્યો હતો. પેલા કવિનું મન એ ચાંદ જોઈને કથકલી ડાંસ કરવા લાગ્યું. એ તરત ક્લાર્ક પાસે ગયો.

કવિએ દરવાજો ખખડાવી, એ ક્લાર્કને ઘરની બહાર ખેંચી આવ્યો ને કહ્યું, 'અરે ભાઈ! તું ઘરમાં શું ભરાઈને બેઠો છે? જરા બહાર આવીને તો જો, આકાશમાં કેવો સુંદર ચાંદ ખીલ્યો છે! આવી રોમેન્ટિક પૂનમની રાતમાં ઘરમાં ભરાઈને રહેવું તો પાપ છે પાપ!'

પેલા ક્લાર્કે એના ચશ્માં સરખા કરતા ચાંદની તરફ જોયું. પછી એ બોલ્યો, 'ચાંદ તો સરસ છે, પણ ભાઈ! આનો આનંદ હું તારી સાથે નહીં ઉઠાવી શકું. તું જા, તને જ્યાં મન થાય ત્યાં ફરવા જા. સોરી!'

કવિ અડધો ગુસ્સામાં, અડધો ખુશ એવી હાલતમાં હોઠ પર કવિતા નચાવતો, હાથ હલાવતો, ત્યાંથી નીકળી ગયો.

થોડા દિવસો વિત્યા અને રાતો વિતી, એમને એમ ઘણા દિવસો પછી ફરી પાછી પૂનમની રાત આવી. અને ચાંદ જાણે પાછો નાહી-ધાઈને, સ્વચ્છ કપડા પહેરીને, ભૂરા રંગના આકાશમાં ઊભો મનમોહક ઈશારાઓ કરવા લાગ્યો! પેલા કવિનું ઘાયલ દિલ, જે અંધારી રાત જેવું બની ગયું હતું, એ ફરીથી જીવંત થઇ ગયું અને ખુશીથી મણિપુરી ઠુમકા મારવા લાગ્યું. કવિ પાછો ફરવા નીકળ્યો અને એના ક્લાર્ક મિત્રના ઘરે ગયો આવ્યો અને એને પૂછ્યું :

'તું આ ચમકતા ચાંદને જુએ છે! શું તને આવી સુંદર ચાંદની રાતમાં બહાર ફરવાની ઈચ્છા નથી થતી?'

કવિના આ ઇમોશનલ આગ્રહનો જવાબ ક્લાર્કે ફરીથી ઉદાસીભર્યા અસ્વીકારથી આપ્યો:-

'ભાઈ, તું જા! મારે અગત્યના કામની થોડી ફાઈલો પૂરી કરવાની છે. જો હું તારી સાથે ચાંદની રાતે ફરતો રહીશ તો આ ચાંદ જ કાલે સાહેબના ટેબલ પર ભારે પડશે. ભૈ, તું જા ફરવા ઓલા ચાંદ સાથે!'

કવિ ફરીથી ક્લાર્કના આવા રુખસુખા વર્તનથી આશ્ચર્યમાં ડૂબી ગયો અને એના ચમકતા રસ્તા પર ચાલવા માંડ્યો. પહેલાની જેમ જ ગણગણતો, કવિતાને ચૂસતો- ચાવતો.

ત્યાર બાદ થોડા દિવસો પસાર થયા હશે. એક દિવસ કવિ પોતાના ઘરે બેઠો હતો. બહાર લીમડાના ઝાડ પાસે ચાંદ એની રોજની તાકાતથી વધારે ખીલીને ઊભો હતો. ચાંદની એક કિરણ કવિના તકિયા સુધી આવી રહી હતી. કવિ આ સુંદર દૃશ્યથી અજાણ એની કવિતાની અમુક પંક્તિઓની રચનામાં ગૂંચવાયેલો હતો. એવામાં અચાનક પેલો બોરિંગ ક્લાર્ક કવિ પાસે આવ્યો અને કહેવા લાગ્યો:

'અરે કવિરાજ! તું ઘરમાં શું ભરાઈ રહ્યો છે? બહાર પૂનમનો પૂરો ચાંદ, કિરણોનું બોનસ વહેંચી રહ્યો છે અને તું અંદર છે? આ શું ઘરમાં થોડું ભરાઈને બેસવાનું? બહાર આવ, ચાલ ક્યાંક ફરીએ!'

કવિએ ચાંદને જોયો, પછી ક્લાર્કની સામે જોયું અને બોલ્યો, 'આજે પૂનમનો પૂરો ચાંદ તો નથી, પણ ક્લાર્ક રાજ, આજે તમને ચાંદનો નશો ચઢ્યો કેવી રીતે? અચાનક આજની રાત પૂનમની કેવી રીતે થઈ ગઈ? તું ક્લાર્ક નહીં, મારી જેમ કવિ બની ગયો કે શું?'

ત્યારે ક્લાર્કે કહ્યું, 'અરે યાર, આજે પહેલી તારીખ છે! પહેલી તારીખની રાત અમારા જેવા ક્લાર્ક માટે પૂનમની રાત જ હોય છે! એ દિવસે આ દેશના બધા જ ક્લાર્ક કવિ બની જાય છે! અરે, ટાઈપિસ્ટ જેવી ટાઈપિસ્ટ પણ ખીલી જાય છે. આજનો ચાંદ પહેલી તારીખનો ચાંદ છે! તેથી આ ચાંદ મને વધારે પ્રિય અને સુંદર પણ લાગે છે! સમઝે શાયર જી?' ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સ્પીકર ફોન ચાલુ કરીને વાતો કરવી કેટલી યોગ્ય?

**મોબાઈલનો** સ્પીકર ફોન ચાલુ કરીને વાત કરવી એ આધુનિક સમયની સુવિધા છે, પરંતુ તેના સાથે કેટલીક મહત્ત્વની વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે જેથી અન્યને અસુવિધા ન થાય અને વાતચીતની ગોપનીયતા જળવાઈ રહે.


માણસજાતની દેખાડા કરવાની વૃત્તિ અથવા પોતે બીજાઓ કરતાં વિશેષ છે એટલું સિદ્ધ કરવા માટે સામી વ્યક્તિની પરવાનગી વગર સ્પીકર ફોન પર વાતો કરતો હોય છે. સામાન્ય સંજોગોમાં સ્પીકર ફોન પર વાત કરવી હોય તો વાત કરનારની સંમતિ હોવી જરૂરી છે, પણ યહાં કૌન કીસ કી સુનતા હૈ?

આપણી પાસે મોબાઈલ આવી ગયો પણ તેના એટીકેટ મહદઅંશે પહોંચ્યા નથી. ત્રણ દાયકાથી મોબાઈલનો વપરાશ કરીએ છીએ ત્યારે આ વિષય સાવ આઉટડેટેડ હોવો જોઈએ, છતાં સ્પીકર ફોનને લઈને આજે પણ ઠપકો આપવો પડે એવી સ્થિતિ હોય છે. ઘણીવાર મિત્રોનો ફોન આવે એટલે થાય કે વાતમાં ખાનગી રાખવા જેવું કશું નથી અને અચાનક દોસ્તીના દાવે એ અપશબ્દ વાપરે ત્યારે મિત્રની બિનજરૂરી ઇમેજ પરિવારમાં ખરડાવવાનો આપણને અધિકાર હોતો નથી. ક્યારેક કોઈ એવી વાત નીકળી જાય જે બધા માટે જાણવી જરૂરી હોતી નથી, છતાં સ્પીકર મહત્ત્વના એટીકેટનો મુખ્ય ભાગ છે.

જ્યારે તમે સ્પીકર ચાલુ કરો છો તો સામેવાળી વ્યક્તિને તરત જ કહો કે હું સ્પીકર પર વાત કરી રહ્યો છું અથવા જો અન્ય લોકો હાજર હોય તો અમારી આસપાસ અન્ય લોકો છે... તેથી વાત સ્પીકર પર છે. આનાથી સામેવાળાને તેમની વાતની ગોપનીયતા વિશે જાગૃત કરી શકાય છે અને એ તે મુજબ વાત કરી શકે છે. જો તમે કોઈની સાથે હો અને સ્પીકર પર વાત કરવા માગતા હો, તો બીજી વ્યક્તિને પરવાનગી પૂછવી જ જોઈએ. જો તમે જાહેરમાં હો તો બીજી વ્યક્તિને કહો કે તમે સ્પીકર પર છો અને અન્ય લોકો સાંભળી શકે છે, જેથી સામેવાળો વ્યક્તિગત વાતો ટાળી શકે.

ઘણા નિષ્ણાતો માને છે કે બિનજરૂરી સ્પીકર વાપરવું એ અસભ્ય છે. જો તમે વેહિકલ ચલાવતા હોય અથવા તમારો હાથ કોઈ કામમાં વ્યસ્ત ન હોય તો સ્પીકર બંધ રાખવું જોઈએ.

ઘણીવાર વ્યક્તિ એવું માનતી હોય છે કે સ્પીકર ફોન પર વાત કરવાથી લોકોની નજરમાં ખાસ બની શકે છે, હકીકતમાં મહદંશે કોઈને તમારી વાતમાં રસ હોતો નથી. જાહેર સ્થળો જેમ કે બસ,



ટ્રેન, કાફે કે ઓફિસમાં સ્પીકર પર વાત કરવી ટાળો, કારણ કે તે આસપાસના લોકોને વિરોધ કરી શકે છે અને એમને તમારી વાતચીત સાંભળવી પડે છે જે એ ઈચ્છતા નથી. સાથે એ પણ ખ્યાલ રાખો કે સ્પીકર પર વાત કરતી વખતે અવાજની ક્વોલિટી ખરાબ થઈ શકે છે, તેથી શાંત જગ્યાએ રહીને વાત કરવામાં પણ મજા આવશે. આપણે કોઈ આરજે કે સોશ્યલ મીડિયાના ઈન્ફ્લૂએન્સર નથી કે આપણી વાતોથી કોઈ ઈમ્પ્રેસ થાય.

ઘણાને આદત હોય છે કે પોતે બધા કરતાં વિશેષ છે, મારે એક મીટિંગ ચાલે છે કે હું કોઈ અગત્યની મીટિંગની તૈયારી કરી રહ્યો છું વગેરે વાત બીજાઓની હાજરીમાં કરવી. સાયકોલોજીની ભાષામાં જેને 'નાર્સિસિઝમ'નું એક સ્વરૂપ 'નાર્સિસ્ટિક' પર્સનાલિટી ડિસઓર્ડરનું લક્ષણ છે. વ્યક્તિ અન્યની અસુવિધા પર ધ્યાન આપતા નથી અને તેમનું વર્તન 'અસભ્ય' લાગે છે. એ માની લે છે કે તેમની વાતચીત અન્યને બોર નહીં કરે, પરંતુ વાસ્તવમાં તે અન્યને ત્રાસ આપે છે. આ વર્તન 'ઈગોસેન્ટ્રીઝમ એગોસેન્ટ્રિઝમ'નું પરિણામ છે, જ્યાં વ્યક્તિ પોતાની વ્યસ્તતા અથવા ઇમેજ પર એટલું ધ્યાન કેન્દ્રિત કરે છે કે અન્યની અસુવિધા ભૂલી જાય.

અગાઉ એક અમેરિકન સર્વેમાં ૭૮% લોકોએ જાહેરમાં સ્પીકર વાપરવા પર નફરત વ્યક્ત કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે દર ચોથી વ્યક્તિને સ્પીકર ફોન પર વાત કરવી ગમે છે એવું પણ તારણ આવ્યું હતું.

કોર્પોરેટ જગતમાં આમ તો સ્પીકર પર વાત કરવી એ અસભ્યતા માનવામાં આવે છે, બીજા સાથીઓ ડિસ્ટર્બ થઇ શકે છે. આમ છતાં મીટિંગના ભાગરૂપે સ્પીકર ફોન પર વાત કરતાં હોઈએ તો હાજર રહેલી દરેક વ્યક્તિનો તેના હોદ્દા સાથે પરિચય કરાવવો જોઈએ. બાકી કેટલાક તો જાહેરમાં સામી વ્યક્તિને એવા પ્રશ્ન પૂછે કે જેનો જવાબ આપવો પણ મુશ્કેલ બની જાય... 'તું ફલાણાંને લગ્નમાં બોલાવવાનો છે કે નહીં' જેવા સવાલ કે પછી અંગત જીવનને લગતા સવાલ પૂછીને શરમમાં નાખવાની મજા અમુક નમૂના માણે છે.

સામાન્ય સંજોગોમાં સ્પીકર ફોન પર વાત કરતી વેળાએ કમસેકમ દશ ફૂટનું અંતર રાખવાની ટેવ પાડવી જોઈએ. સ્પીકર ચાલુ રાખવાની કેટલાય લોકો મજા લેતા હોય છે એવી રીતે એક અલગ વર્ગ છે જે કોઈક અજ્ઞાત મનોવૈજ્ઞાનિક કારણોસર સ્પીકર ફોનથી ડરતો હોય છે. કોઈ વ્યક્તિ સ્પીકર ફોન પર વાત કરતી જોઈને ગુસ્સે થઇ જતી હોય છે. આવી વ્યક્તિને મુખ્યત્વે ક્રોનિક કમ્પ્લેઈનર અથવા હાઈપર-ક્રિટિકલ પર્સનાલિટી કહેવાય છે, જેમાં એ અન્યના વર્તન અને એટીકેટની ભૂલો પર સતત ફોકસ કરે છે અને તેની ફરિયાદ કરતા રહે છે. સરળ શબ્દમાં સતત ફરિયાદ કરતી વ્યક્તિને સાયકોલોજીમાં પર્સનાલિટી ટ્રેઈટ તરીકે જોવામાં આવે છે, જેમાં એ અન્યના વર્તનને પોતાને પસંદ હોય એ રીતે ફિક્સ કરવા માગતા હોય છે.

બીજાની ભૂલની ફરિયાદ કરતા રહેવું એ પણ સમસ્યારૂપ છે. મોબાઈલ યુગમાં આવી ભૂલોને એક બે વખત ટોક્યા પછી માફ કરવાની અથવા એ તરફ બેધ્યાન રહેવાની આદત લોકોએ કેળવવી જોઈએ.

સ્પીકર ફોનની સમસ્યા વીડિયો કોલ કરતી વેળા વધુ સતાવતી હોય છે. વિદેશથી સંતાનનો ફોન આવે એટલે હરખપદૂડા માતા-પિતા જાહેરમાં ઠપકો આપવા કે અંગત વાતો કરવા લાગે છે. રેસિપીની ચર્ચાઓ બીજા સાંભળે એ રીતે કરે છે, જેથી બીજાઓને પોતાના સંતાન વિદેશમાં છે એ ખબર પડે. કેટલાક લોકોને અર્ધજાગૃતપણે એવું લાગે છે કે એ પોતે જ એકલા દુનિયાના કેન્દ્રમાં છે અને તેમની વાતચીત સૌથી મહત્ત્વપૂર્ણ છે. ■

**ધ એન્ડ**

*કેટલાક લોકોને લાગે છે કે જો પોતે મોટેથી નહીં બોલે તો સામેવાળી વ્યક્તિને સંભળાશે નહીં...*

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ગજરૂપ સાગર સવંગિયા માતાજીનું ક્લાત્મક મંદિર...





ભારત દેશમાં માતાજી એટલે સ્ત્રી શક્તિનું પ્રદાન વિશિષ્ટ અને ઐતિહાસિક રહ્યું છે. આ દેશમાં ભિન્ન ભિન્ન જાતી, ભાષા, પહેરવેશ, રીતરિવાજ છે, તેમ છતાં હિન્દુસ્તાનની એકતા અખંડ છે, દેશ હિત માટે બલિદાન આપનાર આ ઇન્ડિયામાં સ્ત્રી માતૃ શક્તિ રણચંડી બની લડી છે. જી હા, આપણા દેશમાં જેમ ભગવાનનાં અગણિત મંદિર છે, તેમ માતાજીનાં મંદિરો અગણિત છે. આ દેશમાં અસંખ્ય માતાજી મૂળ વાત કરું તો શિવ =શક્તિમાંથી બધું સર્જન થયું છે, બહુ નામ જૂજવા પછી ઘણા નામે શક્તિ એટલે માતાજી છે, એવું વિરલ વ્યક્તિત્વ એટલે સવંગિયા માતાજીનાં રાજસ્થાનમાં ઘણા મંદિરો આવેલ છે, તેમાં તનોટરાય, તાંબડેરાય, ઘંટીયાલીરાય, દેવરાય, ભાદરીયારાય, અને જેસલમેરમાં ગજરૂપ સાગરરાય વિશે અને સવંગિયા માતાજીનો ઇતિહાસ વિશે જાણીશું.

જેસલમેર આમતો પ્રવાસન માટે ખુબ મહત્ત્વનું ડેસ્ટીનેશન છે, ત્યાં ફરવા લાયક અસંખ્ય લોકેશન છે. જ્યાં જુઓ ત્યાં કલાનો ભવ્ય ભંડાર છે, આ મરું ભૂમિ આમતો રેગીસ્તાન છે, ત્યાં રેતીનાં ઢેર... હી ઢેર દ્રષ્ટિગોચર થાય રેતી જુઓ તો પીળી પણ ત્યાંનો પથ્થર પણ પીળો એટલે ગોલ્ડન સોના જેવો છે, એટલે જેસલમેરને (ગોલ્ડન સિટી)નું બિરુદ મળેલ છે તેના રાજા વશંજો ભાટી રાજપૂતોનાં શાશનમાં જેસલમેર કિલ્લો આજે ઐતિહાસિક બેમિસાલ છે.

'ગઢ દિલ્હી, ગઢ આગ્રા, ગઢ હી બિકાનેર
ભલો ચણાઈ ભાટિયો ગઢ હી જેસલમેર'

આ જેસલમેરથી ચાર કિલોમીટર દૂર એક ડુંગરા નજીક ગજરૂપ સાગર તળાવ આવેલ છે ત્યાં થોડા પગથિયાં ચડીને ઉપર જતા સોનેરી પથ્થરથી અને કલાત્મક 'ગજરૂપ સાગર સવંગિયા માતાજીનું ક્લાત્મક મંદિર છે. અહીંના રાજવી ગજસિંગ દ્વારા ૧૮૫૫માં નિર્માણ કરેલ. અહીં પણ બ્લેક સંગેમરમરમાંથી બનાવેલ સાત બહેનો અને તેના ભાઈની મૂર્તિઓ હારબંધ છે, મારી મતિ મુજબ કહું તો આમ જ આઈ શ્રી ખોડિયાર માતાજી પણ સાત બહેનો અને તેનો ભાઈની કથા મામડિયા ચારણ સાથે વણાયેલ છે. જેમ જેમાં આવડ માતાજી તે સવંગિયા માતાજી છે તેવો લોકમત છે, રાજસ્થાનમાં સવંગિયા માતાજી કહે છે, તેજ રીતે ગુજરાતમાં ખોડિયાર માતાજીનાં બહેન છે, કહે છે. આ મંદિર ડુંગર પર છે અને ત્યાંથી જેસલમેર રળિયામણું દેખાય છે, ત્યાં રહેવાની સુવિધા છે, પણ ખાલી રૂમ હોય તો આપે છે, અને નેચરલ વાતાવરણથી મન પુલકિત થઈ જાય છે.

પરંપરાગત ઇતિહાસ લેખકો ચરણના રેકોર્ડ મુજબ, હિંગળાજ માતાએ તનોટ માતા તરીકે પુનર્જન્મ લીધો અને જે પછીથી કરણી માતા તરીકે પુનર્જન્મ પામ્યા. ઘણા સમય પહેલા મામડિયા ચારણ નામનાં વ્યક્તિ હતા, જેમને કોઈ 'પુત્ર-પુત્રી' એટલે કે કોઈ સંતાન નહોતું. તેઓ સંતાન પ્રાપ્તિ માટે લગભગ સાત વખત હિંગળાજ માતા પાસે પગપાળા ગયા હતા. એક રાત્રે, જ્યારે હિંગળાજ માતાએ સ્વપ્નમાં મામડિયા ચારણ (ગઢવી) ને પૂછ્યું કે, 'તમારે પુત્ર જોઈએ છે કે પુત્રી?' ત્યારે ચારણે કહ્યું કે 'તમારે મારા ઘરે જન્મ લેવો જોઈએ.' હિંગળાજ માતાની કૃપાથી, તે ઘરમાં સાત પુત્રીઓ અને એક પુત્રનો જન્મ થયો. આમાંથી એક આવડ માતા હતી, જેને તનોટ માતા તરીકે ઓળખવામાં આવે છે. ૮૨૮ એ.ડી.માં ભાટી રાજપૂત રાજા તનુ રાવ દ્વારા મંદિરનું નિર્માણ અને શાસન કરનાર દેવતાની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી. ત્યારથી, ભાટી રાજપૂતો અને જેસલમેરના લોકો પેઢીઓથી આ મંદિરની પૂજા અને આદર કરે છે. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પાકિસ્તાની સેના દ્વારા તનોટ પર હુમલો કરવામાં આવ્યો હતો, જે દરમિયાન મંદિર તરફ ૩,૦૦૦ બોમ્બ છોડવામાં આવ્યા હતા. જોકે, સ્થાનિક માન્યતા મુજબ, બોમ્બ કાં તો પોતાનું લક્ષ્ય ચૂકી ગયા હતા અથવા ફૂટ્યા ન હતા.૧૯૬૫ના યુદ્ધ પછી, ભારતના સરહદ સુરક્ષા દળ (BSF) એ મંદિરની જવાબદારી સંભાળી અને તેનું સંચાલન અને જાળવણીની જવાબદારી સંભાળી છે.

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન તનોટ પર ફરીથી હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ આ વખતે હુમલો કરનારા ટેન્કો રેતીમાં ફસાઈ ગઈ હતી, જેના કારણે ભારતીય વાયુસેના તેમને નષ્ટ કરી શકી હતી. ૧૯૭૧ના યુદ્ધ પછી, ભારતીય સેનાએ લોંગેવાલાના યુદ્ધમાં વિજયની યાદમાં મંદિર પરિસરની અંદર વિજય સ્તંભ બનાવ્યો. ભારતીય સેનાના ૧૨૦ પાયદળ સૈનિકોની એક કંપનીએ ૨૦૦૦ પાકિસ્તાની સૈનિકોના એક ડિવિઝનને હરાવ્યું. આમ તનોટરાયજી માતાજી તો વિશ્વ વિખ્યાત છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પેહચાન કૌનઃ પતિ-પત્ની કે જોડિયા બહેનો



અજબ દુનિયાના ગજબ દેશ એવા ચીનમાં આંખો ચકળવકળ થઈ જાય, બુદ્ધિ બહેર મારી જાય કે આશ્ચર્યથી મોઢું પહોળું થઈ જાય એવી ઘટના વારંવાર બનતી રહે છે.

ચીનના ગ્વાંગડોંગ પ્રાંતમાં ઓસડિયાં (હર્બલ મેડિસિન) વેચવાની દુકાન ચલાવતી બે વ્યક્તિના સંદર્ભમાં રમૂજ અને આશ્ચર્ય જગાવતું એક જબરું કુતૂહલ લોકોમાં પેદા થયું છે.

વાત એમ છે કે ૨૫ - ૨૭ વર્ષની આ બંને વ્યક્તિ વારસાગત હર્બલ મેડિસિન વ્યવસાયનો અનેક દાયકાનો અનુભવ ધરાવતા પરિવારો સાથે નાતો ધરાવે છે. આ યુવા જોડીનું કામકાજ જામી નહોતું રહ્યું એટલે બિઝનેસને ધક્કો મારવાના ઈરાદાથી તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રમોશનલ ક્લિપ દર્શાવવાની શરૂઆત કરી. જોકે, થયું એવું કે લોકોને તેમની પ્રોડક્ટ કરતાં અનેકગણી રુચિ તેમનામાં અને ખાસ કરી તેમના મુખારવિંદમાં પડી. આ બંને વ્યક્તિ વાસ્તવમાં પતિ -પત્ની છે, પણ સોશ્યલ મીડિયા ક્લિપમાં તેમના દેખાવમાં રહેલું અદ્ભુત સામ્ય જોઈ લોકોના દિમાગ એવા ચકરાવે ચડી ગયા કે પતિને રમૂજી ક્લિપ બનાવી લોકોને અચંબામાં મુકવાનો વિચાર આવ્યો. પતિ - પત્નીએ એકસરખા તૈયાર થઈ સેમ ટુ સેમ ચશ્માં અને ડ્રેસ પહેર્યા. બંનેને જોઈ ‘આ બેઉ પતિ - પત્ની છે કે જોડિયા બહેનો?’ એવી પ્રતિક્રિયા આવી. દેખાવનું આ સામ્ય બિઝનેસ પોલિસીનો મુદ્દો બની ગયો છે અને મજાની વાત તો એ છે કે આ અજાયબી જોવા માટે અનેક લોકો તેમના બિઝનેસ પેજને ફોલો કરી રહ્યા છે અને એમાંથી કસ્ટમર મળવાને કારણે તેમના ધંધામાં બરકત આવી છે. ક્યારે કયો તુક્કો કામ કરી જાય એ સમજવું મુશ્કેલ હી નહીં, નામુમકિન હૈ, બરાબર ને?

## કંસારો ને વાંદોઃ એક નામ, બે ઓળખ




પ્રાણી જગત અનેક વિસ્મયતાઓથી ખીચોખીચ ભરેલું છે. વિલિયમ શેક્સપિયર ભલે કહી ગયા હોય કે નામમાં શું બળ્યું છે? પણ નામનો મહિમા અપરંપાર છે. નામનું સૌથી મહત્ત્વનું કામ છે ઓળખ આપવાનું. હાથી નામ પડતા વિરાટ કદનું પ્રાણી નજર સામે તરવરે તો કીડી બોલતા નાનકડા જીવનો ખ્યાલ આવે. કોયલ બોલતા કાનમાં ઘંટડી વાગવા લાગે તો સિંહના નામ સાથે ત્રાડ સંભળાય. અલબત્ત, ઘણી વાર એક જ નામ એકથી વધુ ઓળખ પણ ધરાવતા હોય છે. કંસારો નામ પડતા કલાઈનું - કાંસાનું કામ કરનાર માણસનું જ સ્મરણ થાય. જોકે, જાણવા જેવી અને જાણીને સ્મરણમાં રાખવા જેવી વાત એ છે કે કંસારો એક નાના કદનું પક્ષી પણ છે. આ પક્ષી ‘ટુકટુક’ તરીકે પણ ઓળખાય છે. માથા પર શોભતા ચળકતા રંગોને કારણે સુંદર દેખાય છે. તેના ગળામાંથી નીકળતો ટુકટુક અવાજ તાંબા - પિત્તળના વાસણ બનાવતા કારીગર (કંસારા) દ્વારા સતત હથોડી ટીપવાથી થતા અવાજ જેવો હોવાથી તેને આ નામ મળ્યું છે.

હવે વાંદા વિશે વિચારો. પહેલા તો સહેજ ઘૃણા થાય, સ્ત્રી વર્ગ ડરી જાય અને નજર સામે રાતી પાંખવાળો જીવ તરી આવે. જોકે, ગુજરાતમાં ‘વાંદો’ એક પ્રકારની પરોપજીવી વનસ્પતિનું પણ નામ છે.

આ એક પ્રકારનો વેલો છે જે મોટાભાગે આંબાના ઝાડ ઉપર થાય છે. તેના ફળ પીળાં ગુલાબી અથવા સિંદૂરી રંગનાં થાય છે. મોકાણ એ છે કે જે ઝાડ ઉપર તે ચડે છે તે ઝાડનાં ફળ નાશ પામે છે. જોકે, કંસારો આ વનસ્પતિનાં ફળ ખાસ આરોગે છે. વાંદાનો ઉપદ્રવ હોય તો ત્યાં આ પક્ષીની હાજરી જરૂર હોય છે.

## ફાસ્ટ બોલરના દેશમાં સ્પિનરનો વિક્રમ



ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડ ચેમ્પિયન બની એ દરમિયાન સેમિ ફાઈનલમાં સર્વોચ્ચ સ્કોર નોંધાવી મેચ જીતવાનો વિશ્વ વિક્રમ કર્યો અને એ સિવાય એક ઈનિંગ્સમાં બે સેન્ચુરી જેવા રેકોર્ડ સુધ્ધાં નોંધાવ્યા. ગયા મહિને બાંગ્લાદેશ વિરુદ્ધ વન - ડે ઈન્ટરનેશનલમાં ફાસ્ટ બોલિંગ માટે પ્રખ્યાત વેસ્ટ ઈન્ડિઝની ટીમના સ્પિનરોએ પૂરી પચાસ ઓવર બોલિંગ કરી જેવો અનોખો વિશ્વ વિક્રમ પણ નોંધાયો. આગઝરતી ફાસ્ટ બોલિંગ માટે નામના ધરાવતા વેસ્ટ ઇન્ડિઝની ટીમના ઘણા ઝડપી બોલરોએ ક્રિકેટ વિશ્વ ગજાવ્યું છે. અલબત્ત, ગણ્યાગાંઠ્યા સ્પિનરો પણ પ્રભાવ પાડવામાં સફળ રહ્યા છે. એમાં સૌથી પહેલું નામ આવે ઓફ સ્પિનર લાન્સ ગીબ્સનું. વેસ્ટ ઈન્ડિઝની વર્લ્ડ ચેમ્પિયન ટીમના ભૂતપૂર્વ સુકાની ક્લાઈવ લોઈડનો કઝીન ગિબ્સ ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦ વિકેટની સિદ્ધિ મેળવનાર પ્રથમ સ્પિનર છે. ૧૯૫૮થી ૧૯૭૬ દરમિયાન રમનાર ગિબ્સે ટેસ્ટ ક્રિકેટમાં હેટ - ટ્રીક પણ મેળવી છે. ગિબ્સ ઉપરાંત વિન્ડિઝના બે સ્પિનરે ખ્યાતિ મેળવી જેમાં સોની રામાધીન અને જેક નોરેગાનો સમાવેશ થાય છે. રામાધીન ટોપી પહેરી બોલિંગ કરવા માટે જાણીતા હતા જ્યારે જેક નોરેગા એક ઈનિંગ્સમાં નવ વિકેટ ઝડપનારા વેસ્ટ ઈન્ડિઝના પ્રથમ અને એકમાત્ર સ્પિનર જ નહીં એકમાત્ર બોલર છે. ભવ્ય ફાસ્ટ બોલરની પરંપરા હોવા છતાં એક પણ ઝડપી બોલર વેસ્ટ ઈન્ડિયન બોલર ટેસ્ટની એક ઈનિંગ્સમાં નવ વિકેટ નથી લઈ શક્યો એ ક્રિકેટની ગજબ વાત જરૂર કહેવાય.

## સંતાનોનું ગોઠવવા ગયા પછી વેવાઈ પણ...!



કવિ ઈન્દીવરજીએ ‘પ્રેમગીત’ ફિલ્મ માટે દિલમાં પ્રેમનું ઝરણું, સાગર અને સમુદ્ર વહેવડાવતું એક બેમિસાલ રોમેન્ટિક સોન્ગ લખ્યું છેઃ ‘હોઠોં સે છૂ લો તુમ, મેરા ગીત અમર કર દો’.

એ ગીતમાં આગળ પંક્તિ આવે છે કે ‘ના ઉમ્ર કી સીમા હો, ના જન્મ કા હો બંધન, જબ પ્યાર કરે કોઈ તો દેખે કેવલ મન.’ આ પંક્તિઓનો પડઘો પાડતાં અનેક ઉદાહરણ દેશ - વિદેશમાં જોવા મળ્યા છે, જેમાં સિક્સટીના આધેડે સિક્સ્ટીનની તરૂણી સાથે કે ૭૫ના દાદીએ ૨૫ વર્ષના નવલોહિયા સાથે પ્રેમના બંધનમાં બંધાઈ પરણી પણ ગયાં હોય.

તાજેતરમાં મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લામાં ‘લવ કે લિયે કુછ ભી કરેગા’ની મજેદાર ઘટના જોવા મળી છે. ૪૫ વર્ષની મહિલાનો દીકરો અને પચાસેક વર્ષના ગૃહસ્થની દીકરીના ગોળધાણા ખાધા અને સગાઈની તારીખ નક્કી કરવામાં આવી. જોકે, સગાઈ થાય એ પહેલા દિલના દરિયામાં મોટી ભરતી જેવી ઘટના બની. દીકરાની મા ઘરમાંથી ગાયબ થઈ ગઈ. થયું એવું કે દીકરા - દીકરીના મેળાપ વખતે બંને વેવાઈની બે આંખો ચાર થઈ અને ‘દિલ તો હૈ દિલ, દિલ કા ઐતબાર ક્યા કીજે, આ ગયા જો કિસી પે પ્યાર ક્યા કીજે’ વાગવા લાગ્યું. વેવાણ - વેવાઈ ‘ચલ કહીં દૂર નિકલ જાએ’ની ધૂન પર સવાર થઈ ભેગા રહેવા લાગ્યાં. ચિંતાતુર મહિલાના પરિવારે પોલીસ ફરિયાદ કરી અને છાનબીન કરતા દીકરાને ખબર પડી કે મમ્મી તો સસરાના સંગાથના સપનાં જોઈ રહી છે. સંતાનોનું ગોઠવવા જતાં વેવાઈ વેલા ગોઠવાઈ ગયા. અલબત્ત, પોલીસ કમ્પ્લેન થઈ હોવાથી મહિલાને એના ઘરે સોંપી દેવામાં આવી. હવે ગામવાળાના મહેણા ટોણાંને કારણે મમ્મીએ સીતાની જેમ કોઈ પરીક્ષા આપવી પડે છે કે કેમ એ જોવાનું રહ્યું.

## લ્યો કરો વાત!

*ટાપુઓના દેશ તરીકે ઓળખ મેળવનાર ફિલિપિન્સ સાંસ્કૃતિક વૈભવ માટે ખ્યાતનામ છે. સાત હજારથી વધુ ટાપુ ધરાવતા આ દેશમાં કેટલાક જ્વાળામુખી પર્વતો છે તો સાથે સાથે પ્રાકૃતિક સૌંદર્યની ભરમાર છે. જોકે, એશિયાના એકમાત્ર ખ્રિસ્તી દેશ (૮૫ % લોકો ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે) તરીકે જાણીતા આ દેશની આશ્ચર્ય અને આંચકો આપતી વાત એ છે કે અહીં મૃત વ્યક્તિના સંદર્ભમાં વિચિત્ર પ્રથા જોવા મળે છે.*

*ટિંગ્વિન નામની જાતિમાં તો મૃત વ્યક્તિને સરસ મજાના કપડાં પહેરાવી ખુરશી પર બેસાડવામાં આવે છે. કેટલાંક અઠવાડિયાં સુધી આ રીતે મૃતદેહ રાખવામાં આવે છે અને ઘણી વાર તો એના હોઠ વચ્ચે સિગારેટ ખોસી એ સળગાવવામાં આવે છે. મૃતદેહને બેઠી હાલતમાં જ પછી દાટી દેવામાં આવે છે. આવા ઉદાહરણ સાબિત કરે છે કે સાચે જ દુનિયા અજબગજ બની છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**આંખ ક્યારે ઉઘડે?**
* ઠોકર લાગે ત્યારે...

**નામું ચોપડામાં લખાય, તો માફી નામું શેમાં?**
* વકીલે આપેલા કાગળમાં...

**પરીક્ષામાં કાપલીનું કેટલું મહત્ત્વ?**
* ભાવિ સાળાના હાથમાં ન જાય એવું એની બહેનને લખેલા પ્રેમપત્ર જેટલું...!

**સાંઠગાંઠ ક્યાં થાય?**
* ગોઠવણ થાય ત્યાં...

**રોટલા ટીપનારી ને રોટલા શેકનારી જુદી હોય તો?**
* રોટી રમખાણ થાય...

**ભારત કયો દેશ છે ખેતીપ્રધાન કે શ્રમપ્રધાન?**
* વડા પ્રધાનવાળો.. !

**ઔર ચાબી ખો જાયેં તો?**
* લોક તોડ દિયા જાય...

**તમારું કોઈ ઉપનામ ખરું?**
* મમ્મીવાળું કે વાઈફવાળું?

**ભૂલકણાં પ્રોફેસર જેવા બીજા કોણ?**
* ઉછીના રૂપિયા લેનાર!

**પ્રેમમાં ગૂગલી કેમ રમાય?**
* ગૂગલને પૂછો...

**વિવાહમાં કોની વાહ વાહ થાય?**
* સૌથી પહેલાં ને છેલ્લે વાનગીની...

**મહાભારત ના થયું હોત તો?**
* સિરિયલ ના બનત...

**ટ્યૂશન ક્લાસ ના હોત તો?**
* શિક્ષકો સ્કૂલમાં સાંજ પાળી ચલાવતા હોત.

**તમે પુનર્જન્મમાં માનો છો?**
* મારો પુનર્જન્મ થાય તો ખબર પડે.

**દ્રાક્ષ કેમ ખાટી લાગે?**
* મીઠી હોય ના હોય એટલે.

**જિજ્ઞાસાની બહેન કોણ?**
* આશા.

**રાવણ હેલ્મેટ પહેરે તો?**
* ૧૦ હેલ્મેટની સામૂહિક ખરીદી પર ડિસ્કાઉન્ટ આપવું પડે!

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

## વિશેષ વ્યક્તિઓની સ્મૃતિ અપાવે રૂઢિપ્રયોગ!

પ્રત્યેક ભાષામાં ક્યારેક વ્યક્તિવાચક નામોના પ્રયોગ જાતિવાચક તેમ જ વિશેષણોના રૂપમાં થતા જોવા મળે છે. ખાસ કરીને રૂઢિપ્રયોગોમાં તેમનાં નામ, ગુણ કે પાત્રતા તેમના ભૌતિક દેહ નષ્ટ થયા પછી પણ સ્મૃતિરૂપે રહે છે. એ જ્યારે રૂઢિપ્રયોગના રૂપે પ્રયુક્ત થાય છે ત્યારે તે રૂપો સાંભળતાં જ પ્રાચીન સ્મૃતિઓ જાગૃત થઈ જતી હોય છે.

કચ્છના જનજીવનમાં વણાયેલા, કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના સ્મારકરૂપે કેટલાક રૂઢિપ્રયોગો આજે પણ પ્રયોજાતા હોય છે. જેમ કેઃ ‘ફૂલણસી આય.’ કચ્છના એક રાજવીનું નામ લાખો ફૂલાણી હતું અને એ દાનેશ્વરી હતા. દાન આપવામાં પાછા ન પડતા, પરંતુ આજે ગજું ન હોવા છતાં દાન આપવામાં ચડસાચડસીમાં ઊતરનાર વ્યક્તિને સંબોધીને વ્યંગમાં કહેવામાં આવે છેઃ ‘ફૂલણસી.’

બહુ ઓછા લોકોને વિદિત હશે કે, મધ્યકાલીન ગુજરાતમાં કચ્છ પ્રદેશ ‘લાટઆય’ એટલે કે ‘સુંદર’ છે એવો શબ્દ પ્રયોગ રૂઢ થયેલો છે. કચ્છમાં એ લાટ રાજપુરુષોની યાદ અપાવી દે તેવો રૂઢિપ્રયોગ પ્રચલિત છેઃ ‘લાટ માડુ લગે તા’

એ એક અનોખો અને રસપ્રદ વિષય છે.- ગુજરાતના ઈતિહાસમાં સિદ્ધરાજનું નામ અજાણ્યું નથી. એ સિદ્ધરાજના અમાત્યનું નામ ‘દાદાક’ હતું અને તે બહુ મુત્સદી પણ હતા. તેમના નામ પરથી કચ્છમાં એક પ્રયોગ રૂઢ થયો હોવાનું તારણ મળે છે કે, ‘જબરો’ છે એમ કહેવા માટે કચ્છીમાં ‘ધા-ધાકઆય’ જેવા શબ્દોનો પ્રયોગ આજ પણ થતો રહ્યો છે.

અપ્સરા સમાન સુંદર સ્ત્રીના સૌંદર્યની નવાજેશ કરવા તેને ‘હોથલ પદમણી’ કહેવાનું હજુ આજે પણ પ્રયોજાય છે. એટલું જ નહીં એ જ શબ્દોનો પ્રયોગ વ્યંગ કે કટાક્ષમાં પણ કરવામાં આવતો હોય છે. જેમ કે કોઈ કાળી કે કુરૂપ કન્યા કે સ્ત્રી માટે ‘હોથલ પદમણી’ કહીને વ્યંગ કરવામાં આવે છે!


સાધુ, સંત કે ગુરુ જેવી સન્માનનીય વ્યક્તિઓની યાદોને વણી લેતા રૂઢિપ્રયોગો પણ કચ્છીમાં જોવા મળે છે. ‘ગુરુકેણા’ એટલે કે કોઈને ગુરુપદે સ્થાપવા. ‘ટૂબી ડીણી’ એ પ્રયોગ જ્ઞાનસાગરમાં ડૂબકી આપનાર માટે કરવામાં આવે છે. શબ્દાર્થ છેઃ ડૂબકી મારવી. ‘અભધૂત ભનણું’- (અવધૂત બનવું) અર્થાત સદ્કાર્ય પાછળ મગ્ન બની જવું. ‘અડો જમાયણું’ એ આમ તો સાધુ-બાવાઓ જ્યાં સ્થાનક સ્થાપે તે સ્થળ હોવાનો અર્થ અભિપ્રેત છે. તો વળી ગુંડા-મવાલીઓ જ્યાં પડયા પાથર્યા રહેતા હોય કે, જુગારીઓ જ્યાં નિયમિત જુગાર રમવા મળતા હોય એ સ્થળોને પણ ‘અડો’ કહેવામાં આવે છે.

કોઈ વ્યક્તિ જ્યારે કોની સંપત્તિ હડપ કરીને તેને ભીખ માગવી પડે તેવી સ્થિતિમાં મૂકી દે ત્યારે તેના માટે એમ કહેવાય છે કે, ‘કચલી જલાયણી’ કચલી એટલે ફોડેલા નાળિયેરનો કોપરું કાઢી લીધા પછીનો અડધો ભાગ! કાચલી કહેવાય ગુજરાતીમાં. કાચલી પકડાવી દેવી એટલે ભીખ માગતા કરી દેવું!

આવા પારકી સંપત્તિ પચાવી પાડીને એશ કરવા વાળા માટે કચ્છીમાં ચોવક છેઃ ‘પારકે પૈસે તાગડ ધીનાં’ આવા લોકોને સમાજમાં આદર થોડો જ મળે? લોકો તેમને ધિક્કારતા હોય છે અને ‘લ્યાનત’ આપતા હોય છેઃ ‘‘લખજી લાનત, હી કિતરા ઐં ઘે’’ લાખ લાખ લ્યાનત આપતો નારાજગી અને કચવાટનો સૂર આ ચોવકમાં જોવા મળે છે. એવા લોકો માટે કુદરતી ન્યાયનું દર્પણ બતાવતી એક ચોવક છેઃ ‘હરામ જો ઢીંગલો, હકજી કોરી ખણધો વિંઝે’ પારકાનું પડાવી લીધેલું કંઈ પચે નહીં, એ જવાનું જ હોય અને જ્યારે જાય ત્યારે હકની કમાણી પણ તેની સાથે ચાલી જાય છે. ‘કાચલી’ પકડાવનારે પોતે ‘કાચલી’ હાથમાં લેવી પડે! ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

## નકારાત્મક બીલિફ સિસ્ટમ જીવનમાં અંધકાર લાવી શકે છે




ગયા અંકમાં બિલીફ સિસ્ટમ અંગે વિસ્તૃત સમજણ મેળવી હતી. આજે હવે આ જ બિલીફ સિસ્ટમની અનેકવિધ નકારાત્મક અસર વિશે જાણીએ.

જે રીતે હકારાત્મક બિલીફ સિસ્ટમ જીવનમાં પ્રકાશ પાથરે છે તે જ રીતે નકારાત્મક બિલીફ સિસ્ટમ જીવનમાં અંધકાર લાવી શકે છે, જેમકે ....

**૧) આત્મસંશય અને ભયઃ**

‘હું નથી કરી શકતો, હું નસીબદાર નથી, આ થશે તો જ સારું, નહીં તો અનર્થ. મારા ભાગ્યમાં નથી,’ એવી માન્યતા વ્યક્તિને પ્રયત્ન કરવાથી રોકી દે છે. આ માન્યતાઓ માણસને શરૂઆત કરતા પહેલા જ હરાવી દે છે.

**૨) અસફળતા અને નિરાશાઃ**

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પર વિશ્વાસ ગુમાવી દે છે, ત્યારે સફળતાની દરેક તક તેના હાથમાંથી સરકી જાય છે.

**૩) સંબંધોમાં અંતરઃ**

‘લોકો વિશ્વાસપાત્ર નથી’ એવી માન્યતા માણસને એકલતામાં ધકેલી દે છે. કેટલીક માન્યતાઓ માણસમાં ‘મારી જ વાત સાચી’ એવો અહંકાર જન્માવે છે. આથી સમાજમાં મતભેદ, ઝઘડા અને હિંસા થાય છે.

**૪) માનસિક તણાવ અને ચિંતાઃ**

નકારાત્મક માન્યતા વ્યક્તિને અંદરથી ખાઈ જાય છે અને તેની શાંતિ છીનવી લે છે.

**૫) અંધશ્રદ્ધા અને અયોગ્ય માન્યતાઓઃ**

ખોટી માન્યતાઓ માણસને અંધશ્રદ્ધાળુ બનાવે છે. વૈજ્ઞાનિક તર્કને અવગણવામાં આવે છે.

**૬) વિચાર સ્વાતંત્ર્યમાં અવરોધઃ**

ખોટી બિલીફ સિસ્ટમ નવા વિચારોને સ્વીકારવા દેતી નથી. વિકાસ અટકાવી શકે છે.

બાળપણમાં જો કોઈને વારંવાર કહેવામાં આવે કે ‘તું કશું કરી શકતો નથી’, તો એ શબ્દો ધીમે ધીમે તેની અંદર ‘સત્ય’ બની જાય છે.

આ રીતે નકારાત્મક બિલીફ સિસ્ટમ જીવનનો સૌથી મોટો અવરોધ બને છે.

* નકારાત્મક બિલીફ સિસ્ટમમાંથી બહાર આવી શકાય છે.

અહીં કેટલાક સરળ પરંતુ શક્તિશાળી ઉપાય છેઃ

### આત્મજાગૃતિ રાખો

પોતાની અંદર કઈ માન્યતા છે તે જાણી લો. પોતાના મનને પૂછો ‘શું હું આ વિચારને ખરેખર સાચો માનું છું?’

### હકારાત્મક વિચારો અપનાવો

નકારાત્મક વાક્યોને હકારાત્મક વાક્યોમાં બદલો.

‘હું ન કરી શકું’ ને બદલે ‘હું પ્રયત્ન કરીશ’ એવું કહો.

### સારા લોકો સાથે રહો

હકારાત્મક વિચાર ધરાવતા લોકોની સાથે રહેશો, તો તેમની ઊર્જા તમારી બિલીફ સિસ્ટમને પણ બદલી દેશે.

### પ્રેરણાદાયી પુસ્તકો વાંચો

સફળ લોકોની કહાણીઓ આપણને બતાવે છે કે માન્યતા કેવી રીતે જીવન બદલે છે.

### ધ્યાન અને આત્મસંવાદ

રોજ થોડો સમય પોતાને માટે કાઢો. શાંતિથી બેસો અને પોતાને કહો, ‘હું સમર્થ છું, હું કરી શકું છું.’

બિલીફ સિસ્ટમ એ આપણું અંતરાત્માને ઓળખવાની નિશાની છે. જો એ નિશાની શુદ્ધ, હકારાત્મક અને પ્રેમથી ભરેલી હોય તો એ જીવનને પ્રકાશમય બનાવી દે છે.

અને જો એ નિશાની શંકા, ભય અને નિરાશાથી ભરેલી હોય, તો એ આપણું સ્વપ્ન અંધકારમય બની જાય છે.

બીજા શબ્દોમાં આપણે સંકલ્પ કરીએ કે ‘મનની માન્યતાઓને હકારાત્મક બનાવીશું, અશક્યને શક્ય માનવાનું શીખીશું અને પોતાને જીતવાનું ધૈર્ય રાખીશું.’

આનું કારણ એ જ કે મન જે માને છે, તે જ માણસ બને છે. વિશ્વાસ એ શક્તિ છે, જે અશક્યને પણ શક્ય બનાવે છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૪૨૨-એ)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

**પાવર યોગા**
બાળકોને ભણતરમાં યાદશક્તિ, એકાગ્રતા, સેલ્ફ કોન્ફીડન્સ વધારવા સુપર પાવર યોગા કરાવીશું. 9619077670. (૪૨૭-બી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**
જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરુણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદરણઃ 9819304112. (૪૩૪/એ)

**તુષારભાઈ**
ગંગાસાગર જગન્નાથપુરી, કેરેલા + દક્ષિણ, નેપાળ મુક્તિનાથ યુપી પુલ્હાશ્રમ. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૪૦૧-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**''દાદર (વેસ્ટમાં)''**
લેડીઝ ડ્રેસ હોલસેલ માટે સેલ્સ સ્ટાફ જોઈએ. સંપર્કઃ 7678070723. (૪૨૫-એ)

**સેલ્સ માટે યુવાનો / યુવતીઓ જોઈએ છે.**
સાંતાક્રુઝ (વે.)માં આવેલ સિલ્વર, ઈમિટેશન જવેલરીના શોરૂમ માટે અનુભવી /બિનઅનુભવી (ઉં. વ. ૧૮ થી ૩૫) સુધીના જે બોલવામાં ચપળ, સ્માર્ટ તથા કસ્ટમ્બરને સારી રીતે સમજાવી શકે તેવા ખંતીલા યુવાનો/યુવતીઓ તુરંત જોઈએ છે. સારો પગાર, સારી ફેસીલીટી તથા આગળ વધવાની એક સારી તક. ઈચ્છુક બાયોડેટા તથા રેફરંસ સાથે રૂબરૂ સંપર્ક કરે. રાકેશભાઈ હરીયા 9821138903. મહાવીર સિલ્વર પોઈંટ, માચીસવાલા કંમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. (એસડીબી-૨૯૨૬)

**50,000/-**
મલાડ, માર્કેટીંગ પાર્ટ ટાઈમ જોબ, ગ્રેજ્યુએટ. સંપર્કઃ 9930774809. (૪૨૭-એ)

**નામાંકિત જ્વેલર્સના**
**શો-રૂમ માટે અનુભવી સેલ્સ મેન-સેલ્સગર્લ જોઈએ છે. મલાડ (વેસ્ટ)માં આકર્ષક પગાર અનુભવ પ્રમાણે સંપર્કઃ 9819643043 / 9833828528. (એસડીબી-૨૯૩૯)**

**ઓપોરચ્યુનિટી**
**સરકારમાન્ય કંપનીમાં નિવૃત્તો / અધિકારીઓ / શિક્ષકો / ગૃહિણીઓ તાત્કાલિક જોઈએ. 75068 01607. (એસડીબી-૨૯૩૮)**

**ACCOUNTS ASSISTANT**
Required at Charni Road. Knowledge of GST & TDS. 1 to 5 Years Experience. Email CVs at: e2esolutionspgs@gmail.com (SDB-2924)

**Required**
for a Reputed Jewellery Showroom
**FEMALE SALES EXECUTIVES**
Candidates should be smart with pleasing personality & fluency in Gujarati, English, Hindi, Marathi Languages. Freshers May Also Apply.
*Walk in interview with complete resume and photograph on 05, 07, 08th Nov.'25 between 11.00 a.m to 6.00 p.m at :*
**P. K. JEWELLERS** Pvt. Ltd.
Osia Paradise'1, Dawood Baug Road, Off. J. P. Road, Andheri (West), Mumbai - 400 058.
Email : pkjewellers@rediffmail.com
Thursday Closed
(SDB-2940)

**TALLY / OFFICE ASSISTANT**
Need PT/FT Male Tally/ Office Assistant 2-5 Years Experience Tally, Excel, Word.- alufinns@gmail.com / 8169349803. (JP/4527-B)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**AADI ACADEMY, GOREgaon* requires Pre-Primary & Primary (I-V) Teachers and Visiting Faculty for Textile & Food Nutrition (min. 2 yrs exp). WhatsApp Resume: 9004090800. (B-16682)**

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમ**
**4 બેડરૂમ વેચાણથી, રેડી વિથ ઓસી. 1730', 2100', 2350' કાર્પેટ, નવું બિલ્ડિંગ, અમેનીટીઝ સાથે. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-એ)**

**જુહુસ્કીમ**
**3 બેડરૂમ વેચાણથી, રેડી વિથ ઓસી. 1150', 1250', 1725' કાર્પેટ, નવું બિલ્ડિંગ, અમેનીટીઝ સાથે. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-બી)**

**જુહુસ્કીમ**
**ભાડેથી 2.5 બેડરૂમ બાલકની સાથે સેમી ફર્નિશ્ડ 1.75 લાખ, સ્પેશિઅસ 3 બેડરૂમ 1750 કાર્પેટ સેમીફર્નિશ્ડ 3.50 લાખ, 4 બેડરૂમ ફર્નીશ્ડ 3 લાખ નેગોશિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-સી)**

**વિલે-પાર્લે ઈસ્ટના**
પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટ ફુલ્લી ફર્નિશ્ડ 3 માસ્ટર બેડરૂમ, હોલ, કિચન બે પાર્કિંગ સાથે રજિસ્ટર સોસાયટી 1180' કારપેટ 4,25,00,000/- સંપર્કઃ 9819201737/ 9819201737/ 9820550033. (૪૨૩-એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન પાસે નવા બિલ્ડિંગમાં 2 બેડરૂમના ફ્લેટો પઝેશન ડિસેમ્બર 2025 વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૩૪)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની નજીક અમેનિટીઝવાળા ટાવરમાં હાયર ફ્લોરના 4 બેડરૂમના 1567' ફૂટ કારપેટના ફ્લેટો 32,500/- (બ્રોક્સ પ્રાઈઝથી) રેડીમાં વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૩૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની સામે અમેનિટીઝવાળા ટાવરમાં 3 બેડરૂમ 1305' ફૂટનો હાયર ફ્લોરનો ફ્લેટ વ્યાજબી ભાવે અર્જન્ટ વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૩૬)**

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા. 9324339343. (૩૯૭-સી)**

**ખાર (વેસ્ટ)**
મધુપાર્ક પાસે - ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ - જીમ, સર્વન્ટ ટોઈલેટ, એરકંડિશન્ડ લોબી, ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડિપોઝીટ - ૫,૦૦,૦૦૦/-, ભાડું ૨,૦૦,૦૦૦/-, ફક્ત જેન્યુન પાર્ટી સંપર્કઃ- 9820156133. (બી-૧૬૬૬૮)

**''મલાડ (ઈસ્ટમાં)''**
ઓબેરોયની - દીંડોશી મેટ્રોની પાસેઃ ૧, ૨, ૩ બેડ + જોડીમાં તથા ૧ બેડ જોડીમાં - ૨.૫૦ કરોડમાં હાયરફ્લોરમાં મળશે. 'ધનુકા' - 9820047154. (બી-૧૬૬૮૯)

**વિલેપાર્લે (વેસ્ટ)**
ઈર્લા- KLS હોસ્પિટલ પાસે એમિનિટીઝવાળા ટાવરમાં 2 અને 3 બેડરૂમના ફ્લેટો પઝેશન- May 2026- ''નવકાર એસ્ટેટ'' 9819117722. (જેપી/૪૫૨૯-એ)

**જૂહુ**
અર્જન્ટ વેચવો છે. જાનકી કુટીર ૨ બેડરૂમ, ૭૨૦ કાર્પેટ. વચ્ચેના માળે. ૧ પાર્કિંગ. નીતી ઠક્કર 9757235535. (એસડીબી-૨૯૩૦)

**સાઉથ મુંબઈ**
**૧ થી ૪ બેડરૂમના ફ્લેટસ/ ઓફિસ લેવા/ વેચવા/ ભાડેથી, આપના બજેટ મુજબ, 'કિરણ શાહ' 9820085979. (બી-૧૬૬૮૮)**

**મરીનલાઈન્સ**
**2 બેડરૂમ 725', 686' પાર્કિંગ સાથે, ટૂંક સમયમાં કબજો, 9821030822. (બી-૧૬૬૮૭)**

**તારદેવ**
**2 બેડરૂમ 540', કારપેટ, રેડી પઝેશન 9029450460. (બી-૧૬૬૮૬)**

**અંધેરી (વેસ્ટ)**
**જુહુ લેન વેચાણથી, ફુલ્લી ફર્નિશ્ડ, 2 બીએચકે+ 1 બીએચકેની જોડી ફ્લેટ, 1615 સ્કેવર ફીટ કારપેટ, 8th ફ્લોર, 1 ગેરેજ + 2 સ્ટિલ્ટ પાર્કિંગ, 3 લીફ્ટ્સ, 2 ગાર્ડન, ઈસ્ટ- વેસ્ટ ઓપન, જૈન દેરાસરની બાજુમાં. સંપર્કઃ 9821035179. (૪૧૬-એ)**

**પાર્લા (વેસ્ટ)**
એક બેડરૂમ હોલ કિચન ૫૬૦ કારપેટ બીજે માળે હવા ઉજાસવાળો જૂના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે એન્જિનિયરિંગ સાયંસ આર્ટસ અને કોમર્સ કોલેજ મેટ્રો તથા કૂપર હોસ્પિટલની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા સ્ટોર્સની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્કઃ ૯૮૨૦૦૨૮૩૪૭. (૩૧૮)

## ૧૭. જગ્યા આપવી છે

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન/ દેરાસર/ ઉપાશ્રય નજીક ૧/૨ બેડરૂમના ફ્લેટો લેવા / વેચવા. ૯૮૨૧૯૮૧૭૪૪. (બી-૧૬૬૮૩)

**વિલેપાર્લા ઈસ્ટ**
**૩ બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની ૨ પાર્કિંગ સાથે આકર્ષક ફ્લેટ હવા ઉજાસવાળો - બધી જ સગવડતા દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. ફોન - 9619018233. (૩૯૮-એ)**

**''ગામદેવી''**
2 બેડરૂમો - 4,50,00,000/- 5,50,00,000/- (રીડેવલપમેન્ટનો ચાન્સ) નીતિનઃ 9867222020. લેવા-વેચવા-લીઝ. (૪૦૩-એ)

**શાંતાક્રુઝ વેસ્ટ**
અર્જન્ટ 2 બેડ 700 કાર્પેટ વેચાણ અથવા લીઝ, દેરાસર, પોદ્દાર સ્કૂલ નજીક અમિત. 70456 22403. (બી-૧૬૬૭૫)

**પારલા વેસ્ટ**
અર્જન્ટ 4 બેડ સેલ 1500 કાર્પેટ સારા એરીયામાં રિ-ડેવલપમેન્ટ ચાન્સ અમિત. 7045622403. (બી-૧૬૬૭૬)

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું મકાન 2 બેડરૂમ્સનો ફ્લેટ ૭૪૦' ૧૦મો માળ, બજાજ રોડ, આપવાનો છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ- ૯૮૧૯૮૭૪૫૧૫. (૪૦૫-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**
વેચાણથી, જુનું માણેકલાલ, 2 બેડરૂમ, હોલ, કિચન- 775' કારપેટ, 4th માળે, લીફ્ટ, પાર્કિંગ, ઓનરશીપ 2.2 CR નેગોશીએબલ. 8850719612. (૪૧૨-બી)

**બોરીવલીમાં-કાંદિવલીમાં**
ઓબેરોયમાં- રીવાલી પાર્કમાં- લોઢામાં- કલ્પતરુમાં- ગોદરેજમાં- લેવા/ વેચવા/ ભાડેથી- ''શ્રીજી'' 9820045571. (જેપી/ ૪૫૨૭-એ)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમ - 730' - કાર્પેટ - ગેરેજ - 4,40,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-સી)

**કેમ્સકોર્નર**
2 બેડરૂમ - 500' - કાર્પેટ -ફરનિસ્ટ - 2,80,00000/- શાહ - 9820068382. (૧૫૩૯૭-એ)

**પ્રાર્થનાસમાજ**
1 બેડરૂમ - 500' - કાર્પેટ -જુનુભાડુ 1,60,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-બી)

**ગામદેવી**
૩ બેડરૂમ- 1500' કાર્પેટ- પાર્કીંગ- ફરનીસ્ટ- 10,50,00000/= શાહ- 9820068382. (૧૫૩૯૮-એ)

**કેમ્સકોર્નર**
૨ બેડરૂમ- 1010' કાર્પેટ- ગેરેજ- પાર્કીંગ- 6,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૯૮-બી)

**બાન્દ્રા (વેસ્ટ)**
ટર્નર રોડ, લીવલાયસન્સ 3 BHK, ૨ બાથરૂમ, વેસ્ટર્લી, અનફર્નિશ્ડ ફ્લેટ, પાર્કિંગ નથી, ભાડુ ૧,૨૦,૦૦૦/- મહિને, તુરંત કબજો, 9820296693 'કટારિયા' એજન્ટ. (બી-૧૬૭૦૨)

**પાર્લા (ઇસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૪૨૯/એ)**

**સાન્તાક્રુઝ (ઇસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૪૨૯/સી)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૪૨૯/ઈ)**

**મલાડ - બોરીવલી (વેસ્ટ)**
નાના - મોટા ફ્લેટ લેવા / વેચવા / ભાડેથી માટે ''વર્ધમાન રિયલ્ટર્સ'': 9820490311. (૪૨૮/એ)

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રકશન, લેવા- વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૪૩૧/એ)**

**'' ચોપાટી, બાબુલનાથ (દેરાસર) ભાડેથી''**
**2 બેડ ફર્નિશ્ડ, 3 બેડ ફર્નિશ્ડ, 4 બેડ ફર્નિશ્ડ, ''નિમેષ સોની'': 9619927603. (૪૩૩-એ)**

**ખાર (વેસ્ટ)**
મધુપાર્કની બાજુમાં ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦, ૪ બેડરૂમ ૧૭૦૦, ૬ બેડરૂમ ૨૩૦૦, (બધા જ ફ્લેટો કારપેટ એરીયામાં), ઓ.સી. સાથે, એરકંડિશન્ડ લોબી, જીમ, સર્વન્ટ ટોઈલેટ, પ્રોપર પાર્કિંગ સાથે વેચવાના. ફોનઃ- 9820156133. (બી-૧૬૭૦૫)

**KALPATARU VIENTA**
કાંદિવલી ઈસ્ટ, અશોકનગર, 2 બેડરૂમ 2.90 કરોડ 3 બેડરૂમ 3.75 કરોડ વેચાણ/ભાડેથી, LUXURIOUS TWIN TOWERS OC Recieved, 9869209916, 8850411559. (જેપી-૪૫૩૦-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**4 બેડરૂમ**
ફક્ત 5.32 કરોડ કાંદિવલી ઈસ્ટ, અશોકનગર, OC Recieved, Modern, Amenities 7666367333, 9869209916. (જેપી-૪૫૩૦-ડી)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી / વેચાણથી લેવા / વેચવા ''પંકજ નરેન્દ્ર વોરા'' 9321103249. (૪૩૧-સી)

**'' માટુંગાથી પ્રભાદેવી''**
**''દેરાસર પાસે OC મળેલ ફ્લેટ્સ, શોપ વેચાણથી /ભાડેથી'':- 8591254627. (૪૨૪-એ)**

**ચોપાટી**
**ન્યુ ટાવર 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે ફિટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.10 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ) (બી-૧૬૬૯૯)**

**'' ગામદેવી ભાડેથી''**
**2 BHK પાર્કિંગ, 3 BHK પાર્કિંગ - ''નિમેષ સોની '': 9619927603. (૪૩૩-સી)**

**TANNA HEIGHTS**
**Parekh Gally, Kandivali (West) Higher Floor, 2 Bedroom, 725' Carpet, Sale. 2 Car Parking, O.C Received Owner 9821049249. (418-A)**

**ADRINA - LODHAPARK**
Next to Kamla Mill Lower Parel 2/2.5/3 BHK 944' / 967' / 1136'/ 1193'/ 1254'/ 1266'/ 1334' with Servant Quarter. No Brokerage. Call Shradha 9920655056 / 9870246552. (422-B)

**Dadar Hindu Colony**
**PENTHOUSE**
> Unrestricted View
> 3000+' with Terrace
> 4 BHK + 3 living
> Elegantly Done up
> 3 Premium Parkings
> OC Obtained
Price on Request
Owner : 90820 80382
(430/A)

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (412-C)

**MAHALAXMI**
Piramal Mahalaxmi 3 BHK 1450 SqFt Carpet 9 Cr - 9167723483. (401-B)

**LOWER PAREL**
Kiara Lodhapark 4 Bed Fully Furnished + Servant Room 1700' Carpet Above 60 Floor 3 Park, Sea View Ready Possession. Call Ashok 9821036552 / 9920655056. (432-A)

**GHATKOPAR / VIDYAVIHAR WEST**
**3 Bedroom Hall Kitchen, 1460 Area, at Takshashila, Neelkanth Kingdom, Available for Family on Rental Basis, Contact Owner: Kiran Parikh 98339 40025. (426/A)**

GOREGAON-MALAD 1/2/3/4 BHK for Sale / Purchase Contact - Agarwal Estate Consultants 9820232273. (B-16703)

## ૧૮. જગ્યા જોઈએ છે

**કાંદિવલી-મલાડ (વેસ્ટ)માં**
1 બેડરૂમ અથવા 1 રૂમ કિચન ફ્લેટ ભાડેથી જોઈએ છે, આપનાર પાર્ટી સંપર્ક કરેઃ- Prince Shah, 9322840962. (બી-૧૬૭૦૧)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૯૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**■ દવા બજાર ઈલેક્ટ્રિક બજારને અનુરૂપ કાલબાદેવી - પ્રિન્સેસ સ્ટ્રીટ જંકશન પાસે અંદાજે ૨૪૦૦ સ્કવેર ફુટ વેરહાઉસ ભાડે આપવાનું છે. રસ ધરાવનાર કંપની સંપર્ક સાધેઃ 8355946966. ટાઈમ સવારે ૧૦ સાંજે ૫. સોમથી શુક્ર. (બી-૧૬૬૪૪)**

■ સાયન ઈસ્ટમાં 300 સ્કવેર ફીટ દુકાન ભાડે આપવાની છે, સંપર્ક કરો 98193 99990. (બી-૧૬૬૮૧)

# મેં તારા માટે જ પત્નીને પતાવી...

## બેંગ્લૂરુના ડૉકટરે પોતાની તબીબી વાઈફની હત્યા પછી પાંચ ગર્લફ્રેન્ડને આવો મેસેજ મોકલ્યો હતો

બેંગ્લુરુઃ દેશમાં ચકચાર મચાવનાર ડોક્ટર પત્ની કૃતિકા એમ. રેડ્ડીની હત્યાના આરોપી ડોક્ટર મહેન્દ્ર રેડ્ડી જી.એસ.ના કેસમાં નવો અને ચોંકાવનારો ખુલાસો થયો છે. અહેવાલો અનુસાર, ડો. મહેન્દ્ર રેડ્ડીએ તેમની પત્નીના મૃત્યુના માત્ર થોડા મહિનાઓ બાદ તેમની પાંચથી પણ વધારે ગર્લફ્રેન્ડનો કરીને તેમને લગ્નનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. પોલીસનું કહેવું છે કે, રેડ્ડીએ એક મહિલા સમક્ષ કબૂલ્યું હતું કે તેણે જ પોતાની પત્નીની હત્યા કરી છે. આ વાતને એટલા માટે પણ મહત્વની માનવામાં આવી રહી છે કારણ કે ડો. કૃતિકાના ફોરેન્સિક રિપોર્ટમાં તેમના શરીરમાં બેભાન કરવાની દવાની હાજરી સાબિત થઈ ગઈ હતી. મીડિયા અહેવાલો અનુસાર, ડો. મહેન્દ્ર રેડ્ડી જી.એસ.એ તેમની પત્નીની હત્યા કર્યા બાદ લગભગ ચારથી પાંચ મહિલાઓને કેટલાક મેસેજ મોકલ્યા હતા. આ મહિલાઓમાં એક મેડિકલ પ્રોફેશનલ પણ સામેલ હતી, જોકે તે પોતે ડોક્ટર નથી. પોલીસે જણાવ્યું કે રેડ્ડીએ તે મહિલાને મેસેજ કર્યો હતો કે, ''મેં તારા માટે મારી પત્નીને મારી નાખી છે.'' નોંધવા જેવી બાબત એ છે કે , આ મહિલાએ રેડ્ડીને ઘણી એપ્સ પર બ્લોક કરી દીધો હતો, જેના કારણે રેડ્ડીએ આ સંદેશો છેવટે ફોન પે (PhonePe) એપ દ્વારા મોકલ્યો હતો. બીજી વાર લગ્ન કરવાની કોશિશમાં રેડ્ડી મહિલાઓના સંપર્કમાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, રેડ્ડીએ ૨૪ એપ્રિલે ડો. કૃતિકાને એનેસ્થેસિયા આપીને હત્યા કરી હતી અને બાદમાં ૧૪ ઓક્ટોબરે તેને ઉડુપી જિલ્લામાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. ધરપકડ બાદ પોલીસે તેના મોબાઇલ ફોન અને લેપટોપ જપ્ત કરીને લેબમાં મોકલી આપ્યા હતા, જ્યાં તપાસ દરમિયાન મહિલાઓને મોકલેલા મેસેજ સામે આવ્યા હતા. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**READY POSSESSION WITH OC**
**SHOPS & OFFICES (NO GST)**
> Shop 300 sq. ft. Onwards
> Office 805 sq. ft. Onwards
SHOPS OFFICES
@ Ram Mandir (E)
IDEAL FOR CLASSES, STOCK BROKER, FINANCIAL INSTITUTIONS, CORPORATES, MNC'S ETC
Site: Delta House, Next to Raheja Ridge Wood & Lotus Business Park, Ram Mandir (E)
9594947878
9594948787
(JP-4522-K)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસ એમ.એલ સ્પેસીસ- ડી જે રોડ, 1148' આપવી છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - 9819874515. (૪૦૫-બી)**

**KALINA**
PREMISES AVAILABLE ON LEAVE & LICENCE
Area 1000 sqft to 5000 sqft
Rate charged on carpet area
Contact : 7400026775
(430/B)

**પારલા ઈસ્ટ - ઓફિસ**
**બિસ્કિટ ફેક્ટરીની સામે, નવા OC કોમર્શિયલ બિલ્ડિંગમાં, અનટચ ઓફિસ 245 Carpet પાર્કિંગ સાથે વેચાણથી, 1.45 CR નિગોશિયેબલ, સ્ટેશન નજીક ''શ્રીધામ'' 9167344558, 9821369413. (બી-૧૬૬૮૫)**

**FOR SALE**
**1200 sqft**
**Commercial Office**
Address: 3rd floor, Sardar Griha Building, Lokmanya Tilak Road, Opposite: Office of Commissioner of Police, Above Roopam showroom, Mumbai - 400002
Contact:
Sharad Pathak : 9840880644
Rajendra Salvi : 9967225937
(B-16700)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**AVAILABLE FOR RENT / SALE**
**LOTUS GRANDEUR SIGNATURE**
EXCLUSIVE FURNISHED OFFICE TRIPLEX -
**17500 SQ.FT**
Lokhandwala - Oshiwara - Andheri West
Dinesh Haswani
**86930 33369**
Rera Number - A51800004556
(B-16678)

**'ઓપેરાહાઉસ'**
312' ઓફિસ, લીઝ - વેચાણ ફ્લેટ (લેવા- -વેચવા): નીતિન - 9867222020. (૪૩૩/ઈ)

**કાંદિવલીમાં**
કોમર્શિયલ ઓફિસ, ફેક્ટરી માટે 800' કાર્પેટ, 2.5 Cr. નેગોશીએબલ. મનોજ પટાણી - 9820574739. (બી-૧૬૬૬૭)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
લગ્નગીત, સાંજી, સંગીત સંધ્યા, ભજન, ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860. (૩૯૨-એ)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૪૧૦-એ)**

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'': - 9820889938. (૪૦૦-એ)

## ૨૫. શૈક્ષણીક

**કૃષ્ણા કલાસીસ**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક, પ્રવચન શીખો. પહેલો એક મહિનો મફત. ત્યાર બાદ ફીમાં ૫૦% ડીસકાઉન્ટ. તમારા ઘરે પણ શીખવવા આવીશું. મર્યાદિત જગ્યા હોવાથી ''વહેલું તે પહેલું''ના ધોરણે. શરત લાગુ. ગદાધર ૯૯૩૦૪૬૧૭૭૯. (બી-૧૬૭૦૮)

## ૩૧. નાણાંકીય

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

## ૩૨. જમીન-મિલકત

**જમીન મિલકત**
પ્રોપર્ટી કન્સલટન્ટ - જમીન મિલકતને લગતા તમામ કામો માટે સંપર્કઃ- ૯૮૧૯૧૨૨૯૧૮ / ૯૮૨૦૧૯૬૦૪૯. (બી-૧૬૭૦૪)

## ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/ સ્લીપર જેન્ટ્સ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9869669633. (એસડીબી-૨૯૨૨)

**લગ્ન ગીફ્ટ**
શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે. - 9930310057. (બી-૧૬૬૯૭)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**
(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી) (૪૨૮/બી)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (બી-૧૬૭૦૭)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# પાકિસ્તાનની સુપ્રીમ કૉર્ટમાં શક્તિશાળી ધડાકો, ૧૨ ઘાયલ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનની સુપ્રીમ કૉર્ટની ટનલમાં એક શક્તિશાળી વિસ્ફોટ થયો છે. આમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા. મળેલા અહેવાલ મુજબ સુપ્રીમ કોર્ટની કેન્ટિનમાં ગેસ સિલિન્ડર ફાટવાથી વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટના લીધે આખી ઈમારત હચમચી ગઈ હતી.

આ વિસ્ફોટનો વિડીયો સોશ્યલ મીડિયા પર પ્રકાશમાં આવ્યો છે. જેમાં કોર્ટ ઇમારતને થયેલા નુકસાનને દર્શાવવામાં આવ્યું છે. આ વિસ્ફોટ બાદ સમગ્ર સંકુલમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. તેમજ વિસ્ફોટ બાદ વકીલો અને કોર્ટ સ્ટાફને ઇમારતમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

ઇસ્લામાબાદના ઇન્સ્પેક્ટર જનરલ અલી નાસિર રિઝવીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટની કેન્ટિનમાં વિસ્ફોટ થયો હતો. જેમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા. આ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીએ જણાવ્યું હતું કે તે ગેસ વિસ્ફોટ હતો જે ત્યારે થયો હતો જ્યારે ટેકનિશિયન એર કન્ડિશનિંગ (એસી) પ્લાન્ટ પાસે મેઈન્ટેનન્સનું કામ ચાલી રહ્યું હતું. ■

# અમેરિકાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ ડિક ચેનીનું ૮૪ વર્ષની વયે નિધન

વોશિંગ્ટનઃ અમેરિકાના ઇતિહાસમાં સૌથી શક્તિશાળી અને ધ્રુવીકરણ કરનારા ઉપપ્રમુખમાંના એક અને ઇરાક પર આક્રમણના અગ્રણી હિમાયતી, ડિક ચેનીનું ૮૪ વર્ષની વયે અવસાન થયું છે.

ચેનીનું સોમવારે રાત્રે ન્યુમોનિયા અને હૃદય અને નસના રોગની ગૂંચવણોને કારણે અવસાન થયું, એમ તેમના પરિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

''દશકો સુધી, ડિક ચેનીએ આપણા રાષ્ટ્રની સેવા કરી, જેમાં વ્હાઇટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ, વ્યોમિંગના કોંગ્રેસમેન, સંરક્ષણ સચિવ અને યુનાઇટેડ સ્ટેટ્સના ઉપપ્રમુખપદનો સમાવેશ થાય છે,'' તેવું નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

ડિક ચેની એક મહાન અને સારા માણસ હતા જેમણે તેમના બાળકો અને પૌત્રોને આપણા દેશને પ્રેમ કરવાનું અને હિંમત, સન્માન, પ્રેમ, દયા અને ફ્લાય ફિશિંગનું જીવન જીવવાનું શીખવ્યું. ડિક ચેનીએ આપણા દેશ માટે જે કંઈ કર્યું તેના માટે અમે ખૂબ આભારી છીએ. અને આ ઉમદા વિશાળ માણસ દ્વારા પ્રેમ અને વ્હાલ પ્રાપ્ત કરવા બદલ અમે ખૂબ જ ધન્ય છીએ.''

# ફરિદાબાદમાં કિશોરી પર ગોળીબાર કરનારની શોધ ચાલુ

ફરિદાબાદઃ પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, ૧૭ વર્ષની છોકરી પર ધોળા દિવસે ગોળીબાર કરનાર યુવકની શોધ ચાલુ છે, જેમાં છોકરીને ખભા અને પેટમાં ઇજા પહોંચી હતી.

જે ઇછની તૈયારી કરી રહેલી છોકરીને સોમવારે સાંજે જ્યારે તે લાઇબ્રેરીમાંથી ઘરે જઈ રહી હતી ત્યારે ફરીદાબાદની શ્યામ કોલોનીમાં કથિત રીતે પીછો કરનારે બે ગોળી મારી હતી. હુમલાખોરની ઓળખ ૨૦ વર્ષીય જતીન મંગલા તરીકે થઈ છે. ■

એશિયા કપ વિવાદ

# રઉફ પર બે મૅચનો બૅન, સૂર્યાને ૩૦ ટકા દંડ





દુબઈ : સંયુક્ત આરબ અમિરાતમાં રમાયલા એશિયા કપમાં ભારતના ટી-૨૦ના કૅપ્ટન સૂર્યકુમાર અને પાકિસ્તાનના પેસર હરીશ રઉફ આઈસીસીની આચારસંહિતાના ભંગ કરવા માટે દોષી માલુમ પડ્યા હતા. બન્ને પર તેમની વર્તણૂક બદલ દંડાત્મક કાર્યવાહી કરાઈ છે. રઉફને ભારત સામેની બે મૅચમાં બે અલગ બનાવ માટે ૩૦ ટકાની નાણાકીય પેનલ્ટી કરાઈ છે અને દક્ષિણ આફ્રિકા સામેની વન-ડે સીરીઝની ચોથી અને છઠ્ઠી નવેમ્બરની મૅચમાં રમવા પર પ્રતિબંધ મૂકવામા આવ્યો છે. ભારતના કૅપ્ટન સૂર્યકુમારને ભારતીય લશ્કરને ટેકો આપતી અને પહલગામ આતંકવાદી હુમલાના પીડિતો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતી ટિપ્પણી બદલ મૅચ ફીના ૩૦ ટકા દંડ કરવામાં આવ્યો છે. ૧૪ સપ્ટેમ્બરની ગેમમાં રઉફને આ જ ગુના માટે દોષી જાહેર કરાયો છે અને તેને મૅચ ફીના ૩૦ ટકા દંડ કરવામાં આવ્યો છે અને બે ડીમેરિટ પોઈન્ટસ દેવામાં આવ્યા છે. ભારત સામેની બીજી મૅચમાં રઉફને કલમ ૨.૨૧નો ભંગ કરવા બદલ દોષી જાહેર કરાયો છે અને તેને મૅચ ફીના ૩૦ ટકા દંડ દેવામાં આવ્યો છે અને તેને બે ડીમેરિટ પાઈન્ટસ દેવામાં આવ્યા છે. જસપ્રીત બુમરાહને એક ડીમેરીટ પોઈન્ટ દેવામા આવ્યો છે. અર્શદીપ સિંહ અને શહીબઝાદા ફહાનને પેન્લટી વિના છોડી દેવામાં આવ્યા છે. (એજન્સી)■

## નકવીને લાગ્યો ડરઃ આઇસીસીની બેઠકમાં હાજરી નહીં આપે

કરાંચીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ના અધ્યક્ષ મોહસીન નકવી ઘરેલુ રાજકીય મુદ્દાઓને કારણે દુબઈમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) ની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા ઓછી છે. આ બેઠકમાં બીસીસીઆઈ એશિયા કપ ટ્રોફી ભારતને ન આપવાનો મુદ્દો ઉઠાવી શકે છે.

એશિયન ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ નકવીને ટ્રોફી નહીં સોંપવાના કારણે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)ની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો કારણ કે વિજેતા ટીમના ખેલાડીઓએ નકવીનાં ભારત વિરોધી નિવેદનોને કારણે ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો. ચાર દિવસીય આઈસીસી બેઠક મંગળવારે શરૂ થઈ હતી.

પીસીબીનાં સૂત્રોએ સ્પષ્ટ કર્યું નથી કે કયા રાજકીય મુદ્દાઓના કારણે તેઓ બેઠકમાં હાજર રહેશે નહીં. નકવી તેમના દેશમાં ગૃહમંત્રી પણ છે અને ગયા વર્ષે જય શાહ આઈસીસીના અધ્યક્ષ બન્યા ત્યારથી તેઓ આઈસીસીની બેઠકોમાં હાજરી આપતા નથી.

પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું કે બોર્ડના ચીફ ઓપરેટિંગ ઓફિસર સુમેર સૈયદ સીઈઓની બેઠકમાં હાજરી આપશે અને જો નકવી દુબઈ જઈ શકશે નહીં તો તેઓ ૭ નવેમ્બરના રોજ યોજાનારી મહત્ત્વપૂર્ણ એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ પણ કરી શકે છે. એશિયા કપ ટ્રોફી દુબઈમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલની હેડઓફિસમાં રાખવામાં આવી છે. જોકે ફાઇનલ સપ્ટેમ્બરના અંતમાં રમાઈ હતી. ■

## આઈસીસીની મહિલા વર્લ્ડ કપની બેસ્ટ પ્લેઈંગ ઈલેવનમાં ત્રણ ભારતીય ખેલાડી



દુબઈઃ ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમની ત્રણ મુખ્ય ખેલાડીઓ સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માનો આઈસીસી મહિલા વર્લ્ડકપ 'ટીમ ઓફ ધ ટૂર્નામેન્ટ'માં સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણેય ખેલાડીઓએ ભારતની ઐતિહાસિક જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. રવિવારે ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને બાવન રનથી હરાવીને ભારતે પોતાનો પહેલો મહિલા વર્લ્ડ કપ જીત્યો હતો. જોકે, આશ્ચર્યજનક વાત એ હતી કે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સતત સારું પ્રદર્શન કરનાર પ્રતિકા રાવલને ટીમમાં સામેલ કરવામાં આવી ન હતી. સેમિફાઇનલ પહેલા ઈજાને કારણે તેણી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. રનર-અપ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાને પણ ત્રણ-ત્રણ ખેલાડીઓ મળ્યા હતા.

સ્મૃતિ મંધાનાએ ટૂર્નામેન્ટમાં ૫૪.૨૫ની સરેરાશ સાથે ૪૩૪ રન કર્યા હતા. તેણીએ એક સદી અને બે અડધી સદી ફટકારી હતી. તેણીની સૌથી યાદગાર ઇનિંગ્સ ન્યૂ ઝીલેન્ડ સામેની હતી જેમાં તેણે ૧૦૯ રન ફટકાર્યા હતા. જ્યારે તેણીએ ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ સામે ૮૦ અને ૮૮ રન કર્યા હતા. જેમિમા રોડ્રિગ્સે ૫૮.૪૦ની સરેરાશ સાથે ૨૯૨ રન કર્યા હતા.

ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલમાં અણનમ ૧૨૭ રનનો તેમનો શ્રેષ્ઠ સ્કોર હતો.

આ ઇનિંગે ભારતને ફાઇનલમાં પહોંચવામાં મદદ કરી હતી. ન્યૂઝીલેન્ડ સામેના તેમના અણનમ ૭૬ અને ફાઇનલમાં દક્ષિણ આફ્રિકા સામેના ૨૪ રન પણ ટીમ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયા હતા. દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ જાહેર કરવામાં આવી હતી. તેણે ૨૧૫ રન ફટકાર્યા હતા અને બાવીસ વિકેટ ઝડપી હતી. ફાઇનલમાં તેણે ૩૯ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી અને ૫૮ રન ફટકાર્યા હતા.

રનર-અપ દક્ષિણ આફ્રિકાના ત્રણ ખેલાડીઓનો પણ ટીમમાં સમાવેશ થાય છે. એલ વોલવાર્ટ (કેપ્ટન), મારિઝાન કેપ અને નાદીન ડી ક્લાર્કને ટીમમાં સ્થાન મળ્યું છે. વોલવાર્ટને ટીમની કેપ્ટનશિપની જવાબદારી સોંપવામાં આવી હતી.

આઈસીસી મહિલા વનડે વર્લ્ડ કપ ટીમ ઓફ ધ ટૂર્નામેન્ટ

સ્મૃતિ મંધાના (ભારત), એલ.વોલવાર્ટ (કેપ્ટન, દક્ષિણ આફ્રિકા), જેમિમા રોડ્રિગ્સ (ભારત), મારિઝાન કેપ (દક્ષિણ આફ્રિકા), એશ્લે ગાર્ડનર (ઓસ્ટ્રેલિયા), દિપ્તિ શર્મા (ભારત), એનાબેલ સધરલેન્ડ (ઓસ્ટ્રેલિયા), નાદીન ડી ક્લાર્ક (દક્ષિણ આફ્રિકા), સિદરા નવાઝ (વિકેટકીપર, પાકિસ્તાન), અલાના કિંગ (ઓસ્ટ્રેલિયા)

સોફી એક્લેસ્ટોન (ઇંગ્લેન્ડ)

૧૨મી ખેલાડીઃ નેટ સાયવર-બ્રન્ટ (ઇંગ્લેન્ડ) ■

# વન-ડે રેન્કિંગમાં મંધાનાને પછાડી નંબર વન બની વોલવાર્ટ

દુબઈઃ ભારતની સ્ટાર મહિલા બેટ્સમેન સ્મૃતિ મંધાના મહિલા વનડે બેટ્સમેન રેન્કિંગમાં એક સ્થાન નીચે સરકીને બીજા સ્થાને આવી ગઈ છે, જ્યારે જેમિમા રોડ્રિગ્સ નવ સ્થાનની છલાંગ લગાવીને ટોપ ૧૦માં પહોંચી ગઈ છે. ભારતની ઐતિહાસિક વર્લ્ડ કપ જીત બાદ આઈસીસી લેટેસ્ટ રેન્કિંગ બહાર પાડ્યું હતું.

દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમની કેપ્ટન વોલવાર્ટે શાનદાર પ્રદર્શન સાથે મંધાનાને પાછળ છોડી દીધી છે. વોલવાર્ટે વર્લ્ડ કપ સેમિફાઇનલ અને ફાઇનલ બંનેમાં સદી ફટકારી અને કુલ ૫૭૧ રન ફટકાર્યા હતા, જે કોઈપણ એક વર્લ્ડ કપમાં સૌથી વધુ રન છે. તેના પ્રદર્શનથી તેણીને ૮૧૪ પોઈન્ટ મળ્યા અને તેણે કારકિર્દીનું સર્વોચ્ચ રેન્કિંગ હાંસલ કર્યું હતું.

જ્યારે મંધાના સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ટોચ પર રહી, ત્યારે ફાઇનલ પછી તે બીજા સ્થાને આવી ગઈ હતી. વોલ્વાર્ટ સાથે તેણીને આઈસીસી ટીમ ઓફ ધ ટૂર્નામેન્ટમાં સામેલ કરવામાં આવી છે. ભારતે દક્ષિણ આફ્રિકાને બાવન રનથી હરાવીને પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો હતો.

ભારતની જેમિમા રોડ્રિગ્સે સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારીને શાનદાર વાપસી કરી હતી. આ પ્રદર્શનથી તેણી નવ સ્થાનની છલાંગ લગાવીને ૧૦મા સ્થાને પહોંચી ગઈ હતી. ઓસ્ટ્રેલિયાની ફોબી લિચફિલ્ડે પણ ૧૩ સ્થાનની છલાંગ લગાવીને ૧૩મા સ્થાને પહોંચી ગઈ હતી. દરમિયાન, ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી સાતમા સ્થાને પહોંચી ગઈ અને તાજેતરમાં જ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેનારી ન્યૂઝીલેન્ડની સોફી ડિવાઇન પણ આ સ્થાને જ છે.

ભારતની ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ જાહેર કરવામાં આવી હતી. તેણીએ સેમિફાઇનલ અને ફાઇનલમાં સાત વિકેટ લીધી અને ૮૨ રન કર્યા હતા. આનાથી તેણી ઓલરાઉન્ડર રેન્કિંગમાં એક સ્થાન ઉપર આવીને એનાબેલ સધરલેન્ડને પાછળ છોડીને ચોથા સ્થાને પહોંચી ગઈ હતી.

દક્ષિણ આફ્રિકાની મારિઝાન કેપે ઇંગ્લેન્ડ સામેની સેમિફાઇનલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતુ, જેમાં પાંચ વિકેટ ઝડપી હતી. આનાથી તેણી ૭૧૨ પોઈન્ટ સાથે બે સ્થાન ઉપર ચઢીને બીજા સ્થાને પહોંચી ગઈ છે.■

## અંડર-૧૯ ઓડીઆઈ ચેલેન્જર ટ્રોફીમાં રાહુલ દ્રવિડનો નાનો દીકરો રમશે



નવી દિલ્હીઃ ભૂતપૂર્વ દિગ્ગજ ભારતીય બેટ્સમેન રાહુલ દ્રવિડના નાના પુત્ર અન્વયને મંગળવારે હૈદરાબાદમાં બુધવારથી શરૂ થનારી મેન્સ અંડર-૧૯ વનડે ચેલેન્જર ટ્રોફી માટે ચાર ટીમોમાંથી એક ટીમ-સીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ટોપ-ઓર્ડર બેટ્સમેન અને વિકેટકીપર અન્વયને ટુર્નામેન્ટ માટે ટીમ- સીમાં સામેલ કરવામાં આવ્યો છે. આ ટુનામેન્ટ દર વર્ષે યોજાય છે અને યુવા ક્રિકેટરોને તેમની કુશળતા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. બીસીસીઆઈના જણાવ્યા અનુસાર, ''જૂનિયર પસંદગી સમિતિએ ૫ થી ૧૧ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન હૈદરાબાદમાં યોજાનારી આગામી આઈડીએફસી ફર્સ્ટ બેન્ક મેન્સ અંડર-૧૯ વનડે ચેલેન્જર ટ્રોફી માટે ટીમોની પસંદગી કરી છે.''

એરોન જ્યોર્જની કેપ્ટનશિપ હેઠળની ટીમ-સી શુક્રવારે વેદાંત ત્રિવેદીની કેપ્ટનશિપ હેઠળની ટીમ બી સામે તેના અભિયાનની શરૂઆત કરશે.

ટીમ-સીઃ એરોન જ્યોર્જ (કેપ્ટન), આર્યન યાદવ (વાઈસ-કેપ્ટન), અંકિત ચેટર્જી, મણિકાંત શિવાનંદ, રાહુલ કુમાર, યશ કાસવાંકર, અન્વય દ્રવિડ (વિકેટકીપર), યુવરાજ ગોહિલ (વિકેટકીપર), ખિલાન એ પટેલ, કનિષ્ક ચૌહાણ, આયુષ શુક્લા, હેનિલ પટેલ, લક્ષ્મણ પ્રુથી, રોહિત કુમાર દાસ, મોહિત ઉલવા. ■

## અશ્વિન ઇન્જર્ડ, બિગ બૅશ લીગમાંથી આઉટ



ચેન્નઈઃ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રવિચંદ્રન અશ્વિન ઓસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)માં રમે તેવી સંભાવના હતી, પરંતુ ઘૂંટણની ઇજાને કારણે તે આખી સીઝનમાંથી બહાર થઈ ગયો. અશ્વિન સિડની થન્ડર ટીમનો ભાગ હતો.

અશ્વિને ગયા વર્ષના અંતમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી અને ઑગસ્ટ ૨૦૨૫માં આઈપીએલમાંથી નિવૃત્તિ લીધી હતી જેથી બીબીએલ, ધ હંડ્રેડ અને સાઉથ આફ્રિકા ટી-૨૦ સહિત વિશ્વભરની ટી-૨૦ લીગ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય. અશ્વિને ઇન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, ''આગામી સીઝનની તૈયારી માટે ચેન્નઈમાં ટ્રેનિંગ દરમિયાન મારા ઘૂંટણમાં ઈજા થઈ હતી. હું બીબીએલ-૧૫માં રમી શકીશ નહીં તે કહેવું ખૂબ મુશ્કેલ છે. હું આ ટીમનો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત હતો.'' બીબીએલ-૧૫ની શરૂઆત ૧૪ ડિસેમ્બરથી થશે. આ વર્ષની શરૂઆતમાં અશ્વિને થન્ડરના બીબીએલ ૧૫ અભિયાનમાં ફાઇનલ સહિત તમામ મેચો માટે તેની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી હતી. ■

## રણજી ટ્રોફીમાં હરિયાણાએ ગુજરાતને ચાર વિકેટથી હરાવ્યું

અમદાવાદઃ પાર્થ વત્સ અને યશવર્ધન દલાલે શાનદાર ઇનિંગની મદદથી હરિયાણાએ રણજી ટ્રોફી ગ્રુપ સીની મેચના ચોથા અને અંતિમ દિવસે ગુજરાતને ચાર વિકેટથી હરાવ્યું હતું. ગુજરાતના ૬૨ રનના લક્ષ્યનો પીછો કરતા હરિયાણાએ ફક્ત બે રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. બંને ઓપનર લક્ષ્ય દલાલ અને કેપ્ટન અંકિત કુમાર ચોથી ઓવરમાં આઉટ થઈ ગયા હતા જ્યારે મયંક શાંડિલ્ય (૦૩) અને નિશાંત સિંધુ (૧૩) પણ સસ્તામાં આઉટ થયા જેના કારણે હરિયાણા ૨૩મી ઓવરમાં ૪૩ રન પર છ વિકેટ ગુમાવી દીધી હતી. વિકેટકીપર યશવર્ધન (અણનમ ૧૪) અને વત્સ (અણનમ ૧૩) એ ટીમનો સ્કોર છ વિકેટે ૬૨ રન સુધી પહોંચાડ્યો હતો અને ટીમને જીત અપાવી હતી. જીત સાથે હરિયાણાના છ પોઈન્ટ થયા હતા. ડાબોડી સ્પિનરો વિશાલ જયસ્વાલ (૨૩ રનમાં ૩) અને સિદ્ધાર્થ દેસાઈ (૨૫ રનમાં ૨) એ મળીને પાંચ વિકેટ લીધી હતી. ગુજરાતે બીજા દાવમાં આઠ વિકેટે ૧૧૩ રનથી શરૂઆત કરી હતી અને ૧૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. હરિયાણા તરફથી ઓફ સ્પિનર નિખિલ કશ્યપે ૫૯ રનમાં ચાર વિકેટ લીધી હતી, જ્યારે શાંડિલ્ય, સિંધુ અને વત્સે બે-બે વિકેટ લીધી હતી.

અગરતલામાં ત્રિપુરાએ બંગાળના ૩૩૬ રનના જવાબમાં ૩૮૫ રન કરીને પ્રથમ દાવમાં મહત્વપૂર્ણ લીડ મેળવી હતી અને ત્રણ પોઈન્ટ મેળવ્યા હતા. બંગાળને એક પોઈન્ટ મળ્યો હતો. જ્યારે બંગાળનો બીજો દાવ ૯૦ રનમાં ત્રણ વિકેટે હતો ત્યારે બંને ટીમના કેપ્ટનોએ ડ્રો માટે સંમતિ દર્શાવી હતી. ત્રિપુરા માટે કેપ્ટન મણિપુર મુરાસિંહે અણનમ ૧૦૨ રન કર્યા હતા જ્યારે હનુમા વિહારીએ ૧૪૧ રન ફટકાર્યા હતા.

દિલ્હીમાં ગ્રૂપ સીની અન્ય એક મેચમાં ઉત્તરાખંડે સર્વિસીઝને ૧૭ રનથી હરાવ્યું હતું. ઉત્તરાખંડના ૧૨૩ રનના લક્ષ્યનો પીછો કરતા સર્વિસીઝ ૧૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ■

## ભારતના વર્લ્ડ કપ વિજયથી પાકિસ્તાન ગુસ્સામાં, મહિલા ટીમના કોચને બરતરફ

ઈસ્લામાબાદઃ પાકિસ્તાન ૨૦૨૫ મહિલા વર્લ્ડ કપમાં ભારતની ઐતિહાસિક જીતથી નાખુશ છે. તેણે તેની મહિલા ટીમ સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ મહિલા ટીમના કોચ મોહમ્મદ વસીમને બરતરફ કર્યા છે. ભારત અને શ્રીલંકા દ્વારા આયોજિત મહિલા વર્લ્ડકપમાં પાકિસ્તાનનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. ટીમ એક પણ મેચ જીતી શકી નહીં અને સૌથી છેલ્લા સ્થાને રહી હતી.

પાકિસ્તાને આ વર્ષે એપ્રિલમાં લાહોરમાં આયોજિત ક્વોલિફાયરમાં ટોચનું સ્થાન મેળવીને મહિલા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું. જોકે, ફાતિમા સનાની કેપ્ટનશિપ હેઠળની ટીમ ટૂર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી હતી.

કોલંબોમાં રમાયેલી સાત મેચમાં ટીમ એક પણ મેચ જીતી શકી નહીં અને છેલ્લા સ્થાને રહી હતી. સાત મેચમાંથી પાકિસ્તાન ચારમાં હારી ગયું, જ્યારે ત્રણ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

પીસીબીએ જણાવ્યું હતું કે વસીમનો કરાર વર્લ્ડ કપ સાથે સમાપ્ત થઈ ગયો હતો અને બૉર્ડે તેને ન લંબાવવાનો નિર્ણય લીધો છે. તેના બદલે નવા મુખ્ય કોચની નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે.

ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી વસીમે પુરુષ ટીમના મુખ્ય પસંદગીકાર તરીકે પણ સેવા આપી હતી. તેમને ગયા વર્ષે મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન પાકિસ્તાન એશિયા કપ સેમિફાઇનલ હારી ગયું હતું અને આ વર્ષની શરૂઆતમાં ટી-૨૦ વર્લ્ડ કપના લીગ તબક્કામાં બહાર થઈ ગયું હતું. ■

## સપનાં જોવાનું ક્યારેય બંધ ન કરતાઃ હરમનપ્રીત



નવી દિલ્હીઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે બાળપણમાં પિતાનું બેટ પકડીને ક્રિકેટ રમવાની શરૂઆત કરી હતી. તેણે ક્યારેય સ્વપ્ન જોવાનું બંધ કર્યું નહીં અને ભારતને તેનો પ્રથમ મહિલા વર્લ્ડ કપ જીતવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. રવિવારે નવી મુંબઈમાં મહિલા વન-ડે વર્લ્ડ કપ ફાઇનલમાં ભારતની ૫૨ રનની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ભારતીય કેપ્ટન હરમનપ્રીતે યુવાનોને સલાહ આપી હતી કે , ''ક્યારેય સ્વપ્ન જોવાનું બંધ ન કરવું જોઈએ. તમે ક્યારેય જાણતા નથી કે તમારું ભાગ્ય તમને ક્યાં લઈ જશે.''

હરમનપ્રીતે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક વીડિયોમાં કહ્યું હતું કે, ''જ્યારથી મેં બાળપણમાં મારી પસંદ અને નાપસંદનો અંદાજ લગાવવાનું શરૂ કર્યું ત્યારથી મારા હાથમાં હંમેશા બેટ રહેતું હતું. મને હજુ પણ યાદ છે કે હું મારા પિતાની કીટ બેગમાંથી એક બેટ લઈને રમતી હતી. તે ખૂબ મોટું બેટ હતું.''

તેણીએ કહ્યું હતું કે, ''એક દિવસ મારા પિતાએ મારા માટે તેમના જૂના બેટને કાપીને નાનું કર્યું હતું. અમે તેનાથી રમતા હતા. જ્યારે પણ અમે ટીવી પર મેચ જોતા હતા, ભારતને રમતા જોતા હતા, અથવા વર્લ્ડ કપ જોતા હતા, ત્યારે મને લાગતું હતું, ''મને પણ આવી જ તકની જરૂર છે.'' મને તે સમયે મહિલા ક્રિકેટ વિશે પણ ખબર નહોતી.''

બાળપણમાં શરૂ થયેલી આ સફર વર્લ્ડ કપ ટ્રોફી ઉપાડવા તરફ દોરી ગઈ, પરંતુ આ સફરમાં તેણીને કઠિન સંઘર્ષો અને હૃદયદ્રાવક હારનો પણ સામનો કરવો પડ્યો છે. ■

## ઈન્ટર-ઝોનલ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં નોર્થ ઝોનની કેપ્ટન બની શેફાલી વર્મા



નવી દિલ્હીઃ ભારતની મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ભારતની ટાઇટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર શેફાલી વર્માને મંગળવારથી નાગાલેન્ડમાં શરૂ થઈ રહેલી સિનિયર ઇન્ટર-ઝોનલ ટી-૨૦ ટૂર્નામેન્ટ માટે નોર્થ ઝોનની કેપ્ટન બનાવવામાં આવી છે.

રવિવારે નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકા સામેની મહિલા વન-ડે વર્લ્ડ કપ ફાઇનલમાં ૨૧ વર્ષીય શેફાલીએ ૮૭ રન ફટકાર્યા હતા અને ૩૬ રન આપીને બે વિકેટ ઝડપી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. ભારતે ૫૨ રનથી મેચ જીતીને પહેલીવાર વર્લ્ડ કપ જીત્યો હતો. સેમિફાઇનલ પહેલા ઘાયલ પ્રતિકા રાવલની જગ્યાએ શેફાલીને ટીમમાં સામેલ કરવામાં આવી હતી.

૪ થી ૧૪ નવેમ્બર દરમિયાન નાગાલેન્ડમાં યોજાનારી સિનિયર મહિલા ઇન્ટર-ઝોનલ ટી-૨૦ ટ્રોફીમાં છ ટીમો ભાગ લેશે. બીસીસીઆઈની પ્રાદેશિક પસંદગી સમિતિઓએ પોતપોતાની ટીમોની પસંદગી કરી હતી.

નોર્થ ઝોન

શેફાલી વર્મા (કેપ્ટન), શ્વેતા સેહરાવત (વાઈસ-કેપ્ટન), દિયા યાદવ, આયુષી સોની, તાનિયા ભાટિયા (વિકેટકીપર), એસએમ સિંહ, ભારતી રાવલ, બવનદીપ કૌર, મન્નત કશ્યપ, અમનદીપ કૌર, કોમલપ્રીત કૌર, અનન્યા શર્મા, સોની યાદવ, નાઝમા, નંદિની. ■

## લખનઊનો ગ્લોબલ ક્રિકેટ ડિરેક્ટર બન્યો ટોમ મૂડી

લખનઊઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ટીમ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) એ મંગળવારે ટી-૨૦ લીગની આગામી સીઝન માટે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ટોમ મૂડીને તેના ગ્લોબલ ક્રિકેટ ડિરેક્ટર બનાવ્યા હતા.આઈપીએલનો વ્યાપક અનુભવ ધરાવતા ૬૦ વર્ષીય મૂડીએ બે વાર સનરાઈઝર્સ હૈદરાબાદના મુખ્ય કોચ તરીકે સેવા આપી છે. ૨૦૧૨માં બ્રાયન લારા મુખ્ય કોચ બન્યા ત્યારે તેમણે ફ્રેન્ચાઇઝ છોડી દીધી હતી. એલએસજીએ તેના સોશ્યલ મીડિયા હેન્ડલ્સ પર મૂડીનો ફોટો કેપ્શન સાથે પોસ્ટ કર્યો હતો જેનું ટાઈટલ હતું, ''અનુભવ, દ્રષ્ટિ, નેતૃત્વ કૌશલ્ય. સુપર જાયન્ટ્સ યુનિવર્સમાં તમારું સ્વાગત છે, ટોમ મૂડી.''

મૂડીએ ઓસ્ટ્રેલિયા તરફથી આઠ ટેસ્ટ અને ૭૬ વન-ડે રમી છે જેમાં તેમણે બંને ફોર્મેટમાં કુલ ૧૬૬૭ રન કર્યા છે અને ૫૪ વિકેટ ઝડપી હતી. ■

## રાઈઝિંગ સ્ટાર એશિયા કપ માટે ભારતીય ટીમમાં વૈભવ-પ્રિયાંશ

મુંબઈઃ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ આગામી રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૫ માટે ઇન્ડિયા-એ ટીમની જાહેરાત કરી હતી. જિતેશ શર્માને આ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે સ્ટાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી અને આઈપીએલ સ્ટાર પ્રિયાંશ આર્યનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટૂર્નામેન્ટ ૧૪ થી ૨૩ નવેમ્બર દરમિયાન કતારના દોહામાં રમાશે. ભારતીય ટીમને ગ્રૂપ-બીમાં રાખવામાં આવી છે, જેમાં ઓમાન, યુએઈ અને પાકિસ્તાનની ટીમો પણ સામેલ છે. ગ્રૂપ-એમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને હોંગકોંગની ટીમો સામેલ છે. જિતેશ શર્મા હાલમાં ઓસ્ટ્રેલિયામાં ભારતીય ટીમ સાથે પાંચ મેચની ટી-૨૦ સિરીઝમાં રમી રહ્યો છે. વૈભવ સૂર્યવંશી ટૂર્નામેન્ટનો સૌથી યુવા ખેલાડી છે. તે આઈપીએલમાં ઐતિહાસિક ૧૦૧ રન ફટકારીને ટી-૨૦ ક્રિકેટમાં સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બન્યો હતો.



ઈન્ડિયા-એ ટીમઃ જિતેશ શર્મા (કેપ્ટન અને વિકેટકીપર), નમન ધીર (વાઇસ-કેપ્ટન), પ્રિયાંશ આર્ય, વૈભવ સૂર્યવંશી, નેહલ વઢેરા, સૂર્યાંશ શેડગે, રમનદીપ સિંહ, હર્ષ દુબે, યશ ઠાકુર, ગુરજપનીત સિંહ, વિજય કુમાર વૈશાખ, યુદ્ધવીર સિંહ ચરક, અભિષેક પોરેલ (વિકેટકીપર), સુયશ શર્મા, આશુતોષ શર્મા. ■

## અજિત પવારનો પુત્ર રાજકારણમાં ઝુકાવશે એવી અટકળો

મુંબઈ: આગામી મહાનગરપાલિકા ચૂંટણીને પગલે રાજકીય ચહલપહલ વધી છે. ચૂંટણી પૂર્વે તમામ રાજકીય પક્ષોના નેતાઓએ જોરદાર તૈયારી શરૂ કરી દીધી છે. નેતાઓ રાજ્યના વિવિધ ભાગોની મુલાકાત લઈ કાર્યકરો પાસેથી પક્ષ સંગઠનની સમીક્ષા કરી પક્ષના કાર્યકરોને માર્ગદર્શન આપતા જોવા મળી રહ્યા છે. આ વાતાવરણમાં એક મહત્વપૂર્ણ સમાચાર જાણવા મળ્યા છે.નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર જય પવાર ચૂંટણીના મેદાનમાં ઊતરે એવી અટકળો વહેતી થઈ છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) તરફથી બારામતી મ્યુનિસિપલ કાઉન્સિલના મેયર પદ માટે જય પવાર ચૂંટણી લડે તેવી સંભાવના છે. બારામતી મ્યુનિસિપલ કાઉન્સિલના મેયરનું પદ સામાન્ય વર્ગ માટે અનામત હોવાથી જય પવારના નામની ચર્ચા થઈ રહી છે.

બારામતી મ્યુનિસિપલ કાઉન્સિલના પદ માટે જય પવારના નામની ચર્ચાને પગલે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી - એસપી)ના સંસદસભ્ય સુપ્રિયા સુળેને મીડિયા પ્રતિનિધિઓએ સવાલ પૂછતાં તેમણે ટૂંકો જવાબ આપ્યો હતો કે આ તેમના પક્ષનો આંતરિક મુદ્દો છે. સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે 'નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપીએ કોને નોમિનેટ કરવા જોઈએ એ તેમના પક્ષનો આંતરિક મુદ્દો છે. અમે એક મજબૂત લોકશાહીમાં રહીએ છીએ અને કોઈપણ પક્ષ માટે નોમિનેશન કરવું એ આંતરિક બાબત છે.'અલબત્ત આ અંગે અજિત પવાર, જય પવાર કે એનસીપી તરફથી કોઈ પ્રતિક્રિયા નથી આવી. ■

## ચૂંટણી પંચે ઉમેદવારોની ખર્ચ મર્યાદા વધારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ રાજ્યની ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ તમામ નગર પરિષદો અને નગર પંચાયતોમાં બીજી ડિસેમ્બરે મતદાન થશે. ત્રીજી ડિસેમ્બરે મતગણતરી થશે. આ ચૂંટણીમાં ૮૬,૮૫૯ સભ્યો ચૂંટાશે. ઉપરાંત, ૨૮૮ અધ્યક્ષો ચૂંટાશે. આ બધા સાથે રાજ્ય ચૂંટણી કમિશનરે એવી માહિતી આપી હતી કે આ ચૂંટણીમાં ઉમેદવારો માટેની ખર્ચ મર્યાદા વધારવામાં આવી છે. આ પ્રસંગે, ચૂંટણી કમિશનરે દરેક વર્ગના સભ્યો માટે ખર્ચ મર્યાદાનું વિગતવાર વિશ્લેષણ કર્યું હતું.

**વર્ગ અ નગર પરિષદની ચૂંટણીમાં કેટલો ખર્ચ કરી શકાય?**

વર્ગ અ નગર પરિષદની ચૂંટણીમાં લડતા ઉમેદવારો માટે ખર્ચ મર્યાદા પાંચ લાખ રૂપિયા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સભ્ય પદ માટે ચૂંટણી લડનારા ઉમેદવારો માટે. પ્રમુખ પદ માટે ચૂંટણી લડનારા ઉમેદવારો ૧૫ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી શકશે.

**વર્ગ બ નગર પરિષદો માટે ઉમેદવારો માટે ખર્ચ મર્યાદા કેટલી છે?**

વર્ગ બ નગર પરિષદોમાં ચૂંટણી લડનારા ઉમેદવારોને વર્ગ અ કરતા ઓછી ખર્ચ મર્યાદા આપવામાં આવી છે. વર્ગ બ નગર પરિષદો માટે સભ્ય પદ માટે ચૂંટણી લડનારા ઉમેદવારના ખર્ચ માટે ૩.૫૦ લાખ રૂપિયાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જ્યારે પ્રમુખ પદ માટે ૧૧.૨૫ લાખ રૂપિયાની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

**વર્ગ ક નગર પરિષદોનું શું?**

વર્ગ ઈ નગર પરિષદો માટે પ્રમુખ પદની ચૂંટણી લડનારા ઉમેદવારો માટે ૭.૫૦ લાખ રૂપિયાની મર્યાદા જાહેર કરવામાં આવી છે. ઉપરાંત, સભ્ય પદ માટે અરજી કરનારા ઉમેદવારોને ૨.૫૦ લાખ રૂપિયાની મર્યાદા આપવામાં આવી છે.

**નગર પંચાયતો માટે ખર્ચ મર્યાદા કેટલી?**

નગર પંચાયતોના પ્રમુખ અને સભ્ય પદ માટે ચૂંટણી લડનારા ઉમેદવારો માટે અનુક્રમે છ લાખ રૂપિયા અને ૨.૨૫ લાખ રૂપિયાની ખર્ચ મર્યાદા નક્કી કરવામાં આવી છે. ■

## મતદાર યાદીઓમાં ગૂંચવાડાથી લઈને ઈવીએમ સુધી, ચૂંટણી કમિશનરે શું જવાબ આપ્યા?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય ચૂંટણી કમિશનરની પત્રકાર પરિષદમાં રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ રાજ્યની ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. પત્રકારોએ રાજ્ય ચૂંટણી કમિશનરને વિવિધ પ્રશ્નો પૂછ્યા, જેના કારણે તેઓ મૂંઝવણમાં મુકાયા, પરંતુ તેમણે બધા સવાલોનો જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો.

રાજ્યના મનસે અને એમવીએનું એક પ્રતિનિધિમંડળ તેમને મળ્યું હતું અને મતદાર યાદીઓમાં ગૂંચવાડા અંગે વાંધા ઉઠાવ્યા હતા. આ સંદર્ભે શું કાર્યવાહી કરવામાં આવી? એવો સવાલ પત્રકારોએ પૂછ્યો હતો. આ અંગે તેમણે કહ્યું હતું કે કેન્દ્રીય ચૂંટણી પંચને આ ફરિયાદની જાણ કરી હતી પરંતુ તેમને કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી પાછળથી કોઈ જવાબ મળ્યો નથી.

સવાલ: વિરોધ પક્ષનો એવો આરોપ છે કે ચૂંટણી પંચ શાસક પક્ષના દબાણ હેઠળ કામ કરી રહ્યું છે. આ અંગે તમારું શું કહેવું છે?

જવાબ: આ ખોટું છે. ચૂંટણી કમિશન કોઈના દબાણ હેઠળ કામ કરી રહ્યું નથી.

સવાલ: વિપક્ષની ફરિયાદ છે કે એક ઘરમાં ૪૦થી વધુ મતદારો નોંધાયેલા છે. ખોટા સરનામાં છે. તેને સુધારવા માટે શું પગલાં લેશો? કમિશનરનો જવાબ: અમને કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી મતદાર યાદી મળે છે. આ યાદીમાં બેવડા અને ત્રેવડા નામ હોય તો તેની સામે કાર્યવાહી કરી શકાય છે. ■

## ડબલ નામોના મુદ્દા પર ચૂંટણી પંચનો મહત્ત્વપૂર્ણ ઉકેલ

મુંબઈ: ડબલ નામોની સમસ્યા માટે હવે ચૂંટણી પંચે ઉકેલ લાવ્યો છે. જે મતદારોના ડબલ નામ હશે, તેમના સ્થાનો પર બે સ્ટાર હશે અને તે મતદારનો સંપર્ક કરવામાં આવશે. તે મતદારને પૂછવામાં આવશે કે તે કયા મતદાન મથક પર મતદાન કરવા માગે છે અને પછી મતદાર તે જ મથક પર મતદાન કરી શકે છે. ડબલ નામ ધરાવતી વ્યક્તિ એક જ કેન્દ્ર પર મતદાન કરી શકે છે. જો તે મતદાર આ બાબતે કોઈનો પણ સંપર્ક ન કરે, તો તેને બધા મતદાન મથકો પર ડબલ સ્ટાર મતદાર તરીકે નોંધવામાં આવશે. જો આવા મતદાર મતદાન મથક પર આવે, તો તેની પાસેથી એક સોગંદનામું લેવામાં આવશે કે તેણે અન્ય કોઈ મતદાન મથક પર મતદાન કર્યું નથી અથવા આ મતદાન પછી તે અન્ય કોઈ જગ્યાએ મતદાન કરશે નહીં. તે એક જ મતદાન મથક પર મતદાન કરી શકે છે, એમ ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું. ■

**શિંદે-સેનાના વિધાનસભ્યનું વિવાદાસ્પદ નિવેદન**

## ‘મા ભલે મરજો, પણ માસી જીવજો’

### વાત વણસી જતા બે હાથ જોડી માફી માગી

મુંબઈ: રાજ્યમાં પહેલા ધોરણથી હિન્દી ફરજિયાત બનાવવાનો નિર્ણય વિવાદાસ્પદ હતો. ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે આ મુદ્દે એકત્ર આવ્યા હતા. ચાર મહિના પહેલા રાજ્યમાં મરાઠી અને હિન્દીના મુદ્દે સરકારની કસોટી થઈ હતી. હવે જેમ જેમ સ્થાનિક સંસ્થાઓ અને પાલિકા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે આ મુદ્દો ફરી ચગ્યો છે. માગાઠાણેના વિધાન સભ્ય પ્રકાશ સુર્વેએ અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપતા રાજકીય વાતાવરણ ગરમ થવાના સંકેતો દેખાઈ રહ્યા છે.

વિધાન સભ્યએ જણાવ્યું હતું કે, મરાઠી મારી માતા છે. અને ઉત્તર ભારત (હિન્દી) મારી માસી છે. માતા મરી જાય એનો વાંધો નહીં, પરંતુ માસી જીવવી જોઈએ. આ નિવેદનને પગલે વિવાદ ચગ્યો છે. શિવસેના અને મનસે તેમની ટીકા કરવાનું શરૂ કરી દીધું. સુર્વેએ મત મેળવવા આવું નિવેદન આપ્યું હોવાનો આક્ષેપ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો. ઉદ્ધવ સેનાનાં કિશોરી પેડણેકરે સુર્વે પર નિશાન સાધી જણાવ્યું છે કે ૨૦૨૨માં માતાને નમસ્કાર કરીને જ તેમણે પક્ષ છોડ્યો હતો. માતા કોને કહેવાય એની તેમને ખબર છે ખરી? મત મેળવવાની લાચારી માટે આ પ્રકારનું નિવેદન આપ્યું છે.

જોકે ઉદ્ધવ સેના અને મનસે નેતાઓની ટીકાનો વરસાદ વરસતા બાદ પ્રકાશ સુર્વેએ અંતે વિવાદને ઢાંકવાનો પ્રયાસ કર્યો હતો. અજાણતાં મારા મોઢામાંથી આ શબ્દો સરી પડ્યા એવો બચાવ કરી તેમણે જણાવ્યું હતું કે ‘જો મેં કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડી હોય તો હું માફી માંગુ છું.’ બે હાથ જોડી માફી પણ માંગી. ■

## આવક રળવા એસટી હવે રિટેલમાં ઈંધણનું વેચાણ કરશે: ટેન્ડર પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આવકનો નવો સ્રોત ઊભો કરવાના હેતુથી મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એસટી) હવે રાજ્યભરમાં પોતાની તમામ જગ્યા પર ૨૫૦થી વધુ કમર્શિયલ સ્તર પર પેટ્રોલ અને ડિઝલની સાથે જ સીએનજી અને ઈલેક્ટ્રિક ચાર્જિંગ પોઈન્ટ હોય તેવા રિટેલ શોપ ઊભા કરવાની છે. તે માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.એસટીની આર્થિક પરિસ્થિતિ અત્યંત નાજુક છે. તેથી આવક ઊભી કરવા પોતાની જગ્યા પર સોલાર એનર્જીનું ઉત્પાદન કરવાથી લઈને અનેક નવા સ્રોત્ર ઊભા કરવાની યોજના એસટી અમલમાં મૂકવાની છે, તેમાં હવે રીટેલમાં ઈંધણ વેચવાની યોજના પણ બનાવી છે. રાજ્યના પરિવહન પ્રધાન અને એસટીના અધ્યક્ષ પ્રતાપ સરનાઈકે આ બાબતે જણાવ્યું હતું કે સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીની આર્થિક પરિસ્થિતિ નબળી છે. ફક્ત પ્રવાસી ટિકિટના વેચાણથી થનારી આવક પણ એસટીનો ગુજારો થઈ શકે એમ નથી. તે માટે આવકના નવા સ્રોત ઊભા કરવા આવશ્યક છે.

ગયા ૭૦ વર્ષ કરતા વધુ સમયથી એસટી મહામંડળ ઈન્ડિયન ઓઈલ અને ભારત પેટ્રોલિયમ આ સાર્વજનિક ક્ષેત્રની ઓઈલ કંપની પાસેથી ડિઝલ સહિતનું ઈંધણ વેચાતું લેતી આવી છે. હાલ ૨૫૧ ઠેકાણે એસટીના પોતાની જગ્યા પર પેટ્રોલ પંપ ઊભા કરીને તેના દ્વારા ફક્ત એસટીની બસ માટે ડિઝલનું વિતરણ કરવામાં આવે છે. પેટ્રોલ પંપ ચલાવવાનો અને તેની દેખરેખનો એસટી મહામંડળને સારો અનુભવ છે. તેથી ભવિષ્યમાં સામાન્ય ગ્રાહક માટે પણ પેટ્રોલ અને ડિઝલ તથા સીએનજી જેવા પારંપારિક ઈંધણ વેચાણની સાથે જ ઈલેક્ટ્રિક ચાર્જિંગ પોઈન્ટ હોય તેવા પંપ ઊભા કરવાનું પ્રસ્તાવિત હોવાનું સરનાઈકે જણાવ્યું હતું.

સમગ્ર રાજ્યમાં એસટીની પોતાની માલિકીની જયાં જગ્યા છે, તેનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હોઈ એવી ૨૫૦ કરતા વધુ જગ્યા પર ૪૦ બાય ૩૦ મીટર જગ્યા નિશ્ચિત કરવામાં આવી રહી છે. આ ઠેકાણે એસટી મહામંડળના ફક્ત ઈંધણ વેચાણ જ નહીં પણ રિટેલ શોપ પણ ઊભા કરવામાં આવવાના છે. ■

## રાજ્ય ચૂંટણી પંચ પાલિકા ચૂંટણીમાં વિધાનસભા ચૂંટણીની જ મતદાર યાદી અપનાવશે

### પહેલી ઓક્ટોબર, ૨૦૨૪ પછી ૧૮ વર્ષ પૂર્ણ કરનારા મતદાન નહીં કરી શકે

મુંબઈ: રાજ્ય ચૂંટણી પંચ પાલિકા ચૂંટણી માટે વિધાનસભા ચૂંટણી વખતની જ મતદાર યાદી અપનાવશે એમ બોમ્બે હાઈકોર્ટને મંગળવારે જણાવવામાં આવ્યું હતું. એપ્રિલ ૨૦૨૫માં ૧૮ વર્ષની થયા પછી મતદાર તરીકે નોંધણી કરવાની પોતાની અરજી નથી સ્વીકારવામાં આવી એવો દાવો કરનારી ૧૮ વર્ષની મહિલાની અરજીની સુનાવણી વખતે રજૂઆત કરવામાં આવી હતી.

અરજદાર રૂપિકા સિંહે જણાવ્યું હતું કે રાજ્યમાં કટ-ઓફ તારીખ પહેલી ઓક્ટોબર, ૨૦૨૪ હોવાથી તેની અરજી નથી સ્વીકારવામાં આવી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નવેમ્બર, ૨૦૨૪માં યોજાઈ હતી. પોતાના મતદાનના અધિકારનું ઉલ્લંઘન થતો હોવાનો દાવો કરી રૂપિકા સિંહે હાઈ કોર્ટને વિનંતી કરી હતી કે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીને નિર્દેશ આપવામાં આવે કે તેની અરજી સ્વીકારી સમયસર પ્રક્રિયા કરવામાં આવે.

અરજદારે અરજીની સુનાવણી અને નિકાલ બાકી હોવાથી તેનું નામ મતદાર યાદીમાં સામેલ કરવા રાજ્ય ચૂંટણી પંચને હાઈ કોર્ટના નિર્દેશની પણ માગ કરી હતી. રાજ્ય ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા એડવોકેટ આશુતોષ કુંબાકોનીએ ન્યાયમૂર્તિ આર આઈ ચાગલા અને ન્યાયમૂર્તિ ફરહાન દુબાશની ખંડપીઠને જણાવ્યું હતું કે વિધાનસભા ચૂંટણી વખતની જ મતદાર યાદી પાલિકા ચૂંટણી માટે અપનાવવામાં આવશે.

રૂપિકા સિંહે દાવો કર્યો હતો કે તેમની અરજી સ્વીકારવામાં ન આવી હોવાથી તેઓ કાનૂની રીતે હકદાર હોવા છતાં મુંબઈ મહાનગર પાલિકાની આગામી ચૂંટણીમાં મતદાન નહીં કરી શકે. ખંડપીઠે આ મામલાની વધુ સુનાવણી ગુરુવાર પર મુલતવી રાખી હતી. (પીટીઆઈ) ■

# દેશ વિદેશ

## આઉટસોર્સિંગ પર પચીસ ટકા ટૅક્સનો ખરડો અમેરિકામાં મંજૂર થઈ જશે તો ભારતીય અર્થતંત્ર સાવ પડી ભાંગશે

નવી દિલ્હી : અમેરિકાની વ્યક્તિ આઉટસોર્સિંગ પેમેન્ટ કરશે તો તેના પર પચીસ ટકા વેરો લગાડવાની દરખાસ્ત મૂકતું બિલ અમેરિકાની સેનેટમાં મૂકવામાં આવ્યું છે. જો આ ખરડો મંજૂર થશે તો ભારતીય અર્થતંત્રમાં ખળભળાટ મચી જશે એમ કૉંગ્રેસે કહ્યું હતું.

વિરોધ પક્ષે કહ્યું હતું કે આ ખરડો અમેરિકાના માનસનું પ્રતિબિંબ પૂરું પાડે છે. આ માનસ પ્રમાણે અમેરિકાના બ્લુ કોલર જોબ ચીને ઝૂંટવી લીધા છે, જ્યારે વાઈટ કોલર જોબ ભારતને જવા ન જોઈએ.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશ ઓહિયોના સેનેટર બર્ની મોરેનોના હોલ્ટિંગ ઈન્ટરનેશનલ રિલોકેશન ઑફ એમ્પ્લોયમેન્ટ કે હાયર બિલનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

જયરામે એક્સ પર લખ્યું હતું કે આ બિલ સેનેટની નાણા સમિતિને સોંપવામાં આવ્યું છે.

આ ખરડામાં અમેરિકાની કોઈ પણ વ્યક્તિ આઉટસોર્સિંગ પેમેન્ટ કરતી હોય તો તેના પર પચીસ ટકા ટેક્સ લગાડવાની જોગવાઈ છે. ખરડામાં લખવામાં આવ્યું છે કે કોઈ પણ અમેરિકન કંપની કે કરદાતા વિદેશી વ્યક્તિ જેના કામથી અમેરિકાના ગ્રાહકોને ફાયદો થાય છે એ નાણા વિદેશી નાગરિકને ચુકવે તો તેના પર પચીસ ટકા વેરો લેવો. આ ખરડાની ભારતના આઈટી સર્વિસીસ, કન્સ્લ્ટીંગ, બીપીઓ અને જીસીસી (ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર) પર સીધી અને ઊંડી અસર પડશે. આયરલૅન્ડ, ઈઝરાયલ અને ફિલિપાઈન્સ જેવા દેશો પર પણ આની અસર પડશે, પરંતુ આની મહત્તમ અસર ભારતની સેવાનિકાસ પર પડશે. આ સેવાનિકાસ પા સદીથી સફળ રહી છે.

રમેશે કહ્યું કે એક વર્ષ અગાઉ કોઈએ વિચાર્યું નહોતું કે ભારત-અમેરિકાના આર્થિક સંબંધો પર આટલા બધા ફટકા પડશે. હાયર બિલ પણ આ રીતે જ જોવું જોઈએ. (એજન્સી)■

## અઝહરુદ્દીનને લઘુમતી કલ્યાણ, જાહેર સાહસો વિભાગો ફાળવાયા

હૈદરાબાદ: તાજેતરમાં તેલંગાણા પ્રધાન મંડળમાં સામેલ ભૂતપૂર્વ ક્રિકેટર મોહંમદ અઝહરુદ્દીનને મંગળવારે લઘુમતી કલ્યાણ અને જાહેર સાહસો વિભાગો ફાળવવામાં આવ્યા છે.

મુખ્ય સચિવ કે. રામકૃષ્ણ રાવે આ સંબંધમાં એક આદેશ જારી કર્યો હતો.

પબ્લિક એન્ટરપ્રાઇઝિસ મુખ્ય પ્રધાન એ. રેવંત રેડ્ડી પાસે હતા, જ્યારે પ્રધાન અદલુરી લક્ષ્મણ કુમારે લઘુમતી કલ્યાણ વિભાગ સંભાળ્યો હતો.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન અઝહરુદ્દીને ૩૧ ઓક્ટોબરે રેવંત રેડ્ડીના પ્રધાનમંડળમાં પ્રધાન તરીકે શપથ લીધા હતા.

અઝહરુદ્દીનના સમાવેશ સાથે, પ્રધાનમંડળની કુલ સંખ્યા ૧૬ થઈ ગઈ છે, જેમાં બે વધુ જગ્યા છે. વિધાનસભાની સંખ્યા અનુસાર, તેલંગાણામાં ૧૮ પ્રધાન હોઈ શકે છે.

ભૂતપૂર્વ ક્રિકેટરની પ્રધાનમંડળમાં નિમણૂકને એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે કારણ કે કોંગ્રેસ પાર્ટી ૧૧ નવેમ્બરની જ્યુબિલી હિલ્સ પેટાચૂંટણી જીતવા માટે સખત લડત આપી રહી છે, જ્યાં એક લાખથી વધુ મુસ્લિમ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.આ વર્ષે જૂનમાં બીઆરએસ ધારાસભ્ય મગંતી ગોપીનાથના અવસાનને કારણે પેટાચૂંટણી જરૂરી બની હતી.

ગત અઠવાડિયે તેલંગાણા સરકારે અઝહરુદ્દીનને રાજ્યપાલ ક્વોટા હેઠળ વિધાન પરિષદના સભ્ય તરીકે નામાંકિત કર્યા હતા. જોકે, રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ હજુ સુધી નિમણૂકને મંજૂરી આપી નથી. ■

## ઍન્ટિ-ટેરરિઝમ, વેપાર મુદ્દે ભારત અને ઇઝરાયલમાં મંત્રણા

નવી દિલ્હી: ભારત અને ઇઝરાયલે મંગળવારે આતંકવાદનો સામનો કરવા અને વેપાર, માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટીના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ‘શૂન્ય સહિષ્ણુતા’ ના વૈશ્વિક અભિગમને વિકસાવવાના માર્ગો શોધી કાઢ્યા, જોકે નવી દિલ્હીને આશા છે કે યુએસ-મધ્યસ્થી ગાઝા શાંતિ યોજના આ ક્ષેત્રમાં ટકાઉ શાંતિ લાવશે.

આ મુદ્દાઓ વિદેશ પ્રધાન એસ જયશંકર અને તેમના ઇઝરાયલી સમકક્ષ ગિડોન સા'આર વચ્ચેની વાતચીતમાં ચર્ચામાં આવ્યા હતા, જે બંને પક્ષ આગામી બે મહિનામાં ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુની ભારત મુલાકાતની શક્યતા જોઈ રહ્યા છે.

એવું જાણવા મળ્યું છે કે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કૉરિડોર (આઇએમઇસી)ના અમલ પર પ્રાદેશિક જોડાણને વધારવાના સંદર્ભમાં ચર્ચા થઈ હતી.

મીટિંગમાં તેમના ટેલિવિઝન ઉદઘાટન ભાષણમાં, જયશંકરે કહ્યું કે ભારત અને ઇઝરાયલ બંને આતંકવાદના પડકારનો સામનો કરી રહ્યા છે.

અમે કસોટીના સમયમાં સાથે ઉભા રહ્યા છીએ. અને અમે ઉચ્ચ સ્તરના વિશ્વાસ અને વિશ્વસનીયતા સાથે સંબંધ બનાવ્યો છે. અમારા બંને રાષ્ટ્રો આતંકવાદના ચોક્કસ પડકારનો સામનો કરે છે, એમ તેમણે કહ્યું. ■

## નેપાળ જેવો બળવો ભારતમાં અશક્ય: કિરણ રિજિજુ

દેહરાદૂન: કેન્દ્રના સંસદીય અને લઘુમતી બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ ભારપૂર્વક કહ્યું હતું કે નેપાળ જેવી જેન ઝીના બળવાની ઘટના ભારતમાં ન બની શકે કેમ કે ભારતનું બંધારણ વિશિષ્ટ અને વિશ્વના અન્ય દેશોથી અલગ છે.

સોવિયેત યુનિયન, પડોશી દેશ નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકાને ટાંકતા તેમણે કહ્યું હતું કે જે ભારતને સમજી નથી શકતા એ લોકો કહે છે કે લશ્કરી બળવો, લશ્કરી શાસન કે આંતરિક વિગ્રહ જેવી ઘટના ભારતમાં પણ બની શકે છે, પરંતુ મને ખાતરી છે કે ભારતમાં આ પ્રકારની ઘટના ક્યારેય ન બની શકે.

‘સ્પર્શ હિમાલય મહોત્સવ ૨૦૨૫’ને સંબોધન કરતાં તેમણે આ માટે બે કારણ ટાંક્યા હતા. પહેલું કારણ ભારત વિશ્વના અન્ય દેશોથી અલગ છે જ્યાં ધર્મનું પાલન કરતા લોકો રહે છે. બીજું બે વર્ષ અને ૧૧ મહિના લાંબી ચર્ચાવિચારણા બાદ તૈયાર કરવામાં આવેલું ભારતનું બંધારણ એકદમ સુંદર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આપણે ભારતીયો વિશ્વના અન્ય લોકોથી અલગ છીએ. ભારતમાં એવી યંત્રણા છે કે વિશ્વમાં કંઈ પણ થાય ભારત કાયમ સલામત રહે છે. (એજન્સી) ■

## પશ્ચિમ બંગાળમાં મતદારયાદીની સમીક્ષાની કવાયતમાં ટેક્નિકલ ખામીની અડચણ

કોલકાતા : આખા પશ્ચિમ બંગાળમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા મંગળવારે શરૂ થઈ હતી અને ૮૦,૦૦૦ બૂથ લેવલ ઑફિસરે (બીએલઓ) વિવિધ ઘરોમાં જઈને ઈન્યુમરેશન ફોમનું વિતરણ શરૂ કર્યું હતું. ૨૦૨૬ની વિધાનસભાની ચૂંટણી પહેલાં આ રાજકીય રીતે સંવેદનશીલ કવાયત શરૂ કરવામાં આવી હતી. મહિના સુધી એટલે કે ચોથી ડિસેમ્બર સુધી બીએલઓ ઘરે ઘરે જઈને ઈન્યુમરેશન ફોર્મનું વિતરણ કરશે. આ કવાયતની શરૂઆત શાંતિથી થઈ હતી અને બીએલઓએ ફોર્મ વિતરણ કરીને મતદાતાને પ્રોસિજર સમજાવી હતી.

જોકે પહેલા દિવસે અડચણો આવી હતી. ટેક્નિકલ ખામીને લીધે ફોર્મનું ઓનલાઈન વિતરણ ખોરવાઈ ગયું હતું. શાળાના સેંકડો શિક્ષકોને બીએલઓ બનાવવામાં આવ્યા છે અને તેમને નિયમિત વર્ગ લેવાની સાથે ચૂંટણીની ફરજ બજાવવી પડે છે.

ભાજપે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કવાયતને મતદારયાદીમાં પારદર્શિતા તરીકે આવકારી હતી. બીજી બાજુ તૃણમૂલ કૉંગ્રેસે આના સમય અને ઈરાદા સામે સવાલો કર્યા હતા. ટીએમસીએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ ભગવા પક્ષના દબાણમાં આવતા વર્ષની વિધનસભા ચૂંટણી પહેલાં મતદારયાદીમાં ઘાલમેલ કરવા માગે છે.

ચૂંટણી પંચના અધિકારીએ કહ્યું હતું કે વિધાનસભાના ૨૯૪ મતદારક્ષેત્રમાં કવાયત કરવા ૮૦,૬૮૧ બીએલઓને તૈનાત કરવામાં આવ્યા છે. ૭.૬૬ કરોડ ઈન્યુમરેશન ફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે અને દરેક મતદાતાને બે પ્રત આપવામાં આવશે. એક મતદાતા પાસે રહેશે અને એક ચૂટણી પંચના રેકોર્ડમાં રહેશે. મંગળવારે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો. અમે આશા રાખીએ છીએ કે પ્રોસેસ સરળતાથી પાર પડશે.

૨૩ વર્ષ પછી બંગાળમાં મતદારયાદીની આ પ્રકારની સમીક્ષા કરવામાં આવી રહી છે. (એજન્સી) ■

## વિમાનમાં ઈમર્જન્સી એક્ઝિટ ખોલવાનો પ્રયાસ, પ્રવાસીની અટક

વારાણસી: વારાણસીથી મુંબઈ આવી રહેલી આકાશ ઍરની ફ્લાઈટમાં ટેક ઑફ પહેલાં ઈમરજન્સી એક્ઝિટ ખોલવાનો પ્રયાસ કરનાર પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું. ફ્લાઈટ ક્યૂપી ૧૪૯૭માં આ ઘટના બની હતી. વારાણસીના લાલ બહાદુર ઈન્ટરનેશનલ ઍરપોર્ટથી સોમવારે સવારે ૬:૪૫ વાગ્યે આ ફ્લાઈટ રવાના થવાની હતી. વિમાન રનવે તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે જોનપુર જિલ્લાના ગૌરા બાદશાહપુરના રહેવાસી પ્રવાસી સૂજિત સિંહે ઈમરજન્સી એક્ઝિટ ખોલવાનો પ્રયાસ કર્યો હતો, એમ પોલીસે કહ્યું હતું. કૅબિન ક્રૂએ ઍલર્ટના સંકેત આપતાં પાઈલટે ઍર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)ને જાણ કરી હતી અને વિમાનને રોકી દીધું હતું.

સુરક્ષા અધિકારીઓએ તમામ પ્રવાસીઓને સલામત રીતે વિમાનની બહાર કાઢ્યા હતા અને સૂજિતને પૂછપરછ માટે અટકાયતમાં લીધો હતો. કૂતુહલવશ તેણે ઈમરજન્સી એક્ઝિટ ખોલવાનો પ્રયાસ કર્યો હોવાનું સૂજિતે કહ્યું હતું. સિક્યોરિટી ક્લિયરન્સ બાદ વિમાન ૭:૪૫ વાગે મુંબઈ માટે રવાના થયું હતું. (એજન્સી) ■

## પાકિસ્તાન-ચીનની જુગલબંધી રાજદ્વારી સમર્થન સુધી પહોંચી

નવી દિલ્હી: પૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ ઓપરેશન સિંદૂરને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ચીન-પાકિસ્તાન વચ્ચેની વ્યુહાત્મક ભાગીદારીનો સંકેત મળ્યો હતો. પાકિસ્તાનની સાથે ચીનની ભાગીદારી સરક્ષણથી આગળ વધીને ગુપ્ત માહિતી અને કૂટનીતિક સમર્થન સુધી પહોંચી ગઇ છે. આથી તે એક સદાબહાર ગઠબંધન બની ગયું છે જેનો ઉદેશ્ય ભારતના વિકાસને રોકવાનો છે. પૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ જણાવ્યું કે ભારતની વિદેશ નીતિ યથાર્થવાદ અને આદર્શવાદ વચ્ચેનું સંતુલન દર્શાવે છે. આ નીતિ વિકાસલક્ષી જરૂરિયાતો, વ્યુહાત્મક સ્વતંત્રતા અને સમાવેશી દૃષ્ટિકોણને એકસાથે લઈને ચાલે છે.

આ કાર્યક્રમમાં અનેક મહત્ત્વના વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ■

## હિન્દુજા ગ્રૂપના ચેરમેન ગોપીચંદ હિન્દુજાનું અવસાન

લંડન : વિશ્વભરમાં ફેલાયેલા હિન્દુજા ગ્રુપના ચેરમેન ગોપીચંદ પરમાનંદ હિન્દુજાનું ૮૫ વર્ષની વયે લંડનમાં અવસાન થયું છે. આ માહિતી તેમના પરિવારના નજીકના સૂત્રોએ આપી હતી. ગોપીચંદ પી. હિન્દુજા વ્યવસાયિક વર્તુળોમાં ‘જીપી’ તરીકે જાણીતા છે. તેઓ છેલ્લા કેટલાક અઠવાડિયાથી બીમાર હતા અને લંડનની એક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા.

ગોપીચંદ પરમાનંદ હિન્દુજાએ મે ૨૦૨૩ માં તેમના મોટા ભાઈ શ્રીચંદના અવસાન બાદ ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમના પરિવારમાં તેમની પત્ની સુનિતા, પુત્રો સંજય અને ધીરજ અને પુત્રી રીટા છે. ગોપીચંદે હિન્દુજા ગ્રુપને વૈશ્વિક સ્તરે વિસ્તારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ભારતમાં સ્વતંત્રતા પહેલા બિઝનેસ શરૂ કરનાર હિન્દુજા પરિવારમાં જન્મેલા ગોપીચંદ હિન્દુજા ૧૯૫૯ માં મુંબઈમાં પારિવારિક બિઝનેસમાં જોડાયા હતા.

તેમણે હિન્દુજા ગ્રુપને પરંપરાગત ટ્રેડિંગ ઓપરેશનમાંથી વૈશ્વિક ઔદ્યોગિક પાવરહાઉસમાં પરિવર્તિત કરવામાં મદદ કરી હતી જેમાં બેંકિંગ, ફાઇનાન્સ, ઉર્જા, ઓટોમોટિવ, મીડિયા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રસ હતો. તેમના નેતૃત્વ હેઠળ ગ્રુપે તેના કેટલાક સૌથી મહત્વપૂર્ણ સાહસ હાથ ધર્યા હતા જેમાં ૧૯૮૪ માં ગલ્ફ ઓઇલ અને ત્રણ વર્ષ પછી અશોક લેલેન્ડનો સમાવેશ થાય છે. ■

# સેન્સેક્સ ૫૧૯ પોઈન્ટ ઘટીને બંધ થયો, નિફ્ટી ફરી ૨૫,૬૦૦ની નીચે સરક્યો; પાવર ગ્રીડ, ઈટર્નલમાં કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદરના ઘટાડા સંદર્ભના આગામી પગલા અંગે અનિશ્ચતતા, બીજા ક્વાર્ટરના બિનપ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો અને અમેરિકા સાથે ભારતની વેપાર વાટાઘાટોની આસપાસ સ્પષ્ટતાના અભાવ વચ્ચે પ્રોફિટ બુકિંગ અને લેવાલીના ટેકાના અભાવ વચ્ચે મંગળવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી નીચા સ્તરે ધકેલાયા હતા.

સેન્સેક્સના શેરોમાં પાવર ગ્રીડ, ઇટર્નલ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, મારુતિ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતાં. જ્યારે ટાઇટન, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને સ્ટેટ બેન્ક ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં. સ્ટેટ બેન્કે બીજા ક્વાર્ટરમાં ૧૦ ટકાના વધારા સાથે રૂ. ૨૦,૧૬૦ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૧,૩૪,૯૭૯ કરોડની કુલ આવક નોંધાવી છે.

બીજા ક્વાર્ટરના પરિણામની જાહેરાત બાદ ભારતી એરટેલના શેર ત્રણેક ટકા ઉછળીને બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. ગ્રોનો આઇપીઓ મંગળવારે ખૂલ્યો છે. ફિનટેક કંપની પાઈન લેબ્સનો ૩,૯૦૦ કરોડ રૂપિયાનો આઇપીઓ સાતમીથી ૧૧મી નવેમ્બર સુધી ખુલ્લો રહેશે. અદાણી પોર્ટનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણ ૨૭ ટકા વધીને રૂ. ૩,૧૦૯ કરોડ, સુઝલોન એનર્જીનો ચોખ્ખો નફો ૫૩૮ ટકા વધીને રૂ. ૧,૨૭૯ કરોડ થયો છે. બ્લો મોલ્ડેડ અને ઇન્જેક્શન મોલ્ડેડ પ્રોડક્ટની ઉત્પાદક પોલિમર સોલ્યુશન્સ કંપનીઓમાંની એક, મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે તેની હાલની સુવિધાઓમાં વાર્ષિક આશરે ૬૫૫ મેટ્રિક ટન ક્ષમતા વિસ્તરણની જાહેરાત કરી છે. આ વધારાની ક્ષમતા મિત્સુની ઔદ્યોગિક પેકેજિંગ, હોસ્પિટલ ફર્નિચર પાર્ટસ, ઇન્ફ્રા સોલ્યુશન્સ જેવા સેગમેન્ટમાં તેના વધતા ગ્રાહક આધારને સેવા આપવાની ક્ષમતામાં વધારો કરશે.

એડબલ્યુએલ એગ્રી બિઝનેસનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૧ ટકા ઘટ્યો હતો. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો નફો વાર્ષિક ધોરણે ૧૧ ટકા વધીને રૂ. ૪૦૪ કરોડ નોંધાયો છે. આઇફોન મેકર એપલે ભારતમાં વિક્રમી રેવેન્યૂ હાંસલ કરી છે. એમ્ફસીસે બીજા ક્વાર્ટરમાં ૧૦.૮ ટકાના વધારા સાથે રૂ. ૪૯૬ કરોડનો નફો નોંધાવ્યો છે.

વેલનેસ અને પબ્લિક હેલ્થ પ્રોડક્ટ્સના ગ્લોબલ સપ્લાયર ક્યુપિડ લિમિટેડે જાહેર કર્યું છે કે તેણે દક્ષિણ આફ્રિકાના ફીમેલ કોન્ડોમ અને મેલ કોન્ડોમ માટેના પાંચ વર્ષના (૨૦૨૫-૨૦૩૦) નેશનલ પ્રોક્યોર્મેન્ટ પ્રોગ્રામ અંતર્ગત અગ્રણી સ્થાન મેળવ્યું છે. માન્ય વિતરકો સાથેની ફાળવણી સૂચનાઓના આધારે ખરીદી ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થવાની અપેક્ષા છે. આ કુલ ઓર્ડર અંદાજે ૧૨.૯૮ મિલિયન ડોલરનો થવાની અપેક્ષા છે.

આદિત્ય બિરલા સનલાઇફ એએમસીનો નફો ઘટીને રૂ. ૨૪૧.૩૦ કરોડ રહ્યો છે. એસબીઆઇ લાઇફનો બીજી ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૬૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૪ કરોડ નોંધાયો હતો. એલએન્ડટીને હિન્દાલ્કો પાસેથી ઓડિશામાં એલ્યુમિનિયમ સેલ્ટર સ્થાપવા અને ટાટા સ્ટીલ પાસેથી કોક ઓવન બેટરી બનાવવા માટે ઓર્ડર મળ્યા છે. હીરો મોટો કોર્પે યુકે માર્કેટમાં પ્રવેશ કર્યો છે. નવા જનરેશનના એન્જિનના ઉત્પાદન માટે ફોર્ડ ચેન્નઇમાં રૂ. ૩૨૫૦ કરોડનું રોકાણ કરશે. એસીસીએ બીજા ક્વાર્ટરમાં પાંચગણા વધારા સાથે રૂ. ૧૧૧૯.૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ફિશર મેડિકલ વેન્ચર્સ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, ટાઇમ મેડિકલ ઇન્ટરનેશનલ વેન્ચર્સ (આઇ) પી લિમિટેડે નેક્સ્ટ જનરેશન એઆઇ ઇનેબલ્ડ એમઆરઆઇ સિસ્ટમ માટે વૈશ્વિક સ્તરે ખ્યાતિપ્રાપ્ત ન્યુરોસર્જન, શિક્ષક ડો. આયપે ચેરિયન સાથે વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી છે. આ સહયોગનો એકમાત્ર હેતુ અદ્યતન એમઆરઆઇ ટેકનોલોજીના ક્રાંતિકારી નવા પ્રકાર, ડીઆરઆઇએસ, આઇએમઆરઆઇ મેધારણ્યનો વિકાસ છે.

દરમિયાન, મોટાભાગના ક્ષેત્રીય શેરઆંક નેગેટીવ ઝોનમાં સરકી ગયા હતા, જેમાં ઓટો, મેટલ, આઇટી અને બેંકિંગ શેરોમાં નોંધપાત્ર નબળાઈ જોવા મળી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને મીડિયા ક્ષેત્રોએ સાપેક્ષ મજબૂતાઈ દર્શાવી, સાધારણ લાભ નોંધાવ્યા હતો. એકંદરે, મુખ્ય ક્ષેત્રોમાં ખરીદીમાં ઘટાડો અને હળવા નફા બુકિંગ વચ્ચે બજારનું સેન્ટિમેન્ટ સાવચેતીનું રહ્યું હતું. સત્ર દરમિયાન ૫૬૫ પોઇન્ટ ટૂટીને ૮૩,૪૫૦ની નીચે સરક્યા બાદ અંતે સેન્સેક્સ ૫૧૯.૩૪ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા ઘટીને ૮૩,૪૫૯.૧૫ પોઇન્ટ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૧૬૫.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા ઘટીને ૨૫,૫૯૭.૬૫ પર બંધ થયો હતો. બજારનો અંડરટોન નબળો રહ્યો હતો, કુલ ટ્રેડેડ શેરોમાં ૧,૫૪૩ શેર વધ્યા હતા, ૨,૪૩૯ શેર ઘટ્યા હતા અને ૧૫૨ શેર બીએસઇ પર યથાવત રહ્યા હતા. નિફ્ટી ફ્લેટ નોટ પર ખુલ્યો હતો પરંતુ સમગ્ર સત્ર દરમિયાન ગબડતો રહ્યો હતો, જે સતત નફા બુકિંગ અને ઉચ્ચ સ્તરે ફોલો થ્રુ ખરીદીનો અભાવ દર્શાવે છે. તાત્કાલિક પ્રતિકાર હવે ૨૫,૭૦૦ પર મૂકવામાં આવ્યો છે, ત્યારબાદ ૨૫,૭૫૦ અને ૨૫,૮૦૦ પર, જ્યારે સપોર્ટ ૨૫,૪૫૦ અને ૨૫,૫૦૦ પર જોવા મળી રહ્યો છે, જે પોઝિશનલ માટે સંભવિત એક્યુમ્યુલેશન ઝોન તરીકે કાર્ય કરી શકે છે. બેંક નિફ્ટી વ્યાપક બજારની નબળાઈને પ્રતિબિંબિત કરી, ૨૭૫ પોઈન્ટ નીચે બંધ થયો અને તેના તાજેતરના રિકવરીના પ્રયાસમાં વિરામનો સંકેત આપ્યો.

# ક્રૂડતેલના ભાવ ઘટતાં ડૉલર સામે રૂપિયો સાત પૈસા ઊંચકાયો

મુંબઈઃ ગત ઑક્ટોબર મહિનામાં દેશમાં ઉત્પાદનનો પર્ચેઝિંગ મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ આગલા સપ્ટેમ્બર મહિનાના ૫૭.૭ પૉઈન્ટ સામે વધીને ૫૯.૨ની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન એક તબક્કે ૪૯ પૈસા સુધી મજબૂત થયો હતો. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારો તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો રહેતાં સત્રના અંતે ડૉલર સામે રૂપિયો માત્ર સાત પૈસા ઊંચકાઈને ૮૮.૭૦ના મથાળે બંધ રહ્યો હતો.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની ખપપૂરતી લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અને નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.


**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ વર્ક**

Sr. DEE/P/ મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ઈ-ટેન્ડર નોટીસ નં. EL- ૮૧-૯૨૭-WA- ૫૧ તા. ૩૦-૧૦-૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ સર્વિસ બિલ્ડિંગો, પ્લેટફોર્મ એરિયા, સ્ટોલ અને અન્ય ઈલેક્ટ્રિકલ એસેટેસમાં ઈલેક્ટ્રિકલ સિસ્ટમો પર મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા ટર્મિનસ, અંધેરી અને બોરીવલી સ્થળો ખાતે ફાયર સેફ્ટી ઓડિટ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૨૩,૩૦,૫૦૦/- બારડીઃ ₹ ૪૬,૬૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૨૮-૧૧-૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૨૮-૧૧-૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0749

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE**

**M/s. Time Field Corporation.** Plot No. 238/2, Subhash Road, Vile Parle (E). Mumbai-57, hereby giving this public notice as under:

In the ongoing matter of City Civil Court, at Mazgaon, Mumbai, Case No. Commercial Suit/0100021/2025, (High Court transferred suit no. 469/1978), between the parties, **1) TIME FIELD CORPORATION, Plaintiff and 1) SHRI SANKALPA CO-OP-HSG. SOC. LTD. 2) Mangal build Home Pvt. Ltd. Defendants**

As per the order dated **10.03.2025,** the defendants are restricted from creating any 3rd party rights on the property, bearing CTS No. 756. 756-1 to 23, Plot No. 238/2, Subhash Road, Vile Parle (East), Mumbai - 400057 till the disposal of the suit, much less till the mediation process is completed.

Any person (s) who, despite this notice, entered any transaction or create any third party rights in respect of the said property after **10th March 2025** shall do so at their own risk, costs and consequences.

Issued by
**M/s. Time Field Corporation.**
Plot No. 238/2, Subhash Road,
Vile Parle (East), Mumbai-57,
**Date : 05.11.2025 Place : Mumbai**



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (ગાર્ડન સેલ)**

નં. E.E./ગાર્ડન સેલ/OD/૧૬૧૮ તારીખ ૦૪.૧૧.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગનું નામ | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (ગાર્ડન સેલ) |
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૨૨૬૪૭૯_૨ |
| વિષય | ગામ એક્સર, લિંક રોડ દહિસર ૫, R/N વોર્ડનો C.T.S. નં. ૫૩૪ D & ૫૩૪ F (Pt) ધરાવતા પ્લોટ પર શ્રી. કુમાર મ્હાત્રે ગાર્ડનનું સૂચિત રિનોવેશન/ નવીનીકરણ તથા ગામ એક્સર, લિંક રોડ દહિસર ૫, R/N મુંબઈનો C.T.S. નં. ૯૫૩/C/૧, ૯૫૪, ૯૫૬-B,C, ૯૫૭, ૯૫૮, ૯૫૯, ૯૬૦ Pt, ૯૪૩, ૯૫૫, ૯૬૩, ૯૪૪, ૯૪૫, ૯૪૬ A૧ ધરાવતા પ્લોટ પર શહિદ તુકારામ ઓમ્બલે ગાર્ડનનો બાળકોના રમતના વિસ્તારનું રિપેર અને કમ્પાઉન્ડ વોલનું સૂચિત બાંધકામનું. |
| વેબસાઈટ | www.mahatenders.gov.in |
| સ્કુટીની ફી | રૂ. ૧૮૧૫૦/- ૧૮% GST (૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૫,૨૪,૬૨,૦૯૯.૦૦ |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૫,૨૫,૦૦૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની & વેચાણની તારીખ | ૦૫.૧૧.૨૦૨૫ના ૧૧.૦૦ ક.થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ & સમય | ૧૩.૧૧.૨૦૨૫ના ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & Cની સુપ્રતિ (ઓનલાઈન) & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૧૩.૧૧.૨૦૨૫ના ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૧૪.૧૧.૨૦૨૫ના ૧૧.૦૧ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૧૪.૧૧.૨૦૨૫ના ૧૧.૦૧ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૨૦.૧૧.૨૦૨૫ના ૧૫.૦૦ ક. પછી |
| સંપર્ક વ્યક્તિ | A.E. (ગાર્ડન સેલ) |
| (A) નામ | શ્રી. BT સાવંત |
| (B) મોબાઈલ નં. | +૯૧ ૯૭૬૯૮૫૬૬૬૧/+૯૧ ૯૯૬૭૯૧૧૬૪૨ |
| (C) ઈમેલ સરનામું | se11.gc@mcgm.gov.in |
| પ્રી-બીડ મિટિંગ | લાગું પડતું નથી. |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી. BMC તેના કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવાનો કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (GIC)

PRO/2107/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


## ડૉલરની તેજી અટકતા થાક ખાતી સોનાની મંદી

# વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૩૧૫૦ તૂટી, સોનામાં ₹ ૩૫૮નો ઘસરકો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં તેજી અટકતાં લંડન ખાતે સોના અને ચાંદીમાં મંદીએ થાક ખાતા બન્ને કિંમતી ધાતુઓમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાના નિર્દેશ સાથે આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૧૫૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૬થી ૩૫૮નો સાધારણ ઘસરકો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેવાની સાથે ભાવઘટાડાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૫૦ના ઘટાડા સાથે રૂ. ૧,૪૬,૧૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૬ ઘટીને રૂ. ૧,૧૯,૯૩૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૫૮ ઘટીને રૂ. ૧,૨૦,૪૧૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં માત્ર સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ત્રણ મહિનાની ઊંચી સપાટીએથી પાછો ફર્યો હતો, જ્યારે અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી પાછી ફરતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૯૯૩.૧૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૪૦૦૩.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૭.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલના તબક્કે બજાર વર્તુળોની નજર ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતના નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવે તેવા બુધવારે જાહેર થનારા અમેરિકાના રોજગારીનાં ડેટા ઉપરાંત સપ્તાહ દરમિયાન જાહેર થનારા ઔદ્યોગિક ઉત્પાદન સહિતનાં અન્ય ડેટાઓ પર સ્થિર હોવાથી સોનામાં ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસના મથાળે કોન્સોલિડેશન જોવા મળી રહ્યું હોવાનું સ્વિસક્વૉટનાં વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડિ કાસાએ જણાવતાં ઉમેર્યું હતું કે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી જોતા ડિસેમ્બર મહિનામાં રેટ કટની શક્યતા નબળી પડી રહી હોવાથી સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવી રહ્યા છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે શેષ વર્ષ ૨૦૨૫માં વધુ રેટ કટનો અવકાશ ન હોવાના પણ સંકેત આપ્યા હતા. તેમ છતાં હાલ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ડિસેમ્બર મહિનામાં રેટ કટની ૬૫ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.


**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

**ટેન્ડર મંગાવતી નોટિસ**

૦૫ વર્ષની વધુ મુદત માટે વધારવા પાત્ર, ૦૫ વર્ષની મુદત માટે શીપ્સ, બાર્જીસ, ક્રાફ્ટસ વગેરેના રિપેર / કન્સ્ટ્રક્શન પ્રવૃત્તિઓ માટે ઈ-ટેન્ડર કમ ઈ-ઓક્શન પદ્ધતિ દ્વારા લીઝ પર અંદાજે ૩૮૬૮ ચો.મી.ના એકત્રિત વિસ્તાર ધરાવતા લાકરી બંદર સાઉથ (LBS), દારૂખાના ખાતે પ્લોટ નં. ૧ & ૨ની TM/BDR/૦૨/૨૦૨૫ - ફાળવણી માટે રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ (RFP) મંગાવવામાં આવે છે. ટેન્ડરોની વિગતો MbPA ની વેબસાઈટ http://www.mumbaiport.gov.in અને http://www.eprocure.gov.in/eprocure/app પર ઉપલબ્ધ છે.

ટ્રાફિક મેનેજર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

MbPA-31-2025



**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**સંકેત અને દૂર સંચાર વિભાગ**

**ઈ-ટેન્ડર નોટીસ**

**ટેન્ડર નં. SandT-RTM-૨૫- Tele- ૧૦, તારીખઃ ૦૧.૧૧.૨૦૨૫**

નીચેના કામ માટે ડિવિઝન રેલવે મેનેજર (S & T) પશ્ચિમ રેલવે રતલામ દ્વારા ભારતના રાષ્ટ્રપતિ માટે કે વતી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. **કામનું નામઃ** નીચે લખેલાના સંબંધમાં દૂરસંચાર સામગ્રીની આપૂર્તિ, સ્થાપના, પરીક્ષણ, કમિશનિંગ'' રતલામ ડિવિઝનઃ- ઈ-ઓફિસ, અન્ય અનુપ્રયોગોના માટે વિવિધ કાર્યાલયો અને કોલોનિયોમાં રેલનેટ/ ઈન્ટરનેટની વૃધિ, અન્નયન અને પ્રતિસ્થાપના'' **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૭,૩૮,૭૪,૮૮૭.૮૩/-, **ટેન્ડર ફોર્મની મૂલ્યઃ** શૂન્ય, **બાના રકમઃ** ₹ ૫,૧૯,૪૦૦.૦૦, **કાર્ય પૂર્ણ થવાની અવધિઃ** ૧૨ મહિના, **ઈ-ટેન્ડર સુપ્રત કરવાની બંધ થવાની સમય અને તારીખઃ** તારીખઃ ૨૬.૧૧.૨૦૨૫ સમય ૧૫.૦૦ ક. સુધી, **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તારીખ ૨૬.૧૧.૨૦૨૫ સમય ૧૫.૩૦ ક. પછી. **વૈધ્યતાઃ** ટેન્ડર ખોલવાના તારીખથી ૬૦ દિવસ. આ ટેન્ડર https://www.ireps.gov.in વેબસાઈટ પર જોઈ શકાય છે. નિવિદાકાર પાસે ક્લાસ-III ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર હોવા જોઈએ અને IREPS પોર્ટલ પર નોંધાયેલ હોવા જોઈએ. ફક્ત નોંધાયેલા ટેન્ડરોએ જ ઈ-ટેન્ડરિંગમાં ભાગ લઈ શકે છે. તમામ સંબંધિત દસ્તાવેજ ઈ-ટેન્ડરીંગમાં ભાગ લેતી વખતે અપલોડ કરવું આવશ્યક છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (સંકેત અને દૂરસંચાર)
પશ્ચિમ રેલવે, રતલામ

ADM/6/1/319

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# મથકો પાછળ દેશી તેલમાં સુધારો, આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૧૬ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૨૯ રિંગિટ વધી આવ્યાના નિર્દેશ હતા.

તેમ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હોવાથી આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ જોવા મળ્યું હતું, જ્યારે મથકો પાછળ દેશી તેલમાં સુધારાતરફી વલણ રહેતાં ૧૦ કિલોદીઠ સિંગતેલ અને સરસવમાં રૂ. ૧૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, ગોકુલ એગ્રોનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૪૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૫૦માં થયા હતા, જ્યારે રાજકોટની મંડીમાં ૧૬,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૧૭૫માં થયા હતા. જ્યારે મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૨૨૩૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ.૧૩૮૫માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૪૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૫ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨**

**ઈ-ટેન્ડર નોટિસ**

**નં. KEMH/૩૯૪૪/AEME તા. ૦૪.૧૧.૨૦૨૫**

આ ઈ-ટેન્ડર નોટિસ છેઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપિલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે/ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ-રૂ | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | K.E.M. હોસ્પિટલ ખાતે વિવિધ વિભાગોમાં એસેસરીઝના ઈન્ટેગ્રેશન સાથે સર્વેલન્સ સિસ્ટમની જોગવાઈ. ૨૦૨૫_MCGM_૧૨૪૦૧૯૯_૧ | રૂ. ૨૦૦૦૦/- | ૦૫.૧૧.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૧૨.૧૧.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૨ | K.E.M. હોસ્પિટલમાં ફેન્સના તમામ પ્રકારના રિપેરિંગ અને સર્વિસિંગ માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ ૨૦૨૫_MCGM_૧૨૪૦૧૯૭_૧ | રૂ. ૧૨૦૦૦/- | ૦૫.૧૧.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૧૨.૧૧.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૩ | K.E.M. હોસ્પિટલમાં HMIS માટે ઉપભોગ્ય આઈટમોની સપ્લાય. ૨૦૨૫_MCGM_૧૨૪૦૨૦૩_૧ | રૂ. ૫૦૦૦૦/- | ૦૫.૧૧.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૧૨.૧૧.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૪ | પાત્રતા માપદંડ (પેકેટ-''A'') | ૧૩.૧૧.૨૦૨૫ | (૧૭.૦૦ ક.) | |
| ૫ | ટેકનિકલ બીડ (પેકેટ-''B'') | ૧૩.૧૧.૨૦૨૫ | (૧૭.૧૫ ક.) | |
| ૬ | વાણિજિયક બીડ (પેકેટ-''C'') | શેડ્યૂલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે અહીં (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી જોઈએ. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટિસ અંગે જારી કરાયેલ કોઈપણ સુધારા (http://mahatender.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/2108/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | પબ્લિક હેલ્થ વિભાગ |
| ડિવિઝન | ડૉ. R.N. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ, જુહુ. |
| વિષય & મહાટેન્ડર ID (બીડ નં.) | ૧) HBTMC અને RNCH ખાતે વિવિધ ICUs & વોર્ડમાં સેપરેશન સિસ્ટમ માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ. મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238970)<br>૨) ડો. આર. એન. કૂપર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ ખાતે છઠ્ઠા માળે એ, સી અને ડી વિંગ ખાતે એન્હાન્સમેન્ટ પ્રોજેક્ટનું અપગ્રેડેશન મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238974)<br>૩) ડો. આર. એન. કૂપર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ ખાતે ફિમેલ મેડિકલ વોર્ડ અને ICU ખાતે ફોલ્સ સીલિંગ અને સંલગ્ન કાર્યોનો સપ્લાય, ફેબ્રિકેશન અને બાંધકામ. મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238977)<br>૪) ડો. આર. એન. કૂપર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલમાં મેલ અને ફીમેલ સર્જિકલ વોર્ડ અને મેલ ઓર્થો વોર્ડમાં મેટલ ફોલ્સ સીલિંગનો સપ્લાય અને ઇન્સ્ટોલેશન. મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238978)<br>૫) ડો. આર. એન. કૂપર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલના ૫મા માળે વિવિધ વોર્ડમાં સંલગ્ન કાર્ય સાથે વ્યૂહાત્મક આંતરિક માળખાગત આધુનિકીકરણ મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238980)<br>૬) HBTMC અને ડો. આર. એન. કૂપર હોસ્પિટલના વિવિધ સ્થળોએ સસ્પેન્ડેડ ડ્રોપ રૂફ અને વિવિધ આનુષંગિક સિસ્ટમોના નવીનીકરણ માટે સામગ્રી અને એસેસરીઝનો ઉપયોગ મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238984)<br>૭) HBTMC અને RNCH માં વિવિધ અલગ કાર્યો માટે સામગ્રી અને એસેસરીઝનો સપ્લાય અને ઈન્સ્ટોલેશન મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238985)<br>૮) HBTMC અને RNCH માં વિવિધ સ્થળોએ બારીઓ અને ગેટસ માટે રક્ષણાત્મક ઢાલનો સપ્લાય અને ઈન્સ્ટોલેશન મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238987)<br>૯) HBTMC અને RNCH માં ઓફિસો અને રહેણાંક વિસ્તારોમાં બારીઓ અને ગેટસ માટે રક્ષણાત્મક ઢાલનો સપ્લાય અને ઈન્સ્ટોલેશન મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238988)<br>૧૦) HBTMC અને ડો. આર.એન. કૂપર હોસ્પિટલમાં વિવિધ સ્થળોએ ફોલ્સ સીલિંગનું પુનઃસ્થાપન મહા ટેન્ડર ID. (બિડ નં. 2025_MCGM_1238991) |
| ઈ-ટેન્ડર વેચાણ | ૦૫.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ 'A' પેકેટ 'B'ની ખોલવાની તારીખ અને સમય | ૧૨.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ 'C' ખોલવાની તારીખ અને સમય | ૧૩.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | www.mahatenders.gov.in& http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ-નામ | શ્રી પ્રણય મોહન પવાર A.E. (M & E) |
| ટેલિફોન (ઓફિસ) | ૦૨૨-૬૯૪૨૫૫૫૫ એક્ષ્ટે. નં.-૧૨૮૦ |
| ઈ-મેલ સરનામું | secooper64@gmail.com |

સહી/-
આસી. એન્જિ. (M & E)
H.B.T. મેડિકલ કોલેજ &
ડૉ. R.N. કૂપર મ્યુ. જન. હોસ્પિટલ

PRO/2093/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# સોસાયટી રજિસ્ટ્રાર પાસે રિડેવલપમેન્ટ રોકવાનો કોઈ અધિકાર નહીં

## સોસાયટીની કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલા ચુકાદાને રોકવાનો કે એનઓસી આપવા/નકારવાનો અધિકાર ન હોવાનો સરકારનો આદેશ

*વિપુલ વૈદ્ય*

મુંબઈ: મહારાષ્ટ્રમાં સોસાયટી રિડેવલપમેન્ટ સંબંધી એક મોટા નિર્ણયમાં રાજ્ય સરકારે એવો આદેશ આપ્યો છે કે સોસાયટી રિડેવલપમેન્ટ રોકવાનો કે પછી સોસાયટીને એનઓસી આપવાનો સોસાયટી રજિસ્ટ્રારને કોઈ અધિકાર નથી.

રાજ્યના કો-ઓપરેટિવ કમિશનર એન્ડ રજિસ્ટ્રાર, પુણે દ્વારા મંગળવારે બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે મુંબઈ હાઈ કોર્ટ દ્વારા ૧૭ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ આપવામાં આવેલા આદેશમાં એવું કહેવામાં આવ્યું છે કે સોસાયટી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત, બીજી ડિસેમ્બરે મતદાન, ત્રીજી ડિસેમ્બરે મતગણતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે સૌથી મહત્ત્વના સમાચાર આવ્યા છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મંગળવારે રાજ્યની ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ તમામ નગર પરિષદો અને નગર પંચાયતો માટે મતદાન બીજી ડિસેમ્બરે થશે. ત્યારબાદ તરત જ ત્રીજી ડિસેમ્બરે મતગણતરી થશે.

'નગર પરિષદ અને નગર પંચાયતનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો, જે મુજબ ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત ૧૦ નવેમ્બર, ૨૦૨૫થી થશે. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૭ નવેમ્બર, ૨૦૨૫ રહેશે. ઉમેદવારીપત્રોની ચકાસણી ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થશે. જ્યાં કોઈ અપીલ ન હોય ત્યાં ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૧ નવેમ્બર, ૨૦૨૫ રહેશે. જ્યાં અપીલ હોય ત્યાં ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૫ નવેમ્બર, ૨૦૨૫ રહેશે,' એવી માહિતી ચૂંટણી કમિશનરે આપી હતી. 'ચૂંટણી પ્રતીકો

(જુઓ પાનું ૪) ▶▶




લખધીરજી એન્જીનીયરીંગ કોલેજ, મોરબી
મુંબઈ / મહારાષ્ટ્રના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું
સ્નેહ સંમેલન
કોલેજનાં સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન તા. ૧૬-૧૧-૨૦૨૫, રવિવાર નાં રોજ સાંતાક્રુઝ, મુંબઈ ખાતે આયોજિત કરેલ છે. સર્વેને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.
સંપર્ક સૂત્ર
શ્રી જગદીશભાઈ વોરા
Mo. 98211 30307
શ્રી નારણભાઈ ધાડીયા
Mo. 80806 37051

# સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત પહેલાં મહારાષ્ટ્ર કૅબિનેટે એક જ દિવસમાં ૨૧ નિર્ણયો લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી નજીક આવી રહી છે, મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે નગર પરિષદ અને નગરપંચાયતોની ચૂંટણીના કાર્યક્રમ જાહેર થવા પહેલાં ૨૧ નિર્ણયો લીધા, જે એક જ બેઠક માટે અસામાન્ય માનવામાં આવે છે, જેમાં રાજ્યની સંપત્તિ પુનર્નિર્માણ કંપની, મહા આર્ક લિમિટેડને બંધ કરવાનો પણ સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાનની કચેરી કાર્યાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં મહા આર્ક લિમિટેડને બંધ કરવાના નાણાં વિભાગના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

કેન્દ્રની રાષ્ટ્રીય સંપત્તિ પુનર્નિર્માણ કંપનીના મોડેલ પર આધારિત આ કંપનીની સ્થાપના સપ્ટેમ્બર ૨૦૨૨માં કરવામાં આવી હતી, પરંતુ ૨૦૨૩માં રિઝર્વ બેંકે તેને લાઇસન્સ આપવાનો ઇનકાર કર્યો હોવાથી તે કામગીરી શરૂ કરી શકી ન હતી.

કેબિનેટે વિરાર-અલીબાગ મલ્ટી-મોડલ કોરિડોર પ્રોજેક્ટ માટે હુડકો પાસેથી લોન મેળવવા માટે રાજ્ય ગેરંટીને પણ મંજૂરી આપી હતી. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) જાહેર બાંધકામ વિભાગ હેઠળ જમીન સંપાદન માટે ભંડોળનો ઉપયોગ કરશે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રમાં, કેબિનેટે નાગપુર યુનિવર્સિટી સાથે જોડાયેલી નાગપુરમાં લક્ષ્મીનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીને ૨૦૨૫-૨૬ થી ૨૦૨૯-૩૦ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે સાત કરોડ રૂપિયાના વાર્ષિક ભંડોળને મંજૂરી આપી છે.

ચંદ્રપુર જિલ્લાના મુલમાં ૩૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી એક નવી સરકારી પોલિટેકનિક પણ સ્થાપવામાં આવશે, સાથે જ ૩૯ શૈક્ષણિક અને ૪૨ બિન-શૈક્ષણિક પદોનું નિર્માણ કરવામાં આવશે.

મહેસૂલ વિભાગે સોલાપુરના કુંભારી ખાતે એક આવાસ પ્રોજેક્ટ માટે અપાર્જિત આવક, પ્રીમિયમ અને બિન-કૃષિ કરમાંથી મુક્તિ આપી છે, જ્યાં બિનસંગઠિત કામદારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩૦,૦૦૦ ઘરો બનાવવામાં આવશે.

વાશિમ જિલ્લાના વૈગાંવ ખાતે ૧.૫૨ હેક્ટર જમીન સ્થાનિક ગ્રામ પંચાયતને યાત્રાળુઓના આરામ ગૃહ અને સંબંધિત સુવિધાઓના નિર્માણ માટે મફત ફાળવવામાં આવશે.

સરકારે મુંબઈના બાંદ્રામાં ભાડે આપેલા સરકારી પ્લોટની બાજુમાં ૩૯૫ ચોરસ મીટરના પ્લોટ પર નજીવા ભાડા પર સુવિધાઓ પૂરી પાડવાની પણ મંજૂરી આપી છે.

મહારાષ્ટ્ર જમીન મહેસૂલ સંહિતા, ૧૯૬૬માં બિન-કૃષિ મૂલ્યાંકન અને પરવાનગીઓ સંબંધિત જોગવાઈઓ માટે સુધારાઓને મંજૂરી આપવામાં આવી છે.

કેબિનેટે પુણે જિલ્લના ઘોડાનદી ખાતે જિલ્લા અને વધારાની સત્ર અદાલત, સિવિલ કોર્ટ (વરિષ્ઠ વિભાગ) અને સરકારી વકીલની કચેરીની સ્થાપનાને મંજૂરી આપી છે. છત્રપતિ સંભાજીનગરના પૈઠણ ખાતે સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) કોર્ટ માટે જગ્યાઓ બનાવવાને પણ મંજૂરી આપી છે.

ગ્રામ પંચાયત કર્મચારીઓ માટે પગારની ચુકવણી સાથે જોડાયેલ કર વસૂલાત માટેની શરતોને સરળ બનાવવાના ગ્રામીણ વિકાસ વિભાગના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે, જેમાં કર્મચારીઓને વહીવટી રાહત આપવામાં આવી છે.

માછીમારો, મત્સ્ય ખેડૂતો અને મત્સ્ય ઉદ્યોગસાહસિકોને ટૂંકા ગાળાની કાર્યકારી મૂડી લોન પર ચાર ટકા વ્યાજ સબવેન્શન આપવાના મત્સ્ય વિભાગના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે. મત્સ્ય ઉદ્યોગને કૃષિ સમકક્ષ દરજ્જો આપવાના નિર્ણયને પગલે આ લાભ મળશે, એમ જણાવવામાં આવ્યું હતું.

લઘુમતી વિકાસ વિભાગમાં, શ્રી ગુરુ તેગ બહાદુર સાહેબજીની ૩૫૦મી શહીદ જયંતિની ઉજવણી માટે રાજ્યભરમાં કાર્યક્રમોનું આયોજન કરવા માટે

(જુઓ પાનું ૪) ▶▶






















કુલીન કુમાર હોલીડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
ઓકલેન્ડ ▶▶ બે ઓફ આઈલેન્ડ ▶▶ રોટોરૂઆ ▶▶ કવીન્સટાઉન ▶▶ માઉંટ કુક ▶▶ ક્રાઈસ્ટચર્ચ
- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં સફર
- લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા ભોજનનો આસ્વાદ
- ગુજરાતી, હિન્દી, ઈંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઈપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર
DEPARTURES - 2025
Dec. 19, 23
Jan. 05, 19
Feb. 03, 16
100% PURE NEW ZEALAND
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
SCAN ME
Hughes Road (H.O.): 022-4355 5555 | Opera House: 022-4355 5551
Borivali: 022-4355 5590 | Mulund: 022-25695500
Pune: 020- 25537344 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays for live tour moments!

